પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સળંગ અંક
૮૮૮

ડિસેમ્બર ૨૦૦૧
વર્ષ ૭૪મું

સંસ્થાપક : ર. મ. રા.

તંત્રી • ધીરુ પરીખ




જળ અને જીવન]

[ફોટો : વ્રજ મિસ્ત્રી

ટેબલ ટૉપ અથવા સ્ટીલલાઇફ ફોટોગ્રાફીનો ઉપયોગ કરીને પોતાના આગવા અભિગમથી કૃતિ બનાવી શકાય છે. એક ચિત્રકાર પોતાનું ચિત્ર પોતાની રીતે જેમ ઇચ્છે તેમ બનાવી શકે છે તે જ પ્રમાણે ફોટોકલાકાર ફોટોના માધ્યમમાં પોતાનું પેઇન્ટિંગ બનાવે છે. આ છબી એનો એક નમુનો છે.

અહીં ત્રણ ગ્લાસને વાદળી, પીળો, અને લાલ એમ મુખ્ય રંગના પાણીથી ભરીને તેને એક ટિન્ટેડ ગ્લાસ કે જેના ટેક્ષ્ચરથી ગ્લાસ ગ્લાસ ન દેખાય પણ તેનું પેચવર્કવાળું પેઇન્ટિંગ દેખાય તેવી અસર ઊભી કરી છે. અને સાથે આગળ ગ્લાસની બહારના ભાગે મૂળરૂપે દેખાય તેવા ત્રણ પુષ્પો ગોઠવ્યાં છે. પુષ્પો જીવનનું પ્રતીક છે અને પાછળના ગ્લાસ અને રંગો જળનું પ્રતીક છે એવી કલ્પનાથી આ છબી રજૂ કરેલી છે. ફૂલોની નીચે ચળકતો રૂપેરી કાગળ ગડી વાળીને પછી સીધો કરીને મૂક્યો છે, જે પણ પાણીની આભા આપે છે. સમગ્ર ચિત્ર ફોટોગ્રાફીના માધ્યમની મદદથી બનાવેલ પેઇન્ટિંગ કહી શકાય તેવું બતાવવાનો પ્રયત્ન કરેલો જોઇ શકાય છે.



[ફોટો : પ્રફુલ્લ સી. પટેલ

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH
Phone : 2143745
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
An Encyclopedic Family Magazine of High Taste
1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક-વાચક રહ્યા છો. આપ એ જાણો છો કે કલાગુરુ રવિશંકર રાવળે ૧૯૨૪માં સ્થાપેલું 'કુમાર' ૭૫ વર્ષ વટાવી ચૂક્યું છે. શ્રી બચુભાઈ રાવતે એને પૂરેપૂરું સંસ્કાર્યું અને સંવર્ધ્યું. પરન્તુ વચ્ચે ત્રણ વર્ષનો આકસ્મિક સ્થગિતકાળ આવી ગયો. આથી ઈ.સ. ૨૦૦૨નું વર્ષ એના પ્રકાશન-સાતત્યનું ૭૫મું વર્ષ હશે.

આ પંચોતેર વર્ષથી 'કુમાર' સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. વળી, છેલ્લાં પાંચેક વર્ષથી તો કુમાર સરેરાશ વાર્ષિક ૮૦૦ થી વધુ પૃષ્ઠોનું વાચન આપતું આવ્યું છે. એ પૃષ્ઠસંખ્યામાં હજુ પણ વૃદ્ધિ કરવાનો અમારો મનસૂબો છે. અમને શ્રદ્ધા છે કે 'કુમાર'નું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના પ્રકાશનપર્વે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ તો ગ્રાહક તરીકે ચાલુ રહો જ અને સાથે સાથે એક નવા ગ્રાહકને નોંધી આપો. આથી આવા સંસ્કાર-પત્રને ચલાવવામાં પ્રોત્સાહન રહેશે.

આ ૭૫મા પ્રકાશનપર્વ નિમિત્તે અને આંતરરાષ્ટ્રિય પુસ્તક વર્ષ નિમિત્તે અમે જે શાળા-મહાશાળા કે વિદ્યાર્થીઓ નવા ગ્રાહક થવા માગતા હશે તેને માટે લવાજમ માત્ર રૂ. ૧૦૦=૦૦ રાખ્યું છે. **શાળા-મહાશાળા કે વિદ્યાર્થીએ શાળાનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે. આ યોજનાનો લાભ કાર્યાલયને સીધું લવાજમ મોકલનાર જ લઈ શકશે.**

આ ૨૦૦૨ના વર્ષ દરમિયાન નવા ગ્રાહક થનારને કે જેમનું લવાજમ જે તે માસમાં પૂરું થતું હોય ત્યારે નવું લવાજમ રૂ. ૧૫૦=૦૦ મોકલી ગ્રાહકપદ ચાલુ રાખનારને લગભગ ૪૦ પૃષ્ઠની એક પુસ્તિકા ભેટ મોકલાશે, જેમાં 'કુમાર'ના છેલ્લા પાને આવેલાં આરોગ્યસૂત્રો સંગૃહીત કરવામાં આવ્યાં હશે.

'કુમાર'નો ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આવતા અંકથી 'કુમાર' ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશે છે એ નિમિત્તે 'કુમાર'ચાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.

સ્થાનસમર્પિત આખું પાનું રૂ. ૧૦૦૦/-, અડધું પાનું રૂ. ૫૦૦/-

આ પાના પર આપ જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.

આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦=૦૦ છે તથા પરદેશનું લવાજમ હવાઈ માર્ગે રૂ. ૧૦૦૦=૦૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. આપના લવાજમનો ડ્રાફ્ટ-ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫=૦૦ ઉમેરવા. લવાજમ મનિ ઑર્ડરથી પણ મોકલી શકાય છે. રૂબરૂમાં લવાજમ ભરવા માટે કાર્યાલયનો સમય સવારે ૧૧-૦૦થી ૫-૦૦નો રહેશે.

સ્નેહાધીન

તંત્રી : 'કુમાર'

હીરાલાલ હરિલાલ ભગવતી (ચૅરમૅન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

વાચકો લખે છે

'કુમાર'નો દીપોત્સવી અંક ખરેખર સુરુચિપૂર્ણ હતો. 'ગાગરમાં સાગર' ઉક્તિને યથાર્થ ઠેરવતા એ અંકમાં દરેક વિષયને ન્યાય મળ્યો. મુખપૃષ્ઠ પરનું 'આરતી' ચિત્ર અંકને આકર્ષક બનાવતું હતું.

આ ઉપરાંત 'ચંદ્રશેખર સામંત' વિષે નો લેખ અભ્યાસપૂર્ણ અને માહિતીપ્રદ રહ્યો. 'પાઘડી અને સાફો' લેખ ગુજરાતની અસ્મિતાને અનુરૂપ રહ્યો.

'દસલાની શક્તિ-ગણેશ-ની સોલંકી કાલીન પ્રતિમા' એ લેખના સંદર્ભમાં એક ઉલલેખ કરું છું. મહેસાણા નજીક આવેલા 'દવાડા ગામમાં પણ તળાવકાંઠે એક સોલંકીકાલીન શિવમંદિર આવેલું છે. આ મંદિર પ્રમાણમાં નાનું છે. ત્યાંનાં શિલ્પો પણ કાળની થપાટે ખવાતાં રહ્યાં છે. એ મંદિર શિલ્પરસિકો માટે અભ્યાસપ્રદ બની શકે. અત્યારે હાલ હુ જ્યાં નિવાસ કરું છું તે 'વિજયનગર' નજીક આવેલાં પોળોનાં જૈન મંદિરોનાં શિલ્પો અત્યંત આકર્ષક છે, અને આ શિલ્પો ઘણી સારી સ્થિતિમાં છે. અહીં સંયોજના શિલ્પો જેવાં કે બળદ, ઘોડા વગેરે જોઈ શકાય છે. ઉપરાંત રાજસ્થાની શૈલીમાં પથ્થરમાં કોતરેલાં 'કમાડ' પણ જોવા મળે છે. બાજુમાં થોડે દૂર આવેલા 'શારણેશ્વર મહાદેવ'ના મંદિરનાં શિલ્પો પણ અભ્યાસપ્રદ છે.

-વિજયસિંહ ઝાલા (વિજયનગર)

*

'કુમાર'ના અનેક માતબર વિભાગમાં 'ચરિત્ર' વિભાગ એક એક મહાનુભાવના જીવનનો અર્ક-કસ રજૂ કરતો રહે છે અને વાચકોના મનમાં છવાઈ રહી સ્વયંના જીવન-ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપે છે. હમણાં ક્યારેક આ વિભાગના લેખો અધૂરા લાગે છે. નવેમ્બર અંકનો ગોપાળભાઈ પટેલનો પરિચય ઊણો રહ્યો. લેખનો પહેલો બીજો ત્રીજો પૅરૅગ્રાફ વાંચીને ગોપાળભાઈની ઓળખ ન મળી. પાના ૭૦૨ જમણી કૉલમના 'લે મિઝરેબલ'-થી શરૂ થતા લગાતાર ત્રણ પૅરૅગ્રાફ પણ ગોપાળભાઈ વિશેના નથી !

એમના સરસ અનુવાદોના નાના નાના બે-ત્રણ ફકરા (બોક્ષમાં), તથા અનુવાદોની સ્વતંત્ર-યાદી એમની ઓળખ આપવા ઉપયોગી થાત. 'કુમાર'ની પ્રથા મુજબની ફોન્ટ-સાઈઝ બરાબર છે. તે કદ મોટું કરવું બરાબર નથી.

-રમેશ બી. શાહ (સુરત)

*

ઑક્ટોબરના 'કુમાર'ના અંકમાં 'એક હંસી શામકો'શીર્ષક નીચે એક લેખ છપાયો છે. 'હંસી'નો અર્થ હાસ્ય-હસું એવો છે જેમ કે 'હંસી આતી હે મુઝે હઝરતે ઈન્સાન પર'. આ અર્થ સાથે શીર્ષકમાં જણાવેલ હંસીનો મેળ નથી જામતો. ક્યા ફિલ્મી ગાયન પરથી આ લીધું છે એનો મને ખયાલ નથી. પણ એ પંક્તિ મારી ધારણા મુજબ 'એક હંસી શામકો નહીં' 'પણ 'એક હસીં શામકો' હોવી જોઈએ. હસીં એટલે સુંદર.

-ચીનુભાઈ ગી. શાહ (અમદાવાદ)

*

'પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો'નું નવમું પ્રકરણ (કુમાર ૮૮૭) વાંચીને હું ડોલી ઊઠ્યો : નાસ્તિકવાદ, ઈશ્વર, ધર્મ, દાર્શનિક ભૌતિકવાદ આદિ વિષયો અંગ ચિંતન-મનની ઊંડી પ્રક્રિયામાં ઊતરી જવા પ્રેરે એવી ભરપૂર સામગ્રી આમાં છે. આખીય વાતનો સારમાં સાર આ છે : 'માનવીનો માનવી પ્રત્યેનો પ્રેમ, એ પ્રથમ અને સર્વોચ્ચ નિયમ અને કાર્ય છે.'

ઉપરોક્ત વિષયો અંગે આપણા ભારતીય પ્રાચીન-અર્વાચીન મનીષીઓના ખયાલ અને અભિપ્રાયો પણ અવશ્ય રજૂ થાય એવી ધારણા છે.

-લલિત શાહ (સુરેન્દ્રનગર)

*

સપ્ટેમ્બર ૨૦૦૧ના 'કુમાર'માં ભગીરથ બ્રહ્મભટ્ટના 'અણુજો'નો લેખ જે વિશેનો ઉલ્લેખ છે તે ખરી રીતે 'અખતો' જોઈએ. સૌરાષ્ટ્રમાં અત્યારે પણ અગિયારસ અને અમાસને દિવસે વસવાયા કોમોના કારીગરો કામ કરતા નથી અને કામનો હિસાબ આ દિવસે કરવામાં આવે છે.

-જયન્ત એમ ચૌહાણ (અમદાવાદ)

*

હું 'કુમાર'નો વાચક છું. આથી મારાં કેટલાંક સૂચનો છે તે આપને જણાવું છું : (૧) 'કુમાર'માં ટપાલટિકિટો વિષે ઘણી માહિતી આવતી. તે ફરી આવે તેવું કરશો. પત્રમૈત્રી વિભાગ દ્વારા મને મારો ટિકિટ-સંગ્રહ વધારવામાં ઘણો ફાયદો થયો છે. બીજું એ કે મારે ૧૯૯૧થી ૧૯૯૮ અને ૨૦૦૦ના વર્ષ દરમિયાન MINT ટિકિટો, વપરાયેલી ટિકિટો અને જે તે વર્ષ દરમિયાન બહાર પડેલ ટપાલટિકિટોનું લિસ્ટ જોઈએ છે. આપના અન્ય વાચકો દ્વારા આ મને મળશે એમ માનું છું. કારણ કે મુંબઈ, દિલ્હી અને અમદાવાદ ફીલાટેલીક બ્યુરો કાંઈ જ માહિતી આપી શકે એમ નથી. જો કે મુંબઈ બ્યુરો મારફત ૧૯૯૯ની ટપાલટિકિટો 'ક્લેક્ટર્સ' પૅક મળેલ છે. (૨) જ્યારે જ્યારે લવાજમ પૂરું થવામાં હોય ત્યારે આગલા અંકમાં એક કાપલી 'લવાજમ આ માસે પૂરું થાય છે. નવું લવાજમ મોકલશો' મૂકશો તો ઘણો ફાયદો થશે. (લવાજમ પૂરું થયાનો પત્ર કાર્યાલય તરફથી અચૂક લખાય જ છે. તંત્રી) - અશોક ડી. પંડ્યા, રોડ નં. ૪ શેરી નં. ૫ પટેલ કૉલોની, (જામનગર)

(અનુસંધાન પૃ. ૭૫૮)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૪મું　　અંક ૧૨

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમેન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળવાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરૉક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૮૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

સૂત્રસાર

ભગવાનના ભયની ભીતરમાં...

રાધેશ્યામ શર્મા

> ભગવાનનો ભય રાખો અને
> એની દસ આજ્ઞાઓ પાળો
> કેમ કે
> મનુષ્યની આ જ પૂરી ફરજ છે.
>
> -એક્લેસિઆસ્ટ્સ

કોણ જાણે પૃથ્વી પર જેટજેટલી પ્રજાઓ અને જાતિઓ છે તે તમામમાં ભગવાનને સ્પર્શતી, પ્રભુને સાંકળતી માન્યતાઓ અને કલ્પનાઓમાં ડરવાનો ખાસ સંકેત છે.

ખુદાને હાજરનાજર રાખવા, પ્રભુને સાક્ષી રાખવા, ભગવાનના સોગંદ ખાવા-ખવડાવવા, પરમાત્માને માથે રાખીને વ્યવહાર કરવાના બહુવિધ ભાષાકીય પ્રયોગો જોવા મળે છે.

બાઈબલ-કાળ અને પૂર્વબાઈબલ સમયમાં દસ આદેશો (ટેન કમાન્ડમેન્ટ્સ)ના પ્રત્યક્ષ તેમજ પરોક્ષ ઉલ્લેખોની આસપાસ ભગવાનની બીકનું અનિવાર્ય મહત્ત્વ છે.

અહીં તો 'ટેન કમાન્ડમેન્ટ્સ' પૂર્વે જ પ્રભુનો ડર રાખવાની આજ્ઞા છે. મતલબ કે દસ આદેશોની માળાનો મેર તો એક જ કે ભગવાનનો ભય રાખો ! દસ આજ્ઞાઓની વાત ખરી, પણ ભગવાનની ભીતિ પછીની !

સૂચન એવું પણ છે કે પહેલેથી જો પ્રભુની બીક રાખશો તો દસ આજ્ઞાઓનું પરિપાલન કરી શકશો.

એ અગત્યની શરત બની જાય છે કે ભગવાનથી ડરેલા 'હશો પછી ટેન કમાન્ડમેન્ટ્સનું પાલન કરવું સહેલું બની રહેશે. દસ આજ્ઞાઓને પ્રભુના ભય સાથે ભેળવીને જીવવું એ ખ્રિસ્તી ભાવિકો માટે તો સંપૂર્ણ ફરજ જેવું છે.

હવે ભાવિકો કે ભાવુકો ભગવાનનો ભય રાખે કે ના રાખે પણ ભગવાનને ભયનો આતંક ફેલાવવાની લેશ પણ રુચિ નથી.

પ્રીતિથી અને ભક્તિથી પરિપૂર્ણ પરમાત્મા કરતાં પ્રભુની અહીં જુદી જ 'ઈમેજ' છે. પુરાણકાળના દેવો ઉપર આદિ-નિવાસીઓએ ભવ્યતાથી અંજાઈને ભયનું આરોપણ કર્યું છે. રુદ્ર કરાલ પ્રકૃતિનાં તત્ત્વોને પૂજનની પ્રતિષ્ઠા આપી દેવ યા પ્રભુપદે પ્રસ્થાપિત કરવાની પ્રવૃત્તિ પરાપૂર્વથી ચાલી આવી છે.

ભીતિ વિણ પ્રીતિ નહિ, નીતિ નહિ, ભક્તિ નહિ - આ માન્યતાનું અહીં સબળ અનુમોદન છે. 'ચમત્કાર વગર નમસ્કાર નહિ'નો જ અનુભવ અહીં કામે લગાડાયો લાગે.

ક્યારેક આવી પુરાકથાઓમાં કે એની આધુનિક રમૂજી આવૃત્તિઓમાં ભગવાને ઈન્સાનનો સંપર્ક સાધી ભીતિના બદલે પ્રીતિથી આજ્ઞાપાલનનું સૂચન કર્યું હોય એવું જોવા મળે છે.

સાંભળ્યું છે કે પૃથ્વીપટે એકદા પ્રભુ પધાર્યા અને રાજકારણી નેતાઓને સામે પગલે જઈ મળ્યા. આમ એટલા માટે કે નેતાલોક માની જશે તો જાહેર જનતા જનાર્દનને આદેશના પાલન માટે ગમે તે રીતે દોરી જાય. હવે વાંચો સંવાદ :

પ્રભુ : એક આદેશ આપવા આવ્યો છું તમે તે સ્વીકારશો ?

નેતા : જાણી લીધા બાદ જ આદેશ માનવાની વાત આવે.

પ્રભુ : તમને એક જ આજ્ઞા કે તમે જૂઠું કદીયે નહીં બોલો. બોલો, છે કબૂલ ?

નેતા : અમારો તો ધંધો જ અસત્ય પર ઠરેલો છે. એટલે અમને ક્ષમા બક્ષી દો, પ્રભુ !

ત્યાંથી પ્રભુ, પૂજારી / પાર્ષદને મળ્યા. ઉપર પ્રમાણે જ વાત કરી કે તમારે તો જૂઠું ના જ બોલવું; નેતાઓની વાત અલગ છે. એમને એવા આદેશ ના ફાવે. તો પુરોહિતો બોલી ઊઠ્યા, જે તેમને ના ફાવે એ અમનેય ના ભાવે ! મંદિર-મસ્જિદ-દેવળ-ગુરુદ્વારામાં સર્વ કાંઈ સત્ય હોતું નથી. અમારે હિસાબે તો તમે છો અને અમે જો સ્વર્ગનર્કની ધારણાઓને શણગારીને અસત્ય રીતે રજૂ નહિ કરીએ તો ધર્મની ઈમારતોમાં કાગડા જ ઊડશે. ના ભગવાન, આ સત્ય બોલવાનો આગ્રહ કૃપા કરી જતો કરો. આના માટે વેપારી કોમોના અગ્રણીને જ મળી લો... અંતે ભગવાન એક પ્રસિદ્ધ યહૂદી પાસે ગયા. પ્રભુએ કહ્યું : મારો આદેશ સ્વીકારશો ? તો પેલાના કમ્પ્યૂટર મગજે ગણતરી કરી પૂછ્યું : 'હાઉ મચ ઈટ વિલ કૉસ્ટ ? એનું શું પડશે ?' પ્રભુ કહે, 'નથિંગ'. તો મુસા બોલ્યા : 'ધેન આઈ વિલ ટેક ઈટ' જેની કિંમત ચૂકવવી ના પડે એવું બધું મંજૂર છે ! કાણી કોડી ખર્ચવાનો જ્યાં ભો કે ભય નથી ત્યાં ભગવાનનો ભય રાખી આજ્ઞામાં રહેવાનું અનુકૂળ છે. □

પિછાણું પ્રીતિને / જયન્ત પાઠક

(શિખરિણી • સૉનેટ)

તમે આવો છો ને ફરી જતું બધુંયે ઘર થકી :
હવાઓ એકાન્તી હવડ ઊઠતી શી મઘમઘી !
બધે અંગે અંગે ઊઠતી પુલકો સ્પર્શસુખની,
રહે ઝાંખી આંખો ઝળહળી, બધા કોપ મનના
મધુસ્રાવે ભીના, મધુપુટ જ અસ્તિત્વઘટના-
અહો, ચાંચલ્યોની સળવળ, દ્રવો મિષ્ટ રસના !

તમે ના હો ત્યારે બધી સભરતા શૂન્ય સરખી :
ઘૂંટાતા શ્વાસો, ઇન્દ્રિય-મન બધું રિક્ત, રણની
દૃગો સામે ખૂલે અનહદ લૂખી વિસ્તૃતિ, જહીં
સુખોની લ્હેરો શીતલ મૃગજલો દાહક થતી;
પુરાનો હું જાણે હઉં પુરુરવા એમ ભમતો
નિહાળું જ્યાં ને ત્યાં ભ્રમથી તમને ઉન્મદ થતો.
પિછાણું પ્રીતિને મિલનમધુથી, કિંતુ અદકી
પ્રીછું તે તો પીડે વલવલત પ્રાણે-વિરહથી.

જાદુઈ ફૂંક
વિષ્ણુ પટેલ

(ગઝલ)

જોવામાં આમ તો નર્યું પોલાણ હોય છે,
આકાશનું છતાં ઘણું ખેંચાણ હોય છે.

એની હયાતીને ઘણા પડકારતા અહીં,
જેની હરેક શ્વાસ પર 'લ્યા આણ હોય છે !

એકાદ તીક્ષ્ણ તીરથી વીંધાઈ જાય એ;
બાકી હૃદયને પ્રેમની ક્યાં જાણ હોય છે ?

અર્થોનાં પુષ્પને કદી ધારણ કરે જીવન;
એવું અનેરું કોઈનું રોકાણ હોય છે !

પાક્કો ભરોસો હોય જો એ નાખુદા ઉપર,
અંતે તરે છે ડૂબમાં જે વ્હાણ હોય છે.

ઘર આંગણે જ થઈ જતાં અડસઠ તીરથ ભલા :
લ્હે લાગતી પછી નરી રસલ્હાણ હોય છે !

કરતાલ હોય હાથ જ્યાં, કેદાર જીભ પર :
વીસરી એ નાત નાગરી રમમાણ હોય છે !

કહે છે કે ફૂંક શબ્દની જાદુઈ હોય છે :
સળવળતું થાય સર્વ જે નિષ્પ્રાણ હોય છે !

આર્ત્તનાદ / ધીરુ પરીખ

(વનવેલી)

'ગરુડે ચડી આવજો ગિરિધારી,
લજ્જા મોરી રાખજો હે ગિરિધારી':
ગિરિધારી, ગિરિધારી : પુકારતી નારી
હજારો વર્ષોથી એકધારી.

બોલી દ્રૌપદી ને બોલી ત્યાં રાણકદેવી
જસમા ઓડણ વળી તોરલદે બોલી.
ખોલી પાંખો ગરુડે ત્યાં
ગિરિધારી કહે : હવે જઈશું ક્યાં ?

સકલ સૃષ્ટિને જોતી આલોકિત દૃષ્ટિ-
હવે ગરુડની પાંખે ચડી પધારશે પ્રભુ:
સ્વતંત્રતાની દેવી ત્યાં મશાલને લઈ ઊભી
ન્યૂ યૉર્કને દ્વાર;
અશ્વારૂઢ લક્ષ્મીબાઈ ખેંચી તલવાર
ઝાંસી માટે ઝૂકી નહીં પલ વાર,
ગરુડ ને ગિરિધારી ક્યારે આવ્યા વ્હાર ?

હેલન પિંગલા ક્લિઓપેટ્રા
મેનેલેઉસ ને ભર્તૃહરિ ને સીઝર
હરિ, તમે ત્યારે ત્યારે કરી હતી
કોની કોની કહોને ફિકર ?

લોઅર મૅનહટ્ટને
એક સો ને દસમાળી
બબ્બે ઇમારતો જે રૂપાળી :
તેમણે તો કર્યો ન્હોતો આર્ત્તસ્વર.
ગરુડે ચડીને તમે જ તો
ત્યાં પહોંચ્યા હતા ગિરિધર ?
પછી એકસાથે કંઈક હજારો
ચીસો ઉભરાણી;
ત્યારે ખરે
'ગરુડ ક્યાં ? ગરુડ ક્યાં ? વદત વાણી' તે
તમે જ છો સુદર્શનપાણિ ?
યુગોની આ ecstasyમાં
લજ્જાહર ગરુડગામી તમારી
જોવાતી રહે છે રાહ;
એવી જ કો phantasyમાં
ગરુડે ચડીને ગિરિધારી
આવે અને જાય,
તો યે 'લજ્જા મોરી રાખો',
'લજ્જા મોરી રાખો',
એવા આર્ત્તનાદો ખતમ ક્યાં થાય ?

હોય ભલે તું બ્હાર../ ચંદ્રકાન્ત શે

(ગાન)

હોય ભલે તું બ્હાર,
મને તું પકડાતી અંદરથી !
તારો ચાંદો બ્હાર,
ચાંદની ઉભરાવે અંદરથી !
તારી છાતીમાં જે તડકો,
એની મીઠી હૂંફ,
તારા ટહુકે ટહુકે ફૂટે
મારી અંદર સુખ !
ઝરણ ઝીલવા તારું,
મારો પ્હાડ ઝૂરે અંદરથી !-
તારી આંખોમાં લ્હેરાતું
હરિયાળીનું હેત;
તને જોઈને મોતીને રસ
રસાય મારી રેત !
તારે હર પલકાર ચમકવા
ગગન ખૂલે અંદરથી !

દુનિયાની પારનાં / ઊજમશી પરમાર

(ગાન)

આતમ વીંધીને કડી આરતની પ્હેરી બઈ,
સોળે શણગાર થયા પૂરા.

શું કામે આદરવી જાતરા કે તીરથ સૌ
પંડ્યમાં જ હાજરાહજૂરા.

આમ જુઓ બાંધ્યા ને આમ જુઓ છુટ્ટા
જો સમજો તો ફેર નથી કૈંયે,
દુનિયામાં રહીને પણ દુનિયાની પારનાં,
એવી રીતે રે અમે રહીએ.

નહીં રે જાગ્યા કે નથી સૂતાં, આ અંતરાળ
એવાં કૈં આસનમાં ડૂબ્યાં,
હેઠે નહીં ભોંય, નહીં ઉપર આકાશ
એવા ઝલમલ ઝરૂખડે ઝળૂંબ્યાં.

ઊગમણે તાર એક બાજ્યો ને સંભળાતા
આથમણે ઝીણા ઝણકારા,
ઓતરાદે નર્તન્તા મોરલાના દખણાદે-
જાતા કૈં પોગ્યા ટહુકારા.

'બાલા'થી 'દેવી'નાં આદરણીય સ્થાને પહોંચેલાં



કાનનદેવી

કમલા પરીખ

'પ્રભુજી રાખો લાજ હમારી
મનકી બાત છૂપી નહીં તુમસે
ગોવર્ધન ગિરધારી. રાખો લાજ હમારી૦
ચાંદીકા થા જાલ બીછાયા
ઔર પીંજરા થા સોનેકા
મનપંછી ઈસમેં ફસના થા
કિસ્મતમેં થા રોનેકા
ઈસ બંધનસે તુમ્હી છુડાવો
પ્યારે કૃષ્ણ મુરારી... રાખો લાજ હમારી૦
દૂર રહો ના આવો
તૂટે દિલકો ધીર બંધાવો આવો
જીવનમેં તુફાન ઊઠા હૈ
ઔર આંખોમેં અંધિયારી... રાખો લાજ હમારી'૦

આ ગીત અમે વર્ષો પહેલાં અમારી સાયં પ્રાર્થનામાં ગાતાં હતાં પરંતુ એક દિવસ મારી બહેનના જીવનમાં કેટલીક દુઃખદ પરિસ્થિતિ સર્જાઈ હતી અને તે આ ગીત ગાતાંગાતાં ડૂસકે ચઢી ગઈ અને અમે તે દિવસથી આ ગીત ગાવાનું બંધ કર્યું.

આ જ્યારે લખી રહી છું ત્યારે મનપંખી ૬૦ વર્ષ પૂર્વેના ભૂતકાળમાં પાંખ પ્રસારી ઊડવા લાગ્યું છે. આ ગીત ગાનારનો કંઠ હું તો ઓળખું છું પણ વાચકો ના પણ ઓળખી શક્યાં હોય. હા, કદાચ જૂની પેઢીનાં વડીલો આ કંઠ ઓળખી ગયાં હોય તેમ બને ખરું. આ ગીત ફિલ્મ 'હૉસ્પિટલ'નું છે અને આ કંઠ એક એવી ગાયિકાનો છે જે એ જમાનામાં ખૂબ લોકપ્રિય હતો. આ કંઠ કૃષ્ણના વાંસળી જેવો મધુર હતો અને કૃષ્ણના પ્રથમ અક્ષરની જેમ આ ગીતની ગાયિકાના નામની શરૂઆત પણ 'ક' અક્ષરથી થાય છે. તો આવો આપણે તેને ઓળખીએ, નામ છે આ ગાયિકાનું કાનનબાળા. કેમ ચમકી ગયાં ને ? કાનન એટલે જંગલ અને જંગલમાં ટહુકા કરતી કોયલ જેવો આ કાનનબાળાનો કંઠ હતો. સાથે સાથે કનૈયાની વાંસળી વાગતી હોય તેવી મધુરતા પણ આ કંઠમાં હતી. મારે માટે તો એ સંગીતનાં દેવી હતાં. પંદર વર્ષની ઉંમરથી આ કંઠનો પરિચય પામેલી અને એમણે ગાયેલાં ગીતો ગણગણતી પણ ખરી. 'હૉસ્પિટલ' ફિલ્મનું બીજું ગીત હતું 'દિલમેં મેરી આકે સમા જાવ ઓ પ્યારે ઘનશ્યામ, પ્રેમકી બંસી તો જરા મુજકો સુના જાવ, મુજકો સુના જાવ... દિલમે મેરી આકે સમા જાવ.' માધુર્યસભર આ ગીતો આજે પણ તાલ અને લય સાથે ચિત્તના કમ્પ્યૂટરમાં અને હૈયામાં ગુંજારવ કરતાં અકબંધ જળવાઈ રહ્યાં છે. આ બન્ને ગીતો લોકકંઠે પણ ખૂબ ઝિલાયાં હતાં.

આવો ત્યારે આપણે આ કાનનબાળાને મળીએ, અને કંટકમાં મહોરેલા ગુલાબ જેવા એમના જીવનનો પરિચય પામીએ. અપાર મુશ્કેલીઓમાંથી પસાર થયેલાં આ કાનનબાળા કેવી રીતે વિખ્યાત થયાં એ જાણવા જેવું અને માણવા જેવું છે. વિશાળ નેત્રો, ગૌરવર્ણ, સપ્રમાણ ચહેરો, નમણી કાયા અને વાંકડિયા વાળ આ થઈ એમની બાહ્ય પહેચાન. પણ હજુ અંતરમાં રહેલી કેટલીક ગોપનીય શક્તિસભર વાતો જાણવાની બાકી છે. તેમનો જન્મ ઈ.સ. ૧૯૧૬માં થયેલો. પિતા રતનચંદ ઑફિસમાં નોકરી કરતા, તદુપરાંત નાની સોનાચાંદીની દુકાન પણ ચલાવતા. પરંતુ કુછંદે ચઢી જતાં દેવામાં તારાજ થઈ ગયા. કાનનબાળાએ કિશોરાવસ્થામાં પિતાની છત્રછાયા ગુમાવી અને કુટુંબ પર આપત્તિનાં વાદળો ઘેરાયાં. પણ કુળવાન માતાએ જે કાંઈ સોનુ પડ્યું હતું તે વેચી પતિના દેવામાંથી મુક્તિ મેળવી. હવે દુઃખદાયક દિવસોની શરૂઆત થઈ. ભરણપોષણ માટે માતા અને પુત્રીએ રસોઈ કરવાનું તથા નોકરાણીનું કામ કરવાનું શરૂ કર્યું. બદલામાં મહેનતાણા ઉપરાંત મહેણાંટોણાં અને કટુવચનો પણ સાંભળવા મળતાં. આ ત્રાસથી કંટાળી માદીકરીએ એ નોકરીનો ત્યાગ કર્યો. કાનનબાળાની કસોટીનો આ કપરો કાળ હતો. લતા મંગેશકરના

શિરે પણ પિતાના મૃત્યુ બાદ દસઅગિયાર વર્ષની ઉંમરે સમગ્ર કુટુંબનો ભાર આવી પડેલો અને આ બોજ ઉપાડી તેમણે કેટલો સુંદર વિકાસ સાધ્યો ! પરિણામરૂપે આજે તેઓ સમગ્ર વિશ્વમાં સુરસામ્રાજ્ઞી બની વિખ્યાત થઈ ગયાં છે. આવું જ કંઈક કાનનબાળાના જીવનમાં બનવાનું હતું. તેઓ પોતાની આત્મકથામાં લખે છે કે, 'આ જન્મમાં જ મારા અનેક જન્મો હું જીવી ગઈ છું' એમના આ જન્મની હકીકત આપણે આગળ જોઈશું' પણ પ્રથમ એમની પ્રકૃતિનો પરિચય પામીએ.

નાનપણથી જ તેઓ સ્વતંત્ર પ્રકૃતિનાં હતાં. સખીસહેલીઓ સાથે રમવાને બદલે તેમને એકલાં ઢીંગલીઓ સાથે રમવાનું વધારે ગમતું. ઢીંગલીઓને જુદાં જુદાં વસ્ત્રોથી સજાવવી, પછી એ વસ્ત્રો વિખેરી નાખવાં અને વળી ફરીથી સજાવવી એ એમની પ્રકૃતિની આગવી વિશેષતા હતી. આ પ્રવૃત્તિઓથી તેમને શરમાળ, અભિમાની, જંગલી એવાં વિશેષણોથી નવાજવામાં આવતાં.' પણ આ બધી ટીકાઓની ઝંઝટથી તેઓ તેમની પ્રકૃતિમાં બદલાવ ના લાવી શક્યાં. પિતાના અવસાન બાદ ઊભા થયેલા સંજોગોમાં ટકી રહેવા તેઓ પ્રયત્ન કરી રહ્યાં હતાં અને આ સંજોગોમાં આશાનું એક કિરણ જીવનમાં પ્રકાશ્યું. તુલસી બંદોપાધ્યાયે તેમની સમક્ષ સિનેમામાં કામ કરવા માટે દરખાસ્ત મૂકી. કાનનબાળા સ્ટૂડિઓમાં પહોંચી ગયાં જ્યાં વિખ્યાત દિગ્દર્શક જ્યોતિષ બંદોપાધ્યાય હતાં તેમણે 'જયદેવ' ફિલ્મમાં રાધાની ભૂમિકા ભજવવાની તક આપી. આમ, એમનો ફિલ્મ દુનિયામાં પ્રવેશ થયો. જ્યોતિષ બંદોપાધ્યાય આ નાનકડી છોકરીમાં રહેલી શક્તિને પારખી ગયા અને તેમણે કહ્યું કે એક દિવસ કાનનબાળા સિનેમામાં એવી તો ઝળકી ઊઠશે કે લોકો વાહવાહથી તેને નવાજશે. આમ, ભાગ્યનું પાનું ખૂલ્યું, ત્યારે તેમની ઉંમર હતી માત્ર દસ વર્ષની. આ ભૂમિકા ભજવવાના આ છોકરીને પાંચ રૂપિયા મળ્યા. પણ એને મન તો લાખ રૂપિયા સમાન હતા. જો કે આમ તો રૂપિયા પચીસ આપવાનું નક્કી થયેલું, પણ વચ્ચેથી જ બીજા કોઈના હાથમાં વીસ રૂપિયા સરકી ગયા. આની જાણ આ છોકરીને પાછળથી થઈ અને આમ તેને માનવ-સ્વભાવનો પણ પરિચય થયો. છતાં ૧૯૨૬માં આ નવા ક્ષેત્રમાં પદાર્પણ કરવાનો અવસર અને ઉત્સાહ અનેરો હતો. ત્યાર બાદ 'શંકરાચાર્ય' ફિલ્મમાં પણ અભિનય કર્યો. બોલપટનો યુગ શરૂ થતાં તેમણે 'જોર બરાત' ફિલ્મમાં નાયિકાની ભૂમિકા ભજવી. આમ, તેમણે મૉડર્ન થિએટર કંપનીમાં કામ કરવાની શરૂઆત કરી. આ કંપનીમાં તેમણે 'પ્રહ્લાદ' ફિલ્મમાં નારદની પુરુષ ભૂમિકા ભજવી અને 'વિષ્ણુમાયા' ફિલ્મમાં પણ પુરુષની ભૂમિકા ભજવી. આ કંપનીમાં તેમને કેટલાક કડવા અને ગરિમા ઘવાય એવા અનુભવો પણ થયા. ૧૯૩૨માં 'મૉડર્ન થીએટર' છોડી તેઓ 'રાધા ફિલ્મ'માં જોડાયાં અને ૧૯૩૩માં 'ગૌરાંગ' ફિલ્મમાં વિષ્ણુપ્રિયાની ભૂમિકા ભજવી મેદાન મારી ગયાં. તેમણે ગાયેલાં ગીતો અને અભિનય માટે સન્માનનાં અધિકારી પણ બન્યાં. હવે ભાગ્યનો



લેખન વ્યસ્ત કાનનદેવી

સિતારો ધીમે ધીમે ચમકવા લાગ્યો. ગ્રામોફોન કંપનીએ તેમનાં ગીતોની રેકર્ડ ઉતારવા માટે તેમને આમંત્રિત કર્યાં. પોતાનો કંઠ રેકર્ડમાં સાંભળી તેઓ સ્વયં આશ્ચર્યમુગ્ધ થઈ ગયાં.

૧૯૩૨માં 'વાસવદત્તા' ફિલ્મમાં તેમને કડવો અનુભવ થયો. આ ભૂમિકા એક રૂપજીવિનીની હતી તેથી તેમાં અમુક પ્રકારનાં વસ્ત્રો પરિધાન કરવાની તેમને ફરજ પાડવામાં આવી. આજે આધુનિક યુગમાં ફિલ્મો, ટી.વી સીરિઅલો તથા જાહેરાતોમાં સ્ત્રીની ગરિમા જળવાય તેવી વેશભૂષા ફગાવી નિર્લજ્જ હાવભાવ પ્રગટ કરવાનો જરા પણ સંકોચ દેખાતો નથી. જ્યારે કાનનબાળા સ્ત્રીનું ગૌરવ જળવાય તેવી બધી બાબતો માટે સંપૂર્ણપણે સજાગ હતાં. છતાં વાસવદત્તાની ભૂમિકા તેમને પરાણે ભજવવી પડી, કારણ કે કરાર પ્રમાણે તેમને કોર્ટકચેરીમાં ઘસડી જવામાં આવશે તેવી પોકળ ધમકીઓ આપવામાં આવી હતી, અને એ સ્વાભાવિક છે કે આ ભૂમિકા ભજવવામાં તેઓ પોતાનો પ્રાણ રેડી ના શકવાથી 'વાસવદત્તા' ફિલ્મ નિષ્ફળ ગઈ. ૧૯૩૫માં રાધા ફિલ્મ કંપનીમાં 'માનમયી ગર્લ્સ સ્કૂલ' નામની ફિલ્મમાં ભૂમિકા ભજવવા બદલ ઉત્તમ કલાકાર તરીકે તેઓ ઊભરી આવ્યાં કારણ કે તેમના સ્વભાવ અને આદર્શને અનુકૂળ એ ફિલ્મ હતી. આ સમયે તેમને મેગાફોન કંપનીમાંથી તેમણે ગાયેલાં ગીતોની રેકર્ડ ઉતારવા માટે આમંત્રણ મળ્યું. રાધા ફિલ્મમાં છેલ્લી ફિલ્મ 'ચાર દરવેશ'માં અભિનય આપી કંપનીને અલવિદા કરી 'ન્યૂ થીએટર્સ'માં માસિક પગારથી જોડાયાં. આ બધી ફિલ્મો બંગાળીમાં હતી.

ન્યૂ થીએટર્સમાં 'મુક્તિ' અને 'વિદ્યાપતિ' ફિલ્મમાં અભિનય કરી પ્રેક્ષકો તરફથી સ્નેહ, સન્માન અને અભિનંદન મેળવવાં તેઓ સદ્ભાગી બન્યાં. 'વિદ્યાપતિ' જોવાનો મને લ્હાવો મળ્યો હતો. તેનાં ગીતો લય સાથે હજુ મારા હૈયે સચવાઈ રહ્યાં છે. આ ગીતોમાંનું એક ગીત 'અંબુવાકી ડાલી ડાલી ઝૂમ રહી હય આલી, મૈં ચાલ ચલું મતવાલી'. આ ગીતમાં છેલ્લે 'આલી' શબ્દ એવા લહેકાથી ગાય છે કે અત્યંત કર્ણપ્રિય બની જાય છે. આ ફિલ્મનું બીજું ગીત 'ડોલે હૃદયકી નૈયા' પણ લોકકંઠે ચઢી ગયેલું. કાનનબાળાને પોતાને મનમાં



ફિલ્મ 'સ્ટ્રીટ સિંગર'માં કાનનદેવી

અભિનેત્રી કરતાં ગાયિકાનું સ્વરૂપ અત્યંત કિંમતી હતું, પણ તેમની ફિલ્મો જોયા પછી લાગે છે કે તેઓ આ બન્ને ક્ષેત્રે ખરેખર પ્રશંસનીય હતાં. 'મુક્તિ' ફિલ્મમાં કામ કરતાં તેઓ પંકજ મલિકના પરિચયમાં આવ્યાં અને તેનો ફાયદો એ થયો કે પંકજ મલિક પાસેથી તેઓ રવીન્દ્ર સંગીત શીખ્યાં. 'માનમયી ગર્લ્સ સ્કૂલ'માં તેઓ પ્રતિષ્ઠાને પામ્યાં પણ 'વિદ્યાપતિ' ફિલ્મે તો તેમની કારકિર્દી પર ચાર ચાંદ લગાડ્યા. આ ફિલ્મના દિગ્દર્શક દેવકી બસુ હતા અને સંગીતનિર્દેશક આર.સી. બોરલ હતા. આ ફિલ્મ કલકત્તા ઉપરાંત, મુંબઈ અને કરાચીમાં પણ પ્રદર્શિત થઈ.

સમાજમાં પ્રવર્તતી ગરીબી તથા રોગીઓની યાતના જોઈને તેમને ડૉક્ટર બનવાની ઇચ્છા હતી, પણ તકદીરે તેમને ડૉક્ટરને બદલે એક્ટ્રેસ બનાવી દીધાં. કિશોરાવસ્થામાં પિતાના મૃત્યુ બાદ આવેલી જવાબદારીઓથી તેઓ શિક્ષણ પ્રાપ્ત કરી શક્યાં નહોતાં પરંતુ ફિલ્મી દુનિયામાં જોડાયા પછી એક પંડિત રોકી રામાયણ, મહાભારત, ભાગવત, પુરાણો વગેરેનો અભ્યાસ કર્યો. બીજા એક શિક્ષક તેમને કવિતા, નવલકથા અને નિબંધનું વાચન કરી સમજાવતા. વળી આર્થિક સ્થિતિ સુધરતાં અલારખા નામના ઉસ્તાદ પાસે તેઓ સંગીત પણ શીખ્યાં. તેમની પાસેથી તેઓ યમન, ભૈરવ, ભૈરવી, પૂર્વી, બિહાગ રાગ શીખ્યાં. તેમનો સૌથી મનગમતો રાગ હતો બિહાગ. પરંતુ સ્ટૂડિઓની દોડાદોડમાં રિયાઝ કરવાનો સમય મળતો નહીં પરિણામે ઉસ્તાદે વિદાય લીધી. ઉસ્તાદ કાનનબાળાના કંઠને પારખી ગયા હતા કે ભગવાને સુંદર કંઠ આ સ્ત્રીને આપ્યો છે પણ કંઠને કેળવવા માટેનો સમય તેની પાસે નથી. જો કે કાનનબાળાને સંગીત અધવચ્ચે અટકી જવાથી ઘણું દુઃખ થયું કેમ કે આર્થિક પરિસ્થિતિને લીધે તેઓ લાચાર હતાં. ફણી મજમુદાર દિગ્દર્શિત ફિલ્મ 'સાથી'માં તેમણે કે.એલ. સાયગલ સાથે ભૂમિકા ભજવી. આ ફિલ્મનું હિંદી રૂપાંતર થયું 'સ્ટ્રીટ સિંગર' જેને પ્રેક્ષકોએ ઉત્સાહપૂર્વક વધાવી લીધી.

૧૯૩૬થી ૧૯૪૦નો ગાળો તેમના માટે ગૌરવમય હતો. હિન્દી ફિલ્મ 'જવાનીકી રીત'થી ભારતમાં તેઓ ઉચ્ચ કલાકાર તરીકે ઊભરી આવ્યાં. આ ફિલ્મનાં ગીત ખૂબ પ્રચલિત થયાં : 'કૌન મન લુભાયા કૈસે મનમેં આયા', 'લૂટ લીયો મન ધીર, કૌન રસિયા આજ મેરે મન ભાયા'. આ ગીતો તે સમયે ઘેરઘેર ગુંજતાં હતાં. ન્યૂ થીએટર્સની તેમની અંતિમ ફિલ્મ હતી 'પરિચય', જેનું હિંદી સંસ્કરણ થયું 'લગન'. આ ફિલ્મમાં શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે ૧૯૪૧માં તેમને બી.એફ.એસ.નો ઍવૉર્ડ મલ્યો. ન્યૂ થીએટર્સની દરેક ફિલ્મમાં તેમને સફળતા મળી હતી તેનું કારણ એ હતું કે તેઓ પોતાની સંપૂર્ણ શક્તિથી મન રેડીને કામકાજ કરતાં. ન્યુ થીએટર્સે તેમને યશકલગીનું અનોખું પીછું પ્રદાન કર્યું. પણ તેની સાથે થયેલા કરારની અવધિ પૂરી થતાં તેમણે ન્યૂ થીએટર્સને તિલાંજલી આપી. તેમણે ઘર બંધાવવા ન્યૂ થીએટર્સ પાસેથી લીધેલા રૂપિયા પાંચ હજારનું દેવુ પૂરેપૂરું ચૂકવી દીધું. અત્યાર સુધી થયેલી કમાણી ઘરબાંધણીમાં લગભગ વપરાઈ ગઈ હતી છતાં પ્રામાણિકતાથી દેવું ચૂકવી દઈ ઉત્તમ દાખલો પૂરો પાડ્યો. આ નોકરીમાંથી રાજીનામું આપવાનું અન્ય કારણ પણ હતું. તેઓ સ્વમાની હતાં. લોકપ્રિયતાની ચરમ સીમા પર પહોંચ્યાં હતાં પણ આર્થિક સંકડામણને પહોંચી વળવા તેમણે ન્યૂ થીએટર્સ પાસે પગારવધારાની માગણી કરતાં ફક્ત રૂપિયા ૨૦૦નો વધારો મળ્યો. તદુપરાંત તેમની સાથે કામ કરતાં સ્ત્રીપુરુષો તેમની ખ્યાતિને સ્નેહદૃષ્ટિથી જોઈ શકતાં નહોતાં. આ બધી બાબતોને લીધે તેમણે ન્યૂ થીએટર્સને રામરામ કરી વિદાય લીધી. જીવનના ખાડાટેકરાવાળા માર્ગમાં આવતાં કંટકો, પથ્થરો, અડચણો અને વિઘ્નોને જાતે હટાવી પોતાના અંતિમ ધ્યેયને હાંસલ કરવા બદલ આ નારીને અભિનંદન આપવાં ઘટે. માનવીની મહાનતા અને અલ્પતા બન્નેનો અનુભવ કરી ચૂકેલાં તેઓ આ હદમાંથી પોતાની જાતને અલિપ્ત રાખી જીવનકેડી કંડારવાનો પ્રયાસ કરી સફળતાને વર્યાં. વિદ્યાપતિ ફિલ્મમાં તેમને અંધ ગાયક કે.સી.ડે.નો પરિચય થયો હતો, જેઓ અંધ હોવા છતાં આંતરચક્ષુથી ફિલ્મમાં અનોખું કામ કરી ગયા હતા. તેમનાં પગલાં, અવાજ અને પરિસ્થિતિને ઓળખવાની આંતરશક્તિથી કાનનબાળા પ્રભાવિત થયાં હતાં અને ક્યારેય નિઃસહાયતાનો સ્વીકાર કરવો નહીં એ પાઠ શીખ્યાં હતાં. આમ કરવાથી એમનામાં નૂતન શક્તિનું પ્રાગટ્ય થયું હતું.

ન્યૂ થીએટર્સ છોડ્યા બાદ ભાગ્યદેવી રીઝતી હોય તેવો અણસાર થવા લાગ્યો. પ્રમથેશ બરુઆ એમના આવા બેકારીના સમયે તેમની મદદે આવ્યા. અને 'શેષ ઉત્તર' જેનું હિંદી રૂપાંતર 'જવાબ' હતું તેમાં નાયિકાની ભૂમિકા ભજવવા માટે તેમને આમંત્રણ આપ્યું અને બદલામાં રૂપિયા પચીસ હજાર આપવાના કરાર પર સહી સિક્કા થયા. પરિણામે આર્થિક મુશ્કેલીમાં રાહત થઈ. તદુપરાંત ૧૯૪૨માં બી.એફ.જે.નો પુરસ્કાર પણ પ્રાપ્ત થયો. 'જવાબ' ફિલ્મનાં ગીતો એ જમાનામાં ટોચ પર હતાં. આવો, આપણે થોડાંક અવિસ્મરણીય ગીતો જોઈએ : 'દુનિયા યહ દુનિયા હૈ તુફાન મેલ,' 'અય ચાંદ છૂપ ના જાના, જબ તક મૈં ગીત ગાઉં,' 'દૂર દેશકા રહેનેવાલા આયા દેશ પરાયે.' આજે પણ રેડિયો પર આ ગીતો સાંભળતાં આનંદની હેલી હૈયે ઉભરાય છે. આ ગીતોના તાલ, લય, શબ્દો હજુ આટલાં વર્ષો

બાદ પણ હૃદયમાં ગુંજારવ કરે છે.

આ મહિલા કેટલાં ઉમદા, પ્રામાણિક અને શાલિનતાથી ભર્યાં ભર્યાં હતાં તે આ પ્રસંગથી સમજાય છે. મુંબઈથી તેમને આર્થિક પ્રલોભન આપી મુંબઈની ફિલ્મમાં કામ કરવા માટે દબાણ થયું પણ મક્કમ મનવાળાં કાનનબાળાએ તેનો અસ્વીકાર કરી નકારાત્મક જવાબ આપ્યો. આનું કારણ જાણવા જેવું છે. બંગાળની ભૂમિએ તેમને કાનનબાળામાંથી કાનનદેવીના પદ સુધી પહોંચાડ્યાં હતાં, તે તેમને માટે અતિ મહત્ત્વનું હતું. સુખદુઃખ, પ્રેમ, શાંતિ, આનંદ, કારકિર્દી અને વેદનાગ્રસ્ત પરિસ્થિતિમાં આ બંગભૂમિએ તેમને માતૃત્વના વહાલથી પસવાર્યાં હતાં એટલે તેનો ત્યાગ કરી મુંબઈ જવાનું અઘોર કર્મ તે કેવી રીતે કરી શકે? પણ હા, જો મુંબઈને તેમની જરૂર હોય તો બંગાળમાં આવી ફિલ્મ ઉતારવા માટે તેઓ તૈયાર હતાં. પરિણામે હિંદી ફિલ્મ 'કૃષ્ણલીલા' મુંબઈના એક નિર્માતાએ કલકત્તા આવી ઉતારી, જેમાં કાનનબાળાએ રાધાની ભૂમિકા ભજવી હતી. પોતાના પ્રદેશ માટે આગવું માન ધરાવતાં તેમની પ્રત્યે આપણને જરૂર અહોભાવ થાય છે. બાકી પૈસા, પ્રતિષ્ઠા અને પ્રખ્યાતિની નાગચૂડમાં માનવી ગમે તે કરવા તૈયાર થઈ જાય છે. બંગાળે તો તેમને પ્રેમ, પ્રતિષ્ઠા, પૈસો, પતિ, પુત્ર - અહોહો કેટલું બધું આપ્યું હતું! તેથી જ તો બંગાળમાં રહ્યાં. મુંબઈની એ પાર્ટીએ તેમને અઢળક ધન આપ્યું. ત્યાર બાદ બીજી કંપનીઓએ તેમની ભૂમિકાવાળી બે ફિલ્મો બનાવી. આ ફિલ્મોમાંની એક 'ચંદ્રશેખર'માં તેમની સાથે નાયકની ભૂમિકામાં અભિનેતા હતા અશોકકુમાર. આ ફિલ્મ પ્રદર્શિત થતાં ખૂબ લોકપ્રિય થઈ એટલું જ નહીં, ઘણો લાંબો સમય પણ ચાલી. જોકે આ ફિલ્મમાં નક્કી કરેલ રકમ તેમને મળી નહીં, પણ નિર્માતાઓ ધૂમ કમાણી કરી ફાવી ગયા.

૧૯૪૭માં તેમણે વિદેશપ્રવાસ ખેડ્યો. તેમનો મુખ્ય ઉદ્દેશ ત્યાંનાં સિનેમા, સ્ટૂડિઓ તથા ફિલ્મજગત જોવાનો હતો. તેઓ લંડન, કેરો, પૅરિસ, સ્વીત્ઝરલૅન્ડ, અમેરિકા, કૅનેડા, મૅક્સિકો અને અન્ય દેશોમાં ફર્યાં, જ્યાં તેમનું ધ્યાન સ્ટૂડિઓ જોવા તરફ વિશેષ હતું. આ યાત્રા દરમિયાન અનેક અગ્રગણ્ય કલાકારોના સંપર્કમાં આવ્યાં. પરદેશમાં ભારતના રાજદૂત શ્રી કૃષ્ણમેનને તેમને માટે સન્માન-સભાનું આયોજન કરી ૧૫મી ઑગસ્ટના ઉત્સવમાં ગીત ગાવા માટે આમંત્રિત કર્યાં. આમ, પરદેશમાં પણ તેઓ સન્માન પામ્યાં. પરદેશથી પરત ફર્યા બાદ તેમણે જાતે જ ફિલ્મનિર્માણનું કામ ઉપાડ્યું અને તેમની ફિલ્મ કંપનીના શ્રીગણેશ મંડાયા જેનું નામાભિધાન થયું 'શ્રીમતી પિક્ચર્સ'. આ કંપનીના નેજા હેઠળ તૈયાર થયેલી પ્રથમ ફિલ્મ હતી 'અનન્યા', જે ૧૯૪૯માં રજૂ થઈ અને કલારસિકો તથા ફિલ્મ-વિવેચકોની પ્રશંસપાત્ર બની. પરંતુ ફિલ્મો પર નાખવામાં આવેલા કરવેરાથી આર્થિક નુકસાન થયું.

આવો, આપણે એમના લગ્નજીવન વિષે જાણીએ. તેમનું પ્રથમ લગ્ન બંગાળના કેળવણીકારના પુત્ર અશોક મિત્ર સાથે થયું હતું પણ તેમાં નિષ્ફળતા મળી. પોતાની આત્મકથામાં આ બાબત વિષે તથા અશોક મિત્ર વિષે ક્યાંય ઉલ્લેખ કર્યો નથી. આ વાત તો વર્ષો પહેલાંની હતી. 'અનન્યા'ના શૂટિંગ વખતે તેઓ હરિદાસ ભટ્ટાચાર્ય જેઓ પશ્ચિમ બંગાળના ગવર્નરના એ.ડી.સી. હતા તેમના સંપર્કમાં આવ્યાં અને આ પરિચય ૧૯૪૯માં લગ્નના પવિત્ર બંધનમાં પરિણમ્યાં. ત્યારે કાનનબાળાની ઉંમર ૩૩ વર્ષની હતી. તેમની ચિત્રનિર્માણ સંસ્થા શ્રીમતી પિક્ચર્સના નેજા હેઠળ, શરદબાબુની કૃતિઓ પરથી 'અનન્યા', 'મેજદીદી', 'દર્પચૂર્ણ', 'અશદાદીદી', 'શ્રીકાંત' અને 'ઇન્દ્રનાથ' જેવાં ચિત્રો ઉતારી તેમાં અભિનય પણ આપ્યો. આ સંસ્થામાં તેમના પતિ હરિદાસ અનેક રીતે સહાયભૂત થયા હતા. 'દર્પચૂર્ણ' હરિદાસના દિગ્દર્શન હેઠળ તૈયાર થઈ હતી. 'મેજદીદી'ની સમગ્ર પટકથા હરિદાસે લખી હતી, જેમાં કાનનબાળાએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મને ટિકિટબારી પર સફળતા મળી તદુપરાંત ૧૯૫૬નો શ્રેષ્ઠતમ ફિલ્મ તરીકે તેનો સ્વીકાર થયો હતો. શ્રીમતી પિક્ચર્સના નેજા હેઠળ તૈયાર થયેલી ફિલ્મો 'મેજદીદી', 'દર્પચૂર્ણ', 'અન્નદાદીદી', 'શ્રીકાંત' અને 'ઇન્દ્રનાથ'ના દિગ્દર્શક હરિદાસ ભટ્ટાચાર્ય હતા. હરિદાસ સ્વરૂપવાન અને આકર્ષક વ્યક્તિત્વ ધરાવતા હતા. આમ તો પતિપત્નીની પ્રકૃતિ, પસંદગી અને રુચિમાં વિરોધાભાસ હતો, પણ હરિદાસમાં માતાપિતા પ્રત્યે અપાર પ્રેમ, સેવાપરાયણતા અને નિષ્ઠા હતાં જે કાનનબાળાના હૈયાને આનંદથી ભરી દેતાં. પતિ સ્વદેશી અને સ્વજાતિના સન્માન પ્રત્યે સજાગ હતા. આ બધાં કરતાં પતિપત્ની વચ્ચે પરસ્પર વિશ્વાસ અને આદર્શોનું સુભગ અદ્વૈત હતું. તેથી તેમની જીવનનૈયા ક્યારેય ડામાડોળ થઈ નહોતી. આ લગ્નની ફલશ્રુતિ રૂપે કાનનબાળાને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ જેનું નામાભિધાન થયું રાણા. રાણાના આગમનથી જીવનમાં રહેલી અપૂર્ણતા પૂર્ણતામાં પલટાઈ ગઈ.



કે. એન. સાયગલ સાથે કાનનદેવી

ત્યાર બાદ પુત્રને દાદાદાદીને સોંપી ફરીથી તેઓ પતિ હરિદાસ સાથે વિદેશયાત્રાએ ઊપડ્યાં. આ યાત્રા દરમિયાન પતિની પ્રામાણિકતાનો સુઅવસર કાનનબાળાને પ્રાપ્ત થયો. એક વખત તેઓને ફરીને પાછા ફરતાં મોડું થઈ જવાથી એક પથિકાશ્રમમાં રાત



ફિલ્મ 'વિદ્યાપતિ'માં પહાડી સન્યાલ સાથે કાનનદેવી

રોકાયાં. બીજે દિવસે સવારે તેઓ ત્યાંથી જવા નીકળ્યાં પણ હરિદાસને કંઈક યાદ આવતાં પરત આવ્યાં, કારણ એ હતું કે ઉતાવળમાં પથિકાશ્રમનું ભાડું ચૂકવવાનું ભૂલી ગયા હતા. ભાડું જો ના ચૂકવાય તો ભારતીયો વિષે પરદેશમાં કેવી છાપ ઊભી થાય તે તેમને મંજૂર નહોતું. આ હતો તેમનો સ્વદેશપ્રેમ અને નીતિમત્તા. દરમિયાન પુત્ર રાણા બીમાર પડતાં પ્રવાસ અટકાવી સ્વદેશ પાછાં ફર્યાં. ડૉક્ટરી તપાસમાં નિદાન થયું કે રાણાને હૃદયમાં કાણું પડવાથી જો તાત્કાલિક ઑપરેશન કરવામાં ન આવે તો તે અપંગ બની જાય. તેમના કુટુંબમાં આ એકમાત્ર પુત્ર સંતાન હતું. કુટુંબની આ મથામણમાં એક વર્ષ વીતી ગયું તે દરમિયાન કાનનબાળાએ ક્ષુબ્ધ હૃદયે 'દર્પચૂર્ણ', 'નવનિધાન' અને 'આંધારઆલા'માં અભિનય કર્યો. 'આંધારઆલા' ફિલ્મ પરદેશમાં બતાવવા માટે પસંદગી પામી અને કાનનબાળા આ સુંદર તક ઝડપી લઈ પુત્ર રાણાને ઑપરેશન કરાવવા માટે પતિ સાથે ઊપડી ગયાં. પણ ઑપરેશન માટે વિદેશી ચલણની જરૂર હોવાથી ભારત પાછાં ફરવું પડ્યું. દરમિયાન વિધાનચંદ રાય તરફથી સ્ટર્લિંગની વ્યવસ્થા થતાં ફરીથી વિદેશ જઈ ઑપરેશન કરાવી શક્યાં અને તેમાં સફળતા મળી. આ સફળતાથી તેમની આંખો અશ્રુથી છલકાઈ ગઈ. આ અશ્રુ વહાવતાં કાનનબાળા અત્યારે ફિલ્મમાં ભૂમિકા ભજવતી રડતી માતા નહોતાં, પણ પૃથ્વી પર જનનીની વાસ્તવિકતાનો અનુભવ કરતી માતા હતાં. તેઓ લખે છે કે, શૂન્યની પાછળ એક પરમ અવલંબન હમેશાં સજાગ હોય છે. તેમને મન આ એક દિવ્ય અનુભૂતિ હતી.

તેમની સંવેદનશીલતાના કેટલાક પ્રસંગો જોઈએ. એક દિવસ તે સ્ટૂડિઓમાંથી મોટરમાં બેસવા જતાં હતાં ત્યારે ઘૂંઘટથી ઢંકાયેલી એક સ્ત્રીએ ક્ષીણ થઈ ગયેલો ગૌરવર્ણ હાથ ભીખ માગવા લંબાવ્યો. તેમણે તેના હાથમાં પાકીટમાં રહેલું બધું પરચૂરણ મૂકી દીધું. પણ પછીથી જાણવા મળ્યું કે એ વૃદ્ધા એક સમયે પ્રખ્યાત અભિનેત્રી હતી. કાનનબાળાનું હૃદય આ જાણી દ્રવી ઊઠ્યું. તેમણે વિચાર્યું કે કલાકાર બહેનોના સહકારથી એક નાટક ભજવી તેમાંથી પ્રાપ્ત થયેલી આવકથી એક સંસ્થાની સ્થાપના કરવી, જેથી આવી કલાકાર સ્ત્રીઓને તેમની મુશ્કેલીના દિવસોમાં આશ્રય આપી શકાય. આ વિચાર કાર્યાન્વિત કરી નાટક ભજવી, કલ્પનાતીત આવક મેળવી એક મકાન ખરીદ્યું. તેનું નામ રાખ્યું 'મહિલા શિલ્પી મહલ'. આ માનવતાભર્યા કાર્યમાં અન્યો તરફથી પણ દાનનો પ્રવાહ ચાલુ રહ્યો. આવી સામાજિક પ્રવૃત્તિથી તેમની આગવી પ્રતિભા તથા સંવેદનશીલતાનાં દર્શન થાય છે. આ દાનપ્રવાહમાં નાટકમાં કામ કરતી એક છોકરીએ પોતાને મળતા રૂ. ૫૦નો ફાળો આપ્યો. કાનનબાળાને માટે આ પચાસ રૂપિયા પાંચ લાખ જેટલા હતા. બીજો પ્રસંગ છે : એક પેટ્રોલ પંપ આગળ તેઓ હંમેશાં પેટ્રોલ ભરાવતાં ત્યાં કોઈ કર્મચારી ના હોય તો અરુણ નામનો એક છોકરો પેટ્રોલ ભરી આપતો અને હમેશાં તેમને 'મા' કહીને બોલાવતો. પણ એક વખત ઘણા દિવસો સુધી તે ના દેખાતાં કાનનબાળાને જાણવા મળ્યું કે તે માંદો પડ્યો છે. તરત જ તેઓ સરનામું લઈ તેના ઘરે ગયાં, જ્યાં તેની દેખરેખ રાખનાર કોઈ સગુંવહાલું નહોતું. તેને પોતાને ઘેર લઈ આવી, તેનાં માબાપને ખબર આપી, અને સારવાર કરી તેને સાજો કર્યો. જીવનમાં પોતે વેઠેલાં દુઃખોએ તેમને હમેશાં અન્યને સહાયભૂત થવા પ્રેર્યાં હતાં. તેમને દીનદરિદ્રો પ્રત્યે અપાર અનુકંપા હતી. એક વખત પ્રીતિભોજનમાં બધાં જમતાં હતાં ત્યારે દરવાનને ભીખારીઓને હાંકી કાઢતા જોઈને તેઓએ દરવાનને ધમકાવી ભીખારીઓના ટોળાને અંદર બોલાવી, પોતે જાતે પીરસી જમાડ્યાં હતાં, એટલું જ નહીં, પણ બાકીનું જે વધ્યું હતું તે ભોજન ભીખારીઓનાં ઘરનાં માણસોને જમવા માટે આપી દેવા જણાવ્યું. તેમની અનુકંપાનો આ અનુપમ દાખલો છે. આ બધાં સદ્કાર્યો, સદ્ગુણો અને સદ્ભાવનાઓએ તેમને કાનનબાળામાંથી કાનનદેવીના પદ સુધી પહોંચાડ્યાં. અત્યારે પણ રેડિયો પર આવતાં ગીતોમાં કાનનદેવીના નામનો જ ઉલ્લેખ કરાય છે.

જ્યારે તેઓ હિંદુસ્તાન કંપનીમાં રેકર્ડ ઉતરાવવા ગયાં હતાં ત્યારે રવીન્દ્રનાથ ટાગોરનાં દર્શન થોડીક ક્ષણો માટે થયાં હતાં અને ટાગોરે તેમને શાંતિનિકેતનમાં આવી ગીતો સંભળાવવાનું નિમંત્રણ પણ આપેલું. મહાત્મા ગાંધીજીના સંપર્કમાં આવવાનો લહાવો પણ તેમને મળ્યો હતો. સરહદના ગાંધીને મળવાનું સૌભાગ્ય તેમને પ્રાપ્ત થયું હતું. સરોજિની નાયડુ તો તેમનાં ગીતો સાંભળી એવાં ભાવવિભોર થઈ ગયાં હતાં કે તેમને હૃદય સરસાં ચાંપ્યાં હતાં. એમની સુગંધ તો એટલી પ્રસરેલી હતી કે ઘણાબધા પત્રો 'મા' તરીકેના સંબોધનથી

તેમને મળ્યા હતા. આ હતી તેમના જીવનની મહેક.

સમય જતાં તેમની નિમણૂક ઇન્ડિયા ફિલ્મ લૅબોરેટરીના વિશિષ્ટ દિગ્દર્શક તરીકે થઈ. આ નિમણૂકના પાયામાં હતું ન્યૂ થીએટર્સ. દસ દિગ્દર્શકોએ ભેગા થઈ ન્યૂ થીએટર્સ ખરીદી લઈ તેનું નામાભિધાન કર્યું 'ઇંડિયા ફિલ્મ લૅબોરેટરી.' એક વખત કાનનદેવી જ્યાં અભિનેત્રી હતાં ત્યાં દિગ્દર્શક બનવાનો આ સુભગ પ્રસંગ હતો. તેમના પુત્ર રાણાનું લગ્ન તે ગ્રેજયુએટ થાય તે પહેલાં કરવામાં આવ્યું. ફિલ્મ જગતને અર્પેલા પ્રદાન માટે અમૃત બજાર પત્રિકાએ તેમને 'ફર્સ્ટ લેડી ઑફ ધ બેંગોલી સ્ક્રીન'નું બિરુદ આપ્યું. તેઓ હંમેશાં અભિનય, સંગીતકળા નિર્માણ, સંચાલન, પરીક્ષણ અને દિગ્દર્શનમંડળ - એમ ફિલ્મ ઉદ્યોગ સાથે સંપૂર્ણપણે સંકળાયેલાં હતાં. જીવનયાત્રા દરમિયાન ઘણી સંકટમય પરિસ્થિતિઓમાંથી પસાર થવા છતાં ઉદ્વિગ્ન કે ચંચળ બન્યાં વગર આવેલાં સંકટોનો સામનો તેઓ કરી શક્યાં હતાં તેનું કારણ હતું પ્રભુ પ્રત્યે તેમનો અડગ વિશ્વાસ. નાનપણમાં રમકડાંના ઢગલામાંથી મળેલી ગોપાલની મૂર્તિને તે હમેશાં પોતાના લૉકેટમાં રાખતાં અને પૂર્ણ શ્રદ્ધાથી સંકટોનો સામનો કરી વિકાસ સાધી શક્યાં તેનું શ્રેય તે પ્રભુકૃપાને આપે છે. ૧૯૬૮માં તેમને પદ્મશ્રી અને ૧૯૭૬માં દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડ મળ્યાં. આમ, વિકાસયાત્રા કરતાં તેઓ સર્વોચ્ચ શિખરે પહોંચી કાનનબાળામાંથી કાનનદેવી બન્યાં હતાં. તેમણે લખેલી આત્મકથાનું શીર્ષક 'સર્વને મારા નમસ્કાર' દર્શાવે છે કે આ નારી કેટલાં નમ્ર હતાં. મિત્ર, દુશ્મન, સહાયક સહુને વંદન કરી તેઓ આ પ્રકારે લાગણી પ્રગટ કરે છે તે તેમની સહૃદયતા, નમ્રતા અને શાલીનતા છે. આવાં આ સન્નારીનું અવસાન ૧૯૯૨ની ૧૬મી જુલાઈએ ૭૬ વર્ષની ઉંમરે થયું. પ્રથમ પંક્તિનાં અભિનેત્રી તરીકે તેઓ અત્યંત પ્રતિષ્ઠિત થયાં. તેઓ આપણી વચ્ચે નથી રહ્યાં, પરંતુ તેમની છબી આપણા માનસપટ અંકિત છે અને હજુ પણ તેઓ તેમના કંઠે ગવાયેલાં સુંદર ગીતોથી જીવિત છે.

આમ આપણે બંગાળની ધરતીનાં ઋણી છીએ. આ ધરતીની ફૂલવાડીમાં કેટકેટલાં અનુપમ પુષ્પો ભિન્ન ભિન્ન ક્ષેત્રે ખીલ્યાં ! સંગીત ક્ષેત્રે આર.સી બોરાલ, કમલદાસ ગુપ્તા, પંકજ મલિક, ગાયક ક્ષેત્રે હેમંતકુમાર, કાનનદેવી, યૂથિકા રૉય, કિશોરકુમાર, મન્ના ડે, જગમોહન, સાહિત્યક્ષેત્રે રવીન્દ્રનાથ ટાગોર, શરદબાબુ, જીવનાનંદ દાસ, કલાક્ષેત્રે અવનીન્દ્રનાથ ઠાકુર, નંદલાલ બોઝ, વિજ્ઞાનક્ષેત્રે જગદીશચંદ્ર બોઝ, ધર્મ તત્ત્વજ્ઞાન અને ચિંતનક્ષેત્રમાં શ્રી અરવિંદ, સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ, આઝાદીની ચળવળના ક્ષેત્રે સુભાષચંદ્ર બોઝ, બિપિનચંદ્ર પાલ અને શ્રી અરવિંદ આ બધાએ પોતાના કાર્યથી બંગાળની ભૂમિને નવપલ્લવિત કરી અગ્રિમ સ્થાન અપાવ્યું. આટઆટલી મહાન વિભૂતિઓ બંગાળે આપી ભારતની ગરિમા વધારી આગલી હરોળમાં મૂક્યું છે તે વિસરાય તેમ નથી. ❑

પ્રસંગકથા

વિનોદ ભટ્ટ

આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવનાર કાર્ટૂનિસ્ટ આર.કે. લક્ષ્મણ જેમણે કાર્ટૂનક્ષેત્રે ઇતિહાસ સર્જ્યો તે ઇતિહાસને કારણે એક વાર મૅટ્રિકમાં નાપાસ થયેલા. પછી બીજા પ્રયત્ને મૅટ્રિકમાં પાસ થઈ તેમણે જે.જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં પ્રવેશ મેળવવા પ્રયત્ન કરેલો અને પોતે ચીતરેલા ડ્રૉઇંગના નમૂના રજૂ કરેલા, જે જોઈને તેમને જણાવવામાં આવ્યું હતું કે તારામાં કોઈ ખાસ પ્રતિભા જેવું દેખાતું નથી. ને તેમને ઍડમિશન નહોતું અપાયું. પછી તો આર.કે. લક્ષ્મણે પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો, તે ગ્રેડયુએટ પણ થયા. કાર્ટૂનિસ્ટ લેખે જ્યારે તે પ્રતિષ્ઠા પામ્યા ત્યારે તેમને જે.જે. સ્કૂલ આર્ટ આર્ટ્સમાં ઇનામવિતરણના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે બોલાવવામાં આવ્યા ત્યારે પોતાના વક્તવ્યમાં તેમણે સંચાલકોને જણાવ્યું હતું કે ભગવાનનો પાડ કે મને તમે ઍડમિશન ના આપ્યું, નહીં તો હું ક્યારેય કાર્ટૂનિસ્ટ બન્યો ન હોત.' આ સાંભળીને એ લોકો મૂંઝાઈ ગયા હતા.

*

કૃષ્ણમેનન, ભારતના ભૂતપૂર્વ સંરક્ષણમંત્રી હસતા ક્યારેય પકડાયા નહોતા તે આર.કે. લક્ષ્મણ પર નારાજ રહેતા. કૃષ્ણમેનન લંડન ખાતે ભારતના હાઈ કમિશનર હતા ત્યારે લક્ષ્મણ તેમનું કૅરિકેચર દોરીને તેમને મળવા ગયેલા ને એ કૅરિકેચર પર હસ્તાક્ષર કરવા જણાવ્યું ત્યારે મેનને કહ્યું કે હું છું એવો આમાં દેખાતો નથી, એટલે આ કૅરિકેચરમાં ઑટોગ્રાફ નહીં આપું, તમે ઇચ્છતા હો તો જુદા કાગળ પર હસ્તાક્ષર આપું, જવાબમાં લક્ષ્મણે કહ્યું કે કોરા કાગળ પરના તમારા હસ્તાક્ષરનું મારે મન બહુ મૂલ્ય નથી. રહેવા દો, કોરા કાગળ પર મારે તમારા હસ્તાક્ષરનો ખપ નથી. આ સાંભળી કૃષ્ણમેનન તેમના પર ગુસ્સે થઈ ગયા હતા.

પણ આ બાબત પંડિત જવાહરલાલ નેહરુના વ્યક્તિત્વથી આર.કે. લક્ષ્મણ રાજી થયેલા. લક્ષ્મણ જણાવે છે કે, હું પંડિતજીને મળવા ગયો ત્યારે મારી સાથે તેમણે આનંદથી વાતો કરી મારાં માતા-પિતા, ભાઈ-ભાંડુ વિશે રસથી પૂછપરછ કરી. કેવાં પ્રકારનાં પુસ્તકો હું વાંચું છું, કાર્ટૂનિસ્ટ કેવી રીતે બન્યો એ બધું શાંતિથી સાંભળ્યું. મને વીસ મિનિટ આપવામાં આવેલી એને બદલે એક કલાક તેમની સાથે ગાળ્યો ! મને પગથિયાં સુધી વળાવવા આવ્યા. મેં તેમને કહ્યું કે મેં તમારો ખાસ્સો સમય લીધો ત્યારે તે બોલ્યા. 'તમે અહીં રોકાયા એથી મને વધુ આનંદ થયો. તમારા પછીના મુલાકાતી દલાઈલામા છે, જે મહાબોર છે થૅન્ક ગૉડ કે તમે વધુ સમય રોકાયા.'

શેઠનું હસવું-ખસવું ને
હાહાકાર

પ્રાણજીવન મહેતા

આજે પેઢી ઉપર ઝાઝી ધાંધલ કે ધૂંધવાટ નહોતાં. થોડી નિરાંતની વેળ જોનારને જણાય. રોજની વાત જરી જુદી હોય, પણ આજની વાત વળી એથી અવળી.

વાણોતર સહુ પોતપોતાને ખુલ્લે ચોપડે જાણે પાઠશાળામાં આંક-પાઠ-પલાખાં પાકાં કરતા હોય તેમ બધું પાથરી પથારો કરી પલાંઠી વાળી બેઠેલા. ગણગણાટ તો એટલો કે માખીઓ પણ ત્રાસી જઈ દૂર ઊડી જાય. ગણગણાટને કારણે બે ફાયદા શેઠને થતા જણાય. વાણોતરોના ગણગણાટે એક તો માખીઓ દૂર ઊડતી રહે ને શેઠ ઝોલા ઝૂલણે ઝૂલતા હોય ત્યારે પજવે નહીં ને મીઠી નિંદરમાં ખલેલ પહોંચાડે નહીં. શેઠની નિંદર તે કાગાનિંદર. માખીઓ પણ કદાચ જાણતી હશે કે કેમ તે શેઠનાં મોં-માથે બેસતાં ખચકાય ખરી. એમને ખબર હોવી ખપે કે શેઠની કાગાનિંદર ઊડ્યે એમની આંખો, પાંપણો નકરા કાળા કાગડા ઊડાઊડ કરી મેલી સ્વાહા કરી જાય એ ભયે માખીઓ શેઠને દૂરથી જ પોતાનું ગણગણગાન સંભળાવે. બીજો ફાયદો એ કે માખીગણગણાટના ગુણાકારે વાણોતરો જાગતા તો બેસી રહે, નહીં તો ચોપડો ત્રાજવે ને રીંગણાં ગજવે જેવો કાંક તાલ પેઢી પર થાય.

નિરાંતનું કહ્યું એટલે શેઠ પણ પેઢી ઉપર ગાદીતકિયે પલાંઠી વાળી માથેથી ટોપી ઉતારી ઝૂલે સહીસલામત મૂકી હાથમાં એકાદ ચોપડી ઝાલી કશું વાંચવા મથતા રહ્યા. પણ ભૂલથી ભૂલ એવી કરી કે જોવાને ચશ્મે વાંચવાનું શરૂ કર્યું. તે ચોપડીમાંના મૂળે ઉકલે નહીં. અકળાઈ ચોપડી પડખે મેલી. વિચારે : આજ આમનું કેમ થાય ? ચોપડીમાંનો એકેય અખ્ખર ઉકલે કેમ નહીં ? ચોપડી વાણોતરોની કોરીધાકોર સૂઝ-સમજ જેવી તો નથી ને ધોળી ધફ્ફ ! ઘડીક વિચારતાં પાછું યાદ આવ્યું કે ભૂલથી જોવાના ચશ્મે વાંચવા તો નથી બેઠો ને લે આ તો જોવા જેવી થઈ. પાછાં એમણે વાંચવાના ચશ્માં આંખે ચડાવ્યાં. બધું ચોખ્ખું ચણાક. ભારે થઈ સાલું અમથું એમ જ કૂટી માર્યું - બધું જોવા જેવું વાંચવાનું છે તે વાંચવા જેવું જોવા બેઠો. હું પણ જરી અમથી વાતમાં અમથું અમથું ઘણું વિચારી ગયો ઘડીબેઘડીમાં. મને થાય મારા મગજની વાવડી ચસકી કે પછી વાવડીમાં મગજ ખાબક્યું તેની જરીકે જાણ ના થઈ મને.

પાછું એમણે પેલી ચોપડીમાં મણનું માથું અને અધમણની સમજ પરોવી. પડખે વીંઝણિયો વાણોતર વીંઝણો ઢાળતો ચોપડીના પૂંઠા પરનું ચીતર ને પડખેના અખ્ખર જોઈવાંચી જરી અચંબામાં પડી ગયો. અચંબાની અસર કંઈ વીજળીના પ્રવાહ જેવી તે વીંઝણો ઢોળતો ઢોળતો શેઠને માથે ઢળતો જરીકમાં જ રહી ગયો. વીંઝણિયા વાણોતરને ઘડીક મનમાં થયું : હાશ, જે થયું તે ઠીક જ થયું; જો ભૂલેચૂકે વીંઝણો શેઠના લમણે ઝીંકાત તો પેઢી-પરિસરમાં ઝીંકાઝીક થઈ જાતે પલકવારમાં. સત કોઈને સમજાતે નહીં. પટ્ટ દઈને સમજવાને મથશે તો સંધાયની સમજ વા પાણી ને વાવળ સમ વરાળ થઈ ઊડી જશે. અંકાશે તે પણ એટલું જ ખરું. ખરાખરીનો ખેલ રમત રમતાં અગાઉ જ પૂરો થયો તે ઠીક થયું. નહીં તો મારો ખરખરો કરવા સહુ બેસત. પાછા વીંઝણિયાને થયું, પેલા ધરમખાતાની વહીમાં જમે બાજુ ધરમ ધીંગે પાયે જમે થયો લાગે મને : તે કારણ હું અને સહુ સાથીગણ હેમખેમ ને હાડોહાડ બચી ગયા.

આટલું વિચારી વીંઝણિયો વાણોતર પાછો વઢોળતો રહ્યો. વળી એણે પેલી ચોપડીને પૂંઠે નજર કરી. ઝીણી આંખે જોયું તો ચોપડી આખી એની સામે ઊઘડી ગઈ. અરે, આજ શેઠ આ તે શું વાંચવા બેઠા ? અલીબાબા અને ચાળીસ ચોરની અસલ વારતા વાંચતા શેઠના ચહેરાના હાવભાવ બજારભાવ વધઘટે તેમ વધઘટવધ થતા એ તો કોડા ફાડી જોઈ રહ્યો.

પણે ખૂણે બેઠેલો વડોવાણોતર વીંઝણિયાની આ અવ-દશા જોઈ રહ્યો. એને નવાઈ ઊપજી. વિચાર્યું : વા ઢોળતા વીંઝણિયાને શું વળગ્યું તે એને મુદલે સમજાયું નહીં. સવારથી પેઢી પર ઘરાકી જેવું તો કાંઈ છે નહીં ને કોઈ કારણ ડોશી કે હરતુંફરતું ભૂત-પલીત જેવું કો ભિખારી જણ ફરક્યું નથી આ પા ને કોણ વળગી પડ્યું વીંઝણિયાને એ વિચારી રહ્યો. ત્યાં વીંઝણિયાએ ઇશારા કરી વડાનું ધ્યાન શેઠ તરફ અને એમના હાથમાં રહેલી ચોપડી મેર દોર્યું. વડો થોડો શેઠની નજીક સરકી આગળ ગયો અને વીંઝણિયાની વાતનો સઘળો મરમ પામી ગયો.

પેઢી પરના વાતાવરણે પોરો ખાધો. વેધશાળાના વર્તારા મુજબ થાવું જોઈએ એવું જ કાંઈ થયું. ફુગ્ગામાંથી હવા બહાર નીકળે ને પળવારે વાતાવરણમાં પ્રસરી જાય તેમ ચાળીસ ચોરવાળી વાત પેઢી પરના સહુ વાણોતરમાં પસરી ગઈ. પણ ગુસપુસ બીજું કોઈ સ્વરૂપ ધારણ કરે પેઢીપરિસરમાં તે પહેલાં વડાવાણોતરે સહુને મૌન રહેવા સૂચન કર્યું. સહુ ચૂપ.

શેઠે જરી ચશ્મો હેઠે મેલ્યો. ચોપડીને ખોળે પાથરી પેઢીમાં એક નજર ફેરવી. આ બધું કેમનું ભાળું ? સંધાય ગધેડીના વારસો ગળથૂથીમાં ગપસપ પીધી હોય તેમ અંદરોઅંદર ગુસપુસ કર્યા કરે. વાતે લાતે ધૂલ રેતી ઉડાડ્યા કરે. હશે, મરને મરતા. વળી કાંઈ પૂછી બેસીશ બૂડથલોને તો બોલેબોલે લાતંલાતા ઉલાળશે અને અરથ વગરની અથડામણ ઊભી કરશે. આમ વિચારી શેઠ ચૂપ રહ્યા. પણ એમ વિચારવમળ શાંત થાય તો શેઠ શાના

કહેવાય ? પેલી અરધીપરધી વંચાયેલ ચોપડી બારામાં વિચારતાં એમનું ચિત્ત ચિત્તા સમ ઊછળ્યું ને છલાંગ મારતું ઠેઠ અલીબાબા કને પલકમાં પહોંચી ગયું. અલીબાબો પણ કંઈ ગજબનો જણ લાગે મને. એકલે હાથે ચાળીસ ચાળીસ ચોરની ચોકી કેમનો કરતો હશે માળો ? હું આંહીં શાણો શાહુકાર પેઢીમાંના ચાળીસથી થોડા ઓછા આદકા ચેલાઓને પૂરેપૂરું પારખી નથી શક્યો હજુ લગણ, વરસો વીતી ગયાં તોય તે. અને આ અલીબાબા - ઘડીક અટક્યા. વિચારમણકે માખ બેઠી ને મણકો ખોટવાયો. અટક્યો. શેઠ સમજ્યા, વિચાર લાંબો ચાલે તે શુભ નિશાની નહીં. લાંબો ચાલેલો વિચાર ટૂંકમાં આચરવો મુશ્કેલ. વિચાર તો ટૂંકો ને ટચાક. એને આચરીએ તો લાંબે ગાળે એની અસર લંબાતી રહે.

શેઠના મનમાં સણકો ઊપડ્યો. સણકાનો આખર ઈલાજ કર્યે છૂટકો. શેઠ વિચારે, અલીબાબા મળી જાય રૂબરૂ તો સંધુય પૂછી લઉં એને ચોરોની ચાતુરીનું ને એની કને ભણી લઉં અતાર લગ બુઢ્ઢા બુડથલ વાણોતરોની વણઝાર ભેળો બેઠો જે કંઈ ભૂલ્યો છું. સણકાનો ઈલાજ શોધવા એમણે વડા વાણોતરને કને બોલાવ્યો. શેઠનું કહેણ આવતાં વડો મૂંઝાયો. મનોમન થયું, ક્યાં ચાળીસ ચોરની કથામાં મને દોરડું ઝાલી ઊંડે ઉતારશે તો હું ગોત્યો નહીં જડું. અને જરી કાંપતો હાંફતો ફફડતો એ આવી ઊભો શેઠની પડખે.

'બેસો, અહીં ઘડીક મારે તમને કંઈક સૂચવવું છે પેઢી બારામાં.'

વડો બેઠો. શેઠ આગળ શું વદે ? તે મોં વકાસી એમને તાકી રહ્યો.

આમ મોં વકાસી શું બેઠા મારી સામે ? લો આ ચોપડી. જરી ભણો અને વાંચીને વિચારો. આ ચોપડી માંહેનો અલીબાબા એકલે હાથે ચાળીસ ચાળીસ ચોરોની જમાત કનેથી જાત-દેખરેખ હેઠળ કેવાં કેવાં કામ કઢાવી લેતો તે જાણો ને સમજ પડે તો કાંક શીખો.

વડો વાણોતર મનોમન વિચારી રહ્યો. વધારાની ઉપાધિ ગળે વળગી. વળગી તો ખરી પણ એને અળગી કેમની કરવી તે સૂઝ્યું નહીં. વડો પળવાર ચૂપ રહ્યો જાણી શેઠ તાડૂક્યા :

'કાં મોઢે માખીઓ ફાકી બેઠા છો તે મૂંગા મર્યા જાણું તમને ? ઉત્તર આલતાં આટલી વેળ શાને ?'

ના, ના શેઠ, પેઢીમાં હવે અગાઉના જેવા રસકસવાળા ગૉળખોળ ક્યાં રહ્યા તે માખીઓ બિચારી ફરફરે ? હવે તો બગાસાં-'

'ચૂપ મરો. બગાસાં ખાવાં ને બોલવું બંધ કરો. લો, આ ચોપડી. નવરીના પણે બધા બેઠા છે રીંગણાં જોખતા' એમને કહો એક એક ઉતારો કરી મેલે ચોપડીનો.'

'પણ શેઠ, શું કરશો ચોપડીના એટલા બધા ઉતારાને ?'

કાં ? તને જાણ નથી ? મારા લગન લેવાણાં છે ને ઉતારે જાનીવાડે સંધાય જાનૈયાઓને એક એક ચોપડી પધરાવી દઈશ હાથોહાથ. વાંચ્યા કરે પલાંઠી વાળી.'

મોટે ઘાંટે બોલતા શેઠના બોલ સહુ વાણોતર કાન માંડી સાંભળી રહ્યા. સહુના પેટમાં પરપોટા ફૂટ્યા. ફફડાટ પેઠો. હાહાકાર હૈયા સોંસરવો હાડોહાડ પેસી ગયો પલકવારમાં. સંધાય વિચારે - દુકાળમાં તો ઠીક, કઠણકાળમાં અધિકમાસ જેવું થયું. ચોપડા ચીતરવામાંથી માથું ઊંચે નથી કરી શકાતું ત્યાં વળી ચોપડી ચીતરવાનું કામ માથે અફડાયું. પડ્યું પાનું નિભાવી લેવું એવી શેઠની શિખામણને શિરે ચડાવી લેવી એમાં જ શેઠની ને સહુ કોઈની ભલાઈ છે. મર ભલાઈ માલો ભોંકાય પીઠ છાતીએ. સહન કર્યે છૂટકો-વિચારી સહુ ચૂપ બેસી રહ્યા.

વડો વાણોતર પેલી અલીબાબાવાળી ચોપડી લઈ એની બેઠકે એક હાથમાં ચોપડી ને બીજા હાથે મણનું માથું પકડી બેઠો. આગળ સૂઝસમજ પડે તો સારું એવું જેવુંતેવું વિચારતો રહ્યો.

વડોવાણોતર શેઠ કનેથી દૂર ખસ્યો એટલે શેઠના મનમગજથી દૂર ખસી ગયેલો વિચારવાયુ પાંખો ફફડાવતો પાછો એમની નજીક સરકી પતાકા સમ ફરકવા મંડ્યો. શેઠ વિચારે : અલીબાબા ચાળીસ ચોર કને ચોરી કરાવી માલ ક્યાં કને ખડકતો હશે ? તિજોરી જેવું કંઈ મેલ્યું હશે કે પછી જે આવે તે નાખો વખારે જેવું કામકાજ હશે ? સંધુય જાણવું જરૂરી રહ્યું. પણ જાણવું કેમનું ? અલીબાબા અબઘડી અહીં હાજર હોય તો પડખે બેસાડી મોઢામોઢ પૂછી લઉં પૂછવાનું કંઈ પણ બાકી રાખ્યા વિના. જરી સમજ તો પડે મને મારે કેમનું કરવું આ ચોરોની જમાતનું ?

ત્યાં વળી એમણે વડાને તાડૂક્યો :

'એલા, જરા અહીં આવ'તો.'

વડો આવી ઊભો એટલે લાગલું જ પૂછ્યું :

'તું પેલા અલીબાબાને જાણે ખરો ?'

'એ વળી કોણ ?'

'મારો બાપ.'

'એને તો મારાથી અદકું તમે જાણો. હું કેમનો જાણું, ભલા ?'

'હવે રેવા દે તારી ચતુરાઈ તારી કને. જા કોઈને વહેતો મેલ અબઘડીએ અડખેપડખેના ચોપાડામાં ને શોધી કાઢ, અલીબાબાને હાજર કરે મારી સામે.'

વડો સાંભળી રહ્યો. શેઠની વાતમાં તુક્કા કરતાં તરંગ વધુ હતા. કાંટાથી કાંટો નીકળે. તુક્કાથી તુક્કો નીપજે. પણ તરંગનું શું થાય એની વડાને જાણ નહીં. એ માથું નમાવી, હા ભણી પાછો પોતાની બેઠકે ગોઠવાયો.

વડાએ શેઠના સૂચનનો અમલ કરવા ચોપડી ઉપરનું અલીબાબાનું ચીતર બનાવી ચાર વાણોતરોને ચાર દિશાએ રવાના થવા કહ્યું. દિશાએ જવું એટલે શું એ પણ પાછી સમજ પાડી. ચોપડીમાંના ચિત્રને મળતું કોઈ જણ રસ્તે ભેટી જાય તો એને ભેટી પડી ભેળા લેતા આવવાનું આખરી સૂચન આપ્યું. બધું આટોપાયે વડાએ એક નજર શેઠ તરફ કરી. શેઠને શ્રીકૃષ્ણની આખરવેળની અદામાં ગાદીતકિયા ગોઠવાયેલા ભાળ્યા. વડાને થયું, ક્યાંકથી તીર વછૂટે ને આખરી વેળા આખરી થઈ ચૂકે તે પહેલાં શેઠ કને જઈ જરી એમને સાવધ કરું. એમનું ભલું તે આપણું ભલું, વિચારતો વડો પાછો શેઠ કને જાદૂઈ ચિરાગના જીન જેવો ઊભો.

શેઠનું ધ્યાન જતાં એમણે આંખ ઉલાળી પૂછ્યું. વડો આંખો ઢાળી ઊભો હતો એટલે શેઠનો ઉલાળ એને દેખાયો નહીં તેથી ધરાર શેઠ બરક્યા :

'કાં ઊભો ? અલીબાબાના કાંઈ વાવડ ?'

'ના શેઠ. અલીબાબા મને લાગે ગુફામાં બેસી કંઈક ગણતો હશે. ગણતરીમાં મેળ નહીં બેઠો હોય એટલે ચાળીસે ચાળીસ ચોરોને પણ કામે લગાડી દીધા લાગે. નહીં તો એને શોધી કાઢવામાં આપણા જણને આટલી વાર નો લાગે.'

'પણ આપણા બુડથલોને તમે કઈ દિશાએ જાવાનું કીધું છે ?'

'દિશાએ દિશાએ. આપણી પાસે ગણીગાંઠી દિશા કેટલી તે તો તમે જાણો.'

'હા, પણ માઠીના દિશાની પણ દિશા બદલી અવળો અરથ માંડે એવા છે એટલે પૂછું તને.'

'તમે ફિકર ના કરો. ભડ છે. બધા વીર થાવા બાકી હજુ. કોઈ ને કોઈને જરૂર ઘસડી આવશે તમારી કને. જે આવે તે આપણો અલીબાબા.'

થોડું અટકી કંઈ યાદ કરતો વડો બોલ્યો :

'હં શેઠ. યાદ આવ્યું. તમે આ ચોપડી આપેલ તેની ચાળીસે ચાળીસ નકલો કરી મેલી છે બધાએ ભેગા મળી. શું કરીશું એનું ?'

'આરતી કરીશું. અબીલ-ગુલાલ છાંટીશું. માથે સાથિયા ચીતરી, પરન્તુ ભક્તિપાઠ કરી સંધીય ચોપડિયુંને આ હરીભરી, તિજોરીમાં હળવે રહી મેલી દઈશું. પૂછવું છે કાંઈ વધુ ?'

'ના, ના શેઠ. તમે આચરો તે જ આચરણ બાકી બધું રેતકણ.'

'હવે ભાષણ ભરડ'મા. કહ્યું તેમ આરતી ઉતાર.'

'પણ શેઠ, મને કંઈ મૂંઝવે છે.'

'કાં, શરીરમાં કાંઈ પેઠું તે મૂંઝારો થાય તને ?'

'ના, શરીરમાં તો કાંઈ પેઠું નથી. મનમાં વિચાર પેઠો છે, કહો તો કહું.'

'પાથર તારો વિચાર. પહોળો કર. ફાટ હવે ઝટ્ટ.'

'તમે ચોપડિયું તિજોરીમાં પધરાવવાનું કહ્યું તે તો સમજાયું. ચોપડિયું સલામત રહે. પણ મને થાય ચોપડિયુંમાંના ચાળીસે ચાળીસ ચોર ક્યાંક નિંદરમાં ઝબકી જાગી જઈ તમારી હરીભરી તિજોરીમાં હેરાફેરી કરી મેલશે તો જતે દહાડે કાં તમારી તિજોરીનું તળિયું નહીં રહે ને કાં આપણી પેઢી ઉપર એકેય નળિયું નહીં બચે.'

શેઠ વડાનું એકચિત્ત સાંભળી રહ્યા. સમજ્યા ત્યારે સમજાયું વડો કાંઈ આજે સમજપૂર્વકનું બોલે.

'અલ્યા, તું તો કાંઈ અદકું લાંબેરું વિચાર.

'ટૂંકા માણસો ક્યારેક જ વિચારે. લાંબુટૂંકું તમે જાણો.

'તેં ઠીક કહ્યું. આ તો નવરા બેઠા નકરી હાણને હાકલ દેવા જેવું થવું. રેવા દે સઘળું.'

વળી સૂઝ્યું તે પૂછ્યું :

'પેલાઓને દિશાએ મોકલેલ તેમના કાંઈ વાવડ ?'

વડાએ પેઢીબહારના પરિસરમાં ડોક લંબાવી ભાળવા યત્ન કર્યો તો સામેથી ચારે દિશાએથી ચાર વાણોતર ચાર અલીબાબાને સંગાથે ઘોડે બેસાડી આ પા આવતા ભળાયા. શેઠને શુભ સમાચાર આપ્યા. શેઠને થયું, વાણોતરો દિશા વાળી આવ્યા લાગે. હવે દશા ન બેસે તો સારું. ❑

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૭૪૬થી

'કુમાર'ના જુલાઈ ૦૧ના અંકમાં શ્રીમતી લતા મંગેશકર અંગેનો લેખ સમતોલ અને વિશ્લેષણાત્મક ન હોવાથી આ પત્ર લખું છું. હું ૧૯૪૫થી સુગમ સંગીત જેમાં સંગીતનો પણ સમાવેશ થાય છે - નો શૉખીન રહ્યો છું. ગીતોની ખૂબીઓ અને ખામીઓ સમજવાની કોશિશ કરતો રહ્યો છું. મારો શૉખ સામાન્ય શ્રોતા કરતાં થોડો વધુ હતો એટલે એના ફળ સ્વરૂપે મેં મારા ગામ પોરબંદરમાં ૧૯૫૮ અને ૧૯૫૯માં ગુજરાતી ગીતોના કાર્યક્રમો શ્રી પોરબંદર યૂથ કૉન્ગ્રેસના આશ્રયે યોજ્યા હતા.

સુગમ સંગીતમાં અતિ મહત્ત્વનું પાસું તેની બંદિશ છે. બંદિશ જેટલી સરળ તેટલી તે વધુ લોકપ્રિય બને છે. હજી સુધી, કોઈ પણ ગીત જેની બંદિશ નબળી હોય પણ ફક્ત કોઈ ખ્યાતનામ ગાયક-ગાયિકાએ ગાયું છે માટે મશહૂર બન્યું હોય એવું બન્યું નથી.

છેલ્લાં દસેક વરસથી સુગમ સંગીતના જાણકારો કબૂલ કરે છે કે શ્રીમતી મંગેશ-કરના અવાજમાંથી મધુરતા ઓછી થતી જાય છે અને વૃદ્ધત્વ આવતું જાય છે. આ દસેક વર્ષના ગાળામાં 'યારા સીરી સીરી', 'દિલ હુમ હુમ કરે', જેવાં થોડાં ગીતો આવ્યાં છે, જેમાં તેમની **Voice Quality** ઉત્તમ રહી હોય. -કિરણ શેઠ (મુંબઈ)

જૂની રંગભૂમિ પર સ્ત્રીઓની અદાકારી

ડૉ. નરોત્તમ વાળંદ

જૂની ગુજરાતી રંગભૂમિનો ઈતિહાસ તપાસીએ તો, તેમાં પારસી ભાઈઓનું પદાર્પણ સૌપ્રથમ નોંધવું ઘટે. 'યંગ બૉમ્બે' કહેવાતા કેટલાક પારસી બિરાદરોએ દાદાભાઈ નવરોજીની રાહબરી નીચે તા. ૧૯મી ઑગસ્ટ, ૧૮૫૩ના રોજ 'પારસી નાટક મંડળી'ના ઉપક્રમે મુંબઈમાં ગ્રાન્ટ રોડની નાટકશાળામાં 'રુસ્તમ અને સોરાબ' નાટક ભજવ્યું. આ આપણું પહેલું નાટક ગણાય. એ જમાનામાં સ્ત્રીઓને નાટકમાં પ્રવેશ નહોતો અપાતો. દેખાવડા ચહેરાવાળા છોકરાઓ જ સ્ત્રીનો પાઠ કરતા હતા. નાટકમાં ભાગ લેવો એ હલકું કામ ગણાતું, એટલે સ્ત્રીઓ તો ભાગ લેતી જ નહિ એટલું જ નહિ, પરંતુ સારા ઘરની સ્ત્રીઓ નાટક જોવા પણ જતી નહિ.

એ જમાનામાં સ્ત્રીઓને રંગભૂમિ પર પ્રવેશ કરાવવાનું સાહસભર્યું કામ દાદાભાઈ પટેલે કર્યું હતું. તેમણે હૈદરાબાદથી આણેલી સમજપરી અને લાલપરી નામની બે નટીઓને 'ધી ઓરીજીનલ વિક્ટોરિયા નાટક મંડળી'ના 'ઈન્દ્રસભા' નાટકમાં ઈ.સ. ૧૮૭૩માં ઉતારી. આ ઘટનાથી રૂઢિચુસ્ત સમાજમાં ભારે ઊહાપોહ મચી ગયો અને નાટક દરમિયાન ધાંધલધમાલ થવાથી પોલીસ બોલાવવી પડી હતી. તે પછી ખુરશેદજી બાલીવાળાએ ખાનદાન ઘરની બે પંજાબી બહેનો બુધાં અને બુરાંને રંગમંચ પર ઉતારવાનો પ્રયોગ કર્યો હતો. તે વખતે પણ નિર્માતા-દિગ્દર્શકની સખત ટીકા થઈ અને એ પ્રયોગ બંધ કરવો પડ્યો. થોડા સમય બાદ પારસીબાનુ ગુલબાઈ દાદાભાઈ કામાએ પારસી નાટકમાં ઊતરવાની પહેલ કરી. તેણે યુરોપિયન સ્ત્રીના લેબાસમાં નૃત્ય કર્યું. મુંબઈના ગવર્નર એ નાટક જોવા આવ્યા હતા, તેમણે તેને અભિનંદન આપ્યાં, પરંતુ પારસી સમાજમાં તેનો વિરોધ થયો. કેટલાક પારસી ગૃહસ્થોએ એ બાનુને ઠપકો આપ્યો અને પારસી છાપાંઓએ બાનુની ઝાટકણી કાઢી! નાટકમાં સ્ત્રીઓના પ્રવેશથી નૈતિક મૂલ્યોનું અધઃપતન થાય છે, એવું એ સમયના સમાજસુધારક કેખુશરો કાબરાજી માનતા હતા. નાટકમાં સ્ત્રીઓ ઊતરે તેની વિરુદ્ધમાં તેઓ હતા.

વિરોધની આ ઘટના પછી કોઈ પણ નાટક મંડળી સ્ત્રીને નાટકમાં લેવાની હિંમત કરી શકતી નહિ. એવા સંયોગોમાં મિસ મેરી ફેન્ટન ઉર્ફે મહેરબાઈએ ઈ.સ. ૧૮૭૫માં નાટકમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો. ભારતમાં વસતા, લશ્કરના અંગ્રેજ અધિકારીની સ્વરૂપવતી અને અત્યંત સંવેદનશીલ આ યુવતીનો ઉછેર ભારતમાં અને ભારતીય વાતાવરણમાં થયો હતો. 'આલ્ફ્રેડ નાટક કંપની'માં કામ કરતા કાવસજી પાલનજી ખટાઉને તેણે 'ઈન્દ્રસભા' નાટકમાં ગુલ્ફામની ભૂમિકામાં જોયા અને બન્ને વચ્ચે પ્રણયના અંકુર ફૂટ્યા. કાવસજીએ તેને અભિનયની તાલીમ આપી. મેરી 'વિક્ટોરિયા નાટક મંડળી' માં જોડાઈ.

તે પછી મેરીએ એક નાટકમાં ઉછાંછળી પારસી છોકરીની ભૂમિકા અસરકારક રીતે ભજવી. ત્યાર બાદ એક ગુજરાતી વાણિયણની અદાકારીમાં તેણે મુક્ત અભિનય આપ્યો. સામાન્ય અને નાની ભૂમિકાથી પ્રારંભ કરીને મેરી ક્રમશઃ આગળ વધતી ગઈ. આ બધાંમાં તેનો આત્મવિશ્વાસ કામ કરતો હતો. મનોહર મુખમુદ્રા, સપ્રમાણ શરીર, અભિનયની સૂઝ તથા પારસી અને ઉર્દૂ ભાષાના પ્રભુત્વને કારણે મેરી પારસી-ગુજરાતી રંગભૂમિની સફળ અભિનેત્રી બની. તેણે 'નાજા શિરીન', 'ગામડાની ગોરી', 'ભોળી ગુલ' અને 'ગોપીચંદ' જેવાં નાટકોમાં મહત્ત્વની સ્ત્રીભૂમિકા ભજવી 'જોગન'ના પાત્રને તેણે ખૂબ સુંદર રીતે રજૂ કર્યું. પછી તે સિંગાપોર ચાલી ગઈ. સ્ત્રીઓ માટે અભિનયકલાના દરવાજા ખોલી આપનાર પારસી સંસારી નાટકોની આ પ્રથમ અભિનેત્રીએ માત્ર ૪૨ વર્ષની વયે કાયમને માટે આ જગતની વિદાય લીધી. તેના પછી તખ્તા પર શરીફાબાનુ, ગોહરબાનુ, આગાજાન, મોનીજાન, અમીરજાન, મિસ ડાર્લિંગ, મિસ લતીફા વગેરે કલાકારોએ રંગભૂમિ પર પ્રવેશ કર્યો.

અમૃત કેશવ નાયક સાથે દિલોજાન દોસ્તી ધરાવનારાં ગોહરબાનુનો અભિનેત્રી તરીકેનો સમય ઈ.સ. ૧૮૮૨થી ૧૯૦૦ સુધીનો છે. તેણે અનેક ઉર્દૂ નાટકોમાં સફળ ભૂમિકા



(ડાબી બાજુ) પુરુષ વેશે અને (જમણી બાજુ) અસલ સ્ત્રી વેશે ગિરજાબાઈ



શ્રી દેશી નાટક સમાજની બે તારિકાઓ સુશીલા અને શાલિની

કરી હતી. ગોહરબાઈના અભિનય પર પ્રેક્ષકો ફિદા હતા. એનું એક ગીત 'દેખુંગી પ્યારે અબ્બાકા મુખડા' એવું તો લોકપ્રિય થયેલું કે એ ગીત ગાઈ ગાઈને જુવાનિયાઓ દિવસો પસાર કરતા હતા. નાટક પૂરું થતાં ગોહરબાઈ નાટકશાળાના પાછલા રસ્તેથી, બે ઘોડાની વિક્ટોરિયા ગાડીમાં ઘેર જવા નીકળતી ત્યારે, તેને જતી જોવા દર્શકો રસ્તાની બેઉ બાજુએ હારબંધ ઊભા રહેતા, એવું એનું આંકર્ષણ હતું.

ઈ.સ. ૧૮૫૦થી ૧૯૦૦ સુધીનાં પચાસ વર્ષના રંગભૂમિના ઇતિહાસની વાત કરીએ તો માત્ર ૧૦ જેટલી નટીઓએ રંગભૂમિ પર પ્રવેશ કર્યો હતો. એ સમયે 'સોરઠ ભાગ્યોદય સમાજ'માં મિસ રંભા વિવિધ ભૂમિકાઓ ભજવતી હતી. 'દુનિયા દર્શક નાટક સમાજ'માં મિસ મણિબાઈ અભિનય આપતી હતી. તે પછી ચંદ્રિકા, રાધા, સગુણા, સરિતા, દુલારી અને પદ્મારાણી જેવી અભિનેત્રીઓએ રંગભૂમિ પર કાર્ય કર્યું છે.

જૂની રંગભૂમિની પ્રથમ ગુજરાતી અભિનેત્રી મુન્નીબાઈ (જન્મ ઈ.સ. ૧૯૦૦) બીજાપુરના ગરીબ પણ ખાનદાન મુસ્લિમ પરિવારમાંથી આવી હતી. કૌટુમ્બિક વિષમ સંયોગોને કારણે મુન્નીબાઈને છ વર્ષની વયથી જ આજીવિકા માટે કામ શોધવું પડેલું. ગુજરાતી રંગભૂમિના નાટ્યકાર ખુરશેદજી મહેરવાનજી બાલીવાળાએ છ વર્ષની બાળકી મુન્નીને સંભાળીને પોતાની મંડળીમાં રાખી લીધી. આ ચાલાક બાળકી માટે શિક્ષક રોકીને તેને તાલીમ આપી. ઈ.સ. ૧૯૦૭માં સાત વર્ષની મુન્નીએ નાટકમાં અભિનય કર્યો. ઈ.સ. ૧૯૧૧માં દિલ્હી દરબાર વેળા તેણે નાટકમાં મુખ્ય સ્ત્રીપાત્ર ભજવ્યું. ઈ.સ. ૧૯૧૨માં બાલીવાળાની નાટક મંડળી રંગુન ગઈ ત્યારે રંગુનની અદાલતમાં બાલીવાળાએ મુન્નીબાઈને પાલ્યપુત્રી તરીકે દત્તક લીધી. પછી તો બાપુલાલ નાયકે પણ મુન્નીબાઈને તાલીમ આપી અને તે રંગભૂમિ પર ઝળકી ઊઠી. 'સૂર્યકુમારી' નાટકમાં તેનો અભિનય વખણાયો અને 'એક અબળા' નાટકમાં મુખ્ય નાયિકાની ભૂમિકા એટલી સરસ રીતે ભજવી કે એ નાટક ખૂબ વખણાયું અને 'આર્યનૈતિક નાટક સમાજ'ના માલિક નકુભાઈ શાહના કપાળે સોનાનો ચાંલ્લો કરાવી ગયું ! મુન્નીબાઈના પતિ દારાબશા સંગીતકાર હતા તેથી મુન્નીભાઈ શાસ્ત્રીય સંગીતમાં નિપુણ બની હતી.

સાથે સાથે નાટકોમાં ગવાતા ગરબાની વાત પણ કરી લઈએ. સૌપ્રથમ ગુજરાતી ગરબો 'ત્રિવિક્રમ' નાટકમાં રજૂ થયો અને તે બરાબર જામ્યો. ગરબામાં કન્યાઓ ભાગ લેતી હતી એક રીતે અન્ય સ્ત્રીઓને સ્ટેજ પર ઘૂમવાની તક મળી. 'અશ્રુમતી' (૧૮૯૫) નાટકમાં 'મોરબી આર્ય સુબોધ નાટક મંડળી' એ ગરબો રજૂ કર્યો તે ખૂબ લોકપ્રિય થયો. તેમાંની પંક્તિઓ આ


મુન્નીબાઈ


મિસ મેરી ફેન્ટન

પ્રમાણે હતી :

શું ! નટવર વસંત થેઈ થેઈ નાચી રહ્યો,
નાચી રહ્યો જગ નચાવી રહ્યો... શું૦

'ઉમાદેવડી' નાટકમાં 'રૂડી રઢિયાળી રાત, ચાલોને રમવા ચતુરા ચોકમાં',
'ચંદ્રહાસ' નાટકમાં 'વટ સાવિત્રી વ્રત આજ પૂરણ કરીએ રે
લઈ કુમકુમ-અક્ષત થાળ, ફરતો ધરીએ રે,'
'વીણાવેલી' (૧૮૯૯) નાટકમાં 'ઊગ્યો સખી સૃષ્ટિનો શૃંગારહાર
ચાલ ચાલ જોવાને ચંદ્રમા.'

-આ સર્વ ગરબા ખૂબ જ પ્રસિદ્ધિને પામ્યા હતા.

'વાંકાનેર નાટક મંડળી'ના 'જગતસિંહ' નાટકમાં કવિ ન્હાનાલાલ રચિત 'ઝીણા ઝરમર વરસે મેહ, ભીંજે મારી ચુંદલડી' એ ગરબો તો વર્ષાઋતુનો આબેહૂબ ખ્યાલ આપતો. એ વખતે પતરાં ખખડાવીને અને મેગ્નેશિયમના તાર સળગાવીને ગાજવીજનો ખ્યાલ અપાતો અને ઉપરની ટાંકીમાંથી ઝરમર વરસાદરૂપે પાણીની સેરો ગરબો ગાતી કન્યાઓ પર પડતી અને તેમનાં વસ્ત્ર ભીંજાઈ જતાં. ખાસ આ દૃશ્ય જોવા માટે પ્રેક્ષકો નાટકની ટિકિટો ખરીદતા.

અભિનેત્રીઓમાં ગણનાપાત્ર નામ મોતીબાઈ (૧૯૧૫-૧૯૯૬) નું છે. તેનો જન્મ સૌરાષ્ટ્રના સામાન્ય કુટુંબમાં થયેલો. પિતા ભભૂતગર અને માતા કુંવરબાઈ ભાવનગર રાજ્યના ખૂટવડા ગામમાં રહેતાં હતાં. ભભૂતગર રામલીલા કરતા એટલે નાની મોતી અને તેની બેનને અભિનયનો રંગ લાગ્યો. ૧૭ વર્ષની યુવા વયે મોતીબાઈ 'મોરબી આર્ય સુબોધ નાટક મંડળી'માં જોડાઈ ગઈ. મંડળી આર્થિક મુશ્કેલીમાં આવવાથી, તેનો માલિક બદલાયો અને નામ બદલાઈને 'કચ્છ નાટક મંડળી' થયું. ત્યાં છ વરસ અને તે પછી 'રણજિત નાટક સમાજ'માં ત્રણ વરસ અને છેલ્લે 'દેશી નાટક સમાજ'માં મોતીબાઈ જોડાયાં અને છેવટ લગી ત્યાં જ રહ્યાં. સર્વ નાટકોમાં તેમણે આદર્શ નારી તરીકેની ભૂમિકા ભજવી. મોતીબાઈ અને દિગ્દર્શક કાસમભાઈ નાટકમાં પતિપત્નીના પાત્રમાં રજૂ થતાં. તેમાં 'વડીલોના વાંકે' નાટકની સમતાની ભૂમિકા સૌથી વધુ યાદગાર બની છે. નાટકના લેખક



હીરાબાઈ યુવાવયે



મોતીબાઈ (૧૯૧૫-૧૯૯૬)



દેશી નાટક સમાજની મુખ્ય તારિકા રૂપકમળ

વિદ્યાબહેનનાં ત્રીજાં પુત્રી વિનોદિનીબહેને કૉલેજ જીવનમાં અંગ્રેજી નાટક 'રીટન ફ્રૉમ એબ્રોડ'માં હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય સાથે પત્નીની ભૂમિકા ભજવી હતી.

મોતીબાઈની નિવૃત્તિ બાદ વત્સલા અને વિજયા એ બે બહેનો રંગમંચ પર આવી. વિજયા મુખ્ય નાયિકાની ભૂમિકામાં આવવા લાગી. તેની લોકપ્રિયતાથી આકર્ષાઈને ફિલ્મી જગતના દિગ્દર્શક અને કલાકાર વ્હી. શાંતારામે તેને ફિલ્મી દુનિયામાં રોકી લીધી. પછી તે શાંતારામની ફિલ્મોમાં હીરોઈન તરીકે કામ કરતી સંધ્યા બની. ત્યાર બાદ રામપ્યારી, લતાબાઈ, કુસુમ ઠાકર, સુધા ઠાકુર, શ્યામબાઈ, શારદા, કજ્જન, રેણુ મેકર વગેરેએ રંગભૂમિ પર પ્રવેશ કર્યો.

પ્રભુલાલ દ્વિવેદી કહેતા કે, 'મોતીબાઈ કલાકાર નથી, પોતે જ કલા છે.' એ નાટકનું 'મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા' એ ગીત એક પ્રોષિત ભર્તૃકા (વિરહિણી) નાયિકાને છાજે એ રીતે બહેલાવતાં, પતિની વાટ જોતી વિરહવ્યાકુળ નારીના દર્દભર્યા ભાવને મોતીબાઈ વાચા આપતાં ત્યારે યુવાનોનાં હૃદયમાં ઊર્મિનાં સ્પંદન ઊછળતાં અને સૌ એકતાન બની સાંભળતા. આ ગીતના ત્રીસ ત્રીસ વન્સમોર મળતા. સમતાનું પાત્ર ભજવીને નાજુક, નમણી, બટકી મોતીબાઈ ગામડાની ગોરીનું ચિરસ્મરણીય સ્વરૂપ પ્રેક્ષકોના દિલમાં અંકિત કરી જતાં. શુદ્ધ ઉચ્ચાર, પાત્રાનુરૂપ સચોટ ભાવાભિવ્યક્તિ, પ્રસંગાનુસારી હાવભાવ અને સુરીલા સ્વરથી ગીતો ગાતાં મોતીબાઈ મુંબઈના નાટકરસિયાઓની સારી ચાહના પામી ગયાં. તેમના પછી જમીલા બેગમનું વર્ચસ્વ રહ્યું. સોના રૂપાના અલંકારોથી સોનાબાઈ અને રૂપાબાઈ નામે ઓળખાતી ચમેલી અને વીજળી નામે નર્તિકાઓ પ્રેક્ષકોનાં દિલ ડોલાવતી.

વીસમી સદી સમાજસુધારણાની હતી. હવે નાટકમાં સ્ત્રીઓની અદાકારીનો માર્ગ મોકળો થયો. તે એટલે સુધી કે વ્યાવસાયિક ધોરણે નહિ, પરંતુ અવેતન કલાકાર તરીકે બહેનોએ નાટકોમાં ભાગ લેવા માંડ્યો. ગુજરાતનાં પ્રથમ સ્ત્રીગ્રેજ્યુએટ વિદ્યાબહેન નીલકંઠે ઈ.સ. ૧૯૧૬ની આસપાસના સમયગાળામાં લેડીઝ ક્લબ તરફથી ભજવાયેલ નાટક 'સોરાબ-રૂસ્તમ'માં તહેમીનાની માની ભૂમિકા નરિમાન પટેલ સાથે ભજવી હતી. વિદ્યાબહેન નીલકંઠનાં સૌથી મોટાં પુત્રી જ્યોત્સનાબહેન (શુકલ) પણ નાટકોની ભજવણીમાં સક્રિય રસ લેતાં હતાં. વિદ્યાબહેનનાં બીજાં પુત્રી સરોજિનીબહેન (મહેતા) એ ઈ.સ. ૧૯૧૭માં એક નાટકમાં તેમના સગા મામા ગટુભાઈ ધ્રુવ સાથે લઢકણી પત્નીની ભૂમિકા ભજવી હતી. સગા મામા સાથે ભાણેજ પત્નીની ભૂમિકા ભજવે એ ગુજરાતી સમાજમાં પ્રથમ ઘટના હતી. તેથી સમાજમાં જબરજસ્ત વિરોધનો વંટોળ સર્જાયો હતો.

ગિરજાબાઈ ગોસાઈ (જ. ૧૯૨૪) જેતપુર (સૌરાષ્ટ્ર)નાં વતની હતાં. ૧૯ વર્ષની વયે તેમણે કલામંડપમાં પદાર્પણ કર્યું. સુપર સ્ટાર મોતીબાઈ સાથે તેમણે સાઈડ હીરોઈનની ભૂમિકાઓ ભજવી હતી. મોતીબાઈની નિવૃત્તિ પછી 'વડીલોના વાંકે' નાટકમાં તેઓ સમતાનું પાત્ર ભજવતાં હતાં. તેમણે ૨૦૦થી પણ વધુ નાટકોમાં અદાકારીનાં અજવાળાં પાથર્યાં. નોંધપાત્ર હકીકત તો એ છે કે પોતે સ્ત્રી હોવા છતાં તેમણે કેટલાંયે પુરુષપાત્રોની ભૂમિકા સહજ રીતે ભજવી હતી.

હીરાબાઈ (જ. ૧૯૧૫) નાનપણમાં ત્રણ વર્ષની વયે અનાથ બાળકી તરીકે એક કહેવાતી માસીને ત્યાં ઊછરેલી. હીરાબાઈનું શરૂઆતનું જીવન અસ્થિર હતું. તેને સંગીતની તાલીમ મળી, એટલે દાદર (મુંબઈ)માં આવેલી એક ફિલ્મ કંપનીમાં કામ મળ્યું. શરૂઆત મૂંગી ફિલ્મોથી કરી. પછી બોલતી ફિલ્મમાં કામ મળ્યું. ત્યાર બાદ અમદાવાદના ભારત ભુવન થીએટરમાં અને સિનેમા-ડી-ફ્રાન્સના સ્ટેજ પર તેણે મનમોહક નૃત્યો કર્યાં. પગાર તો હતો રોજનો દોઢસો-બસો, પરંતુ નૃત્ય કરતી વેળા પ્રેક્ષકો તરફથી નાણાંનો વરસાદ વરસતો, એ વધારાની આવકમાંથી એને ૪૦ ટકા કમિશન મળતું. તે પછી હીરાબાઈએ 'આર્યનૈતિક નાટક સમાજ'માં કામ કર્યું. એક નાટકના લોકપ્રિય ગીત 'ભારી બેડાં ને હું તો નાજુકડી નાર, કેમ કરી પાણીડાં ભરાય રે ભમ્મરિયા કૂવાને કાંઠડે' એના એને પાંચ પાંચ વન્સમોર મળતા પછી તો કેટલાંય નાટકોમાં અભિનય આપ્યો. એ એનો સુવર્ણકાળ

હતો. હીરાબાઈ પછી મીનાક્ષી આવી. 'હંસાકુમારી' (૧૯૪૨) નાટકના સુપ્રસિદ્ધ ગીત 'સાહ્યબો' મારો ગુલાબનો છોડ, વેલી હું તો લવંગની' મીનાક્ષી એવી મીઠી હલકથી ગાતી કે તે સમગ્ર પ્રેક્ષકવર્ગમાં છવાઈ જતી. તે પછી મીસ ઝુબેદા, કામલતા, કમળાબાઈ કર્ણાટકી, માયા, શાલિની વગેરે નટીઓ આવી.

નરગીસ કેખુશરુ સચીનવાળા (જ. ૧૪-૧-૧૯૩૪)ને ૧૪ વર્ષની ઉંમરે, શાળામાં ભણતી હતી ત્યારથી જ નાટકોનો નાદ લાગેલો. એક ક્લબના ઉપક્રમે ભજવાયેલા 'યુગવંદના' નાટકમાં તેણે ભાગ લીધો. તે પછી 'દેશી નાટક સમાજે' તેને લીધી. ૧૯૫૦માં તે 'લક્ષ્મીકાન્ત નાટક'માં ગઈ. કંપની સાથે તે કલકત્તા ગઈ. ત્યાં ૧૪ વર્ષ કામ કરીને પાછી 'દેશી નાટક સમાજ'માં જોડાઈ. રંગભૂમિ પર તેનું નામ 'નીલમ' હતું.

મનોરમા (જ. ૧-૧-૧૯૩૫)ની માતાએ મૂંગી ફિલ્મો અને નૃત્યમંડળીઓમાં કામ કરેલું, તેનો અનુભવ મનોરમાને મળ્યો. સાતેક વર્ષની વયથી જ તે નાટકમાં કામ કરવા લાગી. હિંદી નાટક 'અન્યાય'માં આશા નામની બાલિકાની ભૂમિકા ભજવીને તે રંગમંચ પર ઝળકી. 'વડીલોના વાંકે'માં તેણે સમતાની ભૂમિકા ભજવેલી. નાયકના શબ પાસે બેઠેલી સમતાનો શોક એવો તો ઘેરો કરુણ રસ જમાવતો કે પ્રેક્ષકો રૂમાલ વડે પોતાનાં આંસુ લૂછવા લાગતા !

રૂપકમળ (જ. ૨૮-૧૧-૧૯૩૮) મુંબઈમાં સંસ્કારી કુટુંબમાં જન્મી હતી. તે ૧૩-૧૪ વર્ષની થઈ ત્યારથી જ તેને નાટકોનો શોખ જાગેલો. ૧૯૫૦માં તે 'આર્ય નૈતિક નાટક સમાજ'માં જોડાઈ. છ મહિના પછી ૧૯૫૧માં 'દેશી નાટક સમાજ'માં જોડાઈ અને તેણે અસંખ્ય ભૂમિકા ભજવી.

હોમાય કે ખુશરુ સચીનવાળા (જ. ૪-૩-૧૯૩૯) નરગીસની નાની બહેન હતી. તેણે ફરેદુન ઈરાનીની કંપનીમાં એક વર્ષ લગી અવેતન કલાકાર તરીકે કામ કર્યું. તે પછી 'મુનલાઈટ થીએટર્સ'માં જોડાઈને તેણે નૃત્યની તાલીમ લીધી અને ડાન્સર તરીકેના કાર્યક્રમો આપ્યા. એ દરમિયાન તેણે બિહાર, આસામ અને નેપાળમાં પણ કાર્યક્રમો આપ્યા. છેવટે 'દેશી નાટક સમાજ'માં જોડાઈને સ્થિર થઈ. તેણે ૭૦ થી ૭૫ ભૂમિકાઓ ભજવી, તેમાંની કેટલીક તો પુરુષ તરીકેની હતી. તેણે 'સ્નેહ મંદિર' નાટકમાં ભાગ લીધો હતો, જેની ૧૦૦ નાઈટો થઈ હતી. રંગભૂમિ પર તેનું નામ હંસા હતું. સુશીલા મહેતા (જ. ૧૯૩૯) બાલ્યાવસ્થામાંથી જ શાળાનાં નાટકોમાં ભાગ લેતી હતી. ૧૯૫૩થી 'દેશી નાટક સમાજ'માં જોડાઈને તેણે ૫૦ જેટલાં નાટકોમાં કામ કર્યું હતું. 'માયા અને મમતા' નાટકમાં તેણે ગામડિયણ છોકરી અને શહેરી યુવતી એમ એકસાથે બબ્બે ભૂમિકાઓ ડબલ રોલમાં સફળતાપૂર્વક ભજવી હતી.

ઉર્દૂ તખ્તાની જાણીતી અભિનેત્રી રાણી પ્રેમલતાએ સારું આકર્ષણ જમાવ્યું હતું. તેનું મૂળ નામ સિદ્ધેશ્વરી રાય હતું. તેનું જન્મસ્થાન મુઝફ્ફરપુર (બિહાર) હતું. તેણે અરદેશર ઈરાનીની કંપનીમાં રહી અભિનયનું કામણ કર્યું હતું અને આદર્શ નારીના અભિનયથી લોકહૃદયને જીતી લીધું હતું. મુંબઈમાં તેને ઘણી પ્રતિષ્ઠા મળી અને 'તખ્તાની રાણી'નું બિરુદ મળ્યું હતું. ઉર્દૂ તખ્તાની બીજી અભિનેત્રી સરસ્વતીબાઈ હતી.

દીનાબહેન પાઠક (જ. ૧૯૨૩)નું મૂળ વતન અમરેલી હતું. પિતાશ્રી સાહિત્ય અને નાટકના શોખીન હોવાથી એ અસર પુત્રી પર પડી. નાનપણમાં તેમણે સંગીતની તાલીમ લીધી. જુવાનીમાં સપ્રમાણ શરીર, આકર્ષક ચહેરો અને ભાવવાહી આંખોથી પહેલી નજરે જ સૌને પ્રભાવિત કરી દેતાં. તેમણે અમદાવાદમાં ઘણાં નાટકોમાં અભિનય આપ્યો. ઈબ્સનના 'ઢીંગલી ઘર'માં નોરા, શરદબાબુના 'વિરાજવહુ'માં વિરાજ અને રસિકલાલ પરીખના 'મેના ગુર્જરી' નાટકમાં મેનાની ભૂમિકા યાદગાર બની છે. તેમાંય મેનાના પાત્રનો અભિનય સર્વશ્રેષ્ઠ ગણાય. મેના અને બાદશાહ વચ્ચેના સંવાદ વેળા એમની છટાએ એ ભૂમિકાને જીવંત બનાવી છે. ૧૯૪૪થી '૫૬ સુધીમાં નાટ્યક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ એમને ૧૯૯૩ના વર્ષનો વિશ્વગુર્જરી પુરસ્કાર' એનાયત થયો છે. એમણે ૨૦૦ ઉપરાંત ફિલ્મોમાં પણ અભિનય આપ્યો છે.

ફિલ્મો આવતાં જૂની રંગભૂમિનાં વળતાં પાણી થયાં અને તેનો પડદો પડી ગયો. અલબત્ત નવી રંગભૂમિ પર અનસૂયા સુતરિયા, કલા શાહ, દામિની મહેતા, સરિતા જોષી, અમી ત્રિવેદી જેવી અભિનેત્રીઓ નવી રંગભૂમિમાં કાર્યરત છે; પરંતુ જૂની રંગભૂમિની અસલ જાહોજલાલી ફરી મળવાની નથી. ❐

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

શનિવાર ૭મી ઑગસ્ટ ૧૯૪૩
પ્રિયતમ કિટી,

થોડાં અઠવાડિયાં પહેલાં મેં એક વાર્તા લખવી શરૂ કરી. અથઃ થી ઇતિ સુધી વાર્તા બનાવી નાખી. અને એની મને તો એવી મજા આવી કે હવે મારી કલમ થકી થયેલા ઉત્પાદનનો ઢગલો વધતો જ જાય છે.

લિ. એન.

સોમવાર ૯મી ઑગસ્ટ ૧૯૪૩
પ્રિયતમ કિટી,

આજે આપણે અમારી અહીંની રોજની દિનચર્યા વિશે વાત આગળ વધારીએ. આપણે બપોરનું તો જમી પરવાર્યાં. હવે રાતના જમણની વાત કરીએ.

પિરસણીની શરૂઆત શ્રી વૅનડાન કરે. એમને ભાવતી વાનગી એ પહેલેથી વધારે લઈ લે. જમતાં જમતાં ચર્ચામાં પણ ભાગ લે. પોતાનો અભિપ્રાય આપવાનું એ ક્યારેય ચૂકતાં નથી. એમના બોલ વિશે બે-મત હોઈ જ ન શકે. અને જો કોઈ એમની સાથે દલીલમાં ઊતરે તો વાગ્યુદ્ધમાં એઓ ઘણાં જ પાવરધાં છે. બિલાડાની જેમ ઘુરકિયાં જ લેવા માંડે... વાત અહીં સુધી ન પહોંચે એમાં જ માલ છે. તમે એ સ્થિતિ નિહાળી હોય તો ફરી એના સાક્ષી બનવા જરાય તૈયાર ન થાવ. કબૂલ છે કે એમનું ભેજું ઘણું જ ફળદ્રુપ છે પણ હમણાં હમણાં જરા વધારે પડતું જ ફાલી ગયું છે.

મદામ : હકીકતે આ બાબતમાં કાંઈ જ ન બોલવામાં માલ છે. ખાસ તો મિજાજ ઠેકાણે ન હોય એવા દિવસે એમના ચહેરા પરથી કોઈ પ્રકારનું અનુમાન કરવું કઠણ છે, પણ ત્યારે થઈ રહેલી ચર્ચાનું વિશ્લેષણ કરતાં જણાય કે ખરેખર તો બહેન જ વાંકમાં છે. પણ બધાં જ આ વાત તરફ દુર્લક્ષ કરે છે. અને તેમ છતાં સાચું તો એ છે કે બહેન અહીંના દરેક ઝગડાનું મૂળ છે. બહેન જેનેતેને ઝગડાવે છે. એમને મન એ ગમ્મત છે. શ્રીમતી ફ્રૅંક અને ઍનને ઝગડાવવાવાળાં પણ એ જ. ફક્ત માર્ગટ અને શ્રી ફ્રૅંક પર એમની કારી ફાવતી નથી.

પણ એ વાત પડતી મૂકીએ ને ચાલો ફરી આપણે જમવાના ટેબલ તરફ વળીએ. શ્રીમતી વૅનડાન ભલે એમ માને કે એમને રોજ પેટ ભરીને જમવા મળતું નથી, પણ એ વાત જરાય સાચી નથી. એમની નજર તો સારામાં સારા બટાકા, સ્વાદિષ્ટ મોરસેલ અને જે કાંઈ કુમળામાં કુમળું હોય એની પર જ હોય છે. પોતાને એક વાર ઉત્તમોત્તમ વાનગીઓ મળી જાય પછી બાકીનાંને જેટલું લેવું હોય એટલું લે. (અને પોતે દાવો કરે છે કે આવું વર્તન એનનું છે.) બહેનનું બીજું ધ્યેય છે : વાતો કરવી. જ્યાં સુધી સામે શ્રોતા હોય ત્યાં સુધી બોલે રાખે. પછી એમને ધ્યાનમાં પણ આવે કે સામેની વ્યક્તિને વાતમાં રસ છે કે નહિ. એમને મન તો શ્રીમતી વૅનડાન જેની પર ભાષ્ય કરે એ તો રસપ્રદ જ હોય.

ચાંપલાશથી હસો, તમે જાણે સર્વજ્ઞાત હોવ એવો દેખાવ કરો, બધાંને સલાહ આપો અને બધાંની અતિસંભાળ લ્યો, એનાથી પહેલી છાપ તો સારી જ પડે. પણ ધ્યાનથી અવલોકન કરો એટલે ધીરે ધીરે છાપ ભૂંસાઈ જાય. હા, અંકય બહેન કામઢાં છે, બીજું હસમુખાં છે, ત્રીજું ચાંપલાં છે - અને ઘણી વાર સુંદર પણ દેખાય છે, એવાં છે આ પેટ્રોનેલા વૅનડાન. ત્રીજા સાથીદાર : બહુ ઓછાબોલા ચિરંજીવ વૅનડાન સામાન્ય રીતે શાંત રહે છે. એમની હાજરીની જાણ પણ થતી નથી. પણ એમની ભૂખ રાક્ષસી છે. એનું પખાલ જેવું પેટ તો ક્યારેય ભરાતું જ નથી. ખાસ્સું વ્યવસ્થિત જમ્યા પછી પણ ભાઈની નજર જોતાં જ લાગે કે જો ફરી પીરસો તો એનાથી બમણું જમી જશે.

માર્ગટ જમતી નથી ચણે છે. વાતો જરાય ન કરે. એ ફક્ત ફળ અને શાકભાજી પર જ જીવે છે. વૅનડાનના મતે એને ખોટાં લાડ કર્યાં છે. અમારા મતે કસરત અને ખુલ્લી હવાના અભાવે ઓછું જમે છે.

એના પછી મમ્મી. મમ્મીનો ખોરાક સારો છે, અને વાતચીતમાં યોગ્ય એટલો ભાગ લે છે. પણ શ્રીમતી વૅનડાનની માફક એની અહીં એક ગૃહિણી તરીકેની છાપ નથી. આ બંનેમાં શું ફેર છે ? તો કે શ્રીમતી વૅનડાન અહીં રસોઈ કરે છે ને મમ્મી ધોવા-વીંછળવાનું કામ કરે છે, ને બાકીની ઘરસફાઈ કરે છે.

નંબર છ અને સાત : હવે મારા પપ્પા વિશે હું ઝાઝું કાંઈ જ કહેવા માગતા નથી. પપ્પા અહીંની સૌથી વિનમ્ર વ્યક્તિ છે. એમને પોતાને તો ખાસ કાંઈ જોઈતું જ નથી. સારામાં સારી વસ્તુ છોકરાંઓ માટે રાખે. સારાપણું જાણે માન સ્વરૂપે અવતર્યું છે

એમની પાસે બેસે છે ગુપ્ત નિવાસની ત્રસ્ત નાની વ્યક્તિ.

ડસેલ : એટલે પોતાનું સંભાળો, રાંધેલી ચીજવસ્તુ પર નજર રાખો. બોલ્યા વિના જમો. અને તમારે વાતો કરવી જ હોય તો મહેરબાની કરીને ખાવા-પીવા વિશે જ કરો. એ એક જ વિષય છે જે ઝગડો નહિ નોંતરે. ફક્ત ડંફાસ મારવા તરફ વળશે. એમનો ખોરાક પણ જબરો છે, પછી રસોઈ સારી હોય કે ખરાબ. 'ના' નામનો શબ્દ એમના શબ્દકોશમાં છે જ નહિ.

છાતી સુધી ચડાવેલું પેન્ટ, લાલ જેકેટ, કાળા ચામડાનાં ચંપલ અને ગોળ ફ્રેમનાં ચશ્માં આ એમનો પેલા નાનકડા ટેબલ પર કામ કરતા બેઠા હોય ત્યારનો પરિવેષ - અવિરત અભ્યાસમાં મશગૂલ, ને પ્રગતિ શૂન્ય બરાબર. આ પ્રવૃત્તિમાં તો ફક્ત બપોરની નીંદર માટે, જમવા માટે અને એમના પ્રિય સ્થાન સંડાસ-ની મુલાકાત લેવા ખાતર જ ખંડ પડે. દિવસમાં પણ ચારકે પાંચ વાર સંડાસની બહાર એક વ્યક્તિ જેમતેમ દબાવીને અંદર જવાની તક મળે એની રાહ જોતી ઊભેલી જોવા મળે અને ડસેલ કોઈની પરવા કરે ? ના રે ના. સવારના સવા સાતથી સાડા સાત સુધી, બપોરે સાડાબારથી એક સુધી, બેથી સવાબે, ચારથી સવા ચાર, છ થી સવા છ અને રાત્રે સાડા અગિયારથી બાર એમનો સમય નક્કી. એનાથી તમે ઘડિયાળ પણ મેળવી શકો. આ સમય જરાય આઘોપાછો ન થાય. અને બહારથી અકસ્માત રોકવા કોઈ ગમે તેટલી વિનંતીઓ કરે, પણ એની એમની પર અસર પણ ન થાય.

નવમી વ્યક્તિ 'ગુપ્ત નિવાસ'ની સભ્ય નથી. પણ એ અમારે ત્યાં રહે છે ને જમે પણ છે. બેપનો ખોરાક પણ સારો છે. બધું જમી લે અને ભાવે ન ભાવે કરવાનો એનો સ્વભાવ નથી. બેપને ખુશ કરવી બહુ સહેલી છે અને એ અમને બધાંને જ પસંદ છે. એમની લાક્ષણિકતાનું વર્ણન કરવું હોય તો કહેવું જોઈએ કે ખુશમિજાજી, આનંદી, ભલી અને મદદ કરવા તત્પર.

લિ. અંન.

મંગળવાર ૧૦મી ઑગસ્ટ ૧૯૪૩

પ્રિયતમ કિટી,

એક નવો નુસખો : હવે જમતાં જમતાં હું મારી સાથે જ વાતો કરું છું, અન્ય સાથે ઝાઝી વાતો કરતી નથી. આના બે ફાયદા છે : પહેલું તો એમને મારી લડબડ સાંભળવી પડતી નથી એટલે એ બધાં ખુશ અને મારે એમના અભિપ્રાયો સાંભળવા નહિ. મારા અભિપ્રાયો મૂર્ખાઈ ભરેલા છે એવું મને તો લાગતું નથી પણ બધાંને લાગે છે એટલે એ વ્યક્ત ન કરવા જ સારા. આવો જ નુસખો હું મને ન ભાવતી વાનગી ખાવામાં વાપરું છું. હું એને મારી સામે મૂકું, પછી વિચારું કે કેટલી સ્વાદિષ્ટ છે એ વાનગી, શક્ય હોય ત્યાં સુધી એને જોવાનું ટાળું અને કાંઈ ખબર પડે એ પહેલાં જ ઓદાળી જાઉં. સવારે ઊઠવાની ક્ષણ પણ મને ગમે નહિ. એટલે જાગી જાઉં કે તરત એક કૂદકા સાથે પથારીની બહાર આવીને મનમાં કહું કે થોડી વારમાં સૂવાનું જ છેને ફટાફટ અંધારપટના પડદા ઉતારી લઉં ને બારીની તિરાડમાંથી બહારની તાજી હવાનો ઊંડો શ્વાસ લઉં પછી મારી નીંદર ઊડી જાય. જલદી જલદી પથારી ઉપાડી લઉં જેથી ફરી સૂવાનું મન જ ન થાય. આને મમ્મી શું કહે છે ખબર છે ? જીવન જીવવાની કળા. જરાક ગમ્મતભર્યું નામ નહિ ?

ગયા અઠવાડિયાથી અમે જરાક ગૂંચવાડામાં પડ્યાં છીએ. કારણ કે અમારી પ્રિય વેસ્ટરટોરેન ઘડિયાળના ઘંટ યુદ્ધ માટે વાપરવા એટલે કે ઓગાળી નાખવા આપી દીધા છે. આથી દિવસે કે રાત્રે બરોબર કેટલા વાગ્યા છે એની અમને ખબર જ પડતી નથી. મને તો હજી પણ આશા છે કે એની જગ્યાએ ટીન કે ત્રાંબાના ઘંટ મૂકશે જેથી આસપાસના લોકોને સમયસર ડંકા સાંભળવા મળે.

આજકાલ હું ઉપર-નીચે જ્યાં જાઉં ત્યાં બધાંની પ્રશંસક નજર મારા પગ પર પડે છે. કારણ કે એ પગે ધારણ કરી છે (આજકાલના વખતના પ્રમાણમાં) અત્યંત સુંદર મોજડીઓ. મીપ ૨૭.૫૦ ગિલ્ડરમાં ઉપાડી આવી. ઘેરા લાલ રંગના ચામડાની થોડીક એડીવાળી મોજડી છે એથી હું તો કેટલીય ઊંચી લાગું છું.

ગઈ કાલનો મારો દિવસ બેકાર હતો. જમણા હાથના અંગૂઠે મને સોયનો પાછલો ભાગ વાગ્યો, જેને કારણે મારી જગ્યાએ માર્ગટને બટાકા છોલવા પડ્યા (ગેરલાભ સાથે થોડા લાભ), લખવામાં પણ બહુ મુશ્કેલી પડી. પછી કબાટના બારણા સાથે મારું માથું એવું તો જોરથી અથડાયું કે હું લગભગ પડી જ ગઈ અને આવા ગાંડપણ માટે વઢ ખાવી પડી. માથા પર ઠંડા પાણીની ધાર કરવા માટે કોઈએ મને નળ ચાલુ કરવા દીધો નહિ એટલે હવે હું જમણી આંખ ઉપર એક મોટું ઢીમચું લઈને ફરું છું. અધૂરામાં પૂરું જમણા પગની ટચલી આંગળી વેક્યૂમ ક્લિનરમાં આવી ગઈ. ખૂબ દુખ્યું અને લોહી પણ ખૂબ નીકળ્યું. પણ અત્યાર સુધીના બધા જ ઘાથી હું એટલી તો ટેવાઈ ગઈ'તી કે એની તરફ મેં જરાય ધ્યાન આપ્યું નહિ. અને એ મારી મૂર્ખામી કરી, કારણ કે હવે આંગળી પાકી ગઈ છે. અને મલમપટ્ટીને કારણે હું મારી સ્વર્ગીય મોજડી પહેરી શકતી નથી.

ડસેલને કારણે ફરી એક વાર અમે બધાં મુશ્કેલીમાં મુકાઈ ગયાં. એમણે મીપ પાસે મૂસોલીનીના વિરોધમાં લખાયેલી ચોપડી મંગાવી, જેની પર અહીં બંધી લાદેલી છે. એ લઈને આવતાં એક એસ.એસ. મોટરસાયકલસવારે એને ધક્કો માર્યો. ગુસ્સામાં ને ગુસ્સામાં એણે જોરથી બૂમ પાડી 'જુલમખોર' અને ચાલવા માંડી. એને પકડી ગયા હોત તો શું થાત એનો વિચાર કરતાંય મને તો કમકમાં આવે છે.

લિ. અંન.

ફિલ્માકાશ-૧ ૨

ન્યૂ થીએટર્સ : દેવદાસને પુસ્તકમાંથી પરદા ઉપર લાવવાના કીમિયાગર કેદાર શર્મા

—————— રજનીકુમાર પંડ્યા ——————

'મા બાપ ચોખ્ખી ના પાડતાં હતાં. કહેતાં હતાં કે, ભણેલો-ગણેલો બ્રાહ્મણનો છોકરો થઈને ભાડભવાયાના ચાળે ચડવું છે ? જા, કમાવાની ચિંતા કરીશ નહીં. ભણવામાં જીવ પરોવ.'

આવી સર્વસામાન્ય આરંભકથા દિલીપકુમાર-યુસુફખાનથી માંડીને મેરઠના ભારતભૂષણ, ફગવારા-પંજાબના ધર્મેન્દ્ર દેઓલથી માંડીને મોટા ભાગના સફળ ફિલ્મકલાકારોના જીવનમાં જોવા મળે છે. એક વાત ચોક્કસ હતી : એ બધા પાસે એમના પોતાના આત્મવિશ્વાસના સમર્થનમાં એમનું વ્યક્તિત્વ, દેખાવ, આવડત અને સંજોગોનો ધક્કો. જ્યારે કેદારનાથ શર્માના જીવનમાં આવું કશું જ ન મળે. ન વ્યક્તિત્વ કે ન કશી વિશેષ આવડતનું ઈંધણ. બે કદમ આગળ ચાલ્યા પછી રસ્તો તો શું, પણ કોઈ કેડી પણ નહીં. ન કોઈ ગૉડફાધર કે ન કોઈ દૂરદરાજનું સ્વજન. પણ મોટા શહેરમાં કેદારનાથનો અવાજ સાવ સદાના બીમાર માણસ જેવો ક્ષીણ. જુવાનીમાં પણ પ્રૌઢ વયના શિક્ષક જેવી સિકલ. ચશ્માં અને કદકાઠીમાં નાના. પણ આવનારાં વર્ષોમાં એમણે હિંદી ફિલ્મજગતને એવી એવી અણમોલ ભેટો આપી કે, એ જીવતી અને ફિલ્મોરૂપે દૃશ્યમાન ભેટોને હિંદી ફિલ્મના ઇતિહાસમાંથી બાદ કરો તો પૂર્ણ ચંદ્ર ચૌદશનો લાગે - જે સુંદરતાનો પર્યાય તો ખરો પણ પૂરબહારનો નહીં. કલ્પના કરો રાજકપુર, ગીતાબાલી, મધુબાલા, માલા સિંહા, રમોલા, રાજેન્દ્રકુમાર, મેહતાબ (જેને તેમણે 'ચિત્રલેખા'માં ચમકાવ્યા હતા, અને જેઓ પછીથી સોહરાબ મોદીનાં પત્ની બન્યાં.) સંગીતકાર રોશન, સ્નેહલ ભાસ્કર, સંગીતકાર જમાલ સેન (ફિલ્મ 'દાયરા'થી પ્રસિદ્ધ) તનુજા જેવાં કલાકારોને પદાર્પણ કરાવવામાં કે પદાર્પણ પછી પૂરતા અવસરો આપવાનો યશ અને તાલીમ આપવાનો કેદાર શર્મા સિવાય બીજા કોને આપી શકાય ? રાજકપુર મૃત્યુપર્યંત તેમનું આ ઋણ ભૂલ્યા નહોતા (પ્રકરણ ૮ જુઓ). અરે, છેલ્લે રાજકોટમાં આ લખનારની સાથે ક્યારેક ઑલ ઈંડિયા રેડિયો ઉપર કાર્યક્રમોમાં ભાગ લેનારી સરકારી અધિકારી કાસમભાઈ વિશલની પુત્રી ફરિદા વિશલનું પણ બાંબી નામકરણ કરીને તેને ૧૯૭૧ની 'ફિર ભી' નામની ફિલ્મમાં તક આપી હતી. તેમાં એની ભૂમિકા માતા બનતાં ઊર્મિલા ભટ્ટની યુવાન પુત્રીની હતી. બાંબી લગ્ન કરીને જર્મની ન ચાલી ગઈ હોત તો તેનું નામ પણ 'કેદાર શર્માના હાથ નીચે તાલીમ પામેલી વિખ્યાત ફિલ્મ તારિકા તરીકે સ્થપાઈ ચૂક્યું હોત.



કેદાર શર્મા

પણ આ બધા નામાંકિતના ગૉડફાધર બનનારા કેદાર શર્માનો ન્યૂ થીએટર્સમાં પ્રવેશ થયો તે પૂર્વે તેમના કોઈ ગૉડફાધર તો શું પણ માર્ગદર્શક સૂચનકર્તા પણ કોઈ જ નહોતું ને ઉપરથી તેમની આટલી બધી શારીરિક મર્યાદાઓ પછી જીવ્યા એ જ ગનીમત ગણ્યું હતું. જગખ્યાત થવાની તો વાત જ ક્યાં ?

પણ જન્મજાત એ કલાપ્રેમી રહ્યા હતા. લખવું-ચીતરવું જેવી કલાના સામાન્ય સ્તર સુધીના ઉન્મેષો એ યુગમાં શાળાના-કૉલેજનો કોઈ પણ છાત્ર ધરાવતો હોય છે, પણ એ પાછળથી ટકી રહેતો, નથી. પણ કેદારનાથના જીવનમાં એક એવી ચિરસ્થાયી અસર ઉપજાવે તેવી ઘટના બની કે તેણે તેમની જીવન-નૌકાના સઢમાં એક ચોક્કસ દિશાનો પવન ભરી દીધો. ઘટના આમ તો સામાન્ય હતી. તેમણે પોતાના ગામ સિયાલકોટ (હવે તો પાકિસ્તાન)ની એક ટુરિંગ ટોકિઝમાં ન્યૂ થીએટર્સની જ દેવકીબોઝ દિગ્દર્શિત ફિલ્મ 'પૂરણભગત' જોઈ. સાલ ૧૯૩૩, દિવસ સપ્ટેમ્બરની ત્રીજીનો. ૨૬ વર્ષના (જન્મ ૧૯૦૭ની ત્રીજી ઑગસ્ટ) કેદારનાથ શર્મા એ ફિલ્મથી એટલા બધા અભિભૂત થયા કે એમણે એ જ ક્ષણથી ફિલ્મક્ષેત્રમાં જવાનો નિર્ધાર કર્યો અને એ જ પળથી દેવકીબોઝને ગુરુ દ્રોણ ધારી લીધા. એ ફિલ્મ એમણે વારંવાર જોઈ, પણ તે કોઈ મુગ્ધ રસિયા પ્રેક્ષકની નજરે નહીં પણ ફિલ્મકલાના વિદ્યાર્થીની નજરથી. સાહિત્ય સાથે એમ.એ. થયા હોવાથી તેઓ શાયર, નાટ્યકાર, વાર્તાકાર, ચિત્રકાર તરીકે થોડુંક સ્થાનિક નામ તો પામી જ ચૂક્યા હતા. ઝૈલસિંહ નામનો એમનો સહપાઠી એવો એક મિત્ર પણ સાહિત્યરંગી હતો (જે પાછળથી ભારતનો રાષ્ટ્રપતિ બન્યો). ટાગોરને પણ એ મળી ચૂક્યા હતા. એટલે 'પૂરણ ભગત'ની ટેકનિક, દિગ્દર્શનની ખૂબીઓ, રજૂઆતની કળા, 'ટેકિંગ' વગેરેના 'ડિસેક્શન'માં એમને બહુ આનંદ આવ્યો, બલકે સૌંદર્યબોધ થયો.

કોઈ પણ ભોગે એમણે કલકત્તા જઈને ન્યૂ થીએટર્સની ટીમના દેવકીબોઝની મુલાકાત લેવાનો નિર્ણય કર્યો. પણ એટલું ગરથ ગાંઠે નહોતું. મા-બાપ તો રાતી પાઈ આપે એ વાતમાં જ માલ નહોતો. છેવટે પત્નીએ પચ્ચીસ રૂપિયા આપ્યા. એટલામાં અમૃતસરથી કલકત્તાની ત્રીજા વર્ગની રેલવે ટિકિટ જોગવી શકાઈ. પત્નીનું એ ઋણ કેદાર શર્મા જીવનભર નહોતા ભૂલ્યા. (ભલેને પછી તો અનેક સ્ત્રીઓ જોડે સંબંધો થયા.) કલકત્તાથી ગાડીમાં બેઠા પણ ગિરદીમાં જગ્યા ન મળી તે જાજરૂ પાસે બેઠા બેઠા મુસાફરી કરી કલકત્તા પહોંચ્યા. ત્યાં માત્ર એક જ પગ મૂકવા જોગ ઠેકાણું હતું તે સરદાર ઠાકુરસિંગનું, કે જે સિયાલકોટના જ વતની હતા. અને કલકત્તાના માદન થીએટર્સ નામની નિર્માણસંસ્થામાં માત્ર પેઈન્ટર (પડદા-પોસ્ટર-સેટિંગના) હતા. એમની રૂમમાં એ બચરવાળ હોવાથી રહેવું શક્ય નહોતું તેથી કૉમન ઓસરીમાં બિસ્તરો બિછાવીને રહેવા માંડ્યું. એમના ઉપર બહુ બોજો ના પડે તે સારુ 'એકટાણા છે' એમ કહીને એક જ ટંક જમવાનું રાખ્યું. સરદાર ઠાકુરસિંગ જેઓ પંજાબમાં સારા આર્ટિસ્ટ ગણાતા હતા પણ અહીં તો આવું નાનું કામ કરતા હતા. આવો નાનો માણસ મોટી ઓળખાણો તો ક્યાંથી કાઢે? પણ એક પેઈન્ટર બીજા પેઈન્ટરને ઓળખે એ રીતે તેમણે ન્યૂ થીએટર્સના પેઈન્ટિંગ વિભાગના વડા દિનશાબાબા ઉપર ચિઠ્ઠી લખી આપી. કેદારનાથને એનો વાંધો નહોતો, કારણ કે એક વાર ન્યૂ થીએટર્સની કાંટાળી વાડમાંથી એક છીંડું પણ મળી જાય તો પછી દેવકી બોઝને મળવાની તમન્ના પાર પાડી શકાય. એ દિનશાબાબા પાસે માત્ર પેઈન્ટિંગનું કામ મળે એટલી જ વિનંતી લઈ ગયા. પણ અહીં પણ એમને માટે એક સ્પર્ધક સામે જ ખોડાયેલો હતો. અસલમ કરીને એક મુસ્લિમ જુવાન હતો. પ્રભાવશાળી હીરો જેવો. કેદારનાથને થયું કે આવો હીરો જેવો શખ્શ પણ પેઈન્ટર તરીકે કામ કરવા રાજી હોય તો આપણા જેવો બેડોળ-બેઢબનો તો ગજ ક્યાંથી વાગે! કાંઈક એવો કીમિયો કરવો જોઈએ કે આપણે એનાથી બે આની ઊંચા લાગીએ. એ વિચારતા હતા કે એ વાસ્તે શું કરવું, ત્યાં દિનશાએ ઈન્ટર્વ્યૂ શરૂ કર્યો. એ સવાલજવાબ જોવા જેવા છે.

'માંસાહારી છો?'

કેદારનાથ : 'ના'. અસલમ : 'હા.'

'ઠીક, દારૂબારૂ પીઓ છો?'

કેદારનાથ : (ખોખારીને) અરે, હોય! સ્વાદ ચાખ્યો નથી.

અસલમ (નીચી નજરે) : 'ક્યારેક ક્યારેક ટેસ કરી લઉં છું.'

'એમ? તો કદી છોકરીઓ-બોકરીઓમાં...'

કેદારનાથ : (ગર્વથી) 'બૈરી સિવાય બધી જ મા-બેન.'

અસલમ : (શરમાઈને) 'ક્યારેક ક્યારેક એવી જગ્યાએ જઈ આવું. શું કરું? જુવાન માણસ છું. સંતમહાત્મા નથી!'

કેદારનાથને ખાતરી જ હતી કે પેલો સાચાબોલો પોતાની મુર્ખાઈને કારણે હવે તો ગયો જ સમજો. ને આપણી નોકરી પાકી.

પણ એમની ભારે નવાઈ વચ્ચે દિનશાબાબાએ એ બન્નેને નિમણૂક પત્ર આપી દીધો. પણ બન્નેમાં પગારના આંકડા વચ્ચે તફાવત જોઈને કેદારનાથની આંખો ચકરાઈ ગઈ. આ શું? અસલમને દર માસે દરમાયો રૂપિયા સો, ને આપણને પચાસ જ? કારણ?

દિનશાએ કહ્યું : 'આ અસલમની મામૂલી જરૂરતોને હું કેવી રીતે નઝરઅંદાજ કરી શકું? આખરે તારા કરતાં એનો માસિક ખર્ચ વધારે ન ગણાય?'

કેદારનાથને બૂમ પાડીને કહેવાનું મન થયું કે અરે, બાંસ, મારો સાચો જવાબ તો અસલમથી આઠ આની વધે તેવો છે, પણ શું કરું? મને ભાવિએ ભુલાવ્યો. બાકી આ રીતે તો હું બસો રૂપિયા માટે યોગ્ય ઠરું તેવો હતો, પણ ખેર મને એમ હતું કે તમે મારા ઊંચા નૈતિક આચરણથી પ્રભાવિત થશો.

આ પ્રસંગે કેદાર શર્માએ ઈંડિયન એકેડેમી ઑફ મોશન પિક્ચર્સ આર્ટ્સ ઍન્ડ સાયન્સીસ, બૉમ્બે દ્વારા પ્રગટ થયેલા પુસ્તક ફિફ્ટી યર્સ ઑફ ઈંડિયન ટોકિઝ (૧૯૩૧-૧૯૮૧)માં વિગતે વર્ણવ્યો છે. એના વિમોચનવેળા આ લખનાર પણ ઉપસ્થિત હતો. પોતાના વક્તવ્યમાં ઈંદિરાજીએ કેદાર શર્માનો આ પ્રસંગ ટાંકીને સૌને હસાવ્યા. કોઈએ 'કેદારનાથ' એમ બૂમ પાડી ત્યારે ચિક્કાર પ્રેક્ષકો વચ્ચે ક્યાંક બેઠેલા એવા એ ઊભા તો ન થયા, માત્ર હાથ ઊંચો કર્યો હતો, એ જ હું જોઈ શક્યો.

૧૯૩૩માં ન્યૂ થીએટર્સમાં પેઈન્ટર તરીકે પડદા રંગનાર તરીકે દાખલ થનાર કેદાર શર્મા માત્ર બે જ વર્ષના ગાળામાં 'દેવદાસ'ના સંવાદો તથા ગીતો લખવાનું કામ કેવી રીતે મેળવી શક્યા? ખરેખર એની પાછળ પણ નાટકીય કહાણી છે. પેઈન્ટર તરીકે દાખલ થયા પછી પણ એમનો મૂળ મકસદ દેવકી બોઝને મળવાનો હતો. દેવકીબાબુને જોવા અને મળવા વચ્ચે વરસાદને જોવા અને એમાં પલળવા જેટલો ફેર હતો. દેવકીબાબુની મુલાકાત મેળવવા માટે છેવટે એમણે પૃથ્વીરાજ કપુરની મદદ માગી કે જે એક પંજાબી અને મૂળભૂત રીતે જ સરળ ઈન્સાન હોવાના કારણે કેદારનાથ સાથે ઠીકઠીક નૈકટ્ય ધરાવતા હતા. કેદારનાથે પૃથ્વીરાજને પોતાનો મનોરથ જણાવ્યો કે એમણે સેકંડના પણ વિલંબ વગર 'જા બિલાડી મોભામોભ' કહેવતનો પરિચય કરાવ્યો. 'ના દોસ્ત, દેવકીબાબુ મારું તે કોઈ દિવસ માનતા હશે? એમ કર...' એમણે અમૂલ્ય સલાહ આપવાના ભાવથી કહ્યું : 'તું સાયગલને મળ. તારો બેડો પાર'. કેદારનાથ સાયગલને મોટે ઉપાડે મળ્યા પણ એ તો તરત જ પાણીમાં બેસી ગયા. દેવકીબાબુને મારા વેણની કોઈ કિંમત હોય એમ તું માનતો હોય તો ખાંડ ખાય

છે. અરે, મારે અને એમની વચ્ચે લટકસલામનો જ વ્યવહાર છે. બાકી મને તો એ બાબુ સારો અભિનેતા પણ નથી માનતા. એક વાંર એ સરકાર સાહેબ પાસે એમ બોલી ગયા હતા કે, 'પૂરણ ભગતમાં મેં સાયગલ પાસે અભિનય કરાવીને ધતૂરામાંથી અત્તર કાઢી બતાવ્યું છે.'

કેદાર શર્માનું મોઢું આ સાંભળીને પડી ગયું એટલે પછી સાયગલને દયા આવી. એમણે એમને ખભે હાથ મૂકીને કહ્યું : 'એમ હિમ્મત ન હારી જા. આપણે દેવકીબાબુનો સ્વભાવ જાણીએ છીએ. એ મરદોથી નહીં માને, પણ ઓરતની વાત તો નહીં જ ટાળી શકે.'

'તો શું મારે એમની બૈરીને મળવું ?'

'ના' સાયગલે કહ્યું : 'આપણે દુર્ગાબાઈ (દુર્ગા ખોટે)ને કહીશું. આજકાલ એ મારી પાસે સંગીત શીખવા રોજ બબ્બે કલાક બેસે છે. એણે પ્રભાત ફિલ્મ કંપનીની પોતે કલાકાર હોવા છતાં ન્યૂ થીએટર્સમાં પણ સાથોસાથ જ પ્રવેશ મેળવી લીધો છે. એ શું બતાવે છે ? તારા માટે આ મામૂલી કામ ન કરી શકે ? હા, તારા માટે એ ભલામણ ભલે ન કરે, પણ દેવકીબાબુ સાથે મોઢામોઢ તો કરાવી શકે ને ? હાલ એ એમની 'સીતા'માં હિરોઈન છે.'

'પણ એમને કહેશે કોણ ?'

'હું એમને કાને વાત નાખીશ. મેં કહ્યું ને !'

ને સાયગલે તરત જ વચન આપ્યું. દુર્ગાબાઈએ 'ગુરુ'ની વિનંતી માન્ય રાખી. દેવકીબાબુને વાત કરી ને મુલાકાત ગોઠવાઈ.

પણ પહેલી જ મુલાકાતમાં દેવકીબાબુએ આ કેદાર શર્માને પૂછ્યું, 'બોલો, શું કામ કરી શકશો ?'


'ડાઈરેકશનનું કામ મળે તો બહુ થયું !'

દેવકીબાબુનાં ભવાં ઊંચાં થયાં : 'હુ હજુ જીવું છું. બીજા કોઈનો ચાન્સ ડાઈરેક્ટર તરીકે ન લાગે.'

'તો પછી' કેદાર શર્માએ કહ્યું, 'કુલીનું કામ કરવા પણ રાજી છું.'

'કુલીનું કામ કરવા માટે...' દેવકી બાબુ જરી મરક્યા, 'તમારી તબિયત નાજુક ગણાય. જુઓને પાઘડીનો બોજો નથી ઊંચકી શકતા એટલે તો ઉઘાડે માથે ફરો છો. કુલીનું કામ શું કરી શકવાના ?'

ગમે તેમ પણ દેવકીબાબુને આ જુવાનની હાજરજવાબી, રમૂજવૃત્તિ, મહત્ત્વાકાંક્ષાની ગુણવત્તા અને છતાં કોઈ પણ કામ કરવાની તૈયારી જેવા ગુણો ગમી ગયા. પણ કેદાર શર્મા સાથે પોતે પાડેલા ફોટોગ્રાફ્સ પણ લઈ ગયા હતા, એ પણ કાંઈ નાખી દીધા જેવા નહોતા. પરિણામે એમણે સેટ પરથી પોતાની ફિલ્મ, કે જે ન્યૂ થીએટર્સની બંગાળી ફિલ્મ હતી તેની, સ્ટીલ ફોટોગ્રાફીનું કામ એમને સોંપ્યું. આમ, કેદાર શર્મા પડદા - ચીતરનારમાંથી આગળ વધીને સ્ટીલ ફોટોગ્રાફર બની ગયા. સ્ટીલ ફોટોગ્રાફી



ફિલ્મ 'દેવદાસ'નું એક બેનર

એ આમ બઢતી ગણાય પણ આકાશને આંબવા માગનારને માટે એ અગાસીમાં પહોંચ્યા બરાબર હતું. જો કે તેમણે મન દઈને કામ કરવા માંડ્યું. એક ચીજ તેમનામાં જન્મજાત હતી. સોંપાયેલું કામ ભલે ને ચાનો ઑર્ડર આપવા જેવું તુચ્છ હોય, પણ એમાં કંઈક અદકેરું કરી બતાવવું. એટલે એક વાર એ ઉત્સાહની અજમાઈશ જરા જોખમી રીતે કરવા ગયા ને ત્યારે એમને જશને બદલે જૂતિયાં મળ્યાં. કઈ રીતે ?

દેવકી બોઝ ફિલ્મ 'સીતા'નું, વાવંટોળમાં સપડાયેલી સીતાનું, એક દશ્ય ફિલ્માવી રહ્યા હતા. પહેલી જ વાર ન્યૂ થીએટર્સમાં બનાવટી જંગલ ખડું કરવામાં આવ્યું હતું. અને એરોપ્લેનમાં આગળ પંખા તરીકે વપરાતા બે જંગી પ્રોપેલર્સ ભાડે લાવવામાં આવ્યા હતા. એનાથી થોડે દૂર પાંદડાં-ડાંખળાંનો ઢગલો કરવામાં આવ્યો હતો. જેથી પ્રોપેલરના ચાલુ થવા સાથે જ એ સૂકાંલીલાં પાંદડાં ચોતરફ ઊડે, વાતાવરણમાં છવાઈ જાય ને વાવંટોળ-આંધીનું હૂબહૂ દશ્ય તાદશ્ય થાય. કેદાર શર્મા પોતાના સ્ટીલ કૅમેરા સાથે તૈયાર જ ઊભા હતા. પચ્ચીસ વર્ષની વયનો થનગનાટ આંગળીમાં ઊતરી આવ્યો હતો. દશ્યાંકન શરૂ થયું. પ્રોપેલર ધમધમવા માંડ્યા કે તરત જ પાંદડાં ઊડવા માંડ્યાં. પણ પવન એટલો જોરથી ફેંકાઈ રહ્યો કે બે-ત્રણ મિનિટમાં જ ડાળાં-પાંદડાંનો ઢગલો પૂરો થઈ ગયો. દૂરના એક બીજા ખૂણામાં જંગલમાંથી મગાવેલો એનો જંગી જથ્થો અનામત રાખવામાં આવ્યો હતો. નિયુક્ત થયેલો કર્મચારી ત્યાં જઈને એમાંથી આખો બચકો ભરીને ફરી પ્રોપેલર્સ આગળ મૂકે તે પહેલાં પ્રોપેલર્સને

થંભાવી દેવા જરૂરી હતા. પણ ઉત્સાહનો અદમ્ય ઊભરો અનુભવતા કેદાર શર્મા દેવકીબાબુને વહાલા થવાના આશયથી જાતે જઈ એનો જથ્થો બથાવીને ચાલુ પ્રોપેલર ભણી દોડ્યા. પ્રોપેલર એટલા વેગથી ફરતા હતા કે એની પાંખોનો પહોળો પરિઘ દેખાતો જ નહોતો. કેદારનાથને એની ભયાનક ઝપટમાં આવી જવાને બસ માત્ર એક પલકભરની જ વાર હતી કે દેવકીબાબુએ બાવડું પકડીને એમને પાછા ખેંચી લીધા અને ગાલ પર તમાચો ચોડી દીધો. સન્નાટો છવાઈ ગયો. એક જીવલેણ કારમી દુર્ઘટના બનતાં બનતાં રહી, ગઈ. કેદારનાથની 'બેજવાબદાર વર્તણૂક' બદલ સ્ટીલ ફોટોગ્રાફર તરીકેની એમની નોકરી ગઈ.

થોડા દિવસ તો આ તમ્મરની કળ વળતાં થયા. પછી ફરી દેવકીબાબુ પાસે ગયા ત્યારે ભલા પણ વ્યવહારુ દેવકીબાબુએ એમને ફરી નોકરી તો આપી પણ નીચા સ્તરની એટલે કે સ્ટીલ ફોટોગ્રાફરની નહીં પણ પોસ્ટર પેઈન્ટરની, કારણ? એમાં તમારે દેખાય તે જ ચીતરવાનું હોય છે. ન દેખાતી વસ્તુની ઝપટમાં આવી જવાની એમાં કાંઈ બીક - નથી

ફરી ઠેરના ઠેર આવી ગયેલા કેદારનાથે એ નિર્ણય પણ લાચાર મને સ્વીકારી લીધો. પત્નીને લખ્યું, 'મને બઢતી મળી સ્ટીલ ફોટોગ્રાફરમાંથી ચિત્રકાર. હા, પગાર ઘટ્યો છે. ઊંચી નોકરી હોવાથી મેં નીચો પગાર સ્વીકાર્યો છે. વિચાર તો ખરી, હવે હું કોઈ હીરોઈનના ચોકઠામાં તારો અણસાર ચીતરી શકીશ. તું ખુશ થાજે. મારી કલાકૃતિઓ દેશભરની ગલીએ ગલી અને દીવાલે દીવાલ પર તું જોઈ શકીશ.' અગાસીમાંથી ફરી મેઝેનીન (મધ્ય) ફ્લોર પર આવી ગયેલા કેદારનાથ આમ છતાં હંમેશાં આનંદી કાગડાની જેમ રહેતા. એવામાં એક દિવસ એમના જીવનની જબરી નિર્ણાયક ઘટના બની.

એક વાર ચોમાસાના દિવસોમાં પોતાની ખોલીથી ન્યૂ થીએટર્સના બાલીગંજના સ્ટૂડિઓ ભણી પગપાળા જઈ રહ્યા હતા કે એકાએક ધોધમાર વરસાદ તૂટી પડ્યો. છત્રી કે રેઈનકોટ વિહોણા કેદારનાથ પલળી તો ગયા પણ ચામડીની આરપાર ધ્રૂજી રહ્યા. સ્ટૂડિઓની શિસ્ત ચુસ્ત હતી એટલે મોડું કરવું પાલવે એમ નહોતું. એ બિચારા મૂંઝવણમાં પડી ગયા અને આકાશને બદ્દુવા દેવા માંડ્યા. એવામાં જ સડક પર એ ચાલતા હતા તે ફૂટપાથની લગોલગ એક કાર જોરદાર બ્રેક સાથે ઊભી રહી. કેદારનાથે ચમકીને જોયું, 'અરે, આ તો સ્ટૂડિઓના અધિષ્ઠાતા બી.એન. સરકાર ખુદ !

હા, એ આ જુવાનને ઓળખતા હતા તે એટલા પૂરતું જ કે આપણા સ્ટૂડિઓમાં નોકરીએ આવે છે. ક્યા 'સિંહાસન' પર આરૂઢ છે, એની તો એમને ખબર નહોતી, પણ ઠૂંઠવાતા કેદારનાથને જોઈને એમને દયા આવી ગઈ. અને કહ્યું : 'હજુ સિગ્નલ બંધ છે. ગાડીમાં બેસી જા.'

આવી જબરદસ્ત વૈભવશાળી કારમાં, બી.એન. સરકાર ખુદ એમને લિફ્ટની ઑફર કરે તે તો કેદારનાથે સ્વપ્નેય કલ્પ્યું નહોતું. એક ક્ષણ તો એમને આ સુખાઘાત પચાવતાં થઈ. પછી 'આભાર' બોલીને એમણે કારનો દરવાજો ખોલવાની પેરવી કરી પણ કારને હેંડલ જ નહોતું ! આમ કેમ ? કદાચ એ કોઈ પુશબટનથી ખૂલતી હતી, જેની આ અકિંચન પોસ્ટર-પેઈન્ટરને ગમ નહોતી. આ ક્ષણે એમનો વિનોદી સ્વભાવ ઊછળી આવ્યો. એણે બે હાથની તાળી પાડીને કારના દરવાજા ભણી જોઈને કહ્યું : 'ખૂલ જા સીમસીમ.' અલીબાબા અને ચાલીસ ચોરની અરેબિયન નાઈટની વાર્તા એ દિવસોમાં બહુ મશહૂર હતી. એટલે સરકારના દિમાગમાં પણ એનો સંદર્ભ વિદ્યુતરેખાની જેમ ચમકી ઊઠ્યો અને એ ખડખડાટ હસી પડ્યા. એમણે જાતે જ અંદરથી એક બટન દબાવીને દરવાજો ખોલી આપ્યો. પાણીથી તરબોળ કપડાં સાથે 'શેઠ'ની બાજુમાં બેસતાં કેદારનાથને ભારે સંકોચ થઈ આવ્યો. સીટ બગડે એ તો દેખીતું જ હતું. પણ શું થાય ?

'શું કામ કરો છો સ્ટૂડિઓમાં ?' સરકારે પૂછ્યું.

'પછી કહું,' કેદારનાથ બોલ્યા : 'પણ મારે આપને એક વાત કહેવાની રજા આપો તો કહેવી છે.'

'મારા પ્રશ્નનો આ જવાબ નથી.'

'એ આપના પ્રશ્નનો જ, પણ એક્સ્ટેન્ડેડ, જવાબ છે.' કેદારનાથે કહ્યું, 'રજા આપો તો...'

'આપી. બોલો.' 'લૉર્ડ ક્લાઈવે જ્યારે કલકત્તામાં પહેલી વાર પગ મૂક્યો ત્યારે એમણે કહ્યું હતું કે એક વાર મારા હાથમાંથી (સહી કરવાની) કલમ લઈ લો અને તલવાર આપી જુઓ. પછી જુઓ હું શું કરું છું ? એમ મારે આપને કહેવાનું કે જેનાથી રોજ હું કાગળિયાં કાળાંપીળાં કરું છું એ બ્રશ (પીંછી) પાછું લઈ લો અને કલમ આપી જુઓ. પછી જુઓ કે હું શું કરું છું ? માણસ સાચો છે, ખુરશી ખોટી આવી ગઈ છે.'

ખરેખર કેદારનાથના જવાબમાં એક્સ્ટેન્ડેડ (પ્રલંબિત) સચ્ચાઈ હતી એ સરકાર જોઈ શક્યા. જો કે એ વખતે તો એ કશું બોલ્યા નહીં. એમની ગાડી સ્ટૂડિઓના પ્રાંગણમાં પ્રવેશી ત્યારે ઝાંપો ખોલતી વેળા દરવાને એટેન્શનની મુદ્રામાં એમને જોરદાર સલામ ઝીંકી ત્યારે સરકારની સાથોસાથ કેદારનાથે પણ સહેજ પાંપણ ઝબકાવીને સ્વીકારવાનો ડોળ કર્યો. એથી એમને ભારે તુષ્ટિ મળી, કારણ કે આ એ જ દરવાન હતો જેણે અનેક વાર કેદારનાથને સ્ટૂડિઓના આ જ ઝાંપેથી પાછા કાઢ્યા હતા અને એ પણ તિરસ્કારપૂર્વક.

આ સુખદ પળોની મઝા માત્ર એની સ્મૃતિ માણવા સુધી જ

(અનુસંધાન પૃ. ૭૧૧)

ગુનાની કબૂલાત

મૂળ લેખક : હેર્મન સુદર્મન, સંક્ષિપ્ત રૂપાંતર : હરિત પંડ્યા

જૂની ઢબના મકાનની ઊંચી છતથી તેલિયો લૅમ્પ લટકી રહ્યો હતો. લૅમ્પની નીચે ગોળ ટેબલ ગોઠવાયેલું હતું. ઓરડામાંનું બીજું રાચરચીલુંય પુરાણા જમાનાની યાદ તાજી કરાવે એવું હતું.

તેલિયા લૅમ્પના લીલા રંગના શેડથી રચાતા પ્રકાશિત વર્તુળની રેખાની બહાર બેય વૃદ્ધો બેઠા હતા. ઉમ્મરને લીધે તેઓ કમરમાંથી સહેજ વાંકા વળી ગયા હતા. બેમાંના એકની મૂછો ધારદાર હતી ને ભ્રમરોય ખાસ્સી ભરાવદાર હતી. એ કારણે એ નિવૃત્ત લશ્કરી અધિકારી હશે એમ સહેજે કલ્પી શકાય. એ ખુરસીના હાથાને મજબૂત રીતે પકડીને બેઠો હતો. ને મોંમાં કશુંક મમળાવ્યા કરતો હતો. એનું નીચલું જડબું સહેજ ઉપર-નીચે થયા કરતું હતું. એ સિવાય એ એની ખુરસીમાં સ્થિર બેઠો હતો. બીજો વૃદ્ધ કૅપ્ટનની સરખામણીમાં જરા પાતળો ને ઊંચો હતો. એના ખભા સાંકડા હતા અને માથું મોટું હતું. એનો દેખાવ ચિંતકના જેવો હતો. હોલવવાની અણી પર આવી રહેલા હોકાની નળીમાંથી એ થોડી થોડી વારે આછો દમ ખેંચ્યા કરતો હતો. કરચલિયોનાં જાળાંથી છવાઈ ગયેલા એના ચહેરા પર સફેદ જુલ્ફાં ઊતરી આવ્યાં હતાં. એણે એની નિયતિનો સહર્ષ સ્વીકાર કરી લીધો છે એની પ્રતીતિ કરાવતું સ્મિત એના હોઠ પર ફરકતું હતું.

હોકાની ગડગડાટી સિવાય ઓરડામાં બધે શાંતિ છવાયેલી હતી. અચાનક, અંધારી દીવાલ પર ખોડાયેલી ઘડિયાળે એના ઘોઘરા સૂરમાં અગિયારના ટકોરા ઝીંક્યા.

'બસ, આ જ ઘડીએ એ આપણે માટે શરાબની પ્યાલીઓ તૈયાર કરવાની શરૂઆત કરી દેતી.' પેલા મોટા માથાવાળાએ જરા થડકાટભર્યા સૂરમાં કહ્યું.

'હા, આ જ સમયે.' બીજાએ કહ્યું. એના અવાજમાં લશ્કરી અધિકારીનો રૂઆબ રણકતો હતો.

'એના વિના આટલું સૂનું લાગશે એવું ધારેલું નહીં.' પહેલાએ કહ્યું.

કૅપ્ટને માથું ધુણાવીને સંમતિ દર્શાવી.

'ચુમ્માલીસ વર્ષો સુધી એણે આ રીતે આપણે માટે શરાબની પ્યાલીઓ તૈયાર કરેલી.'

'હા, મારી બદલી બર્લિનમાં થઈ અને આપણી મૈત્રી જામી ત્યારથી.'

'ગયા વર્ષે આ ટાણે આપણે ત્રણે કેવી મોજમઝા કરતાં હતાં!' કૅપ્ટનના મિત્રે કહ્યું. 'તમારા સૌથી મોટા દીકરાના દીકરા માટે એ મોજાં ગૂંથતી પેલી ખુરશીમાં બેઠી હતી. બાર વાગતાં પહેલાં એ એનું ગૂંથવાનું કામ પૂરું કરી દેવા માગતી હતી, એટલે એના કામમાં એ ગળાબૂડ થઈ ગઈ હતી. ને બારના ટકોરા પહેલાં એણે એ કામ પતાવીય દીધેલું. પછી આપણે શરાબના ઘૂંટ ભરતાં ભરતાં મૃત્યુ વિષે ચર્ચા કરવા મંડી પડેલા. ને... વિધિની વક્રતા તો જુઓ ! એ પછી બે મહિનામાં તો એ આપણને છોડીને ચાલી ગઈ. તને યાદ હશે મેં 'વિચારોની શાશ્વતતા' વિષે એક પુસ્તક લખ્યું છે. ત્યારે તારે મન એ પુસ્તકનું ખાસ કશું મહત્ત્વ નહોતું. એના અવસાન પામ્યા પછી હવે મનેય એનું મહત્ત્વ રહ્યું નથી.'

'એ મારું સારું ધ્યાન રાખતી. મારે સવારે પાંચ વાગે ડ્યૂટિ પર જવાનું હોય ત્યારે એ મારા કરતાં વહેલી ઊઠીને મારે માટે કૉફી બનાવતી. એનામાં કશી ત્રુટિઓ નહોતી એવું નહીં. એ તારી સાથે તત્ત્વજ્ઞાનની ચર્ચામાં ઊતરી પડતી ત્યારે તો... બાપ રે !' કૅપ્ટને કહ્યું.

'તું એને કદી સમજી શક્યો નો'તો.' આમ કહેતાં કૅપ્ટનના મિત્રથી સહેજ ગુસ્સે થઈ જવાયું. એના ગુસ્સાને કાબૂમાં રાખવાનો પ્રયાસ કરવા જતાં એના હોઠના ખૂણા આછું ધ્રૂજવા લાગ્યા. એની નજરમાં ઉદાસી વ્યાપી ગઈ. વિષાદઘેરી નજરે એ કૅપ્ટનને જોઈ રહ્યો. એનાથી અજાણતાં કોઈ ભૂલ થઈ ગઈ હોય એવો ભાવ એના ચહેરા પર લીંપાઈ ગયો. થોડી વાર મૌન રહ્યા પછી એણે ફરી બોલવા માંડ્યું.

'ફ્રેન્ઝ, આજે હું તને કંઈક કહેવા માગું છું. વર્ષોથી એ વાત મને કઠતી રહી છે. એ વાતને મારા હૈયામાં ધરબેલી રાખીને હું કબર ભેગો થવા નથી ઇચ્છતો.'

'કઈ વાત ? બકી નાખને ઝટ.' કહી કૅપ્ટને હોકાની નળી હાથમાં લીધી.

'એક પ્રસંગે હું ને તારી પત્ની...'

એ સાથે જ કૅપ્ટનના હાથમાંથી હોકાની નળી નીચે સરી પડી. વિસ્ફારિત નજરે એ એના મિત્ર ભણી જોઈ રહ્યો. નજર હઠાવ્યા વિના આમ જ જોઈ રહ્યા પછી થોડી વારે એ બોલ્યો :

'પ્રોફેસર, આ સમય મજાક કરવાનો નથી.'

'આ મજાક નથી, હકીકત છે. ચાલીસ વર્ષથી આ વાત મારા હૈયામાં ધરબી રાખીને હું જીવતો આવ્યો છું. મને લાગે છે કે એ વાત તને કહેવાનો સમય હવે પાકી ગયો છે.' પ્રોફેસરે કહ્યું.

'એટલે, તું એમ કહેવા માગે છે કે મારી પત્ની મને વફાદાર નો'તી ?' કૅપ્ટને જરા ઊંચા અવાજમાં કહ્યું.

'આમ કહેતાં તને શરમ નથી આવતી ?' પ્રોફેસરથી જરા વ્યગ્ર થઈ જવાયું.

કૅપ્ટને હોકાની નળી હાથમાં લીધી. દમ ખેંચતાં ખેંચતાં એ કશુંક ન સમજાય એવું બબડતો રહ્યો.

'કૅપ્ટન, એ તો દેવી સમાન વિશુદ્ધ હતી. આપણા ત્રણમાં જો કોઈ પાપી હોય તો તે હું અને તું છીએ, એ નહીં. મારી વાત જરા ધ્યાનથી સાંભળ. હું જે પ્રસંગ તને કહેવા માગું છું એને ચાલીશ વર્ષ થયાં. તારી બદલી જે વર્ષે બર્લીનમાં થયેલી, એ જ વર્ષે હું અહીંની યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે નિમાયેલો. એ વખતે તો તું કેવો રંગીલો હતો, યાદ છે ને તને એ બધું ?'

'હા, કેમ નહીં ?' કહેતાં કૅપ્ટનનો હાથ, અનાયાસ, એની મૂછને અડી ગયો.

'ત્યારે આ શહેરમાં એક નારી રહેતી હતી, યાદ છે ? કાળી કાળી આંખો અને દૂધ જેવા સફેદ દાંતવાળી.' પ્રોફેસરે કહ્યું.

'બરાબર યાદ છે. બિયેન્કા નામ હતું ને એનું ?' કહેતાં કૅપ્ટનના ચહેરા પર આછું સ્મિત ફરકી ગયું. 'એ સફેદ દાંત કોઈને કરડવાના કામમાંય એ લેતી.' 'તું તારી પત્નીને બેવકૂફ બનાવતો રહેલો. એને તારા પર શંકા તો ગયેલી પણ એ બાબતે એણે તને કશું કહેલું નહીં. મારી માના મૃત્યુ પછી મારા જીવનમાં પ્રવેશેલી એ પહેલી સ્ત્રી હતી. હા તારી પત્ની. મારી જિંદગીના આસમાનનો એ ચમકતો સિતારો હતો. એના તરફ હું હંમેશાં અહોભાવથી જોતો રહેતો. એના ચહેરા પર કોઈ અકથ્ય વેદના છવાયેલી રહેતી. એક વાર મેં એ વિષે પૂછવાની હિમ્મત કરી ત્યારે એણે કહ્યું કે એ તો સુવાવડ પછી આવી જતી અશક્તિને કારણે એવું લાગે. તને તો ખબર છે ને, તારા દીકરા પૉલના જન્મ પછી તરતના એ દિવસો હતા પછી તો નવા વર્ષની પૂર્વસંધ્યા આવી પહોંચી. હું દર વર્ષની જેમ તે વર્ષેય આઠ વાગે તારે ત્યાં આવી ગયેલો. એ બેઠી બેઠી કશુંક ગૂંથતી હતી. મેં પુસ્તક ઉપાડીને મોટેથી વાંચવા માંડ્યું. તારા આગમનની રાહ જોતાં અમે બેઠાં રહ્યાં. સમય પસાર થતો ગયો ને છતાં તારું આગમન થયું નહીં. એ કારણે વધારે ને વધારે અસ્વસ્થ બનતી જતી હતી, એમ મને લાગ્યું. એના આખા શરીરમાં આછો કંપ વ્યાપી ગયો હતો. એ ક્ષણે તું ક્યાં હોઈશ એની મને ખબર હતી. બિયેન્કા સાથે રંગરેલિયાં મનાવવામાં મશગૂલ થઈને તું કદાચ નવા વર્ષની પૂર્વસંધ્યાની મધ્યરાત્રિનો અવસરેય ભૂલી જઈશ એવી દહેશત મારા અંતરને કોરી રહી હતી. એણે ગૂંથવાનું પડતું મેલી દીધું હતું. મેંય પછી વાંચવાનું બંધ કરી દીધું. ઓરડામાં બધે ગમગીનીભરી શાંતિ છવાઈ ગઈ હતી. મારી નજર એના પર મંડાયેલી હતી. એની પાંપણો નીચે અશ્રુબિન્દુઓ આકાર લઈ રહ્યાં હતાં. ક્ષણાર્ધ પછી એ અશ્રુબિન્દુઓ એના ગાલ પરથી સરકીને એના ખોળાને ભીંજવી રહ્યાં. મારાથી બેસી રહેવાયું નહીં. હું એકદમ ઊભો થઈ ગયો ને તારી શોધમાં નીકળવા બહાર જવાનું કરતો હતો, ત્યાં એ પણ ઊભી થઈ ગઈ, ને વેદનાભર્યા સ્વરમાં મને કહેવા માંડી, 'ક્યાં ચાલ્યા તમે ?' મેં કહ્યું, 'પેલાને લેવા.' એ રડમશ અવાજમાં બોલી, 'તમેય મને છોડીને ચાલ્યા જશો ? તમે તો રહો મારી પાસે.' કહી એ, હું જ્યાં ઊભો હતો ત્યાં ધસી આવી ને મારા બન્ને ખભાને એના હાથો વડે પકડીને એણે એનું માથું મારી છાતી પર ટેકવી દીધું. મારાં રૂંવેરૂંવાંમાં કંપ વ્યાપી ગયો. કોઈ પણ સ્ત્રીની આટલી નિકટતા આ પહેલાં મારી જિંદગીમાં મેં ક્યારેય અનુભવેલી નહીં પણ મેં મારી જાતને સમાલી લીધી. એને વાંસે હળવેથી હાથ ફેરવી હું એને સાંત્વન આપતો રહ્યો. એને ત્યારે શાંત્વનની ખૂબ જરૂર હતી. એ પછી તરત તારી પધરામણી થયેલી. મારા ચહેરા પરના ભાવો વાંચવા જેટલી તારી સ્વસ્થતા ક્યાં હતી ? તારી આંખોમાં નશાનું ઘેન ભારોભાર ભર્યું હતું. એ પ્રસંગથી મારામાં ગજબનું પરિવર્તન આવી ગયેલું. એણે મને નખશિખ હલબલાવી નાખેલો. એના કોમળ હાથના સ્પર્શે મારામાં ઘમસાણ મચાવી મૂકેલું. એના કેશમાંથી ઊઠતી ખુશ્બૂએ મારા લાગણીતંત્રમાં ઝણઝણાટી પ્રસરાવી દીધેલી. બસ, એ ક્ષણથી એ આસમાનનો સિતારો મટી ગઈ ને એણે એક સુંદર સ્નેહથી ભરપૂર સ્ત્રીનું રૂપ ધારણ કરી લીધું. મારી નજરમાં આ જ કારણે હું મારી જાતને પાપી દગાબાજ કહીને ફિટકારતો રહ્યો છું આજ દિ સુધી, ને આ જ કારણે તને બિયેન્કાના પાશમાંથી મુક્ત કરવા હું પ્રવૃત્ત થઈ ગયેલો, જેથી મારા અંતરાત્માને થોડીઘણી શાંતિ મળે. ત્યારે સદ્‌ભાગ્યે મારી પાસે થોડા પૈસા હતા. તને બિયેન્કાથી છોડાવવા એ બધા પૈસા એ બાઈ આગળ મેં ધરી દીધા. પૈસાના બદલામાં તારા જીવનમાંથી ખસી જવા એ સંમત થઈ, અને....'

'એટલે અહીંથી રવાના થતાં પહેલાં બિયેન્કાએ મને જે કાગળ લખેલો એ તારા આ કાવતરાને પ્રતાપે ? પત્રમાં એણે લખેલું કે એના પ્રેમપાશમાંથી એણે મને મુક્ત કરી દીધો છે. જો કે એમ કરતાં એનું હૈયું ચિરાઈ જાય છે, એમ પણ એણે ઉમેરેલું.' કૅપ્ટનના અવાજમાં આછો રોષ વર્તાતો હતો.

'હા, એ પત્ર માટે હું જ જવાબદાર હતો. પણ સાંભળ ! હજુ તો મારે ઘણું કહેવાનું બાકી છે. તને બિયેન્કાથી મુક્ત કરીને મારે મારા મનની હરાઈ ગયેલી શાંતિ પાછી મેળવવી હતી. પણ એમ થઈ શક્યું નહીં. મારા મનમાં દુષ્ટ વિચારોનું ઘમસાણ મચેલું રહ્યું. શાંતિની શોધમાં, હું મારા લેખનકામમાં ગળાબૂડ રહેવા માંડ્યો. આ જ અરસામાં મેં 'વિચારોની' શાશ્વતતા વિષે લખવાની યોજના ઘડી કાઢેલી. છતાં મનની શાંતિ મારાથી દૂર ભાગતી રહી. આમ ને આમ એક વર્ષ પસાર થઈ ગયું. ને નવા વર્ષની પૂર્વ-સંધ્યા આવી પડી. એ સાંજે હું અને એ પાસપાસે બેઠાં હતાં. તું તે

દિવસે ઘેર જ હતો. પણ કૅસિનોમાં રમીને આવ્યા પછી થાકીને લોથ થઈ ગયેલો એટલે તારા રૂમમાં સૂઈ ગયેલો. મારી નજર એના નિસ્તેજ ચહેરા પર પડી. એ સાથે પુરાણી યાદ તાજી થઈ આવી. એના મસ્તકને મારી છાતી સાથે જડી દેવાની ને એના કેશમાંથી ઊઠતી ફોરમને ફરી એક વાર માણી લેવાની એષણા મારામાં જાગી. એક ક્ષણ માટે અમારી આંખો મળી. એની આંખોમાં મને મારી લાગણીનો પડઘો ઝિલાતો જણાયો. હું જાત પર કાબૂ રાખી શક્યો નહીં. એની નિકટ જઈને મેં એના ખૉળામાં મારું મોં ખૂંપાવી દીધું. બે-એક ક્ષણ આમ વીતી હશે. ત્યાં એનો કોમળ હાથ મારા માથા પર ફરતો મને લાગ્યો. થોડી વારે એનો મૃદુ સ્વર સંભળાયો, 'નહીં, મિત્ર, આમ હિમ્મત નહીં હારવાની. નબળાઈઓ સામે પૂરી શક્તિથી ઝઝૂમતા રહેવાનું છેવટ સુધી આપણે તો. તારો મિત્ર તારામાં પૂર્ણ વિશ્વાસ રાખીને એના રૂમમાં નિરાંતે સૂઈ ગયો છે. એને છેહ ન દેવાય આપણાથી.' એ સાંભળતાં જ હું સફાળો બેઠો થઈ ગયો, ને બેબાકળો બનીને ઓરડામાં ચોમેર જોઈ રહ્યો. એણે ટેબલ પરથી એક પુસ્તક લીધું ને મને આપ્યું. એને જે કહેવાનું હતું તે હું પામી ગયો. મેં આડેધડ પુસ્તક ઉઘાડ્યું ને મોટેથી વાંચવા માંડ્યું. હું શું વાંચતો હતો એની મને ખબર નો'તી. પુસ્તકનાં પાનાં પરના અક્ષરો મારી નજર સમક્ષ નાચતા રહ્યા. પણ મારામાં ઊઠેલું તોફાન શમી ગયું હતું. ને જ્યારે બારના ટકોરા પડ્યા ને તું ઊંઘથી ઘેરાયેલી આંખે નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવા ત્યાં આવ્યો ત્યારે તો પેલી મલિન વૃત્તિ મારાથી જોજનો દૂર ચાલી ગઈ હતી.

'ત્યારથી હું પરમ શાંતિનો અનુભવ કરી રહ્યો છું. મારા પ્રેમનો સાનુકૂળ પ્રતિસાદ મને એના તરફથી સાંપડેલો નહીં. પછી તો વર્ષો વીતતાં ગયાં. તારાં બાળકો મોટાં થઈને જીવનમાં ઠરીઠામ થયાં. આપણે ત્રણેય સાથે વૃદ્ધ થતાં ગયાં. તેં તારા રંગીલા જીવનનો ત્યાગ કર્યો. ને પછી તો તું બિયેન્કાનેય ભૂલી ગયો. ને તારી પત્નીને સંપૂર્ણ રીતે વફાદાર રહીને જીવન વિતાવતો રહ્યો, મારી જેમ. એને પ્રેમ કરવાનું છોડી દેવાનું તો મારે માટે શક્ય નહોતું. પણ એ પ્રેમે જુદું જ સ્વરૂપ ધારણ કરી લીધેલું. દૈહિક એષણાઓ તો ક્યારની બળીને ભસ્મીભૂત થઈ ગઈ હતી. આપણે ત્રણે વચ્ચે આત્માનું સાયુજ્ય સધાયું હતું. અમે બન્ને જ્યારે તત્ત્વજ્ઞાનની ચર્ચા પર ઊતરી પડતાં ત્યારે તું મશ્કરી ભર્યું હસતો રહેતો. પણ એ ચર્ચાઓ દરમિયાન અમારા આત્માઓ એટલા નજીક આવી જતા કે એનો તને સહેજ સરખોય ખ્યાલ આવ્યો હોત તું ઈર્ષાની આગમાં જલી મરત. પણ... અત્રે તો એ આપણી વચ્ચે નથી, ને આવતા વર્ષની પૂર્વસંધ્યા આવતાં પહેલાં આપણે પણ કદાચ એની રાહે પડી ગયા હોઈશું. એટલે બહુ મોડું થઈ જાય એ પહેલાં મેં મારા ગુનાની કબૂલાત તારી સમક્ષ કરીને મારા હૈયાનો ભાર હળવો કરી નાખ્યો આજે. ફ્રેન્ઝ, મને માફ કર. હું તારો ગુનેગાર છું.' કહી પ્રોફેસરે એના મિત્ર ભણી પોતાનો હાથ લંબાવ્યો.

થોડો કચવાટ અનુભવતો હોય એ રીતે ફ્રેન્ઝ બોલ્યો :

'આમાં માફ કરવા જેવું ક્યાં કશું છે ? તેં હમણાં મને જે વાત કરી એ તો હું વર્ષોથી જાણતો હતો. આજથી ચાલીશ વર્ષ પહેલાં એણે જ આ વાત મને કરેલી ને... હું ઘરડો થતાં સુધી બીજી સ્ત્રીઓ પાછળ કેમ ભટકતો ફરતો હતો એ કહું ? એણે મને એક દિવસ કહેલું કે એના જીવનમાં એને કોઈ સાચો પ્રેમી મળ્યો હોય તો તે તું હતો, એક માત્ર તું જ.'

ફ્રેન્ઝની વાત સાંભળીને પ્રોફેસર અવાક્ થઈ ગયો. દિગ્મૂઢ બનીને એ એના મિત્રને જોઈ રહ્યો. એ જ ટાણે ઘડિયાળે ઘોઘરા સૂરમાં બારના ટકોરા પાડ્યા. ❐

અનુસંધાન | ફિલ્માકાશ | પૃ. ૭૬૮ થી

સીમિત રહેત, પણ થોડા જ વખત પછી 'દેવદાસ' (હિંદી)ને ફલોર પર લઈ જવાની વાત ચાલી ત્યારે સરકારે કેદારનાથને બોલાવ્યા અને પી.સી. બરુવાને મળી લેવા જણાવ્યું. કેદારનાથની સિકલ પર 'કેમ ?' ઊગેલું જોઈને એમણે વગર પૂછે કહ્યું : 'તમે ગ્રેજ્યુએટ છો ને ! તો જાઓ તે દિવસની તમારી મંશા મુજબ તમને લખવાનું કામ સોંપવાનું મેં તેમને સૂચન કર્યું છે પણ એક વાતનું ધ્યાન રાખજો', એમણે તાકીદભરી નજર કરીને કહ્યું : 'એ ડાઈરેક્ટર છે. નાવના સુકાની તેઓ છે. તેમને હું આદેશ ન આપી શકું. સૂચન કરી શકું, એટલે તમારો એ માટેનો ઈન્ટર્વ્યૂ તો એ જ લેશે.'

આભારનો એક શબ્દ બોલીને કેદારનાથ બરુવાના ન્યૂ થીએટર્સના કૅમ્પસમાં જ આવેલા કાર્યાલયમાં ગયા ત્યારે તેઓ 'દેવદાસ'ની પટકથા લખવામાં તલ્લીન હતા. સારી વાર રાહ જોવડાવ્યા પછી તેમણે કેદાર શર્માનો ટૂંકો ઈન્ટર્વ્યૂ લીધો અને તેમને 'દેવદાસ'ના સંવાદો અને ગીતો લખવાનું કામ સોંપ્યું. તેમણે કેદારનાથને બે વાત ખાસ કરી : 'પહેલું એ કે ન્યૂ થીએટર્સને કોઈ વ્યાપારી કંપની ના માનશો. સુબલબાબુના શા હાલ થયા તે તમે જાણો છો (આ વાત આપણા ૧૦મા મણકામાં વિગતે આવી ગઈ છે. એટલે સાહિત્યના ભોગે લોકપ્રિય લખવાથી દૂર રહેજો બીજી વાત શરદબાબુની આ વાર્તા 'દેવદાસ' મહાન છે. પણ છતાંય મારે મન તે કાચો માલ છે. તેને લિખિત માધ્યમમાંથી દૃશ્ય માધ્યમમાં લાવવાનું કામ ધારીએ તેટલું સહેલું નથી. આપણે નવલકથાનું આંધળું યથાવત્ ચિત્રીકરણ નથી કરવું. આનું માળખું આખું અલગ છે. નવલકથામાં આવતાં વર્ણનોમાંથી કેટલાંક દૃશ્યમાં તો કેટલાંક સંવાદોમાં ઉતારવાનાં છે. પટકથા ભલે હું લખું પણ તેને ફ્રેમ સમજજો. અંદર મનોહારી છબી એટલે કે સંવાદો તથા ગીત એ એનો પ્રાણ છે. આટલું તમને કહી રાખું છું. કેદાર શર્માએ એ પડકાર કેવી અદ્ભુત રીતે ઉપાડી બતાવ્યો ! (ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ગાંધીજીની અસર ઘટી રહી છે ?

તા.૧૧-૧૦-૯૪. મારી ઉંમર થઈ છે તે તો ઘણી રીતે દેખાય છે. સાયકલ ઉપર યુનિવર્સિટી જતો હતો ત્યાં પાછળથી એક રીક્ષા નીકળી. રીક્ષાવાળો કહે, 'ડોશા, સાચવીને ચલાવજો.' ડોશા શબ્દ સાંભળીને પહેલાં તો મનમાં થોડું ખોટું લાગ્યું પણ પછી વિચાર આવ્યો કે ઇન્ડીઅન એરલાઈન્સની સિનિયર સીટીઝનની કન્સેશન ટિકિટમાં હૈદરાબાદ જઈ આવ્યાં તે એરલાઈન્સનો શબ્દ 'સિનિયર સીટીઝન' અને રીક્ષાવાળાનો શબ્દ 'ડોશો' આમ તો એક જ અર્થવાળાને ? ત્યાં આજે બપોરે યુનિવર્સિટીથી પાછાં વળતાં બીજો જ અનુભવ થયો. બાજુમાંથી નીકળતાં રીક્ષાવાળો કહે, 'ગાંધીબાપુ સાચવીને હાંકજો.' ગાંધીજીનો સવાસો (૧૨૫)મો જન્મદિવસ હમણાં જ ગયોને ! સિનિયર સીટીઝન, ડોશો કે ગાંધીબાપુ, આમ તો અર્થ સરખા પણ છેલ્લા સંબોધનમાં મારા પહેરવેશની અસર ખરી.

આ પહેરવેશની અસરનો સુખદ અનુભવ હૈદરાબાદમાં લેબક્વાર્ટર્સમાં રહેતી મારી દીકરીને ઘેર ગયો હતો ત્યારે થયો. એક દિવસ સવારે બુશકોટ-પેન્ટને ઈસ્તરી કરાવવા, ધોતીઉં કફની ટોપી પહેરીને જતો હતો. રસ્તામાં સંરક્ષણ ખાતાંની પી.ડબલ્યુ.ડી.ની ઑફિસ આવે, ત્યાં કેટલાક કારીગર અને એક સુપરવાઈઝર ઊભા હતા. હું નીકળ્યો એટલે પેલા સુપરવાઈઝરે નમસ્કાર કર્યા. મેં પણ સામા નમસ્કાર કર્યા. ધોબીની દુકાને ગયો તો ધોબી કહે, 'કાલે બપોરે લઈ જજો.' મારે તો સાંજે જ જોઈતાં હતાં પણ ધોબી માન્યો નહિ. હું કપડાં આપ્યાં વગર પાછો ફરતો હતો ત્યાં પેલો સુપરવાઈઝર મળ્યો. કપડાં સાથે પાછો ફરતો જોયો એટલે તેણે પૂછ્યું. મેં વાત કરી. તેણે કપડાં મારી પાસેથી લઈ લીધાં, ધોબીની દુકાને મને ખુરશી પર બેસાર્યો અને ધોબીને કહે, 'અરે, છોટે બડે આદમી કી તો કુછ પહચાન રખ ! અભી ઈન સાહબ કે કપડે બના દો.' દશ મિનિટમાં ઈસ્તરી થઈ ગઈ ! કોણ કહે છે કે 'આ દેશમાં ગાંધીની અસર ઘટી રહી છે ?'

પિતા તરીકેનું ગૌરવ

તા. ૨૧-૧૦-૯૪. કાલે રાત્રે દીનાનો વડોદરાથી ફોન આવ્યો. વાત એમ છે કે નવેમ્બરની ૨૫મીએ વડોદરામાં સાયકીઆટ્રીસ્ટોની (માનસ-ચિકિત્સકોની) એક પરિષદ ભરાવાની છે. યુનિ.ના સાયકીસ્ટ્રીના પ્રોફેસર ત્યાંના હેલ્થસેન્ટરમાં સાંજના વર્ગો ચલાવે છે અને દીના તે વર્ગોમાં જાય છે. આ પ્રોફેસરે દીનાને કહ્યું કે, 'અમારી પરિષદનું ઉદ્‌ઘાટન તમારા પિતા કરે તેમ સંચાલન સમિતિએ સર્વાનુમતે ઠરાવ્યું છે. તમે તમારા પિતાને કન્સલ્ટ કરી અમને ખબર આપશો ?' આ માટે દીનાનો ફોન આવ્યો હતો. અલબત્ત, મેં તરત જ હા પાડી દીધી. કારણ ? કુમુદ તો બાજુમાં જ રહે છે અને તેના દવાખાનાંના સ્ટાફ માટે અને મ્યુનિસિપલ હેલ્થ ખાતા માટે હું ડૉ. કુમુદ વૈદ્યના બાપુજી તરીકે જાણીતો છું. હૈદરાબાદ જઈએ ત્યાં લેબ ક્વાર્ટર્સમાં બધાં મને હિનાના બાપુજી તરીકે ઓળખે. સ્મિતા તો વિદેશમાં છે પણ તે તો નાની હતી ત્યારથી સી.એન. હાઈસ્કૂલમાં મારી ઓળખાણ સ્મિતાના બાપુજી તરીકે જ અપાતી. પણ દીનાની બાબતમાં એવું બન્યું નથી. કારણ કે મારો અને તેનો વિષય સરખો, કાર્યક્ષેત્ર પણ સરખું એટલે તેના ક્ષેત્રના બધા જ મને સ્વતંત્ર રીતે ઓળખતા હોય. દીનાનો ટેલિફોન આવ્યો ત્યારે મને થયું કે દીનાના બાપુજી તરીકે ઓળખાવાનો આ પહેલો પ્રસંગ આવ્યો છે એટલે આગળપાછળનો વિચાર કર્યા વગર અને ડાયરીમાં ૨૫મીનો મારો પ્રોગ્રામ જોયા-ચકાસ્યા વગર મેં દીનાને હા પાડી દીધી. મારાં બાળકોના પિતા તરીકે ગૌરવ મળતું હોય ત્યાં મોઢું ધોવા થોડું જ જવાય !

સંચાલન સમિતિએ ઉદ્‌ઘાટન માટે મારું નામ વિચાર્યું. આનું કારણ તો કદાચ રાજકારણીને બદલે વૈજ્ઞાનિકને બોલાવવો તે હશે. પણ હું તો ઘણી વાર હળવાશથી કહું છું કે અમે ગણિતવાળાઓ અગત્યના ટેલિફોન નંબરોની યાદીમાં મેન્ટલ હૉસ્પિટલ (ગાંડાની હૉસ્પિટલ)નો નંબર નોંધી રાખીએ છીએ. સાંજ પડે ઘેર ન પહોંચીએ તો ત્યાં પૃચ્છા કરી શકાય ! સાયકીઆટ્રીસ્ટોની પરિષદ માટે આથી વધુ શી લાયકાત જોઈએ ?

લશ્કરમાં કાઠીઆવાડીઓ, કચ્છીઓ

તા. ૧૦-૩-૯૬. ભારતીય લશ્કરમાં ગુજરાતીઓનું એક આખું યુનિટ ! સાંભળીને નવાઈ લાગે. ૨જી માર્ચ ને શનિવારે અમદાવાદ કેન્ટોનમેન્ટમાં ૧૭મી ગ્રેનેડીઅર્સ (મોટોરાઈઝડ) રેજિમેન્ટનું સૈનિક સંમેલન મળી ગયું તેના સમાચાર વાંચ્યા ત્યારે ખબર પડી કે આપણી સેનામાં આ રેજિમેન્ટ **KK** રેજિમેન્ટના હુલામણા નામે ઓળખાય છે. **KK** એટલે **Kathiawadis** અને **Kutchis** ! (કાઠીઆવાડી અને કચ્છી) આ રેજિમેન્ટના ઘણાખરા સૈનિકો કાઠીઆવાડી કે કચ્છી છે ! ૧૯૬૯માં સ્થપાયેલું આ રેજિમેન્ટ સરહદના રણપ્રદેશમાં તકેદારીનું કામ કરે છે. ખાસ્સાં ૨૬ વર્ષમાં કચ્છના રણપ્રદેશમાં કામગીરી પછી હવે રેજિમેન્ટનું મુખ્યાલય અમદાવાદ થયું છે અને ત્યારે આપણને ખબર પડી કે સેનામાં પણ કચ્છી-કાઠીઆવાડીનો ડંકો વાગી ચૂક્યો છે !

આ કચ્છી-કાઠીઆવાડીની વાત નીકળી છે તો બે દિવસ પહેલાં એક અસ્સલ કાઠીઆવાડી દરબારના ગામ ધ્રોળમાં, અને ત્યાં પણ દરબારના દરબારગઢમાં જઈ આવ્યો. રાજકોટથી જામનગર જતા હાઈવે પર બરાબર વચ્ચે ધ્રોળ ગામ આવેલું છે.

અમે નાના હતા ત્યારે જમ્યા પહેલાં ધ્રોળ ગામનું નામ ન લેવાય-સામે ગામ જવું છે એમ કહેવાય, કારણ કે ધ્રોળનું નામ લેવાથી તે દિવસે જમવાનું ન મળે તેવી માન્યતા હતી. પણ તે તો લશ્કરમાં KK રેજિમેન્ટ સ્થપાયું તે પહેલાંની વાત થઈ.

મૂળ ધ્રોળના વતની પણ મુંબઈ સ્થિર થયેલા વેપારી એમ.ડી. મહેતા ઘણું કમાયા, ખાસ તો ઘોડાની રેસ બાબતમાં તે નિષ્ણાત ગણાતા. આને કારણે જ ધ્રોળના ઠાકોર સાથે ઓળખાણ થઈ. પોતાના ગામ માટે કાંઈક કરવું એવી ઇચ્છાથી કન્યા વિદ્યાલય અને કન્યા છાત્રાલય બાંધ્યાં. ધ્રોળના ઠાકોરે દરબારગઢનાં મકાનો અને જમીન એજ્યુકેશન ટ્રસ્ટને સોંપી દીધાં. બાળપોથી થી ૧૨મા ધોરણ સુધીના કન્યાવિદ્યાલયમાં ૧૨૦૦ છોકરીઓ ભણે છે. તેના છાત્રાલયમાં ૨૫૦ છોકરીઓ રહે છે. પણ આજુબાજુના કિલ્લેબંધ ગઢ વચ્ચે બધી સંસ્થાઓ છે એટલે કદાચ કાઠીઆવાડી મા-બાપને દીકરીઓને છાત્રાલયમાં મૂકવાનું સરળ થતું હશે.

તમને થતું હશે કે હું આ દરબારગઢી કન્યા વિદ્યાલયમાં ક્યાંથી પહોંચી ગયો ? આ એમ.ડી. મહેતા અને તેમના એક મિત્ર અનીલ કામદારે મળીને મુંબઈમાં સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન નામની એક સંસ્થા ઊભી કરી છે અને મુંબઈના નિષ્ણાતોની મદદથી સૌરાષ્ટ્રમાં શિક્ષણ સુધારણાની પ્રવૃત્તિ કરે છે. મુંબઈના સાયન્સ એડ્યુકેશન સેન્ટરના બે નિષ્ણાતની મદદથી, સૌરાષ્ટ્રની એજ્યુકેશન કૉલેજોના બી.ઍડ્.ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન-શિક્ષણનો એક ત્રણ દિવસનો વર્કશોપ આ સંસ્થાએ ધ્રોળમાં યોજ્યો હતો. એટલે આ પ્રવૃત્તિના અસલ કાઠીઆવાડી નિષ્ણાત તરીકે મને વર્કશોપનું ઉદ્‌ઘાટન કરવા બોલાવ્યો હતો.

એમ.ડી.મહેતા તો ગુજરી ગયા છે. દરબારગઢની બહાર ગઢને અડીને આવેલું તેમનું વિશાળ ઘર અત્યારે ગેસ્ટ હાઉસ તરીકે વપરાય છે. ત્યાં એક રાત રહી આવ્યો અને **KK** રેજિમેન્ટના **KK** પણાની મહેમાની ચાખી આવ્યો. (ક્રમશઃ)

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી


શ્રી વલ્લભભાઈ પટેલના આશીર્વાદથી શ્રી ભાઈલાલભાઈ પટેલ અને ભીખાભાઈ પટેલે વલ્લભ વિદ્યાનગરમાં બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં ઇજનેરીની શાખાઓ માટે કૉલેજ સ્થાપી. તેના પ્રિન્સિપાલ તરીકે કરાચી ઇજનેરી કૉલેજમાંથી શ્રી એસ.વી. જુન્નરકર સાહેબ (જેને અમે સૌ કાકાને નામે બોલાવીએ) ત્રીજા ભાગના પગારથી જોડાયા. તેમણે તેમના મિત્ર કાર્ડીલેને સાંગલી કૉલેજમાંથી વિદ્યુત ઇજનેરી શાખાના વિભાગીય વડા તરીકે બોલાવ્યા. ત્યાં મળતા પગારથી અડધા પગારે તેઓ કાકાના માન ખાતર આવ્યા. રશિયામાં નિમણૂક પામેલ કલકત્તા કૉલેજના ભટ્ટાચાર્ય યાંત્રિક ઇજનેરી શાખાના વિભાગીય વડા તેમની થયેલી નિમણૂક કરતાં અડધા પગારે દેશદાઝ માટે શ્રી વલ્લભભાઈના નિમંત્રણને માન આપી જોડાયા. બાંધકામ વિદ્યાશાખાના વડા તરીકે રામદાસ ગુલાંટી એમની ઇચ્છા મુજબ પગાર મળે તે શરતે જોડાયા. ગુલાંટી સાહેબની તાજમહલના ગુંબજોમાં પડેલી તરડ અને કાયમી ચુવાકને પોતાના અસાધારણ કૌશલ્યથી સાંધી આપ્યાની ખ્યાતિ હતી. તેઓ તો કૉલેજના એક ખંડમાં નિવાસ કરતા હતા એટલે વિદ્યામંડળને રસોડે જમતા હતા કપડાં ધોવા અને અન્ય ખર્ચ માટે તેઓ માસિક ૫૦થી સાઠ રૂપિયા પગાર લેતા હતા. ત્યારે બૃહદ્ મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી મોરારજી દેસાઈ બાંધકામ ખાતાના પોતાના અન્ય પ્રધાન સાથે બી.વી.એમ.ના કૉલેજ ડેમાં મુખ્ય મહેમાન થયા અને બીજા દિવસે સવારે કૉલેજ સભાગૃહમાં તેમનું પ્રેરણાત્મક પ્રવચન થયું. પછી મોરારજીભાઈએ વિદ્યાર્થીઓને કશો ભય રાખ્યા વિના મુક્ત મને કોઈ પણ પ્રકારના રાજકારણના પ્રશ્નો પૂછવા છૂટ આપી. ૧૯૫૨ની શરૂઆત હતી. એક વિદ્યાર્થીએ પૂછ્યું કે, એમ સાંભળ્યું છે કે આપના બાંધકામ ખાતાના પ્રધાન ભ્રષ્ટાચાર કરી પૈસા બનાવી રહ્યા છે, તેનાથી આપ માહિતગાર છો ?

અને પ્રશ્ન સાંભળતાં જ મોરારજીભાઈની આંખો લાલ થઈ : 'તમે શું બોલો છો ? તમોને તમારી જવાબદારીનું ભાન છે ?' એટલે ત્યાં બેઠેલા ડૉ. આલુ દસ્તુરે તેનો બચાવ કર્યો. એટલે તેઓ બોલ્યા કે, શું એ તમારો પુત્ર ? વિખ્યાત અર્થશાસ્ત્રી ડૉ. આલુબહેન આજીવન કુંવારાં હતાં. એટલે ત્યાં હાજર રહેલ, ડૉ. આર.ડી. પટેલ બોલી ઊઠ્યા, 'આલુબહેન અમારી ભગિની કૉલેજમાં પ્રોફેસર છે. પણ હા, દરેક વિદ્યાર્થી તેમનો પુત્ર છે ! વિદ્યાર્થીને આપે કોઈ પણ પ્રકારનો પ્રશ્ન પૂછવા છૂટ આપી છે, અને તેમણે આપની સરકાર માટે વર્તમાન પત્રમાં આવેલ સમાચારને આધારે પ્રશ્ન કર્યો છે.'

મોરારજીભાઈ હવે મોટા સાદે બોલી ઊઠ્યા, 'બેજવાબદાર વિદ્યાર્થી અને આ તેનો બચાવ કરનાર અશિષ્ટ પ્રોફેસરને અહીંથી બહાર કાઢો. શું વિદ્યાર્થીઓને અહીં આવા સંસ્કાર અપાય છે ?' મહેમાન સાથે કેમ વર્તવું તે જાણતા પ્રિન્સિપાલ જુન્નરકર ઊભા થયા : આદરણીય મુખ્ય પ્રધાનશ્રી, વિદ્યાર્થીએ કે કોઈએ અશિષ્ટ વર્તન કરેલું નથી. અહીં 'અભય' બનવાનું શીખવાય છે. આપની આજ્ઞા પછી જ વિદ્યાર્થીએ પ્રશ્ન કર્યો છે અને આપ તેમાં ઉશ્કેરાયા છો. હું આ વિદ્યાલયનો માસ્તર છું. મારા વિદ્યાર્થીનું માન જળવાય તે મારી ફરજ છે. હું આપને વધારે બોલવા દેવાની નમ્રતાપૂર્વક મનાઈ કરું છું. સભા હવે બરખાસ્ત થાય છે.' તેઓ મહેમાનને બહાર દોરી ગયા.

ચેસ-કૉર્નર : કોયડો-૧૩

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો.

(White to play and mate in two)

મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kh1,Qc5,Rb5 Rh7, Bf8, Ng4, Ne6, P-e7**

કાળાં : **Kd7, Ne8.**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૧૦, મંગલમ્ સોસાયટી, ભગવાન નગરનો ટેકરો, પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭ (e-mail - shaharpi@hotmail.com) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે.

જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ ૨૦૦૨ના ફેબ્રુઆરી 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

•

'કુમાર'ના ઑક્ટોબર ૨૦૦૧ના અંકમાં આવેલા કોયડા નં. ૧૧નો ઉકેલ :

સફેદ	કાળું
(૧)	Rg8+
જો B×R	Qg7#
જો Bg6	R×Bg6#

ઘણાબધા વાચકમિત્રોએ આ કોયડામાં રસ લઈ સાચો ઉકેલ મોકલેલ છે તેમનાં નામ : (૧) ઝેડ.એલ. ઝાલાવાડિયા (અમદાવાદ) (૨) કલ્યાણભાઈ એમ. મુલિયા (સુરેન્દ્રનગર) (૩) જયેશકુમાર પરમાર (અમદાવાદ) (૪) નૌતમભાઈ વખારિયા (અમદાવાદ) (૫) નયનેશ મોદી (અમદાવાદ) (૬) મહેશભાઈ વૈદ્ય (મુંબઈ) (૭) હર્ષદ દવે (રાજકોટ)

-અર્પી શાહ

પ્રસંગપરાગ

મહાત્માપણું

પ્રા. સુરેશ મ. શાહ

ગાંધી-આશ્રમથી કેટલાક સાથી કાર્યકરો સાથે ગાંધીજી બહારગામ જઈ રહ્યા હતા. અમદાવાદ સ્ટેશન ઉપર ગાંધીજી જેવા ડબ્બામાં ચઢવા ગયા કે એક ચીંથરેહાલ ભિખારીએ તેનું પેટ બતાવી કહ્યું, 'દયા કરી કાંઈક ખાવાનું અપાવો. ભૂખથી જીવ નીકળી જાય છે.' આ દૃશ્ય જોઈ બાપુનું હૃદય દ્રવી ઊઠ્યું.

ગાંધીજીને તો ઉપવાસ હતો. તેઓ એ દિવસે માત્ર દૂધ જ લેવાના હતા. આશ્રમમાંથી દૂધ સાથે જ લેવામાં આવ્યું હતું. ગાંધીજીએ પાસે ઊભેલા સાથીને કહ્યું કે, 'મારા માટે લેવામાં આવેલું દૂધ આ ભાઈને આપી દો.' કાર્યકર સાથીએ કહ્યું, 'બાપુ, પછી રસ્તામાં દૂધ ક્યાંથી મેળવીશું. આપને તો આ સિવાય કાંઈ જ લેવાનું નથી.'

ગાંધીજીએ કહ્યું, 'કોઈ વાંધો નથી. હું એક દિવસ ભૂખ્યો રહીશ તો મરી નહિ જાઉં. પણ આ ભાઈને આધાર નહિ મળે તો તે જીવી શકશે નહિ. ભારતમાં કેટલાં બધાં આવાં ભૂખથી પીડાઈ રહ્યાં છે. હું પોતે તો અપરિગ્રહી છું એટલે તો તેમને આપવા માટે મારી પાસે કાંઈ જ નથી. ઘણી વખત આવાં દુ:ખો જોઈ-વિચારીને મારી ઊંઘ ઊડી જાય છે. તો આજે આટલું દૂધ છે તો આ કાર્ય તો કરું.'

સાથીએ ભિખારીને દૂધ આપ્યું કે તરત જ તેણે પ્યાલો મોંઢે માંડી દૂધ ઝડપથી પી ગયો. ભૂખે તેને આકુળવ્યાકુળ કરી દીધો હતો. હવે તેને કાંઈક હાશ થઈ. બાપુ તે દૃશ્ય પ્રસન્ન ચિત્તે જોઈ રહ્યા હતા. ભિખારીના મુખનો સંતોષ બાપુને પણ સંતોષી રહ્યો. ગાડી ઊપડી ત્યારે ભિખારી અમીભરી નજરે બાપુને જાણે વંદી રહ્યો હતો.

આમાં અન્યનાં દુ:ખોને પોતાનાં ગણનારા, અન્યની વેદનાઓ, વ્યથાઓને હૃદયથી અનુભવનાર બાપુએ તો ત્યાર પછી અનુકંપાને કારણે ચાલીસ કરોડ હિંદીઓની સાથે આત્મીયપણું સતત અનુભવ્યું છે.

પછી તો રસ્તામાં દૂધનો બંદોબસ્ત થયો તો પણ બાપુએ ન લીધું અને નકોરડો ઉપવાસ કર્યો. પોતે કષ્ટ વેઠીનેય જે સામી વ્યક્તિને સુખ પહોંચાડે છે તેને જ સાચો આનંદ મળે છે. આજ હતું ને તેઓનું સાચું મહાત્માપણું. ❐

'કુમાર'ના પાંચ વર્ષના લવાજમ સાથેની પુસ્તક-ભેટ યોજના હવે પૂરી થઈ ગઈ છે.

ખગોળભૌતિકવિજ્ઞાની

ફ્રેડ હૉયલ

પ્રહ્‌લાદ છ. પટેલ

વિશ્વની ઉત્પત્તિ, ઉત્ક્રાંતિ અને તેના ભાવિને લગતાં રહસ્યોની જાણકારી ઉપલબ્ધ કરવાના પ્રયાસો કરનાર વિજ્ઞાની-તારકો એક પછી એક અલવિદા કરી ગયા. છેલ્લે બ્રિટિશ ભૌતિકવિજ્ઞાની ફ્રેડ હૉયલ પણ ૨૦ ઑગસ્ટ, ૨૦૦૧ના રોજ ૮૬ વર્ષનું અર્થપૂર્ણ વૈજ્ઞાનિક જીવન જીવી હંમેશને માટે અંતરિક્ષની યાત્રાએ ઊપડી ગયા. ખોટી પ્રચલિત માન્યતાઓ-(વહેમ)નું ખંડન કરનાર વિખ્યાત વિજ્ઞાનીના ઈંગ્લન્ડમાં બૉર્નમથ ખાતે થયેલા અવસાન સાથે ખગોળભૌતિક વિજ્ઞાનનો એક યુગ પૂરો થયો.

ખગોળવિજ્ઞાન અને બ્રહ્માંડવિજ્ઞાનના કેટલાક સ્વીકૃત સિદ્ધાંતો અને માન્યતાઓ સામે તેમણે ઊંડા ચિંતન અને સંશોધન સાથે કેટલાક પ્રશ્નાર્થો કર્યા છે. તેને કારણે વિજ્ઞાનજગતમાં આ ભડ વિજ્ઞાનીની આખાબોલા તરીકે છાપ ઊપસી આવી. આવા સ્પષ્ટવકતાનો ટાંગ ક્યાંક ને ક્યાંક કોઈને અડી જાય તે સ્વાભાવિક છે, તેથી તેમને મોટી કિંમત ચૂકવવી પડી છે. નોબેલ પુરસ્કાર તેમને એનાયત કરવામાં આવ્યો હોત તો પુરસ્કારનું મૂલ્ય અને ચળકાટ વધ્યાં હોત. ગાંધીજી અને હૉયલને નોબેલ પુરસ્કાર મળ્યો હોત તો તેમની ઊંચાઈ એવરેસ્ટની જેમ નક્કી થઈ જાત, પણ તેમ ન થતાં તેમની ઊંચાઈઅમાપ્ય રહી. નોબેલ પુરસ્કાર (ખાસ કરીને શાંતિ અને સાહિત્યના ક્ષેત્રે)ની નિષ્પક્ષતા પ્રત્યે સંદેહ શરૂ થયાનાં એંધાણ મળતાં જાય છે.

હૉયલની અવગણના કરીને તેમના સહકાર્યકર વિલ્લી ફાઉલરને ૧૯૮૩નો નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો. ઘણાખરા ખગોળવિદો આ ઘટનાને નોબેલ-પુરસ્કારના ૧૦૦ વર્ષના ઇતિહાસમાં બનેલી મોટામાં મોટી ન્યાયી ઘટના ગણાય છે.

હૉયલ બ્રિટનના યૉર્કશાયરના બિંગ્લેમાં આજથી ૮૬ વર્ષ પહેલાં જન્મેલા. બાળપણથી જ તેમનાં વલણો આસ્થાહીન રહ્યાં. નિશાળમાં બનેલી એક ઘટના તેમની આ સ્થિતિને પ્રકટ કરે છે. તેમની વર્ગશિક્ષિકાએ એક દિવસ બાળકોને પાંચ પાંખડીઓ વાળું ફૂલ લાવવા જણાવ્યું. બાળકો તે પ્રમાણે ફૂલ લઈ આવ્યાં પણ ખરાં. પાંચ પાંખડીનાં ફૂલ હોય છે તેવી વાત શિક્ષિકાએ ગર્વથી સાબિત કરી બતાવી. ફ્રેડ તે જ પ્રકારનું એવું ફૂલ લઈ આવ્યા જેને છ પાંખડીઓ હતી. અને ફ્રેડે ભારપૂર્વક કહ્યું કે, પાંચ પાંખડીના ફૂલનો નિયમ એ કંઈ અલંઘ્ય બાબત નથી. એટલે કે પાંચ-પાંખડીઓનો નિયમ કંઈ એવી ધર્મપ્રભાથી રક્ષિત નથી જે છ પાંખડીઓના ફૂલને લાગુ ન પડે. શિક્ષિકાને આ વાત પડકારરૂપ લાગી. તેનો અહં ઘવાયો અને અસહિષ્ણુ બનીને હૉયલના ડાબા કાન ઉપર જોરથી લાફો ચોડી દીધો. શિક્ષિકાના બેહૂદા વર્તનથી અપમાનિત હૉયલ વર્ગ છોડીને ચાલ્યા ગયા. ઘેર જઈ માતાને સઘળી ઘટના જણાવી અને કહ્યું કે, જ્યાં સુધી શિક્ષિકા તેમના પ્રશ્નનો સંતોષકારક જવાબ નહીં આપે અથવા તેમની વાત નહીં સ્વીકારે ત્યાં સુધી તે વર્ગમાં નહીં જાય. આ વિદ્યાર્થીએ સાચો જવાબ માગ્યો છે અને શિક્ષિકાએ માફી માગવી જોઈએ એવી વાત જ હૉયલે ન કરી. આવા જ વિદ્યાર્થીઓ મહાન બને. માતાએ પુત્રની વાત અને તેના વલણને પૂરેપૂરો ટેકો આપ્યો. શિક્ષિકાનો મોભો જાળવીને માતાએ પોતાના પુત્રના હિતના રક્ષણની ખાતરી માગી. કેવી અદ્‌ભુત માતા કે જેણે પોતાના પુત્ર અને શિક્ષિકા બંનેને સાચવી લીધાં. એકેય પક્ષે પશ્નને પ્રતિષ્ઠાનો ન બનાવ્યો. આ ઘટના આજના શિક્ષકસમાજને પોતાના વિષયમાં સજ્જ થવા અને બાળકો પ્રત્યે સહિષ્ણુ બનવાનો અનુરોધ કરે છે.

હૉયલે કેમ્બ્રિજમાં શિક્ષણ લીધું, અને ત્યાં જ લાંબા સમય સુધી શિક્ષણ આપ્યું. આકાશદર્શનનો તેમને બાળપણથી જ શૉખ હતો. પ્રથમ તો તેમણે આપણા સૌર-મંડળના અભ્યાસથી શરૂઆત કરી. તેમને તારા-ગ્રહોના અભ્યાસમાં ઊંડો રસ હતો.



સૌર-મંડળથી બહાર નીકળી તારા-વિશ્વો સુધી પહોંચી અને ખુદ વિશ્વની ઉત્પત્તિના સિદ્ધાંતના પ્રણેતા બની ગયા. વિશ્વમાં ભારે તત્ત્વોની નિર્માણ-કથાના તે જનક ગણાય છે. તેમના સહકાર્યકરો જેફ બરબ્રીજ, માર્ગરેટ બરબ્રીજ (પતિ-પત્ની), ફાઉલર અને હૉયલે ભેગાં મળી સૂર્યના અંતર્ભાગ (Core)માં ભારે તત્ત્વોના નિર્માણનો સિદ્ધાંત રજૂ કર્યો.

સંઘર્ષ હૉયલના જીવનનો પર્યાય ગણી શકાય. ઇતિહાસ ફરીફરીને સામે આવે છે. આશરે પચાસ વર્ષ બાદ તે ખગોળશાસ્ત્ર અને પ્રાયોગિક દર્શનના પ્લુમિયન પ્રાધ્યાપક હતા ત્યારે સૈદ્ધાંતિક મતભેદની ભૂમિકાને કારણે તેમણે આ પદ ઉપરથી ત્યાગપત્ર આપી દીધું અને શૈક્ષણિક એકાંતવાસનો માર્ગ પકડ્યો લગભગ સંન્યાસીની જેમ. ગિરિમાળાઓમાં પગપાળા પર્યટનના આ પ્રેમી ઈંગ્લન્ડની વાયવ્યે આવેલા લગભગ નિર્જન એવા લેક-પરગણામાં મકાન ખરીદી રહેવા લાગ્યા. જીવનનો ઉત્તરાર્ધ ત્યાં જ પસાર કર્યો. એકાંતપ્રિય એવા હૉયલે ત્યાં રહીને સર્જનનો અસ્ખલિત પ્રવાહ ચાલુ રાખ્યો. ત્યાં રહીને અભ્યાસ અને સંશોધન કર્યું અને તેની ઘેરી અસર લોકો ઉપર છોડતા ગયા.

યુ.કે.ના સર આર્થર એડિંગ્ટન અને સર જેમ્સ જીન્સના તથા યુ.એસ.ના એડવિન હબ્બલના જીવન અને કાર્યથી મુગ્ધ થયા; અને ખગોળભૌતિકવિજ્ઞાનની લગની લાગી.. તેજસ્વિતા અને મૌલિકતાથી પ્રભાવિત થઈ પ્રખ્યાત ભૌતિક વિજ્ઞાની પી.એ.એમ. ડિરાકે હૉયલને ડૉક્ટરેટનું માર્ગદર્શન પૂરું પાડ્યુ. ઉપરાંત બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન કૅમ્બ્રિજમાં કામ પણ અપાવ્યું.

હૉયલ અત્યંત મૌલિક હતા. મૌલિકતામાંથી સર્જકતાનો પ્રભવ થતો રહ્યો. ચીલાચાલુ માર્ગ તેમને પસંદ ન હતા, તેમાં તેમને કોઈ રસ ન હતો. તે એમ પણ માનતા હતા કે નવું કરવાનું હોય તો ક્યારનુંય થઈ ગયું હોત. ચીલાચાલુમાર્ગથી માનભેર દૂર રહેવાનું ઊચિત ગણ્યું. પોતાની અંતઃસ્ફુરણાનો માર્ગ ગ્રહણ કર્યો. વિશ્વનાં રહસ્યો જાણવા માટે પોતાના સુધારાવાદી તર્કને કામે લગાડ્યો.

વીસમી સદીની પચાસીમાં ખભૌતિકવિદો ઝળહળતા સૂર્યમાંથી પેદા થતી ઊર્જાનો ભેદ પામી શક્યા. સૂર્યના અંતર્ભાગમાં ચાર હાઇડ્રોજન પરમાણુઓને ભારે હીલિયમનું ન્યૂક્લિયસમાં સંગલન-સંલયન (fusion) દ્વારા રૂપાંતર થતાં પ્રચંડ ઊર્જા પેદા થાય છે. હાઇડ્રોજન બૉંબમાં આવી જ પ્રક્રિયા થતી હોય છે. સૂર્ય કે કોઈ પણ તારામાં રહેલ તમામ હાઇડ્રોજનનો પુરવઠો ખલાસ થઈ જાય ત્યારે શું થાય છે તેવી સમસ્યા તેમની સામે આવી. તેવા સંજોગોમાં સૂર્ય કે તારા બુઝાઈ જતા હશે કે પછી ઊર્જાનો અન્ય સ્રોત (વિકલ્પ) શોધાતો હશે ? જેવું હાઇડ્રોજનનું થતું હશે તેવું હીલિયમનું થતું હશે ?

તે સમયે ન્યૂક્લિયર ભૌતિકવિજ્ઞાનનું જે કંઈ જ્ઞાન ઉપલબ્ધ હતું તેને આધારે આગળ તો લિથિયમ, બેરિલિયમ જેવા અસ્થાથી આવે છે, જે સંગલનની પ્રક્રિયા સામે ટકી શકે તેમ નથી તો પછી શું થાય ? નિસરણી ઉપર જે પગથિયે આપણે ઊભા હોઈએ તેની ઉપરનું પગથિયું નબળું હોય તો કૂદકો મારી નબળાથીય ઉપરના પગથિયે પહોંચવાનું રહે છે. હૉયલે ગણતરી કરીને જોયું કે હીલિયમ પછી કાર્બન એવું તત્ત્વ આવે છે જે ઊર્જાનું ઉચ્ચ સ્તર બની શકે. આને હૉયલે ઉત્તેજિત અવસ્થા ગણાવી. જેમ સિતારામાં તાણ વધારીને અનુનાદિત કરી શકાય છે તેમ હોયલના મત મુજબ અનુનાદ ઝડપી ન્યૂક્લિયર પ્રક્રિયામાં મદદરૂપ થઈ શકે. તે રીતે હીલિયમમાંથી જરૂરી કાર્બન મેળવી શકાય. અનુનાદની અનુપસ્થિતિમાં થોડોક જ કાર્બન પેદા કરી શકાય છે એમ તે માનતા હતા.

વિશ્વની સ્થાયી-સ્થિતિના સિદ્ધાંતમાં આસ્થા ધરાવતા જાણીતા વિજ્ઞાનીઓમાં ફ્રેડ હૉયલ ઉચ્ચ પદે છે. તે ભૌતિક વિજ્ઞાની અને સાથે સાથે નિશ્ચિતપણે મનાયેલ નિરીશ્વરવાદી હતા. વિસ્તરતા વિશ્વની વિભાવના તે સ્વીકારે છે. વિશ્વ વિસ્તરતું હોય અને દ્રવ્ય દૂર દૂર જતાં વચ્ચે વચ્ચે જગા ખાલી પડતી જાય. નવા તારા અને દ્રવ્ય પેદા થાય અને ખાલી જગા પુરાતી જાય તો જ વિશ્વ સ્થાયી લાગે. તારા-ચંદ્રની સમજૂતીમાં હૉયલની સિદ્ધિ રહી છે.

વીસમી સદીના આરંભે વિજ્ઞાનીઓ દ્રવ્યનું સ્વરૂપ સમજવા કામે લાગી ગયા. તત્ત્વો જાણી શકાયાં. તત્ત્વમાં રહેલા અવપરમાણુ કણોની જાણ થઈ. આ સમયે હૉયલ અને તેમના સાથીદારો તારાની પ્રકૃતિ જાણવા કોશિશ કરી રહ્યા હતા ત્યારે તેમને સમજાયું કે પ્રચંડ તાપમાન અને દબાણના સંજોગોમાં જ ભારે તત્ત્વો પેદા થઈ શકે છે વિસ્તરતા વિશ્વમાં ખાલી પડતી જગા પૂરવા માટે અને સ્થાયી-સ્થિતિના સિદ્ધાંતની પૂરકતા માટે તારાઓના ગતિક જીવન ચક્ર માટે પણ તારાઓના જન્મે અને મૃત્યુની પળ સુધી શા માટે રાસાયણિક તત્ત્વો પેદા ન થાય ?

હૉયલ અને તેમના સાથીદારોએ એક ચિત્ર રજૂ કર્યું. તેમાં હાઇડ્રોજનના પરમાણુઓ ગુરુત્વાકર્ષણથી નજીક આવી જોડાય અને તે રીતે હાઇડ્રોજન-વાદળ રચાય. ક્રમશઃ વાદળનું કદ વધતું જાય અને ગોળો મોટો ને મોટો થતો જાય. હાઇડ્રોજન વાયુનો ગોળો મોટો થતાં તેનું ગુરુત્વ વધે, પરિણામે આંતરિક દબાણ વધે છે. જેમ બરફનો ગબડતો ગોળો વધુ ને વધુ બરફ ભેગો કરતો જાય છે તેમ વાયુનો ગોળો વધુ મોટો બનતો જાય છે. દબાણ પ્રચંડ બનતાં હાઇડ્રોજનના પરમાણુઓનું સંગલન શરૂ થાય છે અને પરિણામે હીલિયમનું નિર્માણ થાય છે. સંગલનની આ પ્રક્રિયા દરમ્યાન પ્રચંડ ઊર્જા ઉત્પન્ન થાય છે. હાઇડ્રોજનનું હીલિયમમાં

રૂપાંતર થતાં પેદા થતી ઊર્જાને લીધે બે ઘટનાઓ બને છે. એક, આમાંની ઘણીબધી ઊર્જા બાહ્ય વિસ્ફોટક દબાણ પૂરું પાડે છે જે ગુરુત્વના આંતરિક દબાણને સમતોલવા પ્રયત્ન કરે છે. જ્યાં સુધી તારકનું આ મુજબનું સમતોલન ચાલુ રહે છે ત્યાં સુધી તારક અબજો વર્ષ સુધી સ્થાયી-સ્થિતિમાં રહે છે. આ દરમ્યાન તારાની અંદર સંગલનની પ્રક્રિયા તો ચાલુ જ રહે છે. આવો તારક બૉંબની જેમ ન તો વિસ્ફોટ પામે છે અથવા ન તો તેનો વિધ્વંસ થાય છે ! લાંબા સમય સુધી તારકનું સંતુલન જળવાઈ રહે છે. બીજું, કેટલીક ઊર્જા સંતુલન જાળવવામાં વપરાતી નથી તે ઊર્જા તારટકમાંથી છટકી જાય છે. આ ઊર્જા ઉષ્મા અને પ્રકાશ સ્વરૂપે વિકિરણ પામે છે. લાંબા સમયથી ઝળહળતા તારકોની સમજૂતી હૉયલના આ સિદ્ધાંતથી મળી રહે છે.

સ્થાયી-સ્થિતિ-વિશ્વ અંગે હૉયલે ઉત્કૃષ્ટ સંશોધન કર્યું તે અંગે તેઓ કહે છે કે વિશ્વ જેવું છે તેવું જ રહે છે. તે ઉત્પત્તિ કે અંત (જન્મ કે મરણ)થી પર છે. વિશ્વ જેવું ને તેવું જ રહેતું હોય તો ઘનતામાં ફેરફાર થવો જોઈએ નહીં. તે માટે તેમણે નવા દ્રવ્યના સર્જનની વિચારધારા વહેતી કરી.

લશ્કરમાં સંશોધન અને વિકાસ વિભાગમાં કામ કરતી વેળાએ હર્મન બૉન્ડી અને થૉમસ ગોલ્ડ જેવા સબળ ખગોળવિદ્ સાથીદારો સાથે સહયોગ થયો. આ ત્રિપુટીએ મહાવિસ્ફોટના ખયાલને તરતો કર્યો. આ સાથે મહાવિસ્ફોટ (**big bang**)થી વિશ્વની ઉત્પત્તિ થઈ તેવી બીજી વિચારધારા અસ્તિત્વમાં આવી. તે મુજબ અત્યંત ઉષ્ણ, અતિઘટ્ટ, પ્રચક્રણ કરતા સૂક્ષ્મ અસ્તિત્વ (**entity**)ના ઉત્પાતી વિસ્ફોટથી વિશ્વ અસ્તિત્વમાં આવ્યું. વિશ્વની ઉત્પત્તિના આ સિદ્ધાંતનું નામ મહાવિસ્ફોટ આપનાર ખુદ હૉયલ હતા. તે છતાં જીવન પર્યંત તેમણે આ સિદ્ધાંતનો સ્વીકાર કર્યો ન હતો. આજે વિશ્વની સ્થાયી-સ્થિતિના સિદ્ધાંત કરતાં મહાવિસ્ફોટના સિદ્ધાંતનું પલ્લું નમતું છે. મહાવિસ્ફોટ સિદ્ધાંતના પક્ષકારોની સંખ્યા મોટી હોવા છતાં તે સાંગોપાંગ પાર ઊતરે તેમ નથી. વિશ્વનાં ગહન રહસ્યોના તાગ મેળવવા મથનાર હૉયલે બાળકો અને જનસમાજની પણ એટલી જ તકેદારી રાખી છે. બી.બી.સી. ઉપરની તેમની વ્યાખ્યાનોની શ્રેણીએ વિજ્ઞાનને લોકપ્રિય બનાવવા મહત્ત્વની ભૂમિકા નિભાવી છે. 'સપ્તર્ષિ રૉકેટ' ઉપરની બાળકો માટેની તેમની વિજ્ઞાન-કલ્પના-કથાએ ૧૯૬૪માં લંડન ખાતે ધૂમ મચાવી હતી. તેમણે 'બ્લૅક ક્લાઉડ' વિજ્ઞાનનિષ્ઠ નવલકથા આપી જેને તારાવિશ્વમાં રાક્ષસી આણ્વિક વાદળની શોધના અગ્રદૂત તરીકે ગણી શકાય.

કૅમ્બ્રિજ યુનિવર્સિટીમાં ખગોળવિજ્ઞાનનો વિભાગ હૉયલે શરૂ કરેલો. તેમની રાહબરી હેઠળ ઘણા સમર્થ વિજ્ઞાનીઓ તૈયાર થયા છે. જેમ કે સ્ટીફન હૉકિંગ, માર્ટિન રાઇલ, જયંત નારલીકર, ચંદ્ર વિક્રમસિંઘે (શ્રી-લંકા). નિવૃત્તિ બાદ હૉયલ ઇંગ્લન્ડના એક નાનકડા ગામમાં રહેવા ચાલ્યા ગયા. કારફીડના વિજ્ઞાન-વિભાગમાં આવતા-જતા અને તે રીતે તેમણે તેમનો અભ્યાસ અને સંશોધન છેલ્લાં શ્વાસ સુધી ચાલુ રાખ્યાં. આ ગામમાં રહીને તે પોતે પોતાનાં બૉમાર પત્નીની પ્રેમપૂર્વક સેવા કરતા. ઘરની તમામ જવાબદારી તેમના શિરે હતી. એક અડીખમ પ્રામાણિક વિજ્ઞાનીને અંતે તો સામાન્ય માણસ તરીકે જીવન પસાર કરવાનો સમય આવ્યો. એ વિધિની વક્રતા ઓછી ગણાય ? હૉયલ ભારત પ્રત્યે અપાર પ્રેમ અને લાગણી ધરાવતા હતા. ભારતીય સહિષ્ણુ-સંસ્કૃતિનો પ્રભાવ તેમના ઉપર પડ્યો હોય તે રીતે 'સર ફ્રેડ હૉયલ' અદના માનવી તરીકે જીવ્યા, વર્ત્યા અને વિદાય થયા.

વીસમી સદીના પ્રારંભે જન્મેલા અને તે જ સદીના અંત સુધી વિજ્ઞાનને સમૃદ્ધિ બક્ષી તેની સીમાઓને વિસ્તૃત કરી અલવિદા કરી ગયેલા વિજ્ઞાનીઓ એસ. ચંદ્રશેખર (ભારત-યુએસ), અબ્દુસ સલામ (પાકિસ્તાન - યુ.એસ.), રિચાર્ડ ફિનમૅન (યુ.એસ.), હિડેકી યુકાવા (જપાન,) હાઇઝનબર્ગ (જર્મની)થી વિજ્ઞાન-જગતમાં સારો એવો ખાલીપો સર્જાયો છે. આ બધાએ અને હૉયલે પોતાના સમર્થ શિષ્યો તૈયાર કરી શૂન્યાવકાશ થવા દીધો નથી એ આપણું સદ્‌ભાગ્ય ગણાય.

હૉયલે અંતિમ અવસ્થામાં એક ક્રાંતિકારી વિચાર વહેતો કર્યો. એટલે કે પૃથ્વી ઉપર જીવન અંતરિક્ષમાંથી ઊતરી આવ્યું છે. પૃથ્વીની અવારનવાર મુલાકાત લેતા ધૂમકેતુઓ જીવનરસની વર્ષા પૃથ્વી ઉપર કરે છે અને તે રીતે જીવનનું નિર્માણ થાય છે. આ રીતે હૉયલ ખગોળભૌતિક વિજ્ઞાની મટીને જીવવિજ્ઞાન-રસાયણવિદ બન્યા. તેમના શિષ્ય વિક્રમસિંઘ આ વિષય ઉપર સઘન સંશોધન કરી રહ્યા છે. થોડાક સમય પહેલાં સિંઘે ભારતની ભૂમિ પરથી પૃથ્વીથી ૪૧ કિલોમીટર ઊંચાઈએ બૅક્ટેરિયા છે કે નહીં તેવો પ્રયોગ કર્યો. આ ઊંચાઈએ બૅક્ટેરિયાનો અણસાર મળ્યો. પણ આ બૅક્ટેરિયા બાહ્ય અવકાશમાંથી આવ્યા છે કે પછી પૃથ્વી ઉપરથી ત્યાં ગયા છે તે બાબતે વિવાદ ચાલે છે.

હૉયલના બીજા શિષ્ય છે ભારતના ગણિતજ્ઞ જયંત વી. નારલીકર. બન્નેએ કેટલાંક વર્ષ સુધી સાથે રહી સંશોધન કર્યું. ૧૯૬૪માં બંનેએ ગુરુત્વનો સુધારેલો સિદ્ધાંત સૂચિત કર્યો. તેમાં તેમણે વિશ્વના આધુનિક ખયાલને કેન્દ્રમાં રાખીને આઇન્સ્ટાઇનના સાપેક્ષતાના સિદ્ધાંતને નવું સ્વરૂપ આપવાનો પ્રયાસ કર્યો છે.

ગુરુત્વના સાપેક્ષિકીય સિદ્ધાંત મુજબ (૧) ગુરુત્વાકર્ષી દ્રવ્ય ક્યાંયે ન હોય તો પણ ગુરુત્વ પ્રવર્તે છે, જે સ્વીકારી શકાય તેમ નથી (૨) સમયની દિશાના અસ્તિત્વને સમજાવી શકાય તેમ

(અનુસંધાન પૃ. ૭૭૯)

સંગીત-ચિકિત્સા

કુ. ઋચા પાંડેય અનુ. હર્ષદ મ. દવે

સંગીત

સંગીત નૈસર્ગિકપણે હૃદયનાં સંવેગો અને ભાવનાઓને વ્યક્ત કરવાની કળા છે અને તેથી તેને સર્વશ્રેષ્ઠ લલિત કળાનો દરજ્જો મળ્યો છે.

હૃદયના ઉદ્‌ગાર કલાકારના વ્યક્તિત્વ અને અંતઃકરણનું વર્ણન કરે છે અને કલાકાર પોતાની કળાના માધ્યમથી પરમ આનંદ અને મોક્ષ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે.

સંગીતકળામાં કલાકાર અને શ્રોતાઓ વચ્ચે પ્રત્યક્ષ સંબંધ સ્થાપિત થાય છે તથા કલાકાર પોતાની કળાના આકર્ષણ દ્વારા શ્રોતાઓને કળાની રસધારામાં વહાવીને સાથે લઈ જાય છે અને શ્રોતા અલૌકિક આનંદના સાગરમાં તરવા લાગે છે. (આ પરમાનંદની અવસ્થામાં શ્રોતા પોતાના મનના અન્ય ભાવોથી વિરક્ત થઈ, કેવળ આ પરમાનંદમાં નિમગ્ન થઈ જાય છે.) એને પરમાનંદની પ્રાપ્તિ થાય છે. અને પરમાનંદની આવી અવસ્થા જ સંગીતના ઉદ્દેશ્ય સાથે પૂરક બની રહે છે.

સંગીત દ્વારા ચિકિત્સાની પદ્ધતિ

જુદા જુદા શોધ-અભ્યાસ અનુસાર જુદા જુદા સ્રોતોથી ઉત્પન્ન થતા ધ્વનિ તરંગોને કાન ગ્રહણ કરે છે. ત્યાંથી આ તરંગો, સંવેદના તંત્રિકાઓ દ્વારા મગજના મધ્યભાગમાં પહોંચે છે. ત્યાંથી ફરી ન્યૂરોનની સંરચના દ્વારા મગજના અન્ય ભાગોમાં પહોંચે છે.

મગજનો જમણો ગોલાર્ધ સંગીત વગેરે રચનાત્મક કળાઓને ઉત્કટપણે ગ્રહણ કરે છે. આ સંબંધે એક ખાસ વાત જાણી લેવી બહુ જ જરૂરી છે કે સંગીતના માધ્યમથી કરવામાં આવતા ઉપચારનો આધાર મહદ્ અંશે મગજની ગ્રહણશક્તિ પર રહેલો છે.

આ વિષય સાથે સંબંધિત કેટલીક શોધોને લીધે તે તથ્ય પણ જાણવા મળે છે કે સંગીતની રોગમાં ઉપચારમાં એ ભૂમિકા હોઈ શકે કે જે ધ્યાન વગેરે યૌગિક પ્રક્રિયાઓની હોય છે.

સંગીતના કેટલાક મુખ્ય શોધકર્તા અને ચિકિત્સક

૧. જર્મનીના ડૉ. રાલ્ફ સ્પિટગેએ પોતાના દર્દ-નિવારક ચિકિત્સાલયમાં ૯૦,૦૦૦ રોગીઓ ઉપર સંગીતના પ્રભાવનો અભ્યાસ કર્યો છે. રાલ્ફના મતે, 'સંગીત રોગની અસર ઘટાડી સાજા થવાની ગતિ વધારે છે તથા રોગીના શરીર-મનમાં તે એવી અદ્‌ભુત શક્તિ ભરે છે જે સામાન્ય રીતે અસંભવિત જણાતી હોય છે.'

૨. નવી દિલ્હીના 'શક્તિ વિકાસ પ્રકલ્પ'ના સંસ્થાપક અને અધ્યક્ષ ઈ. કુમારે સંગીત-ચિકિત્સા પર ઊંડું સંશોધન અને ગહન અભ્યાસ કરેલ છે. એમનો દાવો એવો છે કે તેમણે સંગીતની સ્વર-માલિકા દ્વારા સેંકડો રોગીઓને સાજા કર્યા છે. એમના કથનાનુસાર, 'સંગીત-પ્રકંપથી મુશ્કેલમાં મુશ્કેલ રોગોને પણ મટાડી શકાય છે. ઉદાહરણ તરીકે - પાગલપણાની હદ સુધી પહોંચી ગયેલા રોગીઓને સાજા કરી શકાય છે, અને પીડા-રહિત પ્રસવ વગેરે પણ કરાવી શકાય છે.'

તેઓ કહે છે કે, 'તાણ (ટેન્શન) જ રોગોનું મુખ્ય કારણ છે. તાણને લીધે 'બાયોરિધમ'માં અસંતુલન ઉદ્‌ભવે છે, જેથી જાત જાતની વિસંગતિઓ ઉદ્‌ભવે છે. સંગીત વડે અને ખાસ કરીને શાસ્ત્રીય કે સંકીર્તન જેવા સંગીત વડે બાયોરિધમ સ્થપાઈ જાય છે અને રોગોમાં રાહત મળે છે.'

૩. ઓહાયો વિશ્વવિદ્યાલયના પૅથૉલૉજીના પ્રાધ્યાપક ડૉ. હરિ શર્મા અને તેમના સાથી કોફમેન ઍલન અને સ્ટીફેનની શોધ મુજબ 'રૉક સંગીત' હૃદય અને કૅન્સર જેવી અસાધ્ય અને વેદના આપતી બીમારીઓને ઉશ્કેરે છે.

'સામવેદની ઋચાઓ અને બ્લૅક ઍન્ડ બ્લૅક સંગીતની શરીર પર અસરનો તુલનાત્મક અભ્યાસ' કર્યા બાદ તેઓએ જાણ્યું કે બ્લેક સંગીતથી એક તરફ જ્યાં સ્તન, આંતરડાં, ફેફસાં અને ત્વચાના કૅન્સરની કોશિકાઓમાં ૨૫ ટકા જેવો વધારો થયો હતો ત્યાં સામગાનથી તેમાં ૨૫ ટકા ઘટાડો આવ્યો હતો.

૪. દિલ્હીના મનોવિજ્ઞાની ડૉ. સંજય ચુગનું કહેવું છે કે, સંગીતના માધ્યમથી ઉપચારની પ્રક્રિયા દરમિયાન મેં કેટલાંય લોકોનો ઈલાજ કર્યો. વિશેષમાં એવાં લોકોનો કે જેઓ ડેમિટિયા, ડાયલૅક્સિયા અથવા કોઈ માનસિક તાણમાંથી પસાર થઈ રહ્યાં હોય.' અને ડૉ. ચુગ માને છે કે સંગીત અને ભાવનાઓ વચ્ચેનો સંબંધ મજબૂત હોય છે.

૫. સંગીતના માધ્યમથી ઉપચારનું કેન્દ્ર ચલાવતાં શ્રુતિના મંતવ્ય અનુસાર સંગીત હંમેશાં એક વિશેષ અનુભવ આપે છે તેમજ મગજ સુધી પહોંચી લાગણીઓને - ભાવનાઓને અસર કરે છે. તેમના મત મુજબ સંગીતને ગ્રહણ કરવાવાળો મગજનો જમણો ભાગ જ વ્યક્તિની લાગણીઓને પણ નિયંત્રિત કરે છે.

શ્રુતિ કહે છે : 'હું ખુદ મારા જીવનમાં સંગીતની સારી એવી અસર અનુભવું છું. પોતાના ગુડગાંવ સ્થિત કાર્યશિબિરમાં હું લોકોને પહેલાં સૂઈ જવા કહું છું. પછી મગજને ખાલી અને શાંત કરવા માટે જણાવું છું. પછી સંગીત સાંભળવાનું કહું છું. હું કેટલાયે પ્રકારનું સંગીત સંભળાવું છું, જેથી તેઓની ભાવનાઓમાં પરિવર્તન થતું રહે અને આત્મવિવેકને અલગ અલગ સ્તર સુધી પહોંચાડવામાં મદદરૂપ બને. મેં એવું અનુભવ્યું છે કે આ પ્રકારની શિબિરો પછી વ્યક્તિ પોતાની અંદર વધારે ઊર્જાનો અનુભવ કરે છે.'

કેટલાક સમાલોચકોના વિચારો

૧. સંગીત સમાલોચક આશીષ ખોખરનું માનવું છે કે, 'સંગીત ધ્વનિમાંથી ઉત્પન્ન થાય છે અને ધ્વનિ આપણી વિચારવાની ક્ષમતાને ઘણીબધી રીતે અસર કરે છે. એ જોવામાં આવ્યું છે કે એક્વેરિયમમાં માછલીઓ પણ પાસે આવતાં સંગીતના ધ્વનિને લીધે, તેને પાણીમાં ઉત્પન્ન થતાં તરંગોના માધ્યમથી અનુભવીને તેની ધૂનના આધારે તરે છે. અહીં નોંધપાત્ર બાબત એ છે કે માછલી સંગીતના ધ્વનિને સાંભળતી નથી, પરંતુ તેને પાણીમાં તરંગો (સ્પંદનો)ના માધ્યમથી અનુભવે છે. આને આધારે એવું અનુમાન કરી શકાય કે ધ્વનિ અને સંગીતની માનવીના મગજ પર કેટલી અસર પડતી હશે !'

૨. નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅન્ટલ હેલ્થ ઍન્ડ ન્યૂરોસાઈસીઝ બૅંગલોરના ડૉ. વી.એન. મંજુલા કહે છે કે, 'દરેક પ્રકારનું સંગીત ઉપયોગી થઈ શકે છે તથા અવસાદની અવસ્થામાં સ્વયં રોગીના સ્વરમાં ગીત વધારે ઉપયોગી બની રહે છે, ઍન્ગ્ઝાયટિ ન્યૂરોસિસમાં તારવાળાં વાદ્યયંત્રમાં વગાડેલું સુમધુર સંગીત ખાસ લાભદાયક બની રહે છે એવું જોવામાં આવ્યું છે. તેમજ ઉન્માદની અવસ્થામાં તીવ્ર સંગીતને પ્રાથમિકતા આપવી જોઈએ.' વધુમાં તેઓ કહે છે કે, 'સંગીત સાંભળવા કરતાં રોગી પોતે જ કોઈ ગીત ગાય અથવા વાદ્યયંત્ર વગાડે એ વધારે સારી વાત છે.' ૩. ન્યૂ યૉર્ક સિનૉય હૉસ્પિટલના ડૉ. જોન ડાયમન્ડ કહે છે કે, 'રૉક સંગીત હૃદયના ધબકારા વધારી રોગોને આમંત્રણ આપી શકે છે.'

વિશિષ્ટ રોગોને માટે વિશિષ્ટ રાગ

વિવિધ રાગોને જુદા જુદા રોગો પર તેની ચિકિત્સકીય અસરો માટે યોગ્ય માનવામાં આવે છે. કફનો કોપ થવાથી થતાં સંભવિત રોગો માટે રાગ ભૈરવી, માનસિક ચંચળતા અને ક્રોધની સ્થિતિમાં મલ્હાર અને જૈજૈવંતી, લોહીના દબાણમાં રાગ આસાવરી, શ્વાસ સંબંધિત રોગોમાં પંચમ રાગના પ્રયોગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પાગલપણાની સ્થિતિમાં રાગ ખંબુજ, અનિદ્રાના રોગમાં રાગ નીલાંબરીનો ઉપયોગ લાભદાયક છે. શ્રી રાગ દ્વારા પાચનક્રિયા બરોબર થાય છે. રાગ વર્ધિની શરીરની પીડાને દૂર કરે છે. શરીરનું હલન-ચલન સામાન્ય અને સ્વાભાવિક રૂપે કાર્ય કરે તે માટે રાગ તોડીને યોગ્ય માનવામાં આવે છે. આ પ્રયોગો માટે સંગીત-ચિકિત્સકોને રાગ, રોગ અને રોગીનું મન, તેની શારીરિક સ્થિતિનું સાચું જ્ઞાન હોય તે ખૂબ જ જરૂરી છે.

નિષ્કર્ષ અને સૂચન

ઉપર્યુક્ત અભ્યાસ વડે એવા નિષ્કર્ષ પર આવી શકાય કે કેટલાક વિશિષ્ટ રોગોનો (ખાસ કરીને માનસિક રોગો) ઉપચાર સંગીત-ચિકિત્સા દ્વારા કરી શકાય છે.

આ અભ્યાસથી એ વાત પણ જાણવા મળે છે કે તીવ્ર સંગીતને બદલે આધ્યાત્મિક અને શાસ્ત્રીય સંગીત રોગોના ઉપચારમાં વધારે ફાયદાકારક છે.

સંગીત-ઉપચારની સંભાવનાઓ દિવસે દિવસે વધતી જતી હોવાથી આ સંદર્ભમાં મારું એ સૂચન છે કે ભારતમાં સંગીત દ્વારા ચિકિત્સા એ વિષય પર પ્રામાણિક અધ્યયન અવશ્ય થવાં જોઈએ, જેથી કરીને સંગીત દ્વારા પરમાનંદ અને મોક્ષની પ્રાપ્તિ સાથે રોગોનો ઉપચાર અથવા સ્વાસ્થ્ય-લાભને પણ એક ઉચિત અને પ્રામાણિક દિશા દર્શાવી શકાય, તથા સંગીત મનોરંજન અને મોક્ષપ્રાપ્તિ ઉપરાંત ચિકિત્સા માટે પણ પ્રસિદ્ધ થઈ પોતાની બહુમુખી ક્ષમતા દુનિયા સમક્ષ રજૂ કરી શકે. ❒

અનુસંધાન] ફ્રેડ હૉયલ [પૃ. ૭૭૭થી

તારાઓની અર્ધી સંખ્યાના તારાઓનું અસ્તિત્વ મટી જાય તો પૃથ્વી-સ્થિત માણસનું વજન બમણું થાય અને સૂર્યની તેજસ્વિતા સો ગણી વધી જાય. વિશ્વના વિસ્તરણ દર અને દ્રવ્યની ઘનતાને લક્ષમાં રાખી તેમણે પદાર્થના દળ અને વિશ્વના દળને જોડતાં સમીકરણો તૈયાર કર્યાં. હૉયલ-નારલીકરનાં સમીકરણો નથી (૩) ન્યૂટનની જેમ આઈન્સ્ટાઇને સ્વીકારી લીધું કે પદાર્થનું દ્રવ્ય અને વજન સૌર મંડળના ગુરુત્વાકર્ષી દ્રવ્ય પૂરતું મર્યાદિત છે.

પણ કેટલાંક પ્રાયોગિક અવલોકનો અને તેમની સમજૂતી ગુરુત્વની વ્યાખ્યા સામેના પ્રતિબંધો વિરુદ્ધ જાય છે.

આજથી સો વર્ષ પહેલાં જર્મન વિજ્ઞાની મૅકે સૂચવ્યું કે પ્રત્યેક કણનું દળ વિશ્વના બીજા પ્રત્યેક કણના દળ સાથે સંબંધ ધરાવે છે. એનો અર્થ એ થયો કે જડત્વ એ પદાર્થનો સ્વથકી ગુણધર્મ નથી. પણ વિશ્વના બાકીના દ્રવ્યને આધારે ઊતરી આવતો ગુણધર્મ છે. આ હકીકતને પોતાના સાપેક્ષતાના સિદ્ધાંતમાં આમે જ કરવા છતાં આઈન્સ્ટાઈનને સફળતા મળી નહીં.

હૉયલ અને નારલીકરે આઈન્સ્ટાઈનની મુસીબત દૂર કરવા માટે કણોની આંતરક્રિયાને લગતા મેકના ખયાલનો ઉપયોગ કર્યો અને વિશ્વના વાસ્તવિક ગુણધર્મોને બંધ બેસે તેવાં સાપેક્ષતાનાં સમીકરણો સ્વીકાર્યાં.

તેમાં તેમણે ગુરુત્વને અવકાશના વારસાગત ગુણધર્મ તરીકેની માન્યતા રદ કરી. ગુરુત્વ વિશ્વના તમામ દ્રવ્યને આભારી છે તેવો દાવો રજૂ કર્યો. મતલબ કે હૉયલ-નારલીકરનાં મત મુજબ ગુરુત્વની સમસ્યા ને સાપેક્ષતાના સંદર્ભમાં નહીં પણ બ્રહ્માંડના સંદર્ભમાં સુલઝાવવી ઘટે. વિશ્વના અબજો દૃશ્ય અને અદૃશ્ય તારાઓમાંથી પેદા થતું ગુરુત્વ આપણી આસપાસના પદાર્થોના દળ અને જીવન ઉપર પ્રભાવ પાડે છે. આ રીતે, ધારો કે દૂરના

(અનુસંધાન પૃ. ૭૮૧)

વાવ, તળાવનાં જીવતાં જળ

ભગીરથ બ્રહ્મભટ્ટ

પ્રત્યેક ગામને કોઈ ને કોઈ તળાવ હોય છે. એ તળાવનાં અનેકવિધ સ્મરણો જ આજે તો સચવાયાં છે, તળાવ એના ભૂતકાળ અને એની ભવ્યતા સમેત હવે તો કેવળ સ્મૃતિનો જ વિષય બન્યું છે. જળ એ જીવન છે. તળાવનાં જળ પણ માનવજીવન સાથે એવાં સંયોજાયેલાં હતાં કે તેને અભિન્ન કરી ન શકાય. આપણા લોકસાહિત્યમાં 'તળાવ'ના અનેક સંદર્ભો છે. લોકગીતમાં 'તળાવ પાણી ગ્યાંતાં...'. તળાવને કિનારે ક્યારેક સ્મશાન પણ હોય. કોઈ તળાવ બારે મહિના ભરેલું જ રહે, તળાવમાં હું ભેંસ પાવા જતો. ચોમાસામાં ભેંસ નીકળે નહિ, પાણીમાં બેસી રહેતી. હું પણ તળાવના પાણીમાં પડતો. ભેંસ કાઢવાનું તો કેવળ બ્હાનું જ હશે, તળાવપ્રીતિ જ પારાવાર હતી ! ન્હાવાનું અને જળમાં અબુઢબુની રમત.રમવાનું હજુય યાદ છે ! હલકી વર્ણનાં લોકો તો તળાવને આરે બેસીને ન્હાય, એમાં જુવાન વહુવારુઓને અમે તળાવમાં પડ્યાં પડ્યાં ન્હાતાં નિહાળીએ અને ધન્યતા અનુભવીએ...તળાવ ઉનાળામાં શોષાતું, કોક વાર સુક્કાઈ જતું. તળાવનાં પાણીના વિવિધ ઉપયોગો થતા. તળાવનું પાણી પીને લખો વાઘરી જાડો ઢોલ થઈ ગયો છે - એમ લોકો કહેતાં. એ તળાવનાં પાણીથી લોકો માટીનાં ઘર બનાવતાં. એ પાણીથી વાસણ, કપડાં ધોવાતાં, ઢોર-ઢાંખર એના સહારે રહેતાં. હોળીનો ઉત્સવ રમી રહ્યા પછી, તળાવમાં પાણી હતું ત્યાં સુધી તળાવમાં જ ન્હાતાં-ધોતાં. એ તળાવને કિનારે બેસી રહેતાં... ચાર લેવા નીકળેલી બાઈઓ એના કાંઠે પોતાની આપકથાઓ માંડતી, તળાવ જાણે એ બાઈઓની વ્યથા-કથાનું સાક્ષી ! કોઈનો ઝઘડો-ટંટો તળાવને કાંઠે મંડાય. સંસારપુરાણ તળાવને કાંઠે સાંભળવા મળતું.

આઝાદીપૂર્વે તળાવની ભવ્યતા હતી. રાજાઓ તળાવો ખોદાવતા. ઘણા માણસોને રોજી મળી રહેતી, એ તો ખરું પણ એની પાછળ રાજાઓની દૃષ્ટિ રહેતી. પાટણનું સહસ્રલિંગ તળાવ, એનું ઉદાહરણ છે. તળાવને કાંઠે ઊભેલાં ઝાડનાં જીવનની ધન્યતા પણ કંઈ ઓછી નહોતી ! તળાવના વ્યંજક સંદર્ભો પણ આપણાં ગુજરાતી ગીતોમાં આકર્ષક રીતે ઉમેરાયા છે. 'દૂધે ભરી તળાવડી ને મોતીએ બાંધી પાળ રે... ઝીલણ ઝીલવા ગ્યાંતાં, ગરબે ઘૂમવા ગ્યાંતાં.' તળાવમાં સિંગોડાના વેલા તમે જોયા છે ? જાણે તળાવ ઉપન લોન પાથરી દીધી ! અષાઢ મહિનામાં ગૌરીવ્રત કરતી બહેનોના ઝવેરાઓ તળાવમાં તરતા તમે જોયા છે ? જાણે પૃથ્વીની જેમ જળમાં અંકુર ફૂટ્યા ! તળાવનું ચોમાસાનું રૂપ પણ જોવા જેવું ! છલકાતું તળાવ તમને જાણે આમંત્રે છે એની લીલામાં. જૂનાગઢમાં નવાબે બંધાવેલું 'પરીતળાવ' કેટકેટલા સંદર્ભે જાણીતું છે અને વળી, તમે ભુજનું હમીરસર તળાવ જોયું છે ? એ તળાવ ઉભરાય ત્યારે ભુજના લોકો મહોત્સવ માણે છે એની તમને ક્યાંથી ખબર હોય ? ડાકોરનું ગોમતીતળાવ કેટલું પવિત્ર મનાતું ? તળાવનાં પાણી બંધાયેલાં હોઈ, નદીની જેમ વહેતાં ન હોય, તેમ છતાં કેટલાંક તળાવો નદી જેટલાં પવિત્ર ગણાય છે. આઝાદી પછીનાં વર્ષોમાં તળાવનો મહિમા ઓસરવા માંડ્યો છે. તળાવની જગ્યાનો ઉપયોગ અન્ય આવાસોમાં કરવાની દાનતે, તળાવો પુરાવા માંડ્યાં છે. આજે ગુજરાતમાં તળાવોની સંખ્યા જૂજ થઈ ગઈ છે. તળાવને કિનારે ઊભેલાં ઝાડ ઉપર બેઠેલાં પંખીઓ, નીચે ઊતરી, જંપેલા જળમાં ચાંચ બોળી કેવી તૃષા છીપાવે છે ! એ ઘટના પણ દર્શનીય છે. તળાવને કાંઠે કેટકેટલા જીવો ટાઢા થતા હોય છે ! તળાવોને પોતીકાં નામઠામ હોય છે. અમારા ગામના તળાવને 'ખાડિયું' કહેવામાં આવે છે. 'ખાડા'માંથી ખાડિયું થયું હશે. ચરામાં આવેલા તળાવને 'જુણહોટ' કહેવામાં આવે છે - મૂળ ત્યાં પાણી ભરાય અને 'ખોટ' થાય, ખોટ ઝૂલી પડે એટલા બધા થાય. એટલે મૂળે 'ઝૂલખોટ'માંથી 'જુણહોટ' થયું હોય એવી કલ્પના થઈ શકે. તળાવ પાણીથી ભરેલું હોય ત્યારે પ્રાણીઓનો વિસામો બને છે. તળાવને ચોમાસામાં છલકાતું અને ઉનાળામાં સુકાતું પણ જોવા જેવું હોય છે. એના કાંઠે બેસીને નાવાની મજા પણ માણવા જેવી છે. ઘણા લોકો તળાવનું પાણી પીવાના કામમાં પણ લેતા હોય છે. 'ખાબોચિયા' કરતાં 'તળાવ'નો મહિમા વધારે છે. ખાબોચિયાની તુલનામાં 'તળાવ'ને સિનિયર ગણાવી શકાય. તળાવને પોતીકો ઇતિહાસ હોય છે.

ક્યારેક કોઈની ગોદડીઓ ધોવાતી હોય, તળાવે કોઈની સાયકલ ધોવાતી હોય, એ જ તળાવે ભેંસો પાણી પીતી હોય, ઉનાળામાં એ.સી. સમજીને પડી રહેતી હોય, કૂતરાં-શિયાળ પાણી પીતાં હોય ત્યારે એ વખતે પાણીનો અવાજ તમે સાંભળ્યો છે ? શાંત તળાવમાં આકાશ ઝળૂંબતું હોય છે. વહેતી નદી કરતાં આકાશનું સ્પષ્ટ દર્શન તળાવ કરાવતું હોય છે. તળાવ એ પૃથ્વી ઉપરનો જલઅરીસો છે. તળાવમાં આકાશનાં વાદળાં, આકાશના તારલા, કિનારે ઊભેલાં વૃક્ષો જાણે કે આનંદથી ન્હાવા પડ્યાં હોય એમ લાગે છે ! તળાવ શબ્દ 'તાલાબ' શબ્દમાંથી ઊતરી આવ્યો છે. તલ એટલે તળિયું અને 'આબ' એટલે પાણી. ખાડામાં ભરેલું પાણી એટલે તળાવ. ઘર બનાવવાનું હોય ત્યારે તળાવના પાણીનો ઉપયોગ થતો.

પ્રત્યેક વાવને પણ પોતાનો ઇતિહાસ હોય છે. વાવ સમૃદ્ધ માણસોએ પોતાની નામના માટે બંધાવી હોય છે. સોલંકીવંશમાં પાટણમાં ભીમદેવ ઉદયમતીની વાવ ખૂબ જાણીતી છે. જૂનાગઢની 'અડીકડી' જાવ ગુજરાતમાં ઘરે ઘરે જાણીતી છે. એના વિશે તો એવી લોકોક્તિ છે : 'અડીકડી વાવ ને નવઘણ કૂવો જેણે ન જોયા

ઈ જીવતો મૂઓ'. વાસ્તુશિલ્પના ગ્રંથોમાં પણ વાવના પાર વગરના ઉલ્લેખો જોવા મળે છે. વાવને પાકું ચણતર હોય છે. એના ગવાક્ષોમાં દેવ-દેવીઓની મૂર્તિઓ હોય છે. મુસ્લિમકાળમાં દેવીની જગાએ મિરાગ, ફૂલ કળશ જોવા મળતાં.

બાહ્ય આકાર જોઈએ તો કૂવા જેવો જ હોય, ગોળ પિલર ભરેલાં હોય, પગથિયાં કોતરાયાં હોય, કંડાર્યાં હોય ત્યાં વિસામો લેવાતો હોય. અડાલજની વાવ ઉત્તર ગુજરાતનું જોવાલાયક સ્થળ ગણાય છે. અડાલજની વાવ વાઘેલાવંશમાં વિક્રમસંવત ૧૩૫૫માં બંધાયાના ઉલ્લેખો છે. એનો વિસ્તાર અને એ પ્રદેશની ઓળખાણ એ વાવને કારણે જ થાય છે. પેટલાદ, માંગરોળ, ખંભાત, ધોળકા, વઢવાણ જેવાં સ્થળોએ જાણીતી વાવોના ઉલ્લેખો છે.

વાવ એ તો બંધાયેલું જળાશય. આજે વરસાદ ખોવાયો છે ત્યારે વાવના પુનઃ જન્મ વિશે વિચારો આવે છે, પણ વાવને આપણે ક્યાં સાચવી શક્યા છીએ ? વાવ જાહેર માર્ગ ઉપર હોય, જ્યારે પાકા રસ્તા નહોતા ત્યારે એનાં પાણી વટેમાર્ગુઓને માટે પરબનું કામ કરતાં હતાં. વાવનાં પાણીમાં કેટલાંક જળચર જીવો પણ વિહાર કરે. વાવો ખોદનારી વણઝારા કોમ છે, પણ એને ખોદાવનારા હવે રહ્યા નથી. કેટકેટલાં અબોલ પક્ષીઓ પણ વાવનાં ગવાક્ષોમાં પોતાની વંશવૃદ્ધિ કરતાં ? વાવ એ ઐતિહાસિક પુરાવો છે, જે તે સમયની સાખ છે. લોકસાહિત્યમાં વાવ વિશેના પાર વગરના ઉલ્લેખો અને તેની પાછળની સત્યકથાઓ જે તે સમાજની ગવાહી છે, એ ઇતિહાસ પણ જોવા જેવો છે.

વટેમાર્ગુઓ, ગોવાળિયા, રબારી, ચારણ, રખડુઓને મન વાવ તળાવનો મહિમા ઘણો મોટો. એમની તો જાણે ફાઈવ સ્ટાર હોટેલ કરતાંય વધારે મોટી મૂડી. થાક્યાપાક્યા પોરો ખાવાનું સ્થળ, વાત કરવાનો વિસામો. એ જ વાવ-તળાવનાં પાણીથી કેટલાંય ફળ-ઝાડ (આંબો, રાયણ) રસ્તા પર, ગામનાં ખેતરોમાં મોટાં થયાં હશે ! આમ, વાવ-તળાવે ફળાઉ ઝાડ પણ ઉછેર્યાં છે તો એ તળાવને કાંઠે બે નિશાળિયા જોડે જોડે બેસી કુદરતી હાજતે જતા પણ બેઠા છે ત્યારે તેમને ચોખ્ખા કરવાનું કામ તળાવનું રહ્યું છે. વાવની અને તળાવની કેટકેટલી સ્મૃતિઓ સાચવીને બેઠો છું.

આજે તો ઘેરઘેર નળ આવી ગયા છે, વાવો પુરાઈ ગઈ છે, તળાવો પુરાવા માંડ્યાં છે. એ જમીનોનો ઉપયોગ અન્ય અર્થે થઈ રહ્યો છે. તળાવોની - વાવોની જગ્યા અને એના મૂલ્ય વિશે હવે કોઈને ચિંતા નથી. તળાવમાં જ્યારે કમળ ખીલ્યાં હોય, ચાંદની રાત હોય ત્યારે તળાવની શોભા જોવા જેવી હતી... આજે વાવ-તળાવને આપણે સાચા અર્થમાં વિશુદ્ધ રહેવા દીધાં નથી અને એનો એટલી હદે દુરુપયોગ થયો છે કે તળાવનું મહત્ત્વ પણ સમાજજીવનમાંથી ઓછું થઈ રહ્યું છે, અલબત્ત નષ્ટ થતું જાય છે. વાવ-તળાવ એ સ્વપ્રિલ કુમારિકા જેવાં હોય છે, એમને ક્યાંય પહોંચવું નથી, એ તો પોતીકી અવસ્થામાં આસ્થા રાખીને શ્રેયાર્થી જેવાં સાધક થઈને પથરાયાં છે. એમનામાં ગતિ નથી છતાં એ અગતિશીલ જણાતાં નથી. એમનામાંથી આનંદની છોળો ઊઠતી નથી તો તેઓ અસંતોષનાં નિસાસા પણ નાખતાં નથી. કેટકેટલા જીવોને વાવ-તળાવે નિરાંત આપી છે, કેટલાં બધાં જીવોની વાતો સાચવી છે ? તળાવ મોટાં પેટવાળાં હોય છે. એમની પાસે લોકો કાંઠે બેસીને હૈયુ ખોલે છે. હૈયુ ખોલવાની જગ્યાઓ ઓછી થતી જાય છે ત્યારે વાવ-તળાવનો એક આત્મીય વ્યક્તિ તરીકેનો હૂંફાળો અને મીઠો અનુભવ ક્યાંથી મેળવશું ? ❒

અનુસંધાન] ફ્રેડ હૉયલ [પૃ. ૭૭૯થી

આઈન્સ્ટાઈનનાં સમીકરણોથી થોડાંક જુદાં પડે છે. હૉયલ-નારલીકરનાં સમીકરણોમાં યાદચ્છિક પદનો સમાવેશ થતો નથી.

હૉયલ-ર નારલીકરના ગુરુત્વનો સિદ્ધાંત એ ધારણા ઉપર આધારિત છે કે વિસ્તરતું વિશ્વ નવા દ્રવ્યના નિરંતર સર્જન સાથે પોતાની સ્થાયી-સ્થિતિ જાળવી રાખે છે. બીજી કેટલીક આનુષંગિક મુશ્કેલીઓના નિવારણ માટે તેમણે આગળ વધીને સ્વીકાર્યું કે બધાં જ તારાવિશ્વોમાંથી વિશ્વ એકસરખું દેખાય છે. સાથે સાથે ગમે ત્યારે (ગમે તે સમયે) પણ વિશ્વ એવું ને એવું દેખાય છે. અર્થાત્ વિશ્વ નિશ્ચર (invariant) છે. તે સમય વિહીન છે. એટલે કે તેને આરંભ કે અંત નથી. આ વિભાગના અંતર્ગત વિશ્વને આયુ નથી. ઉપરાંત તેમાં કોઈ સમયે કે સ્થળે અસામાન્યતા (singuiarity) સામેલ થતી નથી. આથી સમગ્ર બ્રહ્માંડની બાબતે અવકાશ અને સમયની સમાન ભાગીદારી પ્રવર્તે છે.

૧૯૬૫માં હૉયલે નિર્દેશ કર્યો હતો કે તત્કાલીન અવલોકનોને આધારે તેમનો સ્થાયી-સ્થિતિનો સિદ્ધાંત સંપૂર્ણપણે ટકી શકે તેમ નથી. સમાધાન કરતાં તેમણે જણાવ્યું કે વિસ્તરતા વિશ્વની વિભાવનાને સ્થાનિક અસર તરીકે જોવી ઘટે. આપણું તારા-વિશ્વ વિસ્તરતું હોય પણ બીજા તારાવિશ્વો ન વિસ્તરે તેવું બની શકે. વીસ વર્ષથી ચુસ્ત રીતે વળગી રહ્યા પછી હૉયલની પોતાની માન્યતામાં ધરખમ ફેરફાર થયો. વિજ્ઞાનમાં તો જૂનું જાય અને નવું આવે તેવું બનતું જ રહે છે. વિજ્ઞાનીઓ પણ અન્ય નાશવંત પદાર્થોની જેમ આવે, જીવે અને નવું નવું ભણે છે.

ઘણીબધી બાબતે હૉયલ સમયથી આગળ હતા. તેમની વાતો, વિચારો અને વિભાવનાઓને તેમનો સમકાલીન સમાજ સમજી શક્યો નહીં એટલે કે જીરવી શક્યો નહીં. પરિણામે અત્યંત શક્તિશાળી સ્વપ્નદ્રષ્ટાને અપાર વૈર-વૈમનસ્યનો સામનો કરવો પડે છે અને તેની ભારે કિંમત ચૂકવવી પડે છે. મહામાનવો સાચા પુરવાર થાય છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. હૉયલ તેમાં અપવાદ ન હતા. ❒

ઈતિહાસધારા

અશોક હર્ષ

મધ્ય પ્રદેશમાં આજે તો બસ્તરના વિશાળ દેશી રાજ્યનું અસ્તિત્વ નથી રહ્યું, તેનો કબજો મેળવ્યા પછી અંગ્રેજોએ તેને એક જિલ્લો બનાવી દીધેલો. બળદની કાંધ જેવા પહાડો જેને બસ્તરની બોલીમાં 'બેલાડીલાં' કહેવામાં આવે છે એ માટે જેટલો જાણીતો એટલો જ જાણીતો વનસંપત્તિ અને ખનિજસંપત્તિ માટે પ્રદેશ જાણીતો છે. એનું મુખ્ય શહેર છે જગદલપુર.

બસ્તરનો રાજા સગીર ઉમરનો હોઈને અંગ્રેજોએ પોતાના વતી એક દીવાન ત્યાં મૂકેલો જે રાયપુર મુકામે રહી સગીર રાજા રુદ્રપ્રતાપદેવ વતી રાજ્યનો વહીવટ ચલાવતો. દીવાન બૈજનાથ જો કે ભારતીય હતો, પરંતુ બસ્તરની આદિવાસી પ્રજા તો તેને અંગ્રેજોનો કાંધિયો જ માનતી.

ભારતના લોકોના દેશ પરની વિદેશી હકૂમતને હાંકી કાઢવાના પ્રયાસો ત્યારે ચાલુ હતા, બસ્તર પણ તેથી અસ્પૃશ્ય રહી શક્યું નહિ. સને ૧૯૧૦ની પોષ સુદ પૂનમના રોજ તેર હજાર ચોરસ માઈલ વિસ્તારના અને રેલવે કે તારની સગવડ વિનાના પ્રદેશમાં કિલેપાલ ઘાટમાં તીરકામઠાં ને ફરસીઓ સાથે એકત્ર થયેલા ખાડિયા ને મુરિયા આદિવાસીઓએ મધ્યાહ્નથી જાહેર કરીને એક પછી એક સરકારી ઈમારતને આગ ચાંપવાનું તથા હાથમાં આવતા એકેએક સરકારી કર્મચારીને ખત્મ કરવાનું શરૂ કરી દીધું.

અંગ્રેજોએ આ વિપ્લવ દબાવી દેવા માટે બે લશ્કરી ટુકડીઓ રવાના કરી. જગદલપુરની જનસંખ્યા એ વખતે માંડ સાતેક હજાર હશે, જ્યારે ચારે બાજુથી તેને ઘેરી લેનારા વિપ્લવીઓની સંખ્યા એક લાખ જેટલી હતી. જેઓ આક્રમણ કરતાં પહેલાં પોતાના રાજાને મળવા માગતા હતા. પરંતુ તેઓ આક્રમણ શરૂ કરે તે પહેલાં એક અંગ્રેજ ટુકડી આવી પહોંચી. એના અંગ્રેજ અફસરોએ સંધિ કરવાના બહાને કેટલાક સ્થાનિક કર્મચારીઓને મોકલી આપ્યા. વિપ્લવીઓએ તે માટે તૈયારી બતાવતાં અંગ્રેજ અફસર કર્નલ ગેયર આવી પહોંચ્યો અને વિપ્લવીઓ સામે માટીનું એક ઢેફું ભાંગી તેની થોડીક માટી મોંમાં નાખી 'પ્યારી કિરિયા' કરી આદિવાસીઓ આ માટી કિરિયાને સૌથી મોટા સોગન માનતા.

નિષ્કપટ વિપ્લવીઓએ કર્નલગેયરના આ સોગન પછી કશી રોકટોક વિના નદીની આ પાર આવવા દીધા. કર્નલ ગેયરે તેની ટુકડી સાથે નદી પાર કરી ત્યાં સુધીમાં તો બીજી ટુકડી પણ આવી પહોંચી. બંને ટુકડીઓએ મળીને વિપ્લવીઓના પડાવને ચારે બાજુથી ઘેરી લીધો. આ શયતાનોએ વચનભંગ કરી રાતના અંધારામાં ઘેરાયેલાં વિપ્લવીઓનો કેટલી હદે સંહાર કર્યો તેનું અનુમાન સુધ્ધાં મુશ્કેલ છે. જે શેષ બચેલા તેમને દિવસ ઊગ્યે ગળે દોરડાં બાંધી જગદલપુરના સદર બજારમાં આમલીનાં બે ઝાડ પર લટકાવી દઈ મારી નાખવામાં આવ્યા. ત્રીજે દિવસે બધી લાશોને ઝાડ પરથી ઉતારીને ફેંકી દેવામાં આવી.

કર્નલે આ પછી જગદલપુરમાં પ્રવેશ્યા બાદ આ આદિવાસી વિસ્તારમાં ખૂન, લૂંટ અને બળાત્કારનો દોર તેના સૈનિકો માટે છૂટો મૂકી દીધો, અને પોતે બસ્તરમાં શાંતિ સ્થાપી દીધી હોવાનો હેવાલ ઉચ્ચાધિકારીઓને મોકલી પોતાની પદોન્નતિનો માર્ગ સરળ બનાવી દીધો. રાજા રુદ્ર પ્રતાપદેવને પદભ્રષ્ટ કરી તેને નજરકેદમાં રાખવામાં આવ્યો, જે ૧૯૨૧માં માત્ર ૩૭ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યો.

ભારત પરની અંગ્રેજી હકૂમતની સામે થયેલાં વિપ્લવોમાં ૧૮૫૭ પહેલાંના આ વિપ્લવનું મહત્ત્વ ઓછું નહોતું, પણ ભારતીય ઈતિહાસમાં આદિવાસીઓનાં આ વિપ્લવની ક્યાંય નોંધ લેવામાં નથી આવી. ❐

धारावाही बंगाळी नवलकथा

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

મારા ડૅપ્યૂટિ નરસિંહને શું શું કરવાનું હતું તેની વિગતથી સમજણ પાડી. મેં કહ્યું : 'હું જેટલા દિવસ કલકત્તામાં ન હોઉં તેટલા દિવસ ઑફિસની બધી જવાબદારી તમારી.' જર્મની જવાની બધી તૈયારી થઈ ગઈ. જતી વખતે રીટાને કહ્યું : 'બાબલાને આખો વખત નજર સામે રાખજે. ડૉક્ટરે આ બાબત પર ભાર મૂકીને કહ્યું છે.'

તે પછી હું ગયો. કલકત્તામાં શું થતું હતું તેની મને ખબર નહોતી. જર્મની પહોંચતાં જ હોટેલમાંથી મેં રીટાને ફોન કર્યો. રીટાએ જ લીધો. અને કહ્યું, 'બધું ઠીકઠાક છે. બાબલો મજામાં છે. એ નિશાળે જાય ત્યારે એને ઘણોબધો નાસ્તો આપું છું. રોજ જુદો જુદો ને ઘણી બધી વાનગીઓ. એ બહુ ખુશ છે. ઘેર આવે ત્યારે નાસ્તાનો ડબ્બો જોઉં છું તો તદ્દન ખાલી હોય છે. ઘેર આવ્યા પછી પણ પેટભરીને જમે છે.'

મેં પૂછ્યું : 'ભણવાનું કેમ ચાલે છે ?' રીટાએ કહ્યું : 'હું એની બધી નોટબુક તપાસું છું. એમાં પણ શિક્ષકની નોંધ ઘણી સારી હોય છે.'

એ પછી મારે બીજી કશી વાત કરવા જેવું હતું નહિ. એટલે ટેલિફોન મૂકી દીધો. બીજે દિવસે બધી આવી જ વાતો થઈ. આમ એકની એક વાત કરતાં કરતાં ત્રણ દિવસ વિતાવ્યા. પાંચ દિવસ પછી આઘાત ઊપજે એવા એક સમાચાર સાંભળી મારી છાતી બેસી ગઈ. કલકત્તાથી ફોન આવ્યો. રીટાએ કહ્યું : 'બાબલો ખોવાયો છે. જડતો નથી.'

હું તો ઠરી ગયો. મેં ઠરડાતે અવાજે પૂછ્યું : 'કેમ, શું થયું ? ઝટપટ કહી નાખ. ઝાઝો વખત નથી. પોલીસમાં ખબર આપ્યા ?'

રીટાનો અવાજ હીબકાંથી ભરેલો હતો. એણે રડતાં રડતાં કહ્યું, 'હા...આ... ખબર આપી છે. એ લોકો પણ શોધાશોધ કરે છે. તમે તાબડતોબ ચાલ્યા આવો. મને કંઈ સૂઝતું નથી. આંખે અંધારાં આવે છે.'

હું વધારે વાત કરી શક્યો નહિ. મેં તરત જ એરપોર્ટ પર ટેલિફોન કરી કલકત્તા પાછા ફરવાની વ્યવસ્થા કરી દીધી. બીજે દિવસે જર્મનીથી ઊપડી કલકત્તા આવી ઝડપથી ઘરે પહોંચ્યો. ત્યારે રાતના અગિયાર વાગ્યા હતા.

મારી પત્ની મારી રાહ જોતી જાગતી બેઠી હતી. મને જોઈને એ ગંભીર બની ગઈ. રડી નહિ, કશી ફરિયાદ કરી નહિ. જાણે શરીરમાં પ્રાણ ન હોય તેમ બેઠી રહી. હું ડરી ગયો. શું ફરી પાછો જૂના રોગે ઊથલો માર્યો કે શું ? એવું થયું હોય તો માર્યા. ડૉક્ટર, તમે તો જાણો છો કે આપણા બધાનું જીવન આવું જ હોય છે. ભય અને આશાનું ચગડોળ ફરતું જ હોય છે. એક વાર થાય કે મેં બધું જ ગુમાવ્યું છે તો પછી પાછું થાય કે ના કશું જ ગુમાવ્યું નથી. કશો જ ડર નથી. બધું ઠીકઠાક બાળપણથી આજ સુધી મારું જીવન આમ જ વીત્યું છે.

થોડા દિવસ પહેલાં મને કેટલી આશા હતી ! કેટલો બધો આનંદ હતો. રીટા સાજી થઈ ગઈ છે. એની બધી આશા ફળી છે. અમારા સંસારમાં બાબલો આપમેળે જ આવ્યો છે. એ મોટો થશે. એ મારી કંપનીની કીર્તિ વધારશે, એને હાથે મારું ભવિષ્ય ઊજળું બનશે. એવી આશા મારા મનમાં દૃઢ થઈ ગઈ હતી. હું વળી પાછો બમણા ઉત્સાહથી ઑફિસના કામમાં ગૂંથાઈ ગયો હતો. ત્યારે કંઈ ખબર હતી કે બે દિવસ પછી એ બધી આશા ધૂળમાં મળી જવાની છે અને પાછી અશાંતિ મને ઘેરી લેશે ?

મેં હવે જરાય વખત ગુમાવ્યો નહિ. તરત જ અમારા વિસ્તારના પોલીસથાણામાં ફોન કર્યો. મેં મારું નામ કહેતાં જ, જે દિવસે ગ્રીઅરસન કંપનીનો માલિક થયો તે દિવસથી નામનો મહિમા સમજાયો.

થાણાના પોલીસ ઑફિસરે કહ્યું : 'હા, સર, અમે તપાસ કરીએ છીએ.'

મેં પૂછ્યું, 'તમે સ્કૂલમાં ખબર આપી છે ?

એણે કહ્યું, 'હા સર ! મેમસાહેબે અમને જાણ કરી કે તરત જ હું સ્કૂલમાં ગયો અને પ્રિન્સિપાલને મળી બધી પૂછપરછ કરી નોંધ કરી. તમારો ડ્રાઈવર સ્કૂલમાં એને લેવા ગયો, ત્યારે દેવવ્રત સ્કૂલમાં મળ્યો નહિ. રોજ જ ડ્રાઈવર ત્યાં જાય ત્યારે દેવવ્રત ગાડીની રાહ જોતો હોય છે. પણ પ્રિન્સિપાલને એની પર શંકા નથી. દેવવ્રત તે દિવસે ક્યાં ગયો તે કોઈ જાણતું નથી. ચોકીદારે નિશાળ છૂટી ત્યારે દેવવ્રતને જોયો હતો પણ જ્યારે ડ્રાઈવર આવ્યો ત્યારે એ દેખાયો નહિ. ખૂબ શોધ્યો પણ જડ્યો નહિ.'

મેં કહ્યું : 'તો હવે શું થાય ? ૪૮ કલાક થઈ ગયા. તોપણ હજી તેને શોધી શક્યા નથી તો ક્યારે મળશે ? જો ગુંડાઓ એને કલકત્તાની બહાર લઈ ગયા હોય તો ?'

પોલીસ ઓફિસરે કહ્યું, 'અમારી શોધ તો ચાલુ જ છે. બધાં થાણાંમાં એને શોધી કાઢવા તાકીદ કરી છે. મને આશા છે કે જલદી જ અમે એને શોધી કાઢીશું. અને થોડો સમય આપો.'

મેં ફોન મૂકી દીધો. તે પછી મદનને બોલાવ્યો. મદન અમારો ડ્રાઈવર છે. એ જ બાબલાને નિશાળમાં મૂકવા જતો. નિશાળ છૂટે ત્યારે ઘેર લઈ આવતો.

મદન મારી સામે આવીને ઊભો રહ્યો. ત્યારે ભયથી

થથરતો હતો. તે દિવસે જે કંઈ બન્યું, તે બધું એણે વિગતથી જણાવ્યું.

મેં પૂછ્યું, 'ત્યારે તેં શું કર્યું ?'

મદને કહ્યું : 'હજૂર ! મેં જઈને ચોકીદારને બધી વાત કરી. ચોકીદારે કહ્યું કે 'એ છોકરો તો નિશાળમાં નથી.' મદને એને પૂછ્યું, 'નિશાળમાં નથી તો ક્યાં ગયો ?' ત્યારે ચોકીદાર ગભરાયો, કારણ કે એની પણ છોકરાઓ પર દેખરેખ રાખવાની પૂરી જવાબદારી છે. એણે ઘણો સમય રાહ જોયાં કર્યા પછી તપાસ કરી કે બીજા કોઈ છોકરા જોડે એ વાતે તો વળગ્યો નથી ને ? છેવટે જ્યારે સ્કૂલના બધા છોકરા પોતપોતાને ઘેર ચાલ્યા ગયા અને સ્કૂલ તદન ખાલી થઈ ગઈ ત્યારે છોકરાને લેવા જે ગાડીઓ આવી હતી તે બધી છોકરાઓને લઈને ગઈ. મદન એકલો જ ગાડી લઈને ત્યાં ઊભો હતો.

પણ છેવટે મદનને બીક લાગવા માંડી. ઘેર જઈને એ મેમસાહેબને કહે શું ? બાબલાને સ્કૂલમાં પહોંચાડવાની અને ત્યાંથી પાછા ઘેર લઈ આવવાની એની જવાબદારી હતી. બાબલા વિનાની ખાલી ગાડી લાવીને એ મેમસાહેબને કહે શું ?

આખરે જ્યારે બાબલો જડ્યો નહિ, એટલે બીજો કોઈ ઉપાય ન હોવાથી એ ખાલી ગાડી લઈને ઘેર આવ્યો.

મેમસાહેબ પાસે જઈને પરિસ્થિતિ જણાવી. ત્યાં મેમસાહેબ બૂમબરાડા પાડવા માંડ્યાં. 'ક્યાં છે બાબલો ? ચોકીદારને પૂછ્યું ?'

મદને કહ્યું, 'હા. મેમસાહેબ ! ચોકીદાર કહે છે કે એને ખબર નથી.'

રીટાએ કહ્યું : 'ચોકીદારે કહ્યું ને તેં માની લીધું ?'

ત્યારે મદન કશો જવાબ આપી શક્યો નહિ. ગુન્હેગારની જેમ ચૂપચાપ ઊભો રહ્યો ત્યારે રીટા જાતે સ્કૂલના પ્રિન્સિપાલ પાસે ગઈ. ત્યાં કશો સંતોષકારક જવાબ ન મળ્યો એટલે એ થાણામાં ગઈ. છોકરાના ખોવાયાની ખબર આપી નોંધ કરાવી.

મેં બધી વાત સાંભળી. રાતના બહુ મોડું થયું હતું. હું સૂવા ગયો. રીટા પણ સૂવા ગઈ, પણ એ રાતે અમને બન્નેને ઉજાગરો થયો.

બીજે દિવસે હું અજવાળું થતાં જ સ્કૂલમાં ગયો. ત્યાં પણ એકનો એક જ જવાબ. પ્રિન્સિપાલે પોતાની ભૂલનો સ્વીકાર કર્યો. શિક્ષકોને બોલાવી ધમકાવ્યા પણ પરિણામ શૂન્ય.

ત્યાંથી ગયો પોલીસથાણામાં. ત્યાં એનો એ જ જવાબ મળ્યો : તપાસ કરીએ છીએ. ન મળે ત્યાં સુધી અમે ચેનથી બેસીશું નહિ. હું મૂંઝાયો. ઑફિસે ફોન કરી દીધો. નરસિંહને કહ્યું કે અગત્યના કામે રોકાયો હોવાથી ઑફિસ નહિ આવી શકું.

મારી મુશ્કેલી એ હતી કે કોઈની આગળ મારી શી મુસીબત છે, તે હું કહી શકું એમ હતું નહિ. એ પણ એક પ્રકારની શરમની વાત હતી. મારું પોતાનું સંતાન તો હતું નહિ. તે માટે અમે પતિપત્નીમાંથી કોઈનામાં કશી ખામી નહોતી. તો પણ શા માટે અમારે લજવાવું પડે ? પૈસાટકા ન હોય અને શરમાવું પડે તેના કરતાં આ શરમ વધારે મનને કોરી ખાય એવી હતી.

આખો વખત હવે શું કરું એના જ વિચારો આવ્યા કરતા હતા. થાણામાં ઘણી વાર ફોન કર્યો તો ત્યાંથી જણાવ્યું કે, જોરશોરથી તપાસ ચાલુ છે. હજી સુધી પત્તો લાગ્યો નથી. મળતાં તરત જ ખબર કરીશું. મેં રીટાના ખંડ આગળ જઈને બારણું ખખડાવ્યું. પણ અંદર કશી હિલચાલ થતી દેખાઈ નહિ. મેં બૂમ પાડી. પણ કશો જવાબ નહિ.

મારી ઑફિસમાં હું ઘંટડી વગાડું કે તરત જ પટાવાળો હાજર થાય, ને સલામ કરે. ત્યાં બધા મારા હુકમની રાહ જોતા હોય. ત્યાં બધાને મારી બીક લાગે તેમ જ એમને મારે માટે ભક્તિભાવ પણ ખરો. હું ફક્ત તેમનો ઉપરી જ નહોતો પણ તેમનું ભલું ઈચ્છનારો, એમનું હિત જોનારો પણ હતો.

ડૉક્ટર ! જુઓને આપણું જીવન કેવું જટિલ છે ? કદાચ બધા માણસોનું જીવન જટિલ હશે. આપણે એક બાજુ પતિ હોઈએ છીએ. તો બીજી તરફ બાપ પણ હોઈએ છીએ. એક તરફ આપણે ઉપરી હોઈએ છીએ તો બીજી તરફ કોઈના કર્મચારી પણ હોઈએ છીએ. આપણામાંના જે કર્મચારી હોય છે. તે પણ એક તરફ કોઈના પિતા તો કોઈના પતિ હોય છે. એ જ વ્યક્તિ એના પોતાનાં કુટુંબમાં સર્વોપરિ હોય છે. પણ મારી પાસે આવતાં એ જ વ્યક્તિ નોકર કે કર્મચારી બની જાય છે. ત્યાં એની કશી સ્વાધીન સત્તા હોતી નથી. હું એને જે હુકમ કરું તેનું એ પાલન કરે.

મેં વિચાર કર્યો કે બાબલો કદાચ મયરાડાંગામાં એની માસીને ત્યાં ગયો હશે. મેં નક્કી કર્યું કે તાબડતોબ હું મયરાડાંગા જાઉં. કદાચ ત્યાં જાઉં તો એ મળી જાય.

સાંજે રીટા જેવી એના ખંડમાંથી બહાર નીકળી એટલે મેં મયરાડાંગા જવાની વાત કરી. પણ રીટા મારી જોડે આવવા તૈયાર ન થઈ. એણે કહ્યું, 'શું આપણે ભિખારી છીએ ?'

મેં કહ્યું, 'ભિખારી શાનાં ? આપણો છોકરો ખોવાઈ ગયો છે. એને ખોળવા જઈએ તે શું ભીખ માગી કહેવાય ? માણસની વાત તો આઘી રહી પણ ગાયબળદ ખોવાય તો બધા એને ખોળવા નથી જતા ? પોલીસમાં પણ ખબર આપે. જ્યારે આ તો નાનું બાળક છે. કદાચ એ માસીને ત્યાં ગયો હોય એમ પણ બને.'

આટલા દિવસ, એક વર્ષ, અમારી પાસે બાબલો હતો. તેથી રીટાને એને માટે ભારોભાર લાગણી હતી. કેટલાય દિવસ એ એની જોડે રમતી હતી. એને લઈને ફરવા પણ જતી હતી. એને કેટલાંય સિનેમા જોવા લઈ ગઈ છે. બાબલો રીટાને મમ્મી

કહીને બોલાવતો. અમને બન્નેને એની તરફ ખૂબ વહાલ હતું. એ અમારો દીકરો હોય એટલું વ્હાલ. અરે ! એક પોપટ કે કૂતરો પાળ્યો હોય તો પણ તેની તરફ એ આપણા કુટુંબનું જ હોય એવું વહાલ ઊપજે ત્યારે આ તો માનવી બાળક હતું.

પણ એ બાબલાની માસી કેવી ! એના ભાણેજને મળવા આવી. એને તાવવાળો જોઈ ગઈ, પછી તો એક વાર પણ એ આવી નહિ. એને શું બાબલો ભારરૂપ લાગ્યો હશે ? અને એમાંથી છૂટવા આ પેંતરો રચ્યો હશે ?

રીટા પણ એમ જ કહેતી હતી. જોયું ને, બાબલો કેવો આપણી જોડે હળી ગયો છે !

હું પણ એ જ જોતો હતો, ને જોઈને અચરજ થતું હતું. અમારા અઢળક પૈસા, અમારાં વિલાસનાં સાધનો - એ બધામાં એ એવો અટવાઈ ગયો કે પોતાની માસીને સુધ્ધાં ભૂલી ગયો. બાબલાને માટે અમે ઘરમાં કેટલાંય પક્ષી પાળેલાં. એને બાળકોની સાઈકલ અપાવેલી કે આ બધામાં એ એવો અટવાઈ જાય કે એની માસીને ભૂલી જાય. એ કંઈ માગે કે તરત જ અમે એને લાવી આપતાં, એનો પડતો બોલ અમે ઝીલતાં. એની પાછળ એ જ હેતુ હતો કે એ ભણીગણીને ગ્રીઅરસન કંપનીનું સુકાન સંભાળે. તો શું હવે એ આશા, એ સ્વપ્ન બધું બળીને રાખ થઈ જવાનું ?

ગાડીમાં અમે મયરાડાં ગામ તરફ ગયાં. મદન બહુ સારો ડ્રાઈવર હતો. એ અમને સીધો મયરાડાંગા લઈ ગયો.

મદનને મેં બહુ ધમકાવ્યો હતો. એને કહ્યું હતું કે બધો વાંક એનો જ છે. એને કહ્યું હતું કે 'જરૂર એને લેવા મોડો પહોંચ્યો હશે, તેથી તને ન જોતાં એણે રસ્તે ચાલવા માંડ્યું હશે.'

મદને કહ્યું, 'ના સર ! હું રોજ જે સમયે જતો હતો બરાબર તે જ સમયે ગયો હતો.' (ક્રમશઃ)

લઘુકથા

ઘર

દુર્ગેશ ઓઝા

જોવ્યા કરતાં જોયું ભલું. ફરે તે ચરે ને બાંધ્યો ભૂખે મરે.' આમ માનતા માધવરાય ચારધામની યાત્રા પૂરી કરીને ઘેર આવ્યાં કે તરત જ ઘરનાં સૌકોઈ હરખાઈ રહ્યાં. કોઈને તેમની ચરણરજ લેવી હતી તો કોઈને પ્રવાસવર્ણન સાંભળવું હતું. પણ દરેકને સૌથી વધુ રસ તો માધવરાય દરેકે મંગાવેલી ચીજવસ્તુ લાવ્યા છે કે નહિ તે વાતમાં હતો. માદવરાયે સહુની આતુરતાનો અંત લાવતાં કહ્યું :

'જુઓ, હું દરેક માટે જેણે જે જે મંગાવ્યું તે બધું જ લાવ્યો છું. 'શેઠની શિખામણ ઝાંપા સુધી' કે 'અગસ્ત્યના વાયદા' જેવું નથી કર્યું. જુઓ, આ બબલુનું ઝબલું, બા માટે ચાંદીની દીવી. દીકરી રચના માટે મજાનું સ્વેટર...'' એક પછી એક વસ્તુ નીકળતી જતી હતી ને દરેક પોતાનો વારો આવે એ ઉત્કંઠાથી કુંડાળું કરી બેસી ગયું હતું. ત્યાં જ ઘરની શોભા સમી નાની વહુ વચ્ચે બોલી ઊઠી : 'બાપુજી... મારા માટે કંઈ લાવ્યા છો ?'

'લ્યો, બાર વરસે બાવો બોલ્યો. હું યાત્રાએ જવા નીકળ્યાં ત્યારે ફરીફરીને બધાંને પૂછ્યું હતું ને દરેકે ઉઘાડે છોગ પોતાની પસંદગી લખાવેલી... એક તું જ ત્યારે કંઈ નહોતી બોલી. ત્યારે મોંઢામાં મગ ભર્યા હતા ? બોલે તેનાં બોર વેચાય. માંગ્યા વિના માય ન પીરસે.'

'બાપુજી, તમારી વાત સોળ આના સાચી, પણ આડકતરી રીતે મેં એમ તો કીધું', તું કે મને નટરાજ શંકરની મૂર્તિ બહુ ગમે છે ! મને એમ કે તેજીને ટકોરો ઘણો, પણ તમે તો મને અંગૂઠો બતાવ્યો. અક્કર્મીનો પડિયો કાણો તે આનું નામ...'

નાની વહુએ હૈયાવરાળ ઠાલવી એટલે સાસુજી સમજાવી રહ્યાં : 'વહુ બેટા, તારે પાણી પહેલાં જ પાળ બાંધવી જોઈએ ને. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય. ખોટી બે આંખની શરમ શું કામ રાખી ? ને એક હાથે તાળી ન પડે. તેં ન કીધું એટલે જ બાપુજી ન લાવ્યા. હવે આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય ને એય... હું તમને ય કહું છું. આમ તો વહુની વાતેય સાવ નાખી દીધા જેવી નથી. તમે મોટું મન રાખી તમારી મેળે એના માટે કેમ કાંઈ ન લાવ્યા ? કોઈએ હાથ આડો નહોતો દીધો. પેલા અજાણ્યા મગના માટે યાદ રાખીને ખોટેખોટું ઉપાડી આવ્યા ! ઘરના ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો. અક્કલ કાંઈ વેચાતી નથી મળતી.' પોતાનું ઉપરાણું લેવાતાં વહુએ મમરો મૂક્યો, 'બા, હવે સમજાયું કે આપ મૂઆ વગર સ્વર્ગે ન જવાય ને આ નાની વહુનું કોણ સાંભળે ? ભેંસ આગળ ભાગવત. નીચી બોરડી સૌ કોઈ ઝૂડે.'

'હવે નીચી બોરડીવાળી દીકરી મારી, બેસ છાનીમાની. એક તો મેં લાવેલી નટરાજની મૂર્તિ પહેલેથી જ ચૂપચાપ કાઢી લીધી ને પાછી મને બનાવે છે ? તેં ફોડ નહોતો પાડ્યો એટલે તારી વસ્તુ તો ઊલટું યાદ રાખી સૌથી પહેલાં જ લીધી હતી. મેં ધરમનો ધક્કો નથી ખાધો. ને તું ય બેય બાજુ ઢોલકી બજાવવા બેસી ગઈ ! સાસુવહુ ભેગાં મળી મારી આંખમાં ધૂળ નાખવા માગો છો, એમ ? મનેય નાટક કરતાં આવડે છે. શેરના માથે સવાશેર, શું સમજ્યાં ?'

ને હાથમાં મૂર્તિ લઈ વહુ માધવરાયને સહર્ષ પગે લાગી ત્યારે સૌ ખડખડાટ હસી પડ્યાં. સૌની આંખમાંથી હરખનો શ્રાવણભાદરવો વરસતો હતો.

હરપ્પીય સભ્યતા એક નવા પરિપ્રેક્ષમાં

વાય.એમ. ચીતલવાલા

આજથી સો વર્ષો પહેલાં ભારતીય પુરાતત્ત્વ ક્ષેત્રે થયેલ પહેલમાં લૉર્ડ કર્ઝને પુનઃ ગઠિત કરેલ પુરાતત્ત્વ સર્વેક્ષણના ડિરેક્ટર જનરલ તરીકે જ્હોન માર્શલને નિયુક્તિ આપી. પરિણામે ૧૯૨૦માં સિંધુ ઘાટીની સભ્યતાની શોધ થઈ, જેમાં બ્રિટિશ ઉપરાંત ભારતીય પુરાતત્ત્વવિદોએ મહત્ત્વનો ફાળો આપ્યો. હરપ્પા અને મોહેં-જો-ડેરો પર ૧૯૨૨માં શરૂ થયેલાં ઉત્ખનનનો આજ પર્યંત વિવિધ હરપ્પીય સ્થળોએ પણ થયાં છે. હરપ્પીય સભ્યતા અંગેની માન્યતાઓમાં હવે આમૂલ પરિવર્તનો થયાં છે. વધુમાં પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓમાં જેમાં નવાં પાષાણકાલીન સ્થળો અને હરપ્પા પહેલાંની સંસ્કૃતિ અને તે પછીની પ્રણાલીઓ પર પણ સારો પ્રકાશ નાખી શકાયો છે.

ભારતમાં અનેક સંસ્કૃતિઓ પાંગરી, કેટલીક બહારથી આવી અને વિશાળ અને સુદૃઢ ભારતીય પ્રવાહમાં ભળી ગઈ. આ સંસ્કૃતિના દરેક બુંદમાં મેઘધનુષી રંગ ભરેલા છે. કોઈ પણ સીધાસાદા વિશ્લેષણને તાબે એ સંસ્કૃતિ થતી નથી. પરિણામે ઘણી બધી ઐતિહાસિક ઘટનાઓ અંગે અનેકવિધ વિવાદ ઉપસ્થિત થતા રહે છે. પ્રાગૈતિહાસિક કાળથી લોકો ભારતીય ઉપખંડમાં રહેતાં આવ્યાં છે. ખેતી કરવાની અને ઢોર-ઢાંખર ઉછેરવાની પ્રણાલીનો આરંભ મહેરગઢ (બલુચિસ્તાન)માં ઈ.સ. પૂર્વે ૭૦૦૦ આસપાસ નોંધાયો છે. તે પછી પ્રાગ-હરપ્પીય સંસ્કૃતિ આવી જેનો વિકાસ અમુક સ્થળોએ (કોટડીજી) હરપ્પીય સભ્યતામાં પરિણમ્યો (ઈ.સ. પૂર્વે ૨૫૦૦-૧૯૦૦), હરપ્પાકાલીન ટિંબાઓ ઉત્તર ભારત, સિંધ, પંજાબ, રાજસ્થાન અને ગુજરાતમાં ઠેરઠેર વસાહતી સ્થળોરૂપે મળી આવ્યા છે. ટિંબાઓના અસ્તિત્વથી પ્રાચીન ભારતનાં લોકો અજાણ ન હતાં. વેદોમાં એ વિશે લખ્યું છે કે, અર્મ (ટિંબાઓ) જેના પર ઠીકરાં પડ્યાં હોય તે સિંધુ, સરસ્વતિ અને દ્વિસદવતિ નદીઓના તટ પર આવેલા છે. આવી જગ્યાઓમાં જાદુગર પિશાચોનો વાસ હોય છે. ઇબ્નબતુતા જ્યારે સિંધમાં મુસાફરી કરી રહ્યો હતો ત્યારે સિંધુતટે તેણે પ્રાચીન વસાહતના ટિંબા જોયા હતા, જેના પથ્થર અને પથ્થરની માણસ જેવી આકૃતિઓના તૂટેલા પગ તો, ક્યાંક હાથ વેરવિખેર પડ્યા હતા.

ભારતમાં ખાસ કરીને ગુજરાતમાં હરપ્પીય વસાહતો મોટા પ્રમાણમાં મળી આવી છે. કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતના ઘણા ટિંબાઓ પર ઉત્ખનનકાર્ય પણ થયેલું છે. કચ્છની પ્રમુખ વસાહત ધોળાવીરા એક વિશાળ શહેરી વસાહત છે, જે ત્રણ વિભાગોમાં વહેંચાએલી છે. લગભગ ૧૦૦ હૅક્ટર જેટલા વિસ્તાર ધરાવતા ધોળાવીરાનું હરપ્પીય શહેર ભારતીય ઉપખંડમાંની વિસ્તૃત વસાહતમાંનું એક છે. અન્ય હરપ્પીય શહેરો કે વસાહતોમાં મોહેં-જો-ડેરો, હરપ્પા, ગુનરેરીવાલા, રાખીગઢીનો સમાવેશ થાય છે. અત્યાર સુધી એવું માનવામાં આવતું કે વિસ્તારની દૃષ્ટિએ ધોળાવીરા મોહેં-જો-ડેરોની સમકક્ષ છે, પણ વાસ્તવમાં તે મોહેં-જો-ડેરોથી તે નાની છે. જાણીતા પુરાવેત્તા જાનસેન પ્રમાણે મોહેં-જો-ડેરોનો કુલ વિસ્તાર ૨૦૦ હૅક્ટર જેટલો છે, જેમાંનો કેટલોક ભાગ સિંધુ નદીના કાંપ નીચે દબાએલો છે. પણ આનાથી ધોળાવીરાનું મહત્ત્વ ઘટતું નથી. ઊલટાનું માર્શલ-મેકેયની ટ્વિન કૅપિટલ્સ (બે રાજધાની) મોહેં જોડેરો અને હરપ્પા અંગેની થીઅરી ધોળાવીરાને કારણે હવે અપ્રસ્તુત બની છે. ખડીરના શુષ્ક પર્યાવરણમાં એક મોટું શહેર વસેલું તે બાબત જ અત્યંત રોચક છે. શહેર આસપાસ મોટાં તળાવો અને કુંડ પરથી ફલિત થાય છે કે પાણીના સંગ્રહને પ્રથમ અગ્રતા અપાતી. અલબત્ત, શહેરમાં મોટી ગટરો જેમાંથી એક માણસ ચાલીને પસાર થઈ શકે તે વધુ પડતા વરસાદ તરફ નહીં પણ વધુ પડતા પાણીના વપરાશ તરફ અંગુલિનિર્દેશ કરે છે. આ પ્રકારની 'કોરબેલ્ડ' ગટરો મોહેં-જો-ડેરોમાંથી પણ મળી છે. કદાચ બાંધકામની હરપ્પીય પરંપરા ધોળાવીરામાં પણ જળવાઈ છે. ધોળાવીરાની એક વિશિષ્ટતા એ છે કે અન્ય વિસ્તૃત વસાહતોની સરખામણીમાં તે કચ્છની રણ-કાંધીએ આવેલી છે અને અત્યાર



રોઝડી (શ્રીનાથગઢ) મુકામે થયેલ ઉત્ખનન (૧૯૯૩-૯૪)

સુધી થયેલ સંશોધનના આધારે એવું જણાય છે કે કદાચ રણ આજથી ૪૫૦૦ વર્ષો પહેલાં અરબી સમુદ્રનો એક ભાગ હતો. આવી પરિસ્થિતિમાં ધોળાવીરા એક બંદર હોવા અંગેના પ્રમાણને પુષ્ટિ મળે છે. કદાચ હરપ્પીય અર્થ-વ્યવસ્થા તેના દરિયાપારના વેપાર પર આધારિત હતી, જેમાં ધોળાવીરા અને લોથલ પ્રમુખ ભૂમિકા નિભાવતાં. હરપ્પાકાલીન લોકોના સંબંધો મધ્યપૂર્વના દેશો સાથે હતા તે હકીકત હવે નિર્વિવાદ છે. મેસોપોટેમિયા (ઈરાક), બેહરીન અને ઓમાનમાંથી હરપ્પાકુળની વસ્તુઓ, ખાસ કરીને માટીનાં વાસણો અને મુદ્રાઓ મળેલી છે. ઓમાનમાં આવેલ રાસ-અલ-જુનાયઝમાંથી મળેલાં વાસણો પર હરપ્પીય લિપિના અક્ષરો અંકિત છે. કદાચ આ વ્યાપાર સુમેર (ઈરાક)માં પૂર્વ-સારગોનીડ સમય એટલે કે ઈ.સ. પૂર્વે ૨૩૫૦ પહેલાંથી વિકસેલો હતો. સુમેરિયન સમયના પ્રાચીન વેપાર સંબંધી લખાણોમાં માગન, દિલ્મુન અને મેલુહહા આ ત્રણ દેશોનાં નામો વારંવાર ઉપસ્થિત થતાં જોવા મળે છે. માગન એ ઓમાન[1], દિલ્મુન બેહરીન, અને મેલુહહા એ સૌરાષ્ટ્ર-કચ્છનો પ્રદેશ હોવાનું વિદ્વાનો માને છે. મેલુહહાનાં લોકો 'કાળો વાન[2]' ધરાવતા એવું પણ લખેલું છે. અકકડના રાજા નરામ-સીનના સમયમાં આ વેપાર તેની ટોચ પર હતો. ભારતથી આયાત થતી ચીજોમાં, હાથીદાંત લાલ અકીકના લાંબા મણકા, ઈમારતી લાકડું, પક્ષીઓ (સંભવતઃ મોર) અને કાપડનો સમાવેશ થાય છે. બવેરૂ (બાબીલુ કે બેબીલોન) જાતક (નં. ૩૩૯)માં કાગડા અને મોર બેબીલોનમાં ભારતથી નિકાસ રૂપે મોકલાતાં તેમ જણાવેલું છે. જોકે આજાતક ઈ.સ. પૂર્વે ચોથી-પાંચમી સદીમાં લખાએલાં છે જ્યારે સિંધુ સભ્યતા ઈ.સ. પૂર્વે ૧૯૦૦માં અસ્ત થઈ હતી.[3]

સુમેરમાં લાગાશમાં કેટલા મેલુહહા થી આવેલા વેપારીઓ રહેતા અને તે ગામનું નામ મેલુહહા હતું. મેલુહહાના બે વેપારીનાં નામ હતાં અલ અસરાની અને અલ અબ્રાતબાની. અસરાની નામ આજે પણ સિંધીભાઈઓમાં જોવા મળે છે. જોકે છેલ્લાં ૪૫૦૦ વર્ષોથી એકસરખાં નામો અકબંધ રહ્યાં હોય તે માનવું વધુ પડતું છે. કદાચ આ એક યોગાનુયોગ જ છે. અન્ય ઉદાહરણમાં મેસોપોટેમિયાના રાજાઓનાં નામ અસુરબની પાલ અને અસુરનાસીર પાલ હતા. અસુર અને પાલ પ્રાચીન ભારતીય સાહિત્યનાં નામો છે, જ્યારે નાસીર અરબી નામ છે; પણ આ બંધબેસતી બાબતને વધારે પડતી મચડવી યોગ્ય નથી.

અન્ય કાંઠાની વસાહતો જેવી કે લોથલ, પાબુમઠ (કચ્છ), કુંતાસી, ગોલાઢોળા (માળિયા તાલુકો), પાદરી (તળાજા પાસે), શિકારપુર (કચ્છ) કદાચ નાનાં મોટાં બંદરો હતાં. અહીંયાંથી કાચો માલ એકત્ર કરી તેની વસ્તુઓ બનાવી પછી મધ્યપૂર્વના દેશોમાં નિકાસ થતી. આ વેપાર ઈ.સ. પૂર્વે ૨૪૦૦ થી ૧૮૦૦ વચ્ચે ચરમ સીમાએ હતો. હરપ્પીય પેદાશોની માંગ ઘટતાં આ વેપાર ધીરેધીરે પડી ભાંગ્યો અને આખરે વેપાર આધારિત આર્થિક સધ્ધરતાનો અંત આવ્યો. ઈ.સ. પૂર્વે ૧૮૦૦ દરમ્યાન મેસોપોટેમિયા, બેબિલોન અને મધ્યપૂર્વના અનેક દેશો પર આક્રમણ થયાં અને ત્યાંની રાજકીય વ્યવસ્થા સદંતર અદૃશ્ય થઈ ગઈ. આવા સંજોગોમાં મોહેં-જો-ડેરો, લોહુમ-જો-ડેરો, ચાનહુ-ડેરો, ધોળાવીરા વગેરે જેવાં સ્થળોએ પરિપક્વકાલ પછીની લેટ હરપ્પન સંસ્કૃતિઓ આવી, જેમાં 'ઝુખર' સંસ્કૃતિ ઉપરોક્ત બધી જ વસાહતોમાં જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં આ પ્રકારની સ્થાનિક સંસ્કૃતિઓએ હરપ્પીય સંસ્કૃતિની જગ્યા લીધી જ્યારે પંજાબ, પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં 'સિમેટ્રી-એચ' સંસ્કૃતિનું આગમન થયું.

સૌરાષ્ટ્રમાં રોઝડી, કુંતાસી, તરઘડા, પ્રભાસ, રંગપુર, પાદરી વગેરે સ્થળો સ્થાનિક અને હરપ્પીય સંસ્કૃતિઓના મિશ્રણવાળી સંસ્કૃતનાં ગામો હતાં, જે બૃહદ્ પરિપક્વકાલીન સંસ્કૃતિથી અલિપ્ત રહ્યાં હતાં. હરપ્પીય અંશો ઓછા હોવાથી આ સંસ્કૃતિઓ પણ લેટ હરપ્પીય તરીકે ગણાઈ જવા પામી છે. જો કે તે પરિપકવકાળની સમકાલીન છે. આ પ્રકારે કોઈ પણ સંશોધન હાથ ધરતાં પહેલાં હરપ્પીય સભ્યતાના દરેક પાસાનું અધ્યયન કરી પછી જ નિશ્કર્ષ પર પહોંચવું સલાહભર્યું છે. ❑

---

૧. ઘણા પુરાવેત્તા મકરાણના કાંઠાનો પ્રદેશ માગન હોવાનું માને છે.

૨. ભારતીય લોકોનો વાન કાળો હતો તેમ કરી શકાય નહીં. પણ ઈ.સ. પૂર્વે ૧૯૦૦ પછી ભારતીય હાથદાંતની જગ્યાએ ઈથિઓપીઆથી હાથીદાંત મધ્યપૂર્વમાં જવા લાગ્યા અને એ પ્રદેશને પણ મેલુહહા કહેવાનો આરંભ થયો, જ્યાંના લોકો હબશી કુળના છે.

૩. એવો તર્ક છે કે મધ્ય દરિયે જ્યારે વહાણ દિશા ભૂલે ત્યારે કાગડાને છોડવામાં આવતો અને જે તરફ કાગડો ઊડે તે તરફ જમીન હશે તેમ મનાતું. મધ્ય કાળમાં સુરતને 'બાબુલ-મક્કા કહેવાની પ્રથા હતી. પણ આને બેબીલોન જોડે જોડવું અનુચિત ગણાશે.

કંકાવટી

દીના પાઠક

ગુજરાત સરકારના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગે ૧૯૯૯-૨૦૦૧નાં વર્ષો માટે એક-એક લાખ રૂપિયાના



કેટલાક પુરસ્કારો જાહેર કર્યા એમાં એક દીના પાઠકને ફાળે જાય છે.

દીના પાઠકનું નામ વાંચતાં જ આપણી નજર સમક્ષ 'ગોલમાલ', 'ખૂબસૂરત' વગેરે ફિલ્મોની માયાળુ માતામૂર્તિ રમવા લાગે. ક્યાંક એમણે માતાની ભૂમિકા કરી હોય, ક્યાંક દાદીમાની – ખૂબ જ વહાલાં લાગે એવાં, સમજુ, ઉદાર, કરુણામય દાદીમા ! એમ લાગે કે દુનિયાનાં સૌ નાનેરાં લોકોને આવાં દાદીમા મળવાં જોઈએ.

દીના પાઠકનો આ વર્તમાન છે. એમને લાખ રૂપિયાનું ઇનામ અપાશે ત્યારેય આ વર્તમાન વાગોળાશે. પરંતુ દીનાબહેન એક એવી વ્યક્તિ છે જેમના ઊજળા વર્તમાન કરતાં ઘણો વધારે ઊજળો ભૂતકાળ છે. એ ભૂતકાળ આપણને બહુ યાદ નથી, કારણ કે આપણે ઇતિહાસપ્રિય પ્રજા નથી. બીજું કારણ એ છે કે ગુજરાતમાં નાટક માટેની ભાવના જ ઓછી છે. એમાં પણ, દીનાબહેન જે નાટ્ય આંદોલન સાથે જોડાયાં હતાં તે લોકનાટ્ય સંઘને અહીં ભાગ્યે જ કોઈ યાદ કરે છે.

યાદ કરવા જેવો અને યાદ રાખવા જેવો એ ઇતિહાસ છે. દેશને નસીરુદ્દીન, શબાના, ઓમ પુરી, સ્મિતા પાટીલ વગેરે મળ્યાં એ અગાઉની પેઢીનાં અત્યંત સૂક્ષ્મ કલાસૂઝ અને તીવ્ર અભિવ્યક્તિ-ક્ષમતાવાળાં કલાકારો, લોકનાટ્ય સંઘમાંથી નિપજેલાં. બલરાજ સાહની, એ.કે. હંગલ, મુલ્કરાજ આનંદ, અલી સરદાર જાફરી, કૈફી આઝમી વગેરે સૌ લોકનાટ્ય સંઘની દેણ છે. ગુજરાતમાં જશવંત ઠાકર, અનસૂયા સુતરિયા, દીના પાઠક વગેરે વડે પ્રગતિશીલ નાટ્ય પ્રવૃત્તિનો તખ્તો ગાજતો હતો.

લોકનાટ્ય સંઘ આઝાદીના મતવાલા અને પીડિત જનોના હામી કલાકારોનું આંદોલન હતું. અહીં ધન નહોતું. બહુ યશ પણ નહોતો. ઇનામ-અકરામ તો હતાં જ નહિ, કારણ કે પ્રવર્તમાન રાજ્ય વ્યવસ્થા સામે બળવો કરવાની પ્રેરણા આપવાનું એનું કામ હતું. એટલે હર પ્રકારની આપદાઓ વેઠીનેય કળા પીરસ્યા કરે એવાં વિરલ માનવીઓનું આ આંદોલન હતું. એમાં જોડાવા માટે જાનફેસાનીની તૈયારી જોઈએ. ભાવનગરના ગાંધી પરિવારમાં એક દીકરી. ૧૯૪૨માં, માત્ર ૧૯ વર્ષની વયે જાનફેસાનીની આવી તૈયારી સાથે લોકનાટ્ય સંઘમાં જોડાઈ. એ દીકરીનું નામ દીના. નાટ્ય સંઘમાં જોડાયાં ત્યારે એ માત્ર ભાવનાશીલતાની જ્યોત હતાં. સંઘે એમનું ઘડતર કર્યું. સખત પરિશ્રમ, સતત રીહર્સલ, નિરંતર પ્રવાસ, સુખસગવડનો અભાવ, વળી પોતાને પ્રિય સંદેશ લોકો સુધી પહોંચાડવા માટે સભાઓ, સરઘસો, શેરી નાટકો... એ અતિ પરિશ્રમે સંઘના કલાકારોને ઉત્તમ, કલાકાર તો બનાવ્યાં જ પણ સાથે સારાં માનવી પણ બનાવ્યાં.

લોકનાટ્ય સંઘ માત્ર શોષણખોર રાજસત્તા સામેનો બળવો જ નહોતો, જુનવાણી સામાજિક મૂલ્યો અને રિવાજો તથા ખાસ કરીને જૂના ભેદભાવો સામેનું પણ એ આંદોલન હતું. જ્ઞાતિપ્રથા તોડવામાં તો એ આદર્શવાદીઓ મોટો વિજય માનતા. દીનાબહેને પણ આંતરજ્ઞાતીય લગ્ન કર્યાં. તેઓ દીના ગાંધીમાંથી દીના સંઘવી બન્યાં. એમના પત્રકાર પતિ પણ હતા તો ડાબેરી વિચારસરણીવાળા, પરંતુ ઉદાર નહોતા. પરિણામે ૮-૧૦ વર્ષમાં એ લગ્ન તૂટી પડ્યું. ૧૯૫૦માં છૂટાછેડા થઈ ગયા. દીનાબહેને બમણા જોશથી અભિનય-કારકિર્દીમાં ઝુકાવ્યું જોકે છૂટાછેડા લીધેલી યુવતી માટે એ દિવસોમાં જીવવું કપરું હતું. બધા બહુ લોકો એમને 'મદદ' કરવા માગતા. 'મદદ' માટે તત્પર લોકોમાં જુવાનો ઉપરાંત બુઢ્ઢાઓનો પણ સમાવેશ થતો. પરંતુ એવાં બધાં વિઘ્નો અને મર્યાદાઓને પાર કરતાં દીનાબહેન કારકિર્દીને વળગી રહ્યાં. એ કારકિર્દી દરમિયાન, સરકારવિરોધી નાટક બદલ એકાદ વાર નવ માસ જેટલો લાંબો સમય જેલમાં પણ ગાળવો પડ્યો.

આઝાદી પછીના બદલાયેલા માહોલમાં (અને ડાબેરી વિચારસરણીમાં આવેલી ઓટમાં) જીવનરાહ બદલાયો. દીનાબહેને પુનર્લગ્ન કર્યાં અને દીના પાઠક બન્યાં. એમને બે દીકરીઓ થઈ : રત્ના અને સુપ્રિયા. મુંબઈમાં એમણે કેટલાંક નાટકોમાં કામ કરવાનું ચાલુ રાખ્યું હતું. બહુ કામ ન મળતું, પણ સંતોષ રહેતો. એટલામાં બાસુ ભટ્ટાચાર્યની ફિલ્મ 'ઉસકી કહાની'માં એમને નાયકની માતાની ભૂમિકા મળી. એ ભૂમિકામાં વત્સલ માતા તરીકે તેઓ એટલાં વખણાયાં કે પછી 'ફિલ્મી માતાઓ'ની પંક્તિમાં એમને કાયમી સ્થાન મળી ગયું. પછી તો ગુલઝારની 'કિનારા', 'મોસમ', 'ઇજાઝત', બાસુદાની 'ચિતચોર', 'નરમગરમ' વગેરે કોડીબંધ ફિલ્મોમાં દીનાબહેને અભિનય કર્યો. ખૂબ

વખણાયાં. જીવનભર અભિનેત્રી, જિંદગીની ઉત્તરાવસ્થામાં પણ સન્માન્ય અભિનેત્રી રહ્યાં છે.

દીકરી રત્ના અને સુપ્રિયા બન્ને ઉત્તમ અભિનેત્રીઓ છે. એ ભલે શબાના-સ્મિતા જેટલી પ્રશંસા ન પામી, પરંતુ જે-જે ફિલ્મો કે ટીવી સીરિઅલોમાં એમણે કામ કર્યું ત્યાં એમની પ્રશંસા જ થઈ છે. માતા જેવી જ ક્રાંતિકારી દીકરીઓએ એવાં જ લગ્ન કર્યાં છે. રત્નાએ નસીરુદ્દીન શાહ સાથે અને સુપ્રિયાએ 'કરમચંદ' ફેમ પંકજ કપૂર સાથે લગ્ન કર્યાં છે. આવા સુપ્રસિદ્ધ બબ્બે જમાઈઓનાં સાસુ છે દીના પાઠક.

સિત્તેરની ઉંમર વટાવી ચૂકેલાં દીનાબહેન રિટાયર થયાં નથી. ઝોહરા સેહગલ પંચ્યાસી-નેવું જેટલી ઉંમરેય ખખડધજ દાદીમા બની શકતાં હોય તો દીના પાઠક કેમ નહિ ? અરે, આપણી તો શુભેચ્છા છે કે સો વર્ષની ઉંમરેય એ અભિનયનાં અજવાળાં પાથરતાં રહે. -ગાર્ગી વૈદ્ય ('જનસત્તા'માંથી)

વ્યંગકથા

પોથીપંડિતો

બહાદુરભાઈ જ. વાંક

સાંજના ભાગે બગીચાના બાંકડા ઉપર સામસામે બેસીને બે પંડિતો શંકરાચાર્યના ભજગોવિંદમ્ અને જયદેવના 'ગીત-ગોવિંદ' ઉપર ચર્ચા કરી રહ્યા હતા. આમાં એક પંડિતે શાંકર વેદાંત ઉપર પીએચ.ડી. કર્યું હતું, તો બીજાએ જયદેવના 'ગીત- ગોવિંદ' ઉપર પીએચ.ડી. કર્યું હતું અને દૃષ્ટાંતો આપીઆપીને - દલીલો કરીકરીને પોતપોતાના વિષયને પુષ્ટ કરવા, પોતાની વિદ્વત્તાને સબળ રીતે રજૂ કરવા મથામણ કરી રહ્યા હતા, ક્યારેક તો આવેશમાં આવી જઈને તેઓ બૂમબરાડા પાડતા હોય એ રીતે પોતાની વાતને સિદ્ધ કરવા પ્રયત્નો પણ કરતા હતા, ત્યારે આસપાસ બેઠેલા માણસો ભારે ત્રાસ અનુભવતા ઊંચાનીચા થવા માંડતા.

આ બંનેની પાછળના ભાગે આવેલા એક બાંકડા ઉપર બેસીને કંઈક અધ્યયનમાં વ્યસ્ત એક ભાઈ આ બંને પંડિતોની ચર્ચાથી તેમના બૂમબરાડાથી ભારે કંટાળો અને ખલેલ અનુભવતા હતા. તેમને થતું હતું, હવે આ બંને અહીંથી ઊભા થાય તો સારું. પણ એ પંડિતોમાંથી એકેય નમતું જોખવા તૈયાર ન હોઈ, તેમની ચર્ચા ઉગ્ર સ્વરૂપ પકડ્યે જતી હતી. જાણે લાઉડ સ્પીકરોનો ઘોંઘાટ !

આખરે કંટાળીને એ ભાઈ પેલા બેય પંડિતો પાસે આવ્યા, અને હાથ જોડીને બોલ્યા : 'તમે બંને ચર્ચા કરો એની સામે કંઈ વાંધો ન હોઈ શકે, પણ તમારે આસપાસ બેઠેલા માણસોનો તો ખયાલ કરવો જોઈએ નહીં ?'

પંડિતો બોલ્યા : 'તમે તો અમારી પાસે આવીને અમને જ ડિસ્ટર્બ કરી દીધા. અમે તમને તો કંઈ નુકસાન પહોંચાડ્યું નથી ને ?'

'ભલે તમે મને નુકસાન ન પહોંચાડ્યું હોય, પણ તમે અરસપરસને અને આસપાસના વાતાવરણને તો નુકસાન કરી જ રહ્યા છો.' રોષથી એ ભાઈ બોલ્યા. 'એટલે આપ શું કહેવા માગો છો ?' પંડિતોએ ઊંચા અવાજે રોષ સાથે પૂછ્યું.

'તમે બંને ક્યારના ભજ ગોવિંદમ્' અને 'ગીતગોવિંદ' વિશે ચર્ચા કરી રહ્યા છો એનું મને આશ્ચર્ય થાય છે.

'એમાં આશ્ચર્ય શાનું ?'

નારાજગી સાથે એ ભાઈ બોલ્યા : 'ભજગોવિંદમ્' અને 'ગીતગોવિંદ' વચ્ચે કાંઈ સ્નાનસૂતકનો ય સંબંધ નથી અને તમે બંને... મને તો લાગે છે તમારામાંથી અરસપરસ એકમેકની વાત પણ કોઈ નહીં સાંભળતું હોય.'

પંડિતોએ પૂછ્યું : 'અમે કોણ છીએ એનો તમને ખયાલ છે ?'

'ખયાલ કેમ ન હોય ? તમારી વાતો ઉપરથી હું તમારા વિશે ઘણુંઘણું જાણી શક્યો છું.'

'તમારો પરિચય ?' પંડિતોએ પૂછ્યું. 'હું પણ નિવૃત્ત અધ્યાપક છું ને તમારી જેમ જુદા જ વિષય ઉપર, પર્યાવરણ ઉપર, મેં પીએચ.ડી. કર્યું છે.' છાતી ફુલાવીને ભાઈએ પોતાનો પરિચય આપ્યો.

'હવે અમે તમને પૂછીએ છીએ,' તમારા પર્યાવરણના જ્ઞાનને અમારા વિષયો સાથે કંઈ પણ સ્નાનસૂતકનો ય સંબંધ ખરો ?' પ્રશ્ન પૂછીને પંડિતોએ વળતો ઘા કર્યો. 'દેખીતી રીતે તો કંઈ સંબંધ નથી. પણ તમારી ઊંચા અવાજની વાતો મારા વિષયને ઘણીઘણી રીતે સ્પર્શે છે. તમે બંને ગળું ફુલાવી ફુલાવીને ક્યારના ઊંચા અવાજે વાતો કરી રહ્યા છો એથી પર્યાવરણને કેટલું નુકસાન થાય છે એ વિશે તમે ક્યારેય વિચાર્યું છે ખરું ?' ને અધ્યાપકે પર્યાવરણ ઉપર જ લાંબુ વ્યાખ્યાન બંનેને સંભળાવી દીધું. સમાપન કરતાં બોલ્યાં 'વાહનવ્યવહાર, મિલો, ફેક્ટરીઓના ધુમાડાથી વાતાવરણમાં જે પ્રદૂષણ ફેલાય છે એથી વિશેષ માત્રામાં પ્રદૂષણ ફેલાય છે માણસોના અકારણ લવારાથી, અકારણ વાણીવ્યવહારથી, અકારણ વાણીવિલાસથી !'

પેલા બંને પંડિતો અધ્યાપકને એકાદ વ્યાખ્યાન સંભળાવી દેવા ઊંચા-નીચા થતા હતા, ત્યાં વૃક્ષ ઉપરથી જમીન ઉપર ત્રણેની વચ્ચે એક કબૂતર ફસકાઈ પડ્યું, ને થોડી વાર તરફડીને મરણને શરણ થયું. પછી ત્રણે પંડિતો કબૂતરના મૃત્યુ માટે અને પર્યાવરણને પ્રદૂષિત કરવા માટે એકબીજા ઉપર દોષારોપણ કરતા કરતા માંહે માંહે ઝઘડવા માંડ્યા !

કલાવાર્તા

મનુ પરીખ

ખેડા જિલ્લાના નાનકડા ગામ બાંધણીએ એક નહીં, બે નહીં, ત્રણ કલાકારો ગુજરાતને આપ્યા છે. આ



કલાકારો એક જ માતા-પિતાનાં સંતાનો છે. આ બંધુ-ત્રિપુટીમાંના બે ભાઈઓનો પરિચય (નટુભાઈ પરીખ તથા જયંતભાઈ પરીખ) અગાઉ આ જ વિભાગમાં આપણે કરી લીધો છે. સૌથી નાના ભાઈ મનુભાઈ પરીખનેય અહીં ઓળખી લઈએ.

મનુભાઈનો ઉછેર પણ બાંધણીના ગ્રામ્ય માહોલમાં થયેલો. સૌથી મોટાભાઈ નટુભાઈને એ રંગો અને કાગળ કે કૅનવાસ સાથે મથામણ કરતા જોતા રહેતા.

એક દિવસ નટુભાઈ એક ચિત્ર દોરી રહ્યા હતા. અચાનક એમને ચિત્રકામ પડતું મૂકીને કશાક કામે જવાનું થયું. એમની ગેરહાજરીમાં મનુભાઈ અધૂરા ચિત્ર પાસે ગયા.

નટુભાઈએ કામ પતાવ્યા પછી પાછા આવીને જોયું તો એમનું ચિત્ર ન ઓળખાય એવું થઈ ગયું હતું. મનુભાઈ તો પોતાના આ પરાક્રમ બદલ મોટાભાઈ પાસેથી જે 'ઇનામ' મળે તે સ્વીકારવા તૈયાર હતા. પણ એમના આશ્ચર્ય વચ્ચે જ્યેષ્ઠ બંધુએ એમને એક હરફ સુધ્ધાં કહ્યો નહીં. બ્રશ અને રંગો સાથેનો આ પહેલો સંપર્ક આ રીતે અનાયાસ, આકસ્મિક રીતે જ થયેલો.

મનુભાઈએ સાત ધોરણ સુધીનો અભ્યાસ તો બાંધણીની શાળામાં કરેલો. એ પછી મોટાભાઈને નોકરી અંગે પીજ (તા. નડિયાદ) જવાનું થયું ત્યારે તેઓ પણ એમની સાથે પીજ ગયા. ૮-૯ ધોરણ પીજની શાળામાં ભણ્યા. ૧૦મું ધોરણ બાંધણીમાં રહીને નજીકના ગામ મહેળાવની શાળામાં પસાર કર્યું. અગિયારમા ધોરણમાં આવ્યા ત્યારે નટુભાઈને અમદાવાદ નોકરી અર્થે આવવાનું થયું. મનુભાઈ પણ અમદાવાદ આવ્યા. અગિયારમા ધોરણમાં એમણે બીજા વિષયો સાથે ચિત્રકલાનો વિષય પણ લીધો. એ વિષયના ભણાવનાર તો ઘરમાં જ હતા એટલે મનુભાઈ એસ.એસ.સી.માં ચિત્રકલાના વિષયમાં ડિસ્ટિંક્શન માર્ક મેળવીને પાસ થયા.

મનુભાઈએ ડિપ્લોમા-ઇન-પેઇન્ટિંગની પરીક્ષા વડોદરાની ફાઇન આર્ટ્સ ફૅકલ્ટીમાંથી ૧૯૬૯માં તેઓ પ્રથમ વર્ગ સાથે પ્રથમ નંબરે રહેલા ને મેરિટ સ્કૉલરશિપ પણ મેળવેલી. એમના વિષયો હતા પેઇન્ટિંગ અને સિરેમિક. અહીં એમને એમના બીજા ભાઈ જયંતભાઈનું માર્ગદર્શન મળતું રહેલું. વળી બેન્દ્રે જેવા સમર્થ શિક્ષક અને સર્જક દ્વારા ચિત્રકલાના પાઠ શીખવાની તક પણ અહીં એમને મળી.

ડિપ્લોમા મેળવ્યા પછી મનુભાઈએ સ્પેશ્યલાઇઝેશન-ઇન-પેઇન્ટિંગનો છ વર્ષનો અભ્યાસક્રમ પણ પૂરો કર્યો. એ સાથે એમણે એમ.એ.ની ઉપાધિ મેળવી લીધી. ચિત્રકલાના અભ્યાસમાં એમને બેન્દ્રે ઉપરાંત કે.જી. સુબ્રહ્મણ્યમ્ તથા જ્યોતિ ભટ્ટનું માર્ગદર્શન મળી રહેલું.


મનુભાઈ આઠમા ધોરણમાં હતા ત્યારથી ચિત્રની સ્પર્ધાઓમાં ભાગ લેતા હતા. ૧૯૬૪માં યોજાયેલી ચિત્રસ્પર્ધામાં એમની કૃતિને સ્ટેટ ઍવૉર્ડ મળેલો. એ ટાણે તો એ હજુ ચિત્રકલાના વિદ્યાર્થી હતા.

વડોદરામાં ચિત્રકલાનો અભ્યાસ સમ્પન્ન કરી તેઓ અમદાવાદની રચના સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાઈ ગયા. અહીં ચિત્રશિક્ષણની પદ્ધતિમાં એમણે આમૂલ પરિવર્તન આણ્યું. અગાઉના શિક્ષક બોર્ડ પર એકાદ ચિત્ર દોરીને એની નકલ કરવાનું વિદ્યાર્થીઓને કહેતા. મનુભાઈએ આ નકલ કરાવવાની પદ્ધતિને તિલાંજલિ આપી દીધી. એમણે વર્ગના તમામ વિદ્યાર્થીઓની રુચિ જાણી લીધી ને દરેકને ગમતા વિષય પર ચિત્ર દોરવાનું કહ્યું.



મનુભાઈએ ચિત્રહરીફાઈમાં વિદ્યાર્થીઓને મોકલ્યા. સ્પર્ધાનું પરિણામ જાહેર થયું ત્યારે બધાંના આશ્ચર્યનો પાર નહીં રહેલો. બધા જ વિભાગનાં પહેલાં અને બીજાં ઇનામો મનુભાઈના વિદ્યાર્થીઓ જીતી ગયેલા.

પછી તો આંતરરાષ્ટ્રિય કક્ષાએ યોજાતી સ્પર્ધાઓમાં પણ મનુભાઈના વિદ્યાર્થીઓએ ઇનામો પ્રાપ્ત કર્યાં છે.

મનુભાઈની કલાસૂઝ માત્ર ચિત્રકલા પૂરતી મર્યાદિત નથી. એમને નાટ્યકલામાં પણ એટલો જ રસ છે. શાળામાં નાટકની



શાળાના વાર્ષિકદિનની ઉજવણીનું મ્યુરલ

મનુભાઈને નાટકનાં દૃશ્યો અને પડદા ચીતરવાની હથોટી સાધ્ય છે તેવાં તેમનાં બે દૃશ્યો

તૈયારી ચાલતી હોય ત્યારે રીહર્સલ વખતે એ હાજર હોય જ. અને જરૂર લાગે ત્યાં માર્ગદર્શન પણ આપતા રહે. ને નાટકનાં પાત્રો માટેનાં કોશ્ચ્યુમ પણ તૈયાર કરે ને નાટકના દૃશ્યને અનુરૂપ પડદાય રંગવા બેસી જાય.

શાળાના વાર્ષિક દિનની ઉજવણી ટાણે મનુભાઈએ અન્ય સુશોભન ભેગું એક મોબાઈલ સ્કલ્પ્ચર પણ બનાવેલું.

શિક્ષકના પગારમાંથી માંડ ઘરખર્ચ નીકળતો. તેઓ ગૃહસ્થી થયા હતા એટલે આવક વધારવાની જરૂર વરતાતી હતી. તેથી એમણે નોકરી સાથે ભાગીદારીમાં ધંધો શરૂ કર્યો. નોકરી અને ધંધો એમ એક સાથે બે ઘોડા પર સવારી કરવાનું નહીં ફાવ્યું હોય, તે એમણે નોકરી છોડી દીધી. પણ એમને નસીબે માસ્તરગીરી લખાઈ હશે તે ધંધામાં ખોટ આવી. ને એમનો ધંધો સમેટી લેવો પડ્યો, ફરી અન્ય શાળામાં ચિત્રશિક્ષક તરીકે જોડાઈ ગયા.

આ શાળામાંથી એમના આવ્યા પહેલાં એસ.એસ.સી.માં ચિત્રનો વિષય નહોતો. મનુભાઈએ એ વિષય દાખલ કરાવ્યો. એમના માર્ગદર્શન હેઠળ આ શાળાના વિદ્યાર્થીઓ પણ સ્પર્ધાઓમાં ઈનામો જીતી લાવીને મનુભાઈનું ને શાળાનું ગૌરવ વધારતા રહે છે.

એમણે અમદાવાદમાં તેમજ મુંબઈમાં જહાંગીર આર્ટગેલેરીનાં પોતાનાં ચિત્રોના વન-મેન-શો કર્યા છે. મનુભાઈનાં ચિત્રોને પારિતોષિકો પણ મળતાં રહ્યાં છે. એમને વર્ષ ૧૯૬૬, ૧૯૬૭,૧૯૬૮, ૧૯૭૪ તથા ૧૯૭૯ ના ગુજરાત રાજ્ય લલિત કલા ઍવૉર્ડ્સ પ્રાપ્ત થયા છે. ઉપરાંત દિલ્હીની રેલવે દ્વારા ૧૯૬૯ના વર્ષનો ઍવૉર્ડ પણ મનુભાઈએ મેળવ્યો છે. બાૅમ્બે આર્ટ સોસાયટી દ્વારા અર્પણ કરવામાં આવતા ચંદ્રકોમાં ૧૯૭૨ના વર્ષના કાંસ્ય ચંદ્રકના વિજેતાય મનુભાઈ રહ્યા છે.

ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા આયોજિત ચિત્રકલાના વિદ્યાર્થીઓ તેમજ ચિત્રશિક્ષકો માટેની કાર્યશાળાઓમાં નિષ્ણાત તરીકે મનુભાઈએ અનેક વખત સેવાઓ આપી છે. આ કાર્યશાળાઓમાં ચિત્રકલા વિષે વ્યાખ્યાનો આપીને તેમજ નિદર્શન પાઠો આપીને એમણે કાર્યશાળામાં ભાગ લેનારાઓને અમૂલ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું છે. એમનાં ચિત્રો ન્યૂ દિલ્હીની લલિત કલા અકાદમી તથા નૅશનલ ગૅલરી ઑફ ફાઈન આર્ટ્સમાં કાયમના ધોરણે સંગ્રહાયાં છે. મુંબઈની એર ઈન્ડિયાની ઑફિસની શોભામાંય એમનું ચિત્ર ઉમેરો કરી રહ્યું છે. આ ઉપરાંત અમદાવાદ, વડોદરા, મુંબઈ, દિલ્હી તથા અમેરિકા, ઈંગ્લન્ડ જર્મની અને કૅનડાના કલાચાહકોના અંગત સંગ્રહોમાં પણ મનુભાઈનાં ચિત્રો સ્થાન પામ્યાં છે.

મનુભાઈએ અજંતા, ઈલોરા, મહાબલિપુરમ્, પૂના, ભુવનેશ્વર તથા રાજસ્થાનના પ્રવાસો ખેડી ત્યાંના કલા વારસાનો અભ્યાસ કર્યો છે.

મનુભાઈની ચિત્રશૈલીમાં શરૂમાં જયંત પરીખનો (એમના મોટાભાઈ) પ્રભાવ વરતાય પણ ધીમે ધીમે તેઓએ પોતાની આગવી શૈલી વિકસાવી અને એ રાહે આગળ વધતા રહ્યા છે. તેઓ કહે છે. હું રીવર્સ ચિત્ર કરું છું. મારું ચિત્ર ફ્લૅટ લાગે પણ પર્સ્પેક્ટિવમાં આવે.

એમનાં ચિત્રોમાં રાત્રિ, નાઈટવૉચ, રેલવેનું પ્લૅટફૉર્મ, તંબુ વારંવાર દેખા દે. લાલ, લીલો, ભૂરો એમના પ્રિય રંગો. તેઓ પોતાનાં ચિત્રોને ડેકોરેટિવ બનાવ્યાં વિના એમાં ડાઈમેન્ટશન ઉતારી શકે છે ને આમ એ બધાંને મૉડર્ન ટચ આપી શકે છે. એમનાં ચિત્રોના રંગોનો ભાર જોનારની આંખને વરતાય નહીં. એમના રંગોની પસંદગી પણ એમના સ્વભાવ જેવી સૌમ્ય રંગોને ટોન આપીને એમાં મીઠાશ લાવે. એમનાં ચિત્રોમાં

ફિનિશિંગનું સ્તર ઘણું ઊંચું હોય. ટેક્ષ્ચર કરતાં રંગોનું પ્રાધાન્ય વિશેષ હોય.

મનુભાઈ માધ્યમ તરીકે તૈલરંગોને વધુ પસંદ કરે. ભૂપેન ખખ્ખર, બેન્દ્રે, જ્યોતિ ભટ્ટ, કિશન ખન્ના એમને ગમતા કલાકારો છે.

મનુભાઈને ચિત્રકલા ઉપરાંત શાસ્ત્રીય સંગીતનો શૉખેય ખરો. પાંચેક ફૂટની ઊંચાઈ, ઘઉં વર્ણ, બાંધી દડીનું શરીર, પ્રકૃતિ શાંત, સૌમ્ય અવાજ ધીર-ગંભીર; પણ એમના અવાજમાં આત્મવિશ્વાસનો રણકો આપણને સંભળાયા વિના ન રહે. આવતાં ઘણાં-બધાં વર્ષો સુધી મનુભાઈ આપણી સાથે છે. એમની પાસેથી એક-એકથી ચઢિયાતાં ચિત્રો આપણને વિપુલ પ્રમાણમાં મળતાં રહેશે એવી અપેક્ષા રાખીએ. -હરિત પંડ્યા

કલા-અવલોકન

કોઈ પણ સર્જક કલાકારના ચિત્તમાં ક્ષોભ જન્મે ત્યારે તેની સર્જકચેતનામાં જે વલયો સરજાય, તેને મૂર્ત કરવાના પ્રયત્નોમાંથી જ નીપજે સાચી કલાકૃતિ.

કૅમરાની શોધ નહોતી થઈ ત્યાં સુધી તો બરાબર પણ ત્યાર પછી પણ બહુ વર્ષો લગી ફોટોગ્રાફીને વાસ્તવની દાસી ગણવામાં આવતી હતી. બહુબહુ તો છબીની સુરેખતા, સ્પષ્ટતા, પ્રકાશની બહુલતાને કારણે અનુભવાતો આહ્લાદ આ બધા ઘટકોના સરવાળાને કસબ ગણવામાં આવતો, કલા નહીં. કલામાં તો કશુંક નવસર્જન હોય. પણ સાચા કલાકાર પ્રફુલ્લ પટેલના 'અ વ્યૂફાઇન્ડર્સ જર્ની,' એ પુસ્તક અને એમનું એ જ શીર્ષકનું તસવીર પ્રદર્શન ડિસેમ્બર ૨૦૦૦માં મુંબઈની સેન્ટર ફૉર ફોટોગ્રાફી ઍઝ ઍન આર્ટફૉર્મની પિરામલ આર્ટગૅલરીમાં યોજાઈ ગયું. શ્રી પ્રફુલ્લ સી. પટેલના નામથી જાણકારો હવે તો અહોભાવિત છે. ભગવદ્ગોમંડળ ભાગ ૧થી ૯ એટલે કે ગુજરાતી ભાષાના જ્ઞાનકોશના સંપાદક



પ્રફુલ્લ પટેલ

ચંદુલાલ બહેચરલાલ પટેલના એ સુપુત્ર.

ઊંચી જાતના, ગ્લૉસી, એવા ૨૦૭ પૃષ્ઠો પર પ્રફુલ્લ પટેલની પંચાવન વર્ષની કલાયાત્રાને શબ્દોમાં થોડી અને તસવીરોમાં ઝાઝી એ રીતે સમેટી બતાવવાનો સરળ પ્રયોગ આ બેનમૂન સંપુટમાં થયો છે.

પુસ્તકનું શીર્ષક સૂચવે છે તેમ ગ્લાસપ્લેટ્સથી ડિજિટલ સુધીની એટલે એક યુગ ઉત્ક્રાંત થઈને બીજા યુગનું રૂપ ધારણ કરે ત્યાં સુધીની એક કલાકારની યાત્રાનો આ દસ્તાવેજ છે. આમ તો પંદર વર્ષની ઉમરે ૧૯૪૦માં ગોંડલમાં એમની કલાયાત્રા શરૂ થઈ હતી. પિતાજીએ લઈ આપેલા એક સેકંડહૅંડ જૂના રોલીકોર્ડ કૅમરાથી. લાકડાના આ કૅમરામાં કાચની મોટી ચોખંડી નૅગેટિવ પર ફ્લૅશના ઉપયોગ વગર તેઓ તસવીરો ખેંચતા અને નહાવાની ઓરડીનો ડાર્કરૂમ તરીકે ઉપયોગ કરી તેને ડેવલપ પણ જાતે જ કરતા. પણ આ તદ્દન પ્રાથમિક ગણાય તેવા શિક્ષણકાળને બાદ કરતાં તેઓ પોતાની કલાયાત્રા ૧૯૪૫ શરૂ થઈ ગણે છે. કારણ કે તે વર્ષે તેમણે ગંભીર થઈને ફોટોગ્રાફી કરી. એ સાલમાં રાજકોટમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન મળતું હતું. તેમાં એમને ફોટોગ્રાફ્સ લેવાની કામગીરી સોંપાઈ. પિતાજી તો સાહિત્ય વ્યાસંગી હતા જ તેથી સાહિત્યકારોની તસવીરો લેવામાં પ્રફુલ્લભાઈને વિશેષ રસ હતો. તેમણે ઝવેરચંદ મેઘાણી, જ્યોતીન્દ્ર દવે, કનૈયાલાલ મુનશી જેવા સાહિત્યકારોની તસવીરો લેવા ઉપરાંત પ્રસંગોની ફોટોગ્રાફી પણ કરી. આ વ્યાવસાયિક 'એસાઈનમેન્ટ'ને તેઓ પોતાની યાત્રાનું આરંભબિંદુ ગણીને છેક ૧૯૯૯ સુધીના પંચાવન વરસની યાત્રાને આ પુસ્તકમાં મૂકી આપી છે.


એમની કેફિયત છે કે 'અદ્યતન સ્વયંચાલિત કૅમરા વડે ક્યાંય પણ તાકવાનું અને તસવીરમાં ઉતારવાનું ભલે સરળ બની ગયું છે પણ મુદ્દાની વાત એ છે કે તાકવું કે શરૂ કરવું (ટુ પોઇન્ટ એન્ડ ટુ શૂટ), પણ કોને ? કઈ ચીજને ?' આ વાક્યો તેમના એક કલાકાર તરીકેના ચૈતસિક પરિવેશને સમજવા માટે પૂરતાં છે. આને કારણે 'અ વ્યૂફાઇન્ડર્સ જર્ની' શીર્ષક એકદમ યથાર્થ કૅમરાનું છે. કૅમરાના જે ઉપરના છિદ્ર (બારી)માંથી લેવાના દૃશ્યનું કમ્પોઝિશન, સીમાઓ અને વિષય-વસ્તુ અગાઉથી જોઈ શકાય છે, તે બારીને 'વ્યૂફાઇન્ડર' કહેવાય છે. તો સહેજ શબ્દને રમાડીએ તો દૃશ્ય શોધનાર વ્યક્તિને પણ આમ તો વ્યુફાઇન્ડર જ કહેવાય. બન્ને અર્થમાં કલાકારને પોતાની તસવીરકલાને પૂરા ઉન્મેષથી વ્યક્ત કરવા માટે સબ્જેક્ટ એટલે કે પદાર્થ-વસ્તુની નલપ છે. એ



ડિજિટલ વર્ક (તસવીર : પ્રફુલ્લ પટેલ



ગાયનું ચિત્ર (કોલાજ પેઇન્ટિંગ) : પ્રફુલ્લ પટેલ



વળેલાં પાંદડાં - ૧૯૭૪ : પ્રફુલ્લ પટેલ

આમતેમ નજર ઘુમાવ્યા કરે છે અને છેવટ એક બિંદુ પર નજર સ્થિર થાય છે એ જ હોય છે તેનો સબ્જેક્ટ.

સબ્જેક્ટની રીતે પ્રફુલ્લ પટેલ 'શ્રીમંત' છે. ભાભાના અણુ રિએક્ટર સેન્ટરની બંધાતી ઈમારત જેવા આમ નીઃરસ અને નૉનફોટોજેનિક વિષયથી માંડીને એમના આ પુસ્તકમાં બાબલાને સ્નાન કરાવતી માતાના કોમળ, મૃદુભાવવાળા જીવંત સબ્જેક્ટની બેનમૂન તસવીરનો સમાવેશ થયો છે. માત્ર ધબકાર જ નહીં, ઊછળતી જિંદગી પણ અનુભવી શકાય.

ત્રણસો જેટલી તસવીરોને બૃહદ્દરીતે સાત વિભાગોમાં વહેંચવામાં આવી છે. પ્રફુલ્લ પટેલ કહે છે તેમ એ તેમના વ્યાવસાયિક કામગીરીના ભાગરૂપે લેવાયેલી તસવીરો ઉપરાંત તેમણે પોતાની સ્વૈરવિહારી રીતે તસવીરો લીધી છે. જે સાત વિભાગો આ પ્રમાણે છે : ફ્રોઝન ઈમેજ મતલબ કે સમયના થીજી ગયેલા ટુકડાઓ જેમાં મુખ્યત્વે ભારતને સ્વાતંત્ર્ય મળ્યું તે સમયગાળાનાં ચિત્રો છે. તસવીરોમાં અલબત્ત થોડા નેતાઓ અને પૃથ્વીરાજ કપુર જેવા અભિનેતાઓ પણ દેખાય છે. પણ મહત્ત્વ તેમને નથી આપવામાં આવ્યું. એ સમય, બલકે એ દિવસોનો મિજાજ અનુભવાય તેમ, તેવા ઍંગલથી તેવી કરામતથી એ લેવામાં આવ્યા છે. બીજો વિભાગ મુંબઈના અતીતના અવગાહનનો છે 'નૉસ્ટેલ્જીક જર્ની બૉમ્બે.' અલગ અલગ વિસ્તારનાં ચિત્રો છે, તેમાં ભૂગોળ કે સ્થળદર્શનનો કોઈ જ મહિમા નથી. 'પીપલ અને પ્લેસ' - માનવસમુદાય અને સ્થળ-માં માથેરાન, જુહુ, અરનાળા વગેરે પર લેવાયેલી વ્યક્તિઓની તસવીરો છે. તેમાં ઝડપાયેલી મનુષ્યજીવનની યાદગાર ક્ષણોમાં રખવાતી શાશ્વતતાને કારણે તે ચિરસ્થાયી બની રહેશે. પોતાનાં પત્ની અને પુત્રીનું ચિત્ર 'ગુડનાઇટ કિસ' તેજછાયાના અદ્‌ભુત ખેલને કારણે, બાળક અને માતાના 'બકી' ભરતા પહેલાંની વ્યકત થતી ચિરંતન ભાવદશાને લીધે લાજવાબ છે.

'બિહાઇન્ડ ધ મડવૉલ' (ગારાની દીવાલોની પાછળ) પોતાના ધંધાદારી પરિભ્રમણ દરમિયાન લેવાયેલી ગ્રામ્યજીવનની બેમિસાલ તસવીરો છે.

એ પછીના ત્રણ વિભાગો 'ધ પ્રેઝન્સ ઑફ શિવ', પર્સનલ એક્સપિરીઅન્સીઝ' અને 'વ્યૂફાઇન્ડર્સ ગ્લિમ્પસીસ' પણ અલગ અલગ ભાવવિશ્વને વ્યક્ત કરતી તસવીરોનાં જૂથ છે. અતિશય સૂઝ અને સંયમપૂર્વક સંપાદિત કરાયેલા એવા, ગુજરાત જ નહીં પણ ભારતના પ્રથમ પંક્તિના તસવીરકલાકારનો આ સંગ્રહ રત્નોમાં મણિ જેવો છે.-રજનીકુમાર પંડ્યા

કલાસ્મૃતિ

એમ.એસ. સુબ્બુલક્ષ્મી

'યાદ આયે યાદ આયે, બ્રિન્દાબનકી યાદ આયે' અને 'મેરે તો ગિરધર ગોપાલ દુસરો ના કોઈ' આ ભજનો જ્યારે બાળપણમાં સાંભળતા અને આજે વયસ્ક



ઉંમરે સાંભળીએ છીએ ત્યારે, મીરાંબાઈનાં આ ભજનો, દક્ષિણ ભારતની કર્ણાટક શૈલીની હલક સાથે ગાનાર સ્વરકોકિલા ભારતરત્ન એમ.એસ. સુબ્બુલક્ષ્મીની યાદ તાજી થઈ જાય છે. તેમનાં સર્વધર્મની ભાષાઓમાં ગવાએલાં ભજનો-ગીતો કદી ભુલાય એવાં નથી. સન ૧૯૧૬માં જન્મેલાં સુબ્બુલક્ષ્મીનું મૂળ નામ મદુરૈ શળમુગુવાદિવું, પણ મોટા ભાગે એમ.એસ. સુબ્બુલક્ષ્મી તરીકે જાણીતાં થયાં છે. ક્યાંક અપભ્રંશમાં સુભલક્ષ્મી તરીકે પણ પ્રયોજાય છે. તેઓને આજ પર્યન્ત મળેલાં અઢળક સન્માન અને પુરસ્કારો માટે દક્ષિણ ભારતને જ નહીં, સમગ્ર ભારતને ગર્વ છે. તેઓ સૌથી પહેલાં ભારતીય ગાયિકા છે, જેમને ભારતરત્ન ઍવૉર્ડથી નવાજવામાં આવ્યાં. તેઓ છેલ્લાં સાઠ જેટલાં વર્ષોથી પોતાના મધુર કંઠથી શ્રોતાઓને રીઝવી રહ્યાં છે. કહેવાય છે કે નિરાશામાં ડૂબેલાં ઘણાં લોકો તેમનું ભજન સંગીત સાંભળીને રાહત અનુભવતાં હોય તેવા હજારો દાખલા મોજૂદ છે. સંગીતની દુનિયામાં માન-સમ્માન મેળવનારા ઘણા કલાકાર છે, પણ જે શ્રદ્ધા અને આદર સુબ્બુલક્ષ્મીને મળ્યાં છે એવાં ભાગ્યે જ કોઈને મળ્યાં હશે. આટલાં બધાં સન્માન મળ્યાં છતાં તેમની જીવનશૈલી પ્રભુપરાયણ અને સંગીત તરફની ભક્તિપૂર્ણ છે.

સુબ્બુલક્ષ્મીને સંગીતનું પ્રારંભિક શિક્ષણ મળ્યું માતા દ્વારા. જાણીતાં વીણાવાદક હતાં. ઘરમાં સંગીતમય વાતાવરણ રહેતું એટલે ૧૩ વર્ષની ઉંમરથી જ તેઓ નાનામોટા કાર્યક્રમોમાં ગાતાં થઈ ગયાં હતાં. ઘણા કલાકારો માટે સંગીત એક કલાનું રૂપ તેમજ વ્યવસાય છે. ઘણા માટે આત્માની અભિવ્યક્તિનું સાધન છે, પણ સુબ્બુલક્ષ્મી માટે સંગીત ભગવાનની આરાધનાનું પ્રબળ માધ્યમ છે. તેઓ માત્ર પ્રભુ- ભક્તિનાં જ પદો-ગીતો-ભજન ગાય છે. તેઓને કોઈકે પૂછ્યું કે આપની આવી જાદુભરી વાણીનું રહસ્ય શું છે, ત્યારે તેમણે જણાવ્યું કે માત્ર ભક્તિ — વિશુદ્ધ ભક્તિ, અને પ્રભુનાં ચરણોમાં સર્વસ્વ અર્પણ તેઓમાં ભારતીય ધાર્મિક તહેવારો અને પ્રસંગોને અનુરૂપ સર્વ ભાષાઓમાં ગાવાની અદ્ભુત શક્તિ છે. અંગ્રેજીમાં ગાવાનો અવસર આવે તો પણ ગાઈ શકે છે. વર્ષો પૂર્વે મહાત્મા ગાંધીજીએ તેમનું કર્ણાટકી ભાષામાં ગાયન સાંભળીને મુગ્ધ થયા બાદ સૂચન કરેલું કે આ બધું હિન્દીમાં રજૂ કરો અને એમણે હિન્દીભાષા શીખવાનું શરૂ કરેલું. તેમણે જ્યારે મહાત્માની હત્યાના સમાચાર સાંભળ્યા ત્યારે બેભાન થઈ ગયેલાં એટલાં બધાં તેઓ સંવેદનશીલ !

આજથી પંચાવન વર્ષ પૂર્વે સુબ્બુલક્ષ્મીએ 'મીરાં' નામની ફિલ્મમાં અભિનય કર્યો તે સાથે લગભગ ૧૨ ભજનો પણ ગાયાં. સ્વયં ગાંધીજી અને જવાહરલાલ નેહરુએ 'મીરાં' ફિલ્મ જોઈ અભિનય તેમજ ભજનોની પ્રશંસા કરી. જવાહરલાલે તો એટલે સુધી કહેલું કે, સંગીતની આ સામ્રાજ્ઞી સામે હું એક સામાન્ય પ્રધાન મંત્રી કંઈ જ નથી. સુબ્બુલક્ષ્મીએ સન ૧૯૬૩માં આંતરરાષ્ટ્રિય કલામહોત્સવ એડનબરઅમાં ભારતનું પ્રતિનિધિત્વ કરેલું. સન ૧૯૬૬માં સંયુક્ત રાષ્ટ્રદિવસ ઉપર તેમનું સંગીત સાંભળનારા યુનાઈટેડ નૅશન્સના પ્રતિનિધિઓ મંત્રમુગ્ધ થઈ ગયેલા. સન ૧૯૮૭માં મૉસ્કોના ભારત મહોત્સવમાં પણ તેમણે લોકોને આનંદિત કર્યાં હતાં. તેમને ૧૯૫૪માં પદ્મભૂષણ, ૧૯૭૪માં રેમન મેગ્સેસે પુરસ્કાર, ૧૯૭૫માં પદ્મ વિભૂષણ એનાયત થયાં. તેઓને બનારસ યુનિવર્સિટી અને શાંતિનિકેતન રવીન્દ્રભારતીએ ડૉક્ટરેટની માનદ્ પદવીથી નવાજ્યાં છે.

સુબ્બુલક્ષ્મીને ગુરુશિષ્ય પરંપરામાં અતૂટ શ્રદ્ધા છે. હવે આ પરંપરા લુપ્ત થતી જાય છે તેનાથી તેઓ ભારે દુઃખી છે. તેઓનું કહેવું છે કે, વેદોની જેમ કલાનું જ્ઞાન કલાકારને પોતાના ગુરુ પાસેથી પ્રાપ્ત થાય છે. સંગીતની સાધના માટે ગહન ધ્યાન અને રિયાઝ જરૂરી છે. કલાકારે ધન-કીર્તિ એકત્ર કરવાના વ્યામોહમાં પડવાથી મુક્ત રહેવું જોઈએ.

આજે આપણને નવાઈ લાગે કે આવાં મહાન સિદ્ધિપ્રાપ્ત ગાયિકા પાસે તેમનું પોતાનું મકાન નથી, કોઈ પણ બૅંકમાં ખાતું નથી ! તેઓ હંમેશાં પ્રચાર અને પ્રસારનાં માધ્યમોથી દૂર રહે છે. ગાયનમાંથી મળતી આવક સારાં કામોમાં વાપરે છે. યુવાન ગાયકોને મદદ કરે છે. આજે ૮૫ વર્ષની જૈફ ઉંમરે પણ તેમની સંગીતસાધના અને ગાયનની સફર ચાલુ છે. સાથેસાથે તેમનાં શ્રોતાઓની સંખ્યા વધતી જ જાય છે. તેમના સંગીતની ઑડિઓ-વીડિઓ કેસેટ, સીડી સંખ્યાબંધ છે અને યોગ્ય સ્થળોએ તેમના ઘણા કાર્યક્રમો યોજાય છે. તેમની કસેટો-પુસ્તિકાઓ પ્રકાશિત થઈ છે. તેઓનો કાર્યક્રમ સાંભળવો એ જીવનનો એક લહાવો છે. આવાં આ મહાન ગાયિકાને 'શતં જીવ શરદ' ના આદરપૂર્ણ અભિનંદન સિવાયની બધી જ શુભેચ્છાઓ ઓછી પડે. —ગજેન્દ્ર શાહ

સાહિત્યસંપર્ક

નારાયણ દેસાઈને રણજિતરામ ચંદ્રક

છેક બાળપણથી સાબરમતી આશ્રમમાં ઊછરીને સંસ્કારસંપન્ન થનાર અને યૌવનમાં આત્મસમજથી



ગાંધીવિચાર-ધારાને પિતાની જેમ સ્વીકારીને, સેવાને જ જીવનધર્મ માનનાર, સંસ્કાર દ્વારા જ સમાજની ઉન્નતિની ખેવના રાખનાર નારાયણ દેસાઈને ઈ.સ. ૨૦૦૧નો રણજિતરામ સુવર્ણચંદ્રક મળે છે તે ઘટના સમાજમાં સંસ્કાર અને સેવાનું મૂલ્ય ઓગળીને અદૃશ્ય થઈ ગયું નથી તેનું પ્રમાણ છે.

નારાયણ દેસાઈએ ક્યારેય પિતાની ગાંધીભક્તિ કે રાષ્ટ્રસેવાનું રોકડમાં રૂપાન્તર કરવાનું વિચાર્યું નથી, તો એને આધારશિલા માનીને રાજકીય પ્રવૃત્તિમાં સક્રિય બની સત્તાની સીડી ચડવાની અપેક્ષા પણ રાખી નથી. એ અર્થમાં 'અનાસક્તિ યોગ'નું જીવનમાં રસાયન કર્યું છે. એમનું કાર્યક્ષેત્ર સમાજસેવા-સમાજશિક્ષણ. એનો ય જરાય દેખાડો નહીં. કશુંય મુખરિત નહીં. સઘળું મૌન છતાં ય આવશ્યક લાગે ત્યાં પહોંચવાનું તો ખરું જ — પછી એ નવા બનેલા બાંગ્લાદેશમાં બિહારના મુસ્લિમોના પ્રશ્નો હોય કે અમદાવાદનું કોમી રમખાણ હોય, અનામત આંદોલન હોય કે ભૂદાનયજ્ઞની પ્રવૃત્તિ હોય. નારાયણની સેવાની સીમા માત્ર ગુજરાત પૂરતી સીમિત રહી નથી. એનો વિસ્તાર જ્યાં માનવી છે ત્યાં સુધી વ્યાપ્ત. એમાં ધર્મ ક્યારેય બાધારૂપ બન્યો નથી. વિચારધારાની સંકુચિતતાને સ્થાન મળ્યું નથી. આથી જ નારાયણને ગુજરાતી તરીકે પોંખવાનો આનંદ થાય છે.

જ્ઞાતિએ અનાવિલ બ્રાહ્મણ પણ પહેલેથી જ અનાવિલમાં તો નહીં જ પરણું એવી સંકલ્પના કરનાર નારાયણ દેસાઈનો જન્મ ઈ.સ. ૧૯૨૪માં, પિતા મહાદેવભાઈ ગાંધીજીના અંતેવાસી અને માતા દુર્ગાબહેન આશ્રમનાં અગ્રેસર. નારાયણ એ એકમાત્ર સંતાન. પરન્તુ પિતાનો સથવારો બાર વર્ષની વય લગી તો માત્ર ઉપલકિયો રહ્યો હતો, કારણ કે મહાદેવભાઈની યાત્રા ગાંધીજીની સાથે જ ચાલતી. રહેવાનું સાબરમતી આશ્રમમાં એટલે શિક્ષણ ત્યાં જ લીધું, પણ પદ્ધતિસરનું નહીં. ગૂજરાત વિદ્યાપીઠના વિનયમંદિરમાં પાંચ ધોરણ લગી અભ્યાસ કર્યો. પછી વર્ધાના 'નવભારત વિદ્યાલય'માં અભ્યાસ કરવાનું બન્યું ત્યારે નારાયણે એ વિદ્યાલયને 'નાપાસ' કર્યું. આથી પછીનું ભણતર પાઠ્યક્રમ વિનાનું હતું. વિવિધ વિષયોનું શિક્ષણ વિવિધ શિક્ષકો પાસેથી મેળવ્યું. આચાર્ય ભણસાલી, રાજકુમારી અમૃતકૌર, આચાર્ય નરેન્દ્રદેવ, સાદિકઅલી, લાન્ઝા દેલવાસ્તો, મૉરિસ ફ્રીડમૅન, કાકાસાહેબ ઈત્યાદિ મહાનુભાવો પાસે શીખવાનું બન્યું. વત્તા ગાંધીજી તો ખરા જ. વર્ધાની હિન્દી પરીક્ષા પણ પાસ કરેલી. સઘળું મુક્ત શિક્ષણ. આથી જ નારાયણના જ્ઞાનની સીમા અસીમ રહી છે. ઘણી ભાષાના તેઓ જાણકાર બન્યા છે.

૧૫ ઑગસ્ટ ૧૯૪૨ના દિવસે મહાદેવભાઈનું અવસાન થયું ત્યારે નારાયણ દેસાઈનું વય હતું અઢાર વર્ષનું પિતાના અવસાન-સમાચાર મોડા મળ્યા હતા. આ છત્રછાયા ગુમાવી એનું દુઃખ નારાયણે અવશ્ય અનુભવ્યું પણ પિતાએ તો પૂર્વે જ કહ્યું હતું - 'બાબલો હવે સમજણો થઈ ગયો છે. એની ચિંતા ઈશ્વર કરશે.' માટે જ એમના અવસાન પછી નારાયણ દેસાઈને રાષ્ટ્રિય લડતમાં યોગદાન આપવાનો માર્ગ વિશેષ ઉચિત લાગેલો. રહેવાનું સેવાગ્રામ, દિહેણ, વલસાડ, મુંબઈ, વેડછી ઈત્યાદિ સ્થળોએ બન્યું હતું. આજે તો એ વિશ્વના પ્રવાસી છે અને કામ છે ગાંધીવિચારધારાના પ્રચાર-પ્રસારનું. તોય વેડછી એમનો મુકામ રહે. વેડછીમાંથી જ ભૂદાનયજ્ઞની પ્રવૃત્તિમાં જોતરાયા અને વર્ષો લગી વિનોબાનું સાન્નિધ્ય સેવ્યું. જયપ્રકાશ સાથે જોડાતાં શાંતિસેના અને બિહાર આંદોલનમાં કામ કર્યું. કટોકટી પૂર્વે ને પશ્ચાત્ જયપ્રકાશ નારાયણના આંદોલનમાં એમની ભૂમિકા સક્રિય રહી. પણ ક્યારેય સત્તાલક્ષી વિચાર મનમાં આણ્યો નહીં.

ગાંધીજીની વિચારધારાને વિશ્વમાં ફેલાવવાનું દૂતકાર્ય એ જ એમની પ્રવૃત્તિ રહી છે. શાંતિ અને સેવા એમનું જીવનકાર્ય છે. આ જ કાર્યની આજે સ્વીકૃતિ થઈ છે.

સેવા અને સંસ્કારસિંચનના કાર્ય સાથે નારાયણની વાચન-લેખનની પ્રવૃત્તિ ગતિશીલ રહી છે. એમના લેખનમાં સત્યનો આવિષ્કાર અને વાસ્તવિકતાનું પ્રતિબિંબ છતું થાય છે. એમના ગદ્યમાં આયાસ નહીં પરન્તુ લાગણી અને સંવેદનશીલતાને લીધે સહજતાનાં દર્શન થાય છે. નારાયણનું કોમળ હૃદય અછતું રહેતું નથી. કુતૂહલ પણ એટલું જ પ્રકટે છે. આશ્રમજીવનને વાગોળતાં એમણે 'સંત સેવતાં સુકૃત વાધે' જેવી સ્મરણ પુસ્તિકા લખી છે. ગાંધીભક્તિની એ સ્મરણસંહિતા છે. ટાગોર પ્રત્યેના અહોભાવથી પ્રેરાઈને 'રવીન્દ્ર રચના વલી'નો અનુવાદ કર્યો છે, તો 'રોમાં-રોલાં

અૅન્ડ ગાંધી કૉરસપૉન્ડન્સ' ના અનુવાદમાં એમની ઉભય મહાનુભાવોની વિચારધારાને વ્યક્ત કરવાની જિજ્ઞાસા જ છતી થાય છે. 'ધ ગીતા એકૉર્ડિંગ ટુ ગાંધી'એ મહાદેવભાઈના પુસ્તકનો અનુવાદ ગાંધીજીની ગીતા સમજવાની દૃષ્ટિનો ખયાલ અભિવ્યક્ત કરવા કર્યો છે.

નારાયણ દેસાઈએ ગુજરાતી ચરિત્રનિબંધ ક્ષેત્રે આપેલું પ્રદાન તે 'મને કેમ વીસરે રે'. એમાં વિવિધ વ્યક્તિ વિશેષનાં રેખાચિત્રો છે. એ સાથે નારાયણનું નિર્ભેળ વ્યક્તિત્વ પણ આમેજ થયું છે. એમના પરિચયમાં આવેલી વિભૂતિઓને આદરપૂર્વક સ્મરીને એમણે ચરિત્રાલેખન કર્યું છે. એમાં દાનીલો દોલ્સી, નરહરિ પરીખ, લાન્ઝાદેલ દાસ્તો, મારી બા, નવકૃષ્ણ ચૌધરી, ઊર્મિલાદેવી સેન ઇત્યાદિનાં સરસ શબ્દચિત્રો દોર્યાં છે. એમની ભાષા સરળ છે, છતાંય લાગણીસભર. અભિવ્યક્તિને કારણે ગદ્યમાં કુમાશ વર્તાય છે. એમાં આડંબર કરતાં સત્યનો રણકાર વિશેષ છે. આ ચરિત્રો થકી નારાયણ દેસાઈની ચરિત્રનિબંધકારની છબિ લભ્ય બની છે, જે વર્ષો લગી સ્મરણીય રહેશે.

નારાયણ દેસાઈનો મહત્ત્વાકાંક્ષી ગ્રંથ તે 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ'. પિતા મહાદેવભાઈ દેસાઈનું આ શ્રદ્ધેય ચરિત્ર છે, જેમાં સમગ્ર ગાંધી પરિવારની વાતો પૂરી અદબથી કરી હોવા છતાં સત્યથી જરા ય વેગળી નથી. સાથે પોતાની જાતને પ્રકાશિત કરી છે. તે ય કશાય આડંબર વગર. સ્મૃતિ, પ્રસ્તુતિ, પ્રીતિ, દ્યુતિ અને આહુતિ એમ પાંચ ખંડમાં ૪૪ પ્રકરણોમાં વહેંચાયેલું આ જીવનચરિત્ર પિતૃતર્પણનું અનન્ય પ્રકાશન છે. મહાદેવભાઈના પ્રત્યેક પાસાને છતું કર્યું છે, ગુણ-અવગુણ, સિદ્ધિ-મર્યાદા બધું જ અનાવૃત્ત કર્યું છે. આ જ આ જીવનચરિત્રનું જમા પાસું છે. નારાયણ ન્યાય કરવામાં ક્યાંય કાચા પડ્યા નથી. સત્યને આપોઆપ છતું કર્યું છે. વચ્ચે નારાયણ દેસાઈના જીવનના પ્રારંભની કથા આવે છે. પણ તૂટક-તૂટક અને ગાંધી રૂપી અગ્નિકુંડમાં ઊગેલાં ગુલાબની ગાથાનું રમ્ય નિરૂપણ થયું છે. એમનો અથાક પરિશ્રમ પાને પાને પથરાયેલો છે. આટલું વિસ્તૃત અને વાસ્તવલક્ષી ચરિત્ર ગુજરાતીભાષાનું ઉત્તમ ઘરેણું છે. નારાયણની ભાષામાં ક્યાંય સંશોધકનો ભાર વર્તાતો નથી. આથી કથા નીરસ પણ લાગતી નથી. આ ગ્રંથ દ્વારા નારાયણ વર્ષો લગી ગુજરાતી સાહિત્યમાં સ્મરાતા રહેશે.

-પ્રફુલ્લ રાવલ

અવલોકન

ગીતાબોધવાણી

રવિશંકર મહારાજ સેવા ટ્રસ્ટે અત્યાર સુધી ઉત્તમ ઉદાત્ત વિચારનાં અનેક પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. પણ તેમાં સહુથી વિશેષ તો ગીતાનું સાત્ત્વિક છતાં સર્વોપયોગી રસદર્શન 'ગીતા બોધવાણી' લોકબોલીમાં દાદાએ કરાવ્યું છે.

આ ગ્રંથની છઠ્ઠી આવૃત્તિ જૂન ૨૦૦૧માં પ્રકાશિત થઈ છે. સમાજ પાસે સમાજહિત અર્થે તદ્દન નજીવી કિંમતના આ ગ્રંથમાં અનેક ઉદાહરણો દ્વારા દાદાએ તેમના ૧૯૬૧થી ૧૯૬૮ સુધીના ચાતુર્માસમાં આપેલા પ્રવચનોનો ક્રમબદ્ધ સંગ્રહ છે.

દાદા ભણ્યા ઓછું, પણ વાંચ્યું ઘણું. સંસ્કૃત વ્યવસ્થિત કરીને પ્રાચીન ધર્મગ્રંથો પચાવ્યા. ગીતાનું તો તેઓએ ઊંડાણથી અધ્યયન કર્યું. ગીતામાં બતાવેલી જીવનરીતિ તેઓએ જીવનમાં અપનાવવાનો ભગીરથ પુરુષાર્થ કર્યો હતો. તેથી જ્યારે તેઓ ગીતાના શ્લોકોને સમજાવે ત્યારે તેની સાથે આશ્રમજીવનના અને એમના પરિચયમાં આવેલા, જાણેલા-જોએલા અનેક કિસ્સાઓ અને અનુભવો જીવંત ઉદાહરણ તરીકે રજૂ કરતાં નિખાલસ આનંદ અનુભવતા હતા.

સમગ્ર ગ્રંથમાં તળપદી ભાષા છે. તેમણે જે વાંચ્યું, વિચાર્યું તે જ આ બોધવાણીમાં ઉતાર્યું છે. તેમણે જીવન જીવવાની જે સમજણશક્તિ કેળવી છે તેની અસર આ બોધવાણીનાં પાનેપાને જોવા મળે છે. તેઓ વિદ્વાન કે પંડિત કરતાં તો વિશેષ એક વિચારશીલ વ્યક્તિ હતા. આ ગ્રંથમાં તેમના જીવનના અનુભવોનો નિચોડ તેમણે સરળ સ્વરૂપે રજૂ કર્યો છે તેથી જ આ બોધવાણી વિદ્વાન અને ઓછું ભણેલા સહુને સ્પર્શે છે. તેઓ કહેતા કે ગીતા એ વાંચવાનો ગ્રંથ નથી પણ તેનો બોધ જીવનમાં ઉતારવાનો છે. ગીતા વિષે તો ઘણું લખી શકાય પણ આ ગ્રંથની રચનારીતિ અને ઉપયોગિતા જોઈએ તો તે તેનું સતત પઠન કરવાનું મન થાય તેવી છે.

આચાર્ય વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિતે તેનું આચમન કરાવ્યું છે તો વિનોબા ભાવે અને બબલભાઈ મહેતાએ તેના વિષે પુરોવચન લખી આપ્યાં છે. પ્રારંભમાં જ 'ગીતાબોધવાણી'ના ગાયક રવિશંકર મહારાજનું સંક્ષિપ્ત જીવન પણ આપવામાં આવેલું છે. ગાંધીજીએ પણ ગીતા વિષે કહ્યું છે કે જે ધર્મ વ્યવહારમાં ન લાવી શકાય તે ધર્મ જ ન કહેવાય, તેવું સ્પષ્ટ સૂચન અહીં છે. વિનોબાજીનાં કૃષ્ણ અને અર્જુનનાં આલેખને પણ અહીં ગીતા-માહાત્મ્યને નિરૂપેલ છે. આ ઉપરાંત ઈશાવાસ્ય ઉપનિષદ અને વિષ્ણુસહસ્રનામ પણ આમાં પુરવણી તરીકે મૂકેલ છે. આ આવૃત્તિની સૌથી મહત્ત્વની વિશેષતા એ છે કે તેમાં પહેલી જ વખત શ્લોકોની અકારાદિ ક્રમ પ્રમાણે સૂચિ આપવામાં આવેલી છે. આ આવૃત્તિ સહુને વાંચવી સરળ પડે એટલે મોટા

સર્જકસૃષ્ટિ : વ્યંગદષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



હળવા તે હાથે ઉપાડજો રે અમે કોમળ કોમળ,
સાથરે ફૂલડાં ઢાળજો રે અમે કોમળ કોમળ.
-માધવ રામાનુજ



ભાળ મળે નહીં ક્યાંય, મને હું શોધું છું
કોઈ બતાવો ક્યાં છે મારી ભોંય, મને હું શોધું છું.
-દલપત પઢિયાર

અક્ષરોમાં છાપીને ડબલ ક્રાઉનના કદમાં સરસ રીતે બાંધીને આકર્ષક ચિત્રો સાથે રજૂ કરેલી છે. છતાં કિંમત માત્ર ૨૦૦ રૂપિયા જ છે. કારણ કે સર્વને ગમતી, સદીઓથી પ્રેરણાનાં પીયૂષ પાતી આ ગીતાની જ્ઞાનગંગા સહેલાઈથી સુલભ બની રહે.

(ગીતાબોધવાણી : રવિશંકર મહારાજ, સંપાદન : કૃષ્ણવદન શાહ, પ્રકાશક : રવિશંકર મહારાજ સેવા ટ્રસ્ટ અમદાવાદ ૩૮૦ ૦૦૧, ડબલ ક્રાઉન પૃ. ૯૪૪ કિં. રૂ. ૨૦૦.) -સુરેશ મ. શાહ

પ્રાપ્ત પ્રકાશનો

ગુજરાત સાહિત્ય અકાદમી (જૂનું વિધાનસભા ભવન, સેક્ટર ૧૭, ગાંધીનગર-૩૮૦૧૭)નાં પ્રકાશનો : *આવ, ગિરા ગુજરાતી* (સાહિત્યિક લેખો) લે. ભોળાભાઈ પટેલ ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૩૦૪, રૂ. ૧૪૦. *મ.ન. દ્વિવેદી સાહિત્ય શ્રેણી-૪* (ગુલાબસિંહ) લે. મણિલાલ નભુભાઈ દ્વિવેદી સં. ધીરુભાઈ ઠાકર, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૩૯૨, રૂ. ૨૨૦. *આધ્યાત્મિક ક્રાંતિનાં ફૂલ* (મધ્યકાલીન કન્નડ વીરશૈવોનાં વચનોનો અનુવાદ) અનુ. પ્રદીપ ખાંડવાળા. ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૮૦.

ઈમેજ પબ્લિકેશન્સ પ્રા.લિ. (૧૯૯-૧, ગોપાલ ભુવન પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ અને ૧-૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર આંબાવાડી સર્કલ, અમદાવાદ)નાં પ્રકાશનો : *ૐ નમઃ શિવાયઃ* સંકલન, જયા મહેતા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું પૃ. ૧૦૪, રૂ. ૬૦. *કવિતાનું સ્વરૂપ :* (સાહિત્યિક લેખસંગ્રહ) લે. નલિન રાવળ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું. પૃ. ૧૩૬, રૂ. ૮૦. *રાધા, કુંતી અને દ્રૌપદી* (ત્રણ દીર્ઘકથા) લે. અરુણ ઢેરે, અનુ. જયા મહેતા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું. પૃ. ૯૬, રૂ. ૬૦. *શ્રી કાન્ત શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય કૃત શ્રીકાન્ત* (કથાસંક્ષેપ) લે. બાબુ દાવલપરા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું પૃ. ૧૧૨, રૂ. ૭૦. *અધ્યાત્મની અગ્નિશિખા :* વિમલા ઠકાર (જીવનચરિત્ર) લે. તરલા દેસાઈ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૧૦૦. *કાવ્યધારા* (કાવ્યસંગ્રહ) લે. પ્રવીણ પટેલ 'શશી', ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું. પૃ. ૧૪૪, રૂ. ૧૦૦.

અડકો દડકો

ખલૂડી-જમુડી

ચંદ્રકાન્ત શેઠ

ખલૂડી ખિસકોલીનો આખો પરિવાર લલ્લુભાઈના લીમડા પર આવીને રહેલો. લીમડો મજાનો ઘટાદાર હતો. ઉનાળુ બપોરે એનો છાંયડો એવો તો શીળો ને મીઠો લાગતો કે ન પૂછો વાત ! લીમડાની લીંબોળીઓ ખાવી, એની ડાળ પર પકડદાવ રમવો અને એના ખરબચડા થડ પરથી ચઢઊતર કરવી — આની મજા ખિસકોલીનાં સૌ બચ્ચાં મન ભરીને માણતાં. લીમડો જાણે એમના દાદાજી હોય એવો વાત્સલ્યભરેલો લાગતો. કોઈ છોકરો લીમડાને પથ્થર મારે તો લીમડા કરતાંય આ ખિસકોલીનો પરિવાર વધુ બેચેન થઈ જતો. શિયાળામાં જ્યારે લીમડાનાં પાન ખરી જતાં ત્યારે ખિસકોલીનો પરિવાર જરા ઉદાસ થઈ જતો. પણ જ્યારે લીમડાને લીલો મ્હોર આવવા માંડતો ને નવી કૂંપળો ફૂટવા માંડતી ત્યારે ખિસકોલીનો પરિવાર પણ આનંદથી જાણે ખીલી ઊઠતો. સિસોટી જેવો અવાજ કાઢે, પૂછડીને છટાપૂર્વક ઊંચકીને નમાવે અને આડી અવળી દોટંદોટ કરે. ક્યારેક તો બે પગે અધ્ધર થઈને મસ્તીથી કોઈ લીંબોળી કે ઠળિયો બાળક બે હાથથી કેરી પકડીને ખાતું હોય એમ ખાય ત્યારે તો ખિસકોલી ખૂબ રૂપાળી લાગે. ભગવાનનેય પ્રેમથી એના શરીર પર હાથ ફેરવવાનું મન થઈ જાય એવી એ વહાલી લાગે !

આમ ખિસકોલીનો પરિવાર લીમડાની મીઠી છાયામાં લીલાલહેર કરતો હતો ત્યાં એક વાર ઓચિંતાં ખલૂડી ખિસકોલીએ આવી બાળકોને કહ્યું, 'તમે સૌ હવે આ જગા છોડવાની તૈયારી કરો.' ખિસકોલીનાં બચ્ચાં તો આ સાંભળી એકદમ ડઘાઈ જ ગયાં, 'મા, નકામી આવી સરસ જગા છોડવાની વાત કરે છે ! અહીં કેટલી નિરાંત છે. બચ્ચાંએ મા આગળ અહીં જ રહેવા માટે દલીલો કરવા માંડી ત્યારે માએ કહ્યું, 'જુઓ, આજે સવારે પેલા કાણિયા કાગડાને એની વહુ કહેતી હતી : 'આપણે અહીં આ લીમડા પર જ માળો કરીએ. આજકાલમાં એનો અહીં માળો થયો જ જાણો. પછી તમે કોઈ અહીં સલામત રીતે રહી શકશો નહીં.'

સૌ બચ્ચાંને લાગ્યું કે મા નકામી ગભરાય છે; આમ છતાં જિદ્દી જમુડી સિવાયનાં સૌ લીમડાવાળી જગા છોડીને જવા તૈયાર થયાં. ખલૂડીએ જમુડીને ઘણું સમજાવી. પણ એ તો છેક જ નામક્કર ગઈ. છેવટે જમુડી સિવાય સૌ લીમડો છોડીને દૂર ઊભેલા પીપળાની બખોલમાં જઈને રહ્યાં.

આ બાજુ જમુડી એકલી લીમડા પર લટકેમટકે આંટાફેરા કરતી અને જાતભાતનાં ગાણાં ગાયાં કરતી. એક વાર તો જમુડી છેક કાગડી જ્યાં માળો બાંધી રહી હતી તે જગાની નજીક સુધી પહોંચી ગયેલી. એ તો માનતી હતી કે માએ નકામી બીક બતાવી આ સારી જગા જતી કરી.

દરમિયાન એક વાર જમુડી લીમડાની બખોલમાં બપોરે ગાણાં ગાતાં જરા ઝોકે ચઢી હતી ને ત્યાં જ એને લાગ્યું કે કોઈએ ચાંચથી તેને ઊંચકી છે. જોયું તો કાગડી તેને પકડીને ઊડતી હતી. જમુડીએ જીવ પર આવી છૂટવાના પ્રયત્નો કર્યા. જમુડીના કંઈક વધારે વજનના કારણે હોય કે કાગડીને કોઈ બીજો વિચાર આવ્યો હોય તે કારણે હોય, પણ કાગડીની ચાંચની પકડ કંઈક ઢીલી થઈ ને જમુડી હવામાંથી ઊંધે માથે પડી. એ તો સારું હતું કે જ્યાં એ પડી ત્યાં ઘાસની ગંજી હતી, નહીંતર એના રામ જ રમી જાત !

જમુડી ઘાસની ગંજીમાં ક્યાં સુધી પડી રહી એની તો એને ખબર જ નહોતી. ભાનમાં આવી ત્યારે તેણે જોયું કે તેની આસપાસમાં ખલૂડી અને પોતાના ભાઈભાંડુ હતાં. જમુડીનો જીવ બચ્યાનો સૌને ભારે આનંદ હતો. એ પછી જમુડી કદી પેલા કાગડાવાળા લીમડા પાસે ફરકી નથી. ❒

મોરલો બોલ્યોને...

મંગળ રાઠોડ 'સ્નેહાતુર'

મોરલો બોલ્યોને મેઘ આવી જી રે !
આવ્યો છે કંઈ ચઢી આંતરા દશથી ઘેરાં ઘેરાં.
મોરલો બોલ્યોને...
આભમાં વિજલડી ખૂબ દીસતી જી રે !
કડાકા થાય તપસ્વીઓના તપ તોડે એવા..
મોરલો બોલ્યોને...
ઘરમાં બેઠેલાં છોરાં થથરે જી રે !
માળે લપાયેલ ચકલાં જાત ખૂબ ફફડે..
મોરલો બોલ્યોને...
નદીયું છલકાઈ ચોફેર દેશમાં જી રે !
કોકની તણાઈ ઘરવખરી અડધી રાતે...
મોરલો બોલ્યોને...
જગતનો તાત હરખે નીકળ્યાં જી રે !
હાલ્યાં છે હળ જોડી ખેતર ખેડવા ધોરી સાથે.
મોરલો બોલ્યો ને...
સોના સરીખાં ખેતર મલક્યાં જી રે !
ફૂલડે વધાવે જગનજાત બધે હોંશે...
મોરલો બોલ્યોને...
રાજી થઈને ઢોર તલાવ બાંલતાં જી રે !
કુદરતે કંઈ કરી લીલા લ્હેર ઓણ વરસે...
મોરલો બોલ્યોને...

હમ્પી
(દેશાટન-૩૫)



તુંગભદ્રા નદીને કિનારે બેંગલોરથી ૩૮૩ કિ.મી. અને બેલારીથી ૭૪ કિ.મી. દૂર આવેલ હમ્પી એક નાનું ગામ છે. વિશ્વવારસાના એક કેન્દ્ર હમ્પીના ભગ્નાવશેષ કર્ણાટક રાજ્યનાં મનોહર ઐતિહાસિક સ્થળોમાં ગણાય છે. પ્રાચીન વિજયનગરની આ રાજધાની સુંદર અને આશ્ચર્યજનક દૃશ્યો દર્શાવે છે - જેમાં રાજકીય તુલા પર રાજાના વજન જેટલી સુવર્ણમુદ્રાઓ અને અનાજ તોલીને દાનમાં અપાતાં હતાં; રાણીનું સ્નાનગૃહ; સુંદર તળાવ જેમાં કમાનો, ઓસરીઓ, છજાંઓ અને કમળો, ફુવારા તથા સુગંધિત પાણી હતાં; બે માળવાળો કમળ મહેલ અને કમાનોવાળા રસ્તા; મોટું હાથીઘર; વૈભવપૂર્ણ વિઠ્ઠલ મંદિર જેના વિશિષ્ટ થાંભલા અને પથ્થરનો રથ; વિરૂપાક્ષ મંદિર; એક પથ્થરમાંથી બનાવેલી ૬.૭ મીટર ઊંચી ઉગ્રનરસિંહની મૂર્તિ જે મહારાજા કૃષ્ણદેવરાયના સમયમાં કોતરાએલી છે. મહાનવમી દિબ્બા એક મોટા ડુંગરને 'દશહરા દિબ્બા' કહે છે. ત્યાં દશેરા-ઉત્સવ ભવ્ય રીતે ઊજવવામાં આવે છે. હજારા રામસ્વામી મંદિર રાજઘરાનાના લોકોનું પ્રાર્થનામંદિર છે. જેની દીવાલો પર હાથી, ઘોડા, સેના, નૃત્ય કરતી બાલિકાઓની મૂર્તિઓ કોતરેલી છે. મહારાજા કૃષ્ણદેવરાય (૧૫૨૦)ના સમયમાં ડોમિંગો પાયસ નામે એક પોર્ટુગલે આ પ્રાચીન નગરની મુલાકાત લીધી હતી ત્યારે વિજયનગરની ભવ્યતા, સજીવ, માર્મિક અને ચિત્રાત્મક વર્ણન તેના યાત્રાવૃત્તાંતમાં મળે છે. વિજયનગરનાં હીરા-ઝવેરાત-ચાંદીનાં અનેક ભવ્ય બજારો જોઈને ડોમિંગો પાયસે તેની તુલના રોમ સાથે કરી હતી. હમ્પીમાં રહેવા માટેનું નજીકનું સ્થળ હોસ્પેટ (૧૩ કિ.મી.) છે, જે બેંગલોર, હુબલી ગુંટકલના રેલમાર્ગથી જોડાએલું છે. અહીં પર્યટન માટે સપ્ટેમ્બરથી માર્ચનો સમય ઉત્તમ ગણાય છે. ('યોગક્ષેમ'ને આધારે)



મન ! તું મેળવ મહાનિધિ રે, જેનું 'રતન અમુલખ' નામ રે;
ભર ભંડાર ને સાર કર સંગ્રહ સારે સઘળાં કામ રે;
ચોર ન ચોરે, અગ્નિ ન બાળે, ધૂરત કો ન ધુતારે રે;
દેહડી તજતાં સાથે આવે, અંતકાળે ઉગારે રે.


('નરસિંહ મહેતાનાં કૃષ્ણલીલાનાં પદ'માંથી) —નરસિંહ મહેતા

લલિત કલાની વિવિધ પાંખનાં જ્યોતિર્ધરોની જન્મ શતાબ્દી

૨૦૦૧ના વર્ષમાં કેટલીક કલાકાર-પ્રતિભાઓની જન્મ શતાબ્દી પડે છે.

બી.એન. સરકાર : હિન્દી-બંગાળી ફિલ્મોના સર્જક અને ધ ન્યૂ થીએટર્સ કંપનીના સ્થાપક બીરેન્દ્રનાથ સરકારનું ફિલ્મોદ્યોગમાં પ્રદાન ભૂલી શકાય એમ નથી. આ બંગાળી નિર્માતા-નિર્દેશકનો જન્મ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૦૧ના રોજ થયો હતો. લંડનમાં ઇજનેરીવિદ્યા ભણેલા શ્રી સરકારે ફિલ્મક્ષેત્રમાં પ્રવેશીને એક યુગ સર્જ્યો હતો! શરૂઆત એમણે થીએટર નિર્માણથી કરી. ૧૯૩૦માં કલકત્તામાં એમણે બે ટૉકિઝો ઊભી કરી, જે પૈકી 'ચિત્રા'નું સુભાષબાબુએ અને 'ન્યૂ સિનેમા'નું શરદબાબુએ ઉદ્‌ઘાટન કરેલું.

પણ એમને વધુ રસ તો ફિલ્મો બનાવવામાં પડ્યો. તેથી ૧૦મી ફેબ્રુઆરી,



૧૯૩૧ના 'ધ ન્યૂ થીએટર્સ' નામક ફિલ્મ-કંપનીની સ્થાપના કરી. ૧૯૫૪ સુધીના માત્ર ૨૩ વર્ષના ગાળામાં એમણે ૫૭ બંગાળી અને ૫૦ જેટલી હિન્દી ફિલ્મો ઉતારી. નવોદિતોને એકઠા કરીને સર્જાયેલાં આ ચિત્રો ભારતીય સિને-તવારીખમાં યાદગાર બની ગયાં છે. આર.સી. બોરાલ, કે.એલ. સાયગલ, કે.સી.ડે., પંકજ મલિક, પૃથ્વીરાજ કપુર જેવી પ્રતિભાઓ એમના બેનર હેઠળ નીખરી ઊઠી.

સરકારે બનાવેલી ઉલ્લેખનીય ફિલ્મોમાં 'પૂરન ભગત', 'કપાલ કુંડલા', 'ચંડીદાસ', 'માય સિસ્ટર', 'કારવાને હયાત', 'સુનહરા સંસાર', 'દેવદાસ', 'ધૂપછાંવ', 'ડાકુ નસૂર', 'મુક્તિ', પ્રેસિડેન્ટ, વિદ્યાપતિ, રાજરાણી મીરાં, ધરતીમાતા, કાશીનાથ, ડૉક્ટર, સ્ટ્રીટ સિંગર... વગેરેનો સમાવેશ થાય છે. પ્રખર કૃષ્ણભક્ત અને વૈષ્ણવ કવિ વિદ્યાપતિ (૧૪મી સદી)ના જીવન પર બનેલી 'વિદ્યાપતિ' (૧૯૩૮) એક ક્લાસિક ફિલ્મ ગણાય છે. તો, 'સ્ટ્રીટ સિંગર' (૧૯૩૮)નું ગીત 'બાબુલ મોરા નેહર છૂટો જાય...' અમર બની ગયું છે.

૧૯૭૦માં બી.એન. સરકારને દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડ પ્રદાન થયો હતો. જૂની પેઢીના આ મહાન ચલચિત્રકારનું ૨૮મી નવેમ્બર, ૧૯૮૦ના રોજ અવસાન થયું.

નાટ્યકાર : સોમનાથ 'કલ્યાણી' : બે જાણીતી વ્યક્તિઓનાં નામ, અટક, જન્મસ્થળ અને કાર્યક્ષેત્રમાં એકસાથે ભાગ્યે જ સામ્ય જોવા મળે. પણ જૂની ગુજરાતી



સોમનાથ કલ્યાણી

રંગભૂમિનાં બે કલાકારોની બાબતમાં આવું બન્યું છે. જૂની રંગભૂમિના નામી નટ સોમનાથ દાહ્યાલાલ નાયક (૧૯૨૭-૮૯)ના નામેરી અને એવા જ બીજા જાણીતા નાટ્ય અદાકાર સોમનાથ અંબારામ નાયક ઉર્ફે 'કલ્યાણી'નો જન્મ એકસો વર્ષ પહેલાં ૧૯૦૧માં કડી (જિ. મહેસાણા)માં થયેલો. અગાઉ સ્ત્રીપાત્રો બહુધા નાયક અને ભોજક યુવકો ભજવતા. ૧૯૧૧માં કિશોર સોમનાથે તખ્તા પર પ્રથમ પદાર્પણ કરેલું. ત્યારથી સુરત-મુંબઈની અનેક નાટ્ય કંપનીઓમાં ૧૯૩૦ સુધી એમણે વિવિધ સ્ત્રીપાત્રો ભજવ્યાં.

આર્યનૈતિક નાટક સમાજના અને કવિ ત્રાપજકર લિખિત મશહૂર નાટક 'સમ્રાટ હર્ષ' (૧૯૩૨)માં તેઓ સ્ત્રીત્વની ખુમારીભરી વીરાંગના 'કલ્યાણી'ની ભૂમિકામાં રજૂ થયા. વીસનગરના કલાકાર જયશંકર ભોજક (૧૮૮૮-૧૯૭૫)ના નામ સાથે 'સુંદરી' ઉપનામ જડાઈ ગયું તેમ નાટ્યપ્રેમી કરાચીવાસીઓએ ૧૯૩૪માં સોમનાથ નાયકને 'કલ્યાણી'નું કાયમી બિરુદ આપેલું. ઉપરાંત 'કાદમ્બરી'માં પત્રલેખા અને 'ઉર્વશી પુરુરવા'માં ઉર્વશીની ભૂમિકાઓ પણ વખણાઈ હતી. સૌરાષ્ટ્રના અનેક રાજવીઓએ એમની કલાને નવાજી હતી.

ત્રાપજકરના અન્ય લોકપ્રિય નાટક 'વીરપસલી' (૧૯૪૪)થી એમણે 'પુરુષ પાત્ર' ભજવવું શરૂ કર્યું. ચિમનલાલ ભોજક લિખિત 'સુભાષચંદ્ર બોઝ'માં એમની શીર્ષક ભૂમિકા પ્રશંસા પામી હતી. પ્રભાત બૅનરના ચિત્ર 'સીતા વનવાસ' (૧૯૪૮)માં તેઓ રામની ભૂમિકામાં રજૂ થયા હતા. રંગભૂમિ સાથે દેશસેવાની વિવિધ પ્રવૃત્તિઓમાં પણ તેઓ સક્રિય રહ્યા. બાદમાં તખ્તા પરથી સ્વૈચ્છિક વિદાય લઈ સંસારના રંગમંચ પર આવ્યા અને રાજકોટમાં કોલસાના વેપારી તરીકેની ભૂમિકા સ્વીકારી.

એક રંગકર્મીના નાતે ત્યાં રહીને પણ કલા પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા. આકાશવાણીના કેન્દ્ર નિયામક ગિજુભાઈ હિંમતરાય વ્યાસ (૧૯૨૨-૨૦૦૦)ના વખતમાં 'એ' ગ્રેડના રેડિયો કલાકાર તરીકે સ્થાન પામ્યા. 'ઈશ્વરે ઘર બદલ્યું' (૧૯૫૫)નું એમણે દિગ્દર્શન કરેલું, જે સૌરાષ્ટ્રના મુખ્યપ્રધાન ઉછરંગરાય ઢેબરે પણ નિહાળ્યું હતું. ૧૯૭૯થી વેપારમાંથી પણ નિવૃત્ત થઈ પાછલી અવસ્થા કલોલ (જિ. મહેસાણા)માં વીતાવી હતી. એમના જન્મ-શતાબ્દી વર્ષમાં અસાઈત સાહિત્ય સભા (ઊંઝા, જિ. પાટણ) દ્વારા ધીરેન્દ્ર સોમાણી લિખિત એમનું જીવન-ચરિત્ર પુસ્તક (૨૦૦૦) પણ બહાર પડ્યું છે.

શિલ્પકાર આલ્બર્ટો ગિયાકોમેટી : યુરોપની શિલ્પકળામાં ઇમ્પ્રેશનિઝમ શૈલી પછી ૨૦મી સદીના પ્રારંભકાળમાં મૉડર્ન આર્ટનો યુગ શરૂ થયો. વસ્તુ જેમ છે તેમ નહિ અથવા તો આ સારું છે કે ખરાબ તેના સ્થાને કલાકાર તેને કેવી રીતે જુએ છે અને તેના વડે તેના મનમાં ઊઠતી લાગણીઓ તેની કૃતિ (ચિત્ર કે શિલ્પ)માં ઉતારે છે.

આ પ્રવાહમાં બીજા વિશ્વયુદ્ધ પછીના કળાકારોમાં જાણીતા ઇટાલિયન શિલ્પી આલ્બર્ટો ગિયાકોમેટીનું આ જન્મશતાબ્દીનું વર્ષ છે. તેમનો જન્મ ૧૯૦૧માં થયો હતો. તેનાં કાંસ્ય શિલ્પો ૨૦મી સદીનાં શિલ્પો કરતાં મોહેં-જો-દડો કે હડપ્પાનાં શિલ્પો-જેવાં વિશેષ દેખાય છે !

તેનાં જાણીતાં શિલ્પોમાં 'મેન પૉઇન્ટિંગ' અને 'ડૉગ' છે. એક સમયે તે પણ શેરીના કૂતરાની જેમ સમાજમાં ભટકતો અને હડધૂત થયેલો. તેથી તેના કહેવા મુજબ કૂતરા ('ડૉગ')નું, શિલ્પ તેનું પોતાનું છે. આ ઇટાલિયન કલાકારનું ૧૯૬૬માં અવસાન થયું.

-ભરત 'કુમાર' પ્રા. ઠાકર

એન્થ્રેક્સ

જીવાણુ વિજ્ઞાનની દૃષ્ટિએ, ઍન્થ્રેક્સ એક ઘણો જૂનો અને જાણીતો ચેપી રોગ છે. આ રોગ બેસીલસ ઍન્થ્રેક્સ નામના જીવાણુઓથી થાય છે અને સામાન્યતઃ પ્રાણીઓમાં અને તેમાં પણ ઘાસ ખાનારાં, ખરીવાળાં દૂધાળાં ઢોરોમાં તેનો ચેપ-વ્યાપ વધારે પ્રમાણમાં જોવા મળે છે.

તબીબી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને જીવાણુવિજ્ઞાનના રોગપ્રસારના સિદ્ધાંતો સમજાવવા માટે ઉપયોગી થાય તેવા પ્રકારનો આ એક પ્રાણીઓમાં થતો અને ક્યારેક પોતાના વ્યવસાયને કારણે પ્રાણીઓ જોડે કે પ્રાણીઓ આધારિત વસ્તુઓ જોડે સંબંધ હોય તેવા સંજોગોમાં છલકાઈને અકસ્માતે માણસમાં પણ થઈ શકે કે ફેલાઈ શકે છે.

વિશ્વમાં અતિવિકસિત રાષ્ટ્રોને બાદ કરતાં પૂરી દુનિયામાં પ્રાણીઓમાં આ રોગ જોવા મળે છે અને ક્યારેક ક્યારેક તે એકસામટો રોગચાળો બનીને ફેલાય છે અને સંખ્યાબંધ દૂધાળાં ઢોરનાં મૃત્યુનું કારણ બને છે.

પ્રાણીઓમાં રોગ લાગુ પડે ત્યારે, તે ખોરાક લઈ શકતું નથી. તેની વર્તણૂક પાગલ જેવી થાય છે. તેને શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને પછી તે મૃત્યુ પામે છે. આવું ચેપી પ્રાણી મરી જાય ત્યારે તેનાં મૃત શરીર, લોહી, ઝાડો, પેશાબ તેમ જ શરીરના

છિદ્રોમાંથી આ જીવાણુઓ વાતાવરણમાં બહાર આવે છે.

આપણા દેશમાં આ રોગ 'કાળિયા તાવ' તરીકે ઓળખાય છે. કાળા રંગના વ્રણ આ રોગમાં જોવા મળે છે. ઉપરાંત, શરીરની બહાર આવતો ચેપી રક્તસ્રાવ પણ ગાઢો કાળા રંગનો હોય છે.

માનવીની અંદર આ રોગ વિવિધ સ્વરૂપે જોવા મળે છે. ચામડી ઉપર કોઈ ઈજા, ઘા કે છેદ હોય તો જ ઍન્થ્રેક્સના જંતુઓનો ચેપ લાગી શકે. ચૅપ લાગ્યા પછી ૨ થી ૬ દિવસમાં ચાંદુ પડે અને તેથી વચ્ચે ઘારું થાય અને આજુબાજુની ચામડીમાં સોજો આવે ને ફૂલી જાય અને કાળું પડતું જાય છે. ઍન્થ્રેક્સ જીવાણુઓના વિષ (toxin)ને કારણે ખૂબ પ્રમાણમાં સોજો આવે અને તે સોજો ગળાના ભાગે આવે તો તે શ્વાસ રૂંધીને મૃત્યુનું કારણ બને, તેટલો પણ હોઈ શકે.

ચેપી પ્રાણીઓનું માંસ ખાવાથી પેટ કે પાચનતંત્રને અને ખાસ કરીને આંતરડાંને ચેપ લાગે છે. આ પ્રકારના ચેપમાં ઊલટીઓ, પેટનો અસહ્ય દુખાવો થવો અને ઝાડા વાટે લોહી પડવાનું શરૂ થાય છે. ચેપ પાચનતંત્રમાં ઝડપથી ફેલાય છે અને પેટમાં ચેપ, પાણી ભરાવું અને આંતરડાં મૃતપ્રાય થવાથી મૃત્યુ થાય છે.

શ્વસન માર્ગે ફેલાતો રોગ વધારે ઝડપથી જોખમી બને છે. દર્દીને શ્વાસ લેવામાં તકલીફ થાય છે. 'ફ્લૂ' જેવા સામાન્ય શરદી ઉધરસ, તાવનાં ચિહ્નોથી શરૂ થઈને ઝડપથી શ્વાસમાં રૂંધામણ કે અડચણ, ગભરામણ અને ફેફસાંમાં રક્તસ્રાવ સુધીનો ફેલાવો થાય છે અને ચેપ લાગેલ વ્યક્તિનું મૃત્યુ થાય છે.

ક્યારેક રોગનો ચેપ સીધો મગજ કે ચેતાતંત્રને લાગતો હોય છે અને મગજમાં સોજો આવી, પાણી ભરાઈને માણસ તેનું ભાન ગુમાવે છે અને મૃત્યુ પામે છે. 'પૅનિસિલિન' એ આ રોગના જીવાણુઓ સામે અતિઉપયોગી તેમ જ અસરકારક ઔષધ છે. ખૂબ ઊંચી માત્રાનાં ઇન્જેક્શન દ્વારા પૅનિસિલિન નિયમિત આપવાથી રોગને કાબૂમાં લઈ શકાય અને આવી સારવાર ચેપની અસરના પહેલાં ૪૮ કલાકમાં થાય તો મૃત્યુનું પ્રમાણ ઓછું રહે.

આ ઉપરાંત, ટેટ્રાસાઈક્લિન, ડૉક્સીસાઈક્લિન અને ક્લોરામ્ફેનિકોલ પણ ઍન્થ્રેક્સ સામે ખૂબ અસરકારક ઔષધો છે.

રોગનાં લક્ષણો, ફેલાવો, ગંભીરતા અને પ્રકારને ધ્યાનમાં રાખીને હાલની સમજ પ્રમાણે, વહેલામાં વહેલી અસરકારક સારવાર શરૂ કરીને તે લગભગ ૬થી ૮ અઠવાડિયા સુધી ચાલુ રાખવાની રહે છે. પ્રાણીઓ માટે આ રોગની પ્રતિકારક રસી ઉપલબ્ધ છે તે આપવામાં આવે છે.

સામાન્યતઃ આ માનવીને થતો રોગ નથી. ઉપરાંત રસીકરણ પણ ખાતરીપૂર્વકનું રક્ષણ માત્ર ટૂંકા ગાળા માટે જ આપી શકે છે. વ્યાવસાયિક રીતે ચેપનો ભય હોય તેમને માટે અને દરેક રાષ્ટ્ર પોતાના લશ્કરના અન્ય માણસો માટે જરૂર પડે ઉપયોગમાં લઈ શકાય તેટલો સીમિત ઉપયોગ આ રસીનો કરે છે.

સુષુપ્તાવસ્થામાં (spores) આ રોગનાં જીવાણુઓ વાતાવરણનાં પરિબળો, જંતુનાશકો, ચેપમુક્ત કરતાં રસાયણો, બધાં સામે લાંબો સમય, સફળતાપૂર્વક ટકી રહીને ચેપ લગાડવાની શક્તિ જાળવી રાખે છે. આ જીવાણુઓને લૅબોરેટરીમાં ઉગાડીને સારું સંવર્ધન કરીને પાઉડરમાં ભેળવીને શ્વસનમાર્ગે ચેપ ફેલાવતા હથિયાર તરીકે ઉપયોગમાં લેવાય છે.

('આપણું સ્વાસ્થ્ય'માંથી ટૂંકાવીને) -ડૉ રાજેન્દ્ર બક્ષી

આદું

સિંધાલૂણ અને આદું એ બે હમેશાં ભોજન પહેલાં થોડા પ્રમાણમાં ખાવાથી પથ્ય છે. જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર, રુચિ-ભૂખ-ઉત્પન્ન કરનાર છે અને જીભ તથા ગળાને વિશુદ્ધ કરનાર છે.

આદુંમાં ખોરાકને પચાવવાનો ગુણ સહેલો છે. ખોરાકનો અપચો થવાનું કારણ ન રહે તો જઠરાગ્નિ મંદ પડે નહીં અને એ મંદતા શરીરના ઘણાખરા રોગોનું મૂળ છે. આથી જ ભોજન પહેલાં થોડુંક આદું લેવું હંમેશાં હિતાવહ છે. પાચનક્રિયા જેની બગડી હોય તેના માટે ખાસ અને ન બગડી હોય તેના માટે પણ ખાદ્ય પદાર્થોની તેમ જ આપણી રોજ-બ-રોજની રહેણીકરણી અંગેની આજની પરિસ્થિતિ જોતાં રોજ થોડુંક આદુંનું સેવન પથ્ય જ છે.

પાકમાં મધુર હોવાને કારણે આદું- પિત્તનો ખાસ વધારો કર્યા સિવાય કફ તથા વાયુને હરે છે. આથી સ્પષ્ટ થાય છે કે આદુંનું સેવન કફ તથા વાયુના પ્રકોપના કારણે થયેલા વ્યાધિઓનો રામબાણ ઇલાજ છે. કબજિયાત, પેટમાં દુખવું, હૃદયરોગ, વાયુનો ભરાવો, ઝાડા, ઉલટી, (આમવાત) જેવાં વાયુપ્રકુપિત દરદો તથા દમ, ઉધરસ, શરદી જેવાં કફ પ્રકુપિત દરદોવાળાંઓને આ લવણાદ્રક-સિંધાલૂણ તથા આદુંનું નિત્ય સેવન બચાવી લેશે.

જો આદું ખાવામાં વાંધો હોય અને સૂંઠ ખાવાનો વાંધો ન હોય તેવાઓએ સૂંઠનો ઉપયોગ કરવો. પરંતુ આદું અલ્પપિત્તકર છે જ્યારે સૂંઠ પિત્તકર છે તેથી પિત્તપ્રકોપના દરદીઓએ સૂંઠનો ઉપયોગ વિવેકપૂર્વક કરવો.

આદુંનું ચાટણ (અવલેહ) બનાવી શકાય. ૨૫૦ ગ્રામ આદુંને ઝીણું સમારી વાટીને તેને ચટણી જેવું બનાવી પછી તેટલા જ ઘીમાં અથવા તલના તેલમાં ધીમા તાપે શેકી નાખવું. બરાબર શેકાઈને લાલ પડે એટલે ૫૦૦ ગ્રામ ગોળની ચાસણીમાં એને મેળવી દેવું. જરૂર જણાય અને શૉખ હોય તો થોડુંક કેસર અને થોડોક એલચીનો ભૂકો આમાં ભેળવી દેવો. મઝાનું અને સ્વાદિષ્ટ તેમ જ હિતકર ચાટણ તૈયાર થઈ જશે. સવારના નાસ્તા પહેલાં આ ચાટણ રોજ લગભગ ૧૦ ગ્રામ લેવાથી કફ તેમ જ વાયુના

પ્રકોપના કારણે થયેલાં દરદોના દરદીઓ માટે ઘણું ફાયદાકારક રહેશે. અથવા રોજ સવારે નાસ્તા પહેલાં મધ, લીંબુ તથા આદુંના રસમાંથી બનાવેલ શરબત પી શકાય.

('સ્વસ્થ માનવ'માંથી ટૂંકાવીને) -

ચી.ગી.

વિશ્વવિક્રમી હથેલી ધરાવનાર ભારતીય ડૉ. સહગલ

ચંડીગઢના ખાદી ગ્રામોદ્યોગ આયોગના અધીક્ષક ને હોમિયોપેથીના ડૉ. ઓ.પી. સહગલ વિશ્વમાં સૌથી મોટી હથેળી ધરાવનાર વ્યક્તિ છે. ઈ.સ. ૧૯૯૨માં એમને એનો ખયાલ આવ્યો અને ઈ.સ. ૧૯૯૮માં એમણે 'લિમ્કા બુક ઑફ રેકર્ડ્ઝ'માં સૌથી મોટી હથેલી ધરાવનાર તરીકે પોતાનું નામ નોંધાવ્યું. એમની હથેલી ૫૪ સેન્ટિમીટરનું કદ ધરાવે છે.



હથેલી મોટી ધરાવવી એ એમના કુટુંબની વારસાગત બાબત છે. એમના પિતાની હથેલી પણ મોટી હતી અને એમની મોટી દીકરી અર્ચનાની હથેલી પણ મોટી હોવાનો ઉલ્લેખ 'લિમ્કા બુક'માં થયેલો છે.

ડૉ. સહગલને બાળપણમાં ક્રિકેટ રમવાનો શૉખ હતો અને ત્યારે મોટી હથેલી હોવાને લીધે એક પણ કેચ છોડતા નહોતા. એમની મોટી હથેલીમાં ક્રિકેટનો દડો સહેલાઈથી પકડાઈ જતો. એમને પોતાની મોટી હથેલીનો ખયાલ ઈ.સ. ૧૯૮૨માં હરિયાણાની લોકસભાની ચૂંટણી ટાણે એ જ્યારે ચૂંટણી અધિકારીની ફરજ બજાવતા હતા ત્યારે તત્કાલીન મુખ્યપ્રધાન દેવીલાલ સાથે હસ્તધૂનન તેમણે કરેલું તે સમયે આવ્યો હતો. 'તે વખતે મુખ્યમંત્રી સાથે આવેલા જનકરામે કહેલું. 'ઓહ, આમ તો તું મારાથી દોઢ ફૂટ નીચો છે, પણ તારી હથેલીઓ તો જબરદસ્ત મોટી છે.' બીજું, એક વખતે એક પોલીસ અમલદારે તેમને મજાકમાં કહેલું, 'અરે ભાઈ, કાયદાના હાથ તો લાંબા છે, પણ તારા હાથ પણ ઘણા લાંબા છે.'

પાંચ ફૂટ ને આઠ ઈંચની ઊંચાઈવાળા ડૉ. સહગલની નાની દીકરી શિખાના લગ્ન પ્રસંગે એ જ્યારે અમેરિકાના મિશિગન રાજ્યના બ્લૂમફિલ્ડ શહેરમાં ગયા ત્યારે શિખાની નણંદ અંકિતા ટંડને તેમનો પરિચય 'વિશ્વમાં સૌથી મોટી હથેલી ધરાવનાર વ્યક્તિ' તરીકે ત્યાં આપ્યો હતો. ત્યાં પધારેલ અમેરિકનોની હથેલીઓ એમનાથી પાંચ-છ સેન્ટિમીટર જેટલી નાની હતી.

તે પ્રસંગે ત્યાં હાજર એવા એક મોટા વેપારીએ તેમની સમક્ષ એમની હથેલીનો વેપારી ધોરણે પ્રદર્શન કાર્યક્રમ રાખવાની દરખાસ્ત મૂકી હતી. તેમણે જવાબમાં કહેલું 'ના, ભાઈ ના. હથેલી તો ઈશ્વરની બક્ષીસ છે. એનો ધંધો ન કરી શકાય.' હવે એમનો ઉલ્લેખ 'ગીનેઝ બુક ઑફ રેકોર્ડ્ઝ'માં પણ થનાર છે.

ડૉ. સહગલની માત્ર હથેલીઓ જ નહિ, પણ હૃદય પણ વિક્રમી છે. ઈ.સ. ૧૯૯૭ના શિયાળાની કડકડતી ઠંડી રાતે એક બુઝર્ગને કોઈ લૂંટારો લૂંટીને ભાગતો હતો ત્યારે તેમણે તેનો પંદર વીસ માઈલ સુધી દોડીને પીછો કરી તેને પકડી પાડેલો. તેમની આ વીરતા બદલ તેમને હરિયાણાના ગૃહપ્રધાને વીરતાનો ચંદ્રક

લેને કો ગુરુ નામ હૈ, દેને કો અન્નદાન;
તરને કો આધીનતા, બૂડન કો અભિમાન.

— કબીર

એડિનબરોના પ્રસિદ્ધ પાદરી ડૉ. અંલેક્ઝાન્ડર વ્હાઇટ પ્રાર્થનાસભામાં પ્રાર્થના શરૂ કરતાં પહેલાં કાયમ પરમાત્માનો આભાર માનતા. એક દિવસ સખત ઠંડી પડી. લોકોને થયું : 'આજે પાદરી ભગવાનનો કઈ બાબત માટે આભાર માનશે ?' પણ પ્રાર્થના શરૂ કરતાં પહેલાં રોજની જેમ, આકાશ તરફ હાથ લંબાવીને પાદરી બોલ્યા: 'હે પ્રભુ ! તું હમેશાં મોસમ ખરાબ નથી રાખતો, એ માટે અમે ક્યા શબ્દોમાં તારો આભાર માનીએ ?'

*

કંકોડીના કંદનું ચૂર્ણ ચણાના બે દાણા જેટલું છાસ સાથે જમ્યા પછી પીવાથી રક્તાર્શ - દૂઝતા મસામાં ફાયદો થાય છે.

*

વૉશ-બસીનમાં પાણી ઊતરતું બંધ થઈ જાય તો આખું મીઠું નાખી ઉપરથી ગરમ પાણી રેડવાથી સિંક તરત ખૂલી જશે.

*

કપડાં પર પડેલા બૉલ પેનની શાહીના ડાઘ પર યુડી કોલોનમાં પલાળેલું રૂ કે કપડું ઘસવાથી ડાઘ નીકળી જશે.



'लङ्घनैः क्षयति दोषे दीप्तेऽग्नौ लाघवे सति ।
स्वास्थ्यं क्षुत्तृट्-रुचिः पक्तिर्बलमोजश्च जायते ॥'

ઉપવાસ કરવાથી શરીરના દોષો નાશ પામે છે, જઠરાગ્નિ પ્રજ્વલિત થાય છે. શરીર હલકું બને છે. સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે. ભોજન કરવામાં રુચિ ઉત્પન્ન થાય છે. આમનું પચન થાય છે. બળ અને ઓજ પ્રાપ્ત થાય છે.

'પેટ' શબ્દના કેટલાક રૂઢ પ્રયોગો

- પેટ પકડીને = ખૂબ જોરથી (જેમકે, હસવું)
- પેટ પર પાટું મારવું = આજીવિકાને નુકસાન પહોંચાડવું.
- પેટ પર પાટો બાંધવો = ભૂખ્યા રહેવું.
- પેટમાં તેલ રેડાવું. = ચિંતા થવી
- પેટમાં ગલૂડિયાં બોલવાં = ખૂબ ભૂખ લાગવી.
- પેટમાં પેસવું = વિશ્વાસ ઉપજાવવો
- પેટમાં રાખવું = ગુપ્ત રાખવું
- પેટ મોટું રાખવું = દિલ ઉદાર રાખવું
- પેટછૂટું = ચોખ્ખું, દિલ ચોર્યા વિનાનું

*

ગણિતગમ્મત : ૯ વાર ૧ની રકમને એ જ રકમથી ગુણવાથી ચમત્કારિક જવાબ આવે છે.

```
  ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧
× ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨ ૧
```

જવાબ ૧થી ૯ અને ઊતરતા ક્રમમાં ૮થી ૧ આવશે.

*

દરેક ગ્રહ ઉપરના દિવસના સમયની ગણતરી તે પોતાની કાલ્પનિક ધરી ઉપરનું એક ચક્કર કેટલા સમયમાં પૂરું કરે છે તેને આધારે કરવામાં આવે છે. પૃથ્વી નવ ગ્રહમાંનો એક ગ્રહ છે અને તે પોતાની ધરી પર એક ચક્કર ૨૩ કલાક ૫૬ મિનિટ અને ૪ સેકન્ડમાં પૂરું કરે છે.

*

ઑસ્ટ્રેલિયામાં એક વૃક્ષની ઊંચાઈ ૫૫૮ ફૂટ છે, જે વિશ્વનું સૌથી ઊંચું વૃક્ષ ગણાય છે અને, એટના પર્વતની તળેટીમાં આવેલા એ વૃક્ષનો ઘેરાવો ૨૧૨ ફૂટનો છે જે સૌથી વિશાળ વૃક્ષ ગણાય છે.

મરક..... મરક....

નટુ મિસ્ત્રી



હા...સાહેબ ! મીનરલ વૉટરનો ગ્લાસ... આવે છે..! હવે તો થોડી જ વાર છે !

*

'મૃત્યુ પછીના જીવનમાં તું માને છે ?' શેઠે નોકરને પૂછ્યું.

'હા સાહેબ.'

'તો બરાબર.' 'કેમ ?'

'ગઈ કાલે તું તારા દાદાની અંતિમવિધિમાં ગયો હતો તે દાદા આજે તને મળવા આવ્યા હતા !'

*

કલાકણિકા : ૧૩મી સદીની કોરિયાની એક પેટી, જેના પર રજતના તાર અને છીપમોતીથી જડતર કરવામાં આવ્યું છે.

